Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગૂજરાત વિદ્યાપીઠમાં ઈતિહાસ વિષયમાં
ડૉક્તર વિદ્યાની અનુપારંગત (એમ. ફિલ.) ની
પદવી માટે પ્રસ્તુત કરેલો શોધનિબંધ (૧૯૮૬)

# ગુજરાતના હસ્તપ્રતભંડારોના સંદર્ભમાં
# અમદાવાદના હસ્તપ્રતભંડારો : એક અધ્યયન

પ્રસ્તુત કર્તા
**નવલસિંહ કે. વાઘેલા**

સલાહકાર અધ્યાપક
**ડૉ. રસેશ જમીનદાર**

ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ ૩૮૦ ૦૧૪

For Private and Personal Use Only

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગૂજરાત વિદ્યાપીઠમાં ઈતિહાસ વિષયમાં
દફતર વિદ્યાની અનુપારંગત (એમ. ફિલ.) ની
પદવી માટે પ્રસ્તુત કરેલો શોધનિબંધ (૧૯૮૬)

# ગુજરાતના હસ્તપ્રતભંડારોના સંદર્ભમાં અમદાવાદના હસ્તપ્રતભંડારો : એક અધ્યયન

પ્રસ્તુત કર્તા
**નવલસિંહ કે. વાઘેલા**

સલાહકાર અધ્યાપક
**ડૉ. રસેશ જમીનદાર**

10.8.86

**ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ**
**ગૂજરાત વિદ્યાપીઠ**
**અમદાવાદ ૩૮૦ ૦૧૪**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

DISSERTATION PRESENTED TO THE
GUJARAT VIDYAPITH
IN HISTORY FOR ANUPARANGAT (M.PHIL.) DEGREE
IN ARCHIVAL SCIENCE, 1986.

# A STUDY OF THE MANUSCRIPT LIBRARIES OF GUJARAT WITH SPECIAL REFERENCE TO THE MANUSCRIPT LIBRARIES OF AHMEDABAD

BY

NAVALSINH K. VAGHELA

ADVISER

PROF. DR. RASESH JAMINDAR

DEPARTMENT OF HISTORY AND CULTURE,
GUJARAT VIDYAPITH, AHMEDABAD-380014.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# -:: નિ વે દ ન ::-

ભારત અને અન્ય દેશોમાં મુદ્રણકળાના આગમન પહેલાંનો જ્ઞાનનો વારસો હસ્તલિખિત ગ્રંથોના સ્વરૂપે સંગ્રહાયેલો-સચવાયેલો જોવા મળે છે. આજે તો યંત્રોદ્યોગ તેમ જ મુદ્રણકળાના ક્ષેત્રે થયેલી અનેક શોધખોળોને કારણે મુદ્રિત સામગ્રી ઘણી મોટી સંખ્યામાં પ્રકાશિત થઈ ઉપલબ્ધ થતી રહે છે. સાથે સાથે જુદાં જુદાં ક્ષેત્રોમાં સંશોધનો પણ તેટલાં જ પ્રમાણમાં થતાં રહે છે. પરિણામે આજે અવિરતપણે પ્રગટ થતી રહેલી મુદ્રિત સામગ્રી કે માહિતી વિસ્ફોટને કારણે ઉદ્ભવતી બધી જ મુદ્રિત સામગ્રીને સંગૃહીત કરવાનું અશક્ય બન્યું છે.

પ્રાચીન સમયમાં આથી તદ્દન ભિન્ન પરિસ્થિતિ હતી. મુદ્રણકળાની શોધ થઈ ન હોવાને કારણે બધા જ ગ્રંથો તાડપત્ર કે હાથબનાવટના કાગળ પર હાથે જ લખવામાં આવતા હતા. કુશળ લહિયાઓ એક જ પ્રત પરથી વધારે નકલો તૈયાર પણ કરતા હતા, જેમાં ઘણો સમય વ્યતિત થતો. આ પ્રતોનું મૂલ્ય પણ સવિશેષ રહેતું. આપણા પૂર્વજોએ ભાવિ પેઢીના ઉપયોગ માટે જ્ઞાનના આ અમૂલ્ય વારસાને સાચવવાના વ્યવસ્થિત પ્રયત્નો આદર્યા હતા જેને લીધે આજે ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદમાં મોટી સંખ્યામાં આવા હસ્તપ્રતભંડારો જોવા મળે છે.

પ્રસ્તુત શોધનિબંધમાં ગુજરાતનાં વિવિધ સ્થળોએ આવેલા હસ્તપ્રતભંડારોના સંદર્ભમાં અમદાવાદના હસ્તપ્રતભંડારોનું વિશેષ અધ્યયન રજૂ કર્યું છે. ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયમાંની સેવા દરમિયાન આ વિભાગમાં સંગ્રહાયેલી હસ્તપ્રતો જોવા મળી. મુદ્રિત ગ્રંથોથી ભિન્ન સ્વરૂપ - સજાવટ અને લેખનશૈલી ધરાવતી આ પ્રતો વિશે વિશેષ માહિતી મેળવવાની જિજ્ઞાસા પણ તેથી ઉદ્ભવેલી. લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર દ્વારા 'હસ્તપ્રત વિજ્ઞાન અને પાઠ સંશોધન' અંગેના ટૂંકાગાળાના અભ્યાસક્રમમાં પ્રાથમિક તાલીમ પણ મેળવી, જે પ્રસ્તુત સંશોધન કાર્યમાં સાર્થક નીવડી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુજરાત વિદ્યાપીઠમાં ૧૯૮૪-૮૫ માં ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગમાં 'દફતર વિદ્યા' ના અનુપારંગત અભ્યાસક્રમમાં જોડાતાં તેને સંબંધિત શોધનિબંધ પસંદ કરવાની જવાબદારી આવી. પરંતુ ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગના અધ્યક્ષ અને મારા આ શોધનિબંધના માર્ગદર્શક શ્રી ડૉ.રસેશભાઈ જમીનદારે વિદ્યાર્થીની રસ-રુચિ અને અભ્યાસ ક્ષેત્રને ધ્યાનમાં રાખી કેટલાક વિષયોની સાથે આ વિષય અંગે પણ નિર્દેશ કરતાં મારી વિષય પસંદગી સરળ બની.

ગ્રંથાલય વિજ્ઞાન અને હસ્તપ્રત વિજ્ઞાનને નિકટનો સંબંધ હોવાથી આ વિષયમાં સંશોધન કરવાનો રસ વિશેષ જાગૃત થયો. પ્રસ્તુત નિબંધ વિશે માહિતી પ્રાપ્ત કરવા માટે ક્ષેત્રકાર્ય પધ્ધતિનો જ સવિશેષ ઉપયોગ કર્યો છે. અમદાવાદના હસ્તપ્રતભંડારોની મુલાકાત લઈને ભંડારની વ્યવસ્થા સાથે સંબંધ ધરાવતા કર્મચારીઓ તેમ જ અન્ય વિધ્વાન વ્યક્તિઓ પાસેથી તેમ જ ભંડારોના નિરીક્ષણ બાદ આ શોધનિબંધ માટેની જરૂરી માહિતી એકત્રિત કરી છે. શોધનિબંધમાંની કેટલીક સંદર્ભ માહિતી મેળવવા માટે મુદ્રિત સામગ્રીનો પણ ઉપયોગ કર્યો છે, જેની સૂચિ આ શોધનિબંધના અંતમાં આપી છે.

મારો આ શોધનિબંધ તૈયાર કરવા માટે મને સતત પ્રેરણા અને ઉત્સાહ પૂરાં પાડનાર માર્ગદર્શક શ્રી ડૉ.રસેશભાઈ જમીનદારનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. ઉપરાંત આ વિભાગના અતિથિ પ્રાધ્યાપક શ્રી ડૉ.રમણલાલ ના. મહેતાએ નિબંધના વિષયવસ્તુ અને સંશોધનકાર્ય પ્રત્યે કરેલા કિંમતી સૂચનો બદલ આભારની લાગણી વ્યક્ત કરું છું. આ શોધનિબંધ માટેની જરૂરી માહિતી પૂરી પાડનાર શ્રી રમેશભાઈ માલવણિયા અને લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના કાર્યકરો ડૉ.કનુભાઈ શેઠ, શ્રી જેસીંગભાઈ ઠાકોર અને શ્રી લક્ષ્મણભાઈ ભોજકને પણ અહીં યાદ કરી લઉં છું. આ શોધનિબંધના ક્ષેત્રમાં

For Private and Personal Use Only

સમાવેશ થયેલા અમદાવાદના હસ્તપ્રતભંડારોના વ્યવસ્થાપકો - ટ્રસ્ટીઓનો તેમ જ મને મારા કાર્યમાં સતત સહકાર આપતા રહેલા વિદ્યાપીઠના - અને ખાસ કરીને ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયના - મારા સાથી મિત્રોના સ્નેહ અને સદ્ભાવ તરફ ધન્યતા વ્યક્ત કરું છું.

અમદાવાદ.
૩૧-૭-'૮૬.

નવલસિંહ કેસરીસિંહ વાઘેલા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા

પૃષ્ઠ ક્રમાંક


| | | |
|---|---|---|
| પ્રકરણ - ૧ | પ્રસ્તાવના | ૧ - ૭ |
| પ્રકરણ - ૨ | હસ્તપ્રત : રચના અને પ્રકાર | ૮ - ૪૬ |
| પ્રકરણ - ૩ | ગુજરાતમાં લેખનકળાની પ્રાચીનતા અને હસ્તપ્રતો | ૪૭ - ૬૦ |
| પ્રકરણ - ૪ | ગુજરાતના હસ્તપ્રતભંડારો અને તેનું મહત્ત્વ | ૬૧ - ૮૯ |
| પ્રકરણ - ૫ | અમદાવાદના હસ્તપ્રતભંડારો | ૯૦ - ૧૫૨ |
| પ્રકરણ - ૬ | હસ્તપ્રતોના સંરક્ષણ અને જાળવણી માટેના આધુનિક ઉપાયો | ૧૫૩ - ૧૭૮ |
| પ્રકરણ - ૭ | ઉપસંહાર | ૧૭૯ - ૧૯૪ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ – ૧

## પ્રસ્તાવના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભારતમાં હજારો વર્ષોથી જ્ઞાનના પ્રવાહની અવિચ્છિન્ન ધારા સતત વહ્યા કરે છે. વૈદિક કાળથી ભારતના ઋષિમુનિઓએ વેદો, ઉપનિષદો તેમજ અન્ય શાસ્ત્રો દ્વારા ભારતીય પ્રજાને જ્ઞાનનો જે અમૂલ્ય વારસો પ્રદાન કર્યો છે તેના પર જ ભારતીય સંસ્કૃતિ ટકી રહી છે. ભારતીય ઋષિમુનિઓએ શ્રુતિ, સ્મૃતિ અને સંગ્રહ દ્વારા જ્ઞાનના વારસાને આજપર્યંત જીવંત રાખ્યો છે. વેદકાળમાં જ્ઞાન મુખ્યત્વે શ્રુતિને આધારિત હતું. વેદની ઋચાઓ - મંત્રો માટે લેખનપ્રક્રિયાનો નિષેધ હોવાની માન્યતા છે. બાદમાં રચવાયેલી સ્મૃતિ દ્વારા આચાર-વિચારને ઘડનારાં અનેક શાસ્ત્રો રચાયાં. શાસ્ત્રરચનાઓ પછી આ વિદ્યાઓ ભાવિ પેઢીને ઉપયોગી બની રહે તે માટે શાસ્ત્રગ્રંથોના સંગ્રહની અગત્ય પણ સ્વીકારાઈ.

ભારતમાં હસ્તલિખિત ગ્રંથોને જ્ઞાનના સંગ્રહ માટે જાળવવાની શરૂઆત વ્યક્તિગત ધોરણે અને સામુહિક ધોરણે એમ બે રીતે થઈ. એ સમયે હસ્તલિખિત ગ્રંથો સાચવી રાખનારનું ગૌરવ સમાજમાં જળવાતું. અનેક વિદ્વાનો પાસે હસ્તલિખિત ગ્રંથોનો સંગ્રહ રહેતો. તો સામુહિક ધોરણે મંદિરો, મઠો, પાઠશાળાઓ વગેરેમાં તેમજ પ્રાચીન વિશ્વવિદ્યાલયોનાં ગ્રંથાલયોમાં આવા ગ્રંથોનો સંગ્રહ વિપુલ પ્રમાણમાં જોવા મળતો.

પ્રાચીન ભારતમાં બ્રાહ્મધર્મ ઉપરાંત બૌદ્ધ અને જૈન ધર્મ પરંપરાઓનો ક્રમશઃ વિકાસ થયો. આ બંને પરંપરાઓમાં ભિક્ષુઓ અને સાધુઓ માટે અપરિગ્રહના વ્રત-પાલનનો કડક આગ્રહ રખાતો. ગ્રંથોનો પરિગ્રહ કે સંગ્રહ કરવો તે પણ ત્યાગધર્મને હાનિરૂપ અને પાપરૂપ માનવામાં આવ્યું. આ કારણસર બૌદ્ધભિક્ષુઓ અને જૈનસાધુઓએ વ્યક્તિગત પુસ્તકસંગ્રહ કરેલો નહીં. ભારતના વિદ્યાધામો - નાલંદા, તક્ષશિલા, વિક્રમશિલા, વલભીમાં બૌદ્ધ પરંપરાના હસ્તપ્રતભંડારો વિશેષ જોવા મળતા. દેશ અને વિદેશના પણ વિદ્વાનો આ હસ્તપ્રત સામગ્રીનો ઉપયોગ કરતા. ચીની યાત્રીઓ ફાહ્યાન અને યુવાનસ્વાંગે ભારતીય વિદ્યાના અનેક ગ્રંથોનો અભ્યાસ કર્યાના અને કેટલાક ગ્રંથો પોતાની સાથે સ્વદેશ લઈ જઈ ત્યાંની ભાષામાં અનુવાદ કર્યાના ઉલ્લેખો મળી આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાળબળે ભારતમાંથી બૌદ્ધ ધર્મ ધીમેધીમે લુપ્ત થયો અને સંચરણ પામી ભારતના કેટલાક પડોશી દેશો - નેપાલ, તિબેટ, સિલોન, બ્રહ્મદેશ, ચીન વગેરેમાં ફેલાયો. બૌદ્ધવિહારોનું સ્વરૂપ બદલાતાં તેમજ બૌદ્ધધર્મનો પ્રસાર ભારત બાહ્ય પ્રદેશોમાં જ થયો હોવાને કારણે બૌદ્ધ પરંપરાના ગ્રંથો કે ભંડારો તેના મૂળ સ્વરૂપે કે નવા સ્વરૂપે જે તે પ્રદેશોમાં ચાલ્યા ગયા. આજે ભારતમાં બૌદ્ધધર્મના ગ્રંથોની હસ્તપ્રતો ખાસ પ્રાપ્ત થતી નથી. પ્રાચીન ભારતમાં જે ગ્રંથોનો અભ્યાસ કરવા માટે પરદેશના જિજ્ઞાસુ વિદ્વાનો ભારત આવતા હાલ એ ધર્મગ્રંથોની પ્રતો મેળવવા ભારતના વિદ્વાનોને ભારતની આસપાસના દેશોમાં જવું પડે છે.

બૌદ્ધધર્મની જેમ જ જૈનધર્મમાં પણ સાધુઓ માટે અપરિગ્રહના વ્રતપાલન ઉપર વિશેષ ભાર મુકવામાં આવતો. ત્યાગધર્મની ઉચ્ચકક્ષાને સાધનાર આચાર્યો-મુનિઓ તેમના પાંચ વ્રતોમાંના એક અપરિગ્રહવ્રતનું વિશેષરૂપે પાલન કરતા. જૈન આગમગ્રંથો - ખાસ કરીને 'કલ્પભાષ્ય' અને 'નિશીથભાષ્ય' જેવા ગ્રંથોમાં પુસ્તકસંગ્રહના નિષેધ ઉપર વિશેષ ભાર મુકાયો છે. આમ ધર્મગ્રંથો સાથે રાખવા બાધારૂપ હોવાથી એ સમયમાં મોટાભાગના આગમો - ધર્મગ્રંથો સ્મરણશક્તિ દ્વારા જ ગ્રાહ્ય કરાતા.

પરંતુ મુનિશ્રી પુણ્યવિજયજીના મતે 'જ્યાં સુધી જૈન શ્રમણોમાં સંઘાટકની વ્યવસ્થા જળવાઈ રહી ત્યાં સુધી પુસ્તકોના પરિગ્રહની જરૂરિયાત ઊભી નહોતી થઈ પરંતુ કાળબળે તેમનામાં સ્વાધ્યાય, પઠન-પાઠન આદિમાં શિથિલતા દાખલ થતાં આગમો ભૂલવા લાગ્યાં, કાળના પ્રભાવે જૈન શ્રમણોની યાદદાસ્ત મોટા પ્રમાણમાં ઘસાતી ચાલી'[1] આમ પાછળથી જૈનધર્મમાં ગ્રંથોના લેખન અને સંગ્રહ કરવાની અગત્ય સમજાઈ. વલભીપુરમાં વીર સંવત ૯૮૦ (વિ.સં.૫૧૦)માં

---

૧. પુણ્યવિજયજી, ભારતીય જૈન શ્રમણસંસ્કૃતિ અને લેખનકળા, અમદાવાદ, ૧૯૩૬, પૃ.૧૪.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના નેતૃત્વ હેઠળ 'સંઘસમવાય' મળ્યું અને ત્યાં જૈનઆગમ ગ્રંથોની નકલો કરવાનો તેમજ અન્ય ધર્મગ્રંથોના લેખનકાર્ય કરવા અંગેનો નિર્ણય લેવાયો, જે 'વાલભીવાચના' તરીકે ઓળખાય છે.

જૈન સમાજના આ નિર્ણય પછી જૈનાચાર્યોએ અનેક ગ્રંથોની રચનાઓ કરી, જૈન ધનિક શ્રમણોએ સાધુમહારાજોની આજ્ઞાથી લહિયાઓ રોકીને અસંખ્ય ગ્રંથોની નકલો કરાવી. ત્યારબાદ ગુજરાતમાં હસ્તપ્રતોની સંખ્યા અનેકગણી વધવા લાગી. ગુજરાતને વાણિજ્ય, વિદ્યા, કળા, સાહિત્ય, ધર્મ અને સંસ્કારનો વારસો પરાપૂર્વથી મળ્યો છે. ગુજરાતના જ્ઞાન અને સંસ્કારધનના વારસાને હસ્તપ્રતભંડારોની સ્થાપના કરીને આજપર્યંત ટકાવી રાખવામાં જૈન સાધુઓ અને જૈન ધનિક ગૃહસ્થોનો ફાળો વિશેષ છે. એમ કહી શકાય. ગુજરાતમાં જુદા જુદા સ્થળોએ વિશાળ જ્ઞાન-ભંડારો મળી આવે છે. આ જ્ઞાનભંડારોની સ્થાપના કોણે અને ક્યારે કરી હશે તેનો કોઈ સિલસિલાબંધ ઈતિહાસ મળી શકતો નથી. પરંતુ વાલભીવાચના પછી ગ્રંથલેખનની પ્રવૃત્તિને વેગ મળ્યો. ત્યારબાદ અસંખ્ય ગ્રંથોની પ્રતિલિપિઓ તૈયાર થઈ તેમજ નવા ગ્રંથો પણ લખાયા. આ બધા ગ્રંથોને વ્યવસ્થિત રીતે સાચવવાની જરૂરિયાત પણ ઊભી થઈ. આ જરૂરિયાતમાંથી જ્ઞાનભંડારો અસ્તિત્વમાં આવ્યા હશે. જૈન સાધુઓની સીધી દોરવણી હેઠળ આ જ્ઞાન-ભંડારોમાંની હસ્તપ્રતોની વ્યવસ્થાની અને જાળવણીની જવાબદારી પણ કેટલાક જૈન સંઘોએ ઉપાડી લીધી. આજે આવા સંઘો દ્વારા ચાલતા જ્ઞાનભંડારોને આપણે સાંઘિક ભંડારો તરીકે ઓળખીએ છીએ.

ગુજરાતમાં બ્રાહ્મણધર્મનું વર્ચસ્વ પણ સવિશેષ રહ્યું છે. બ્રાહ્મણધર્મમાં વ્યક્તિગત રીતે પરિગ્રહનો નિષેધ ન હોવાને કારણે અનેક વ્યક્તિઓ પાસે હસ્તપ્રતોનો અંગત સંગ્રહ ઊભો થયેલો હશે. પરંતુ ગુજરાતની અનેક રાજકીય ઉથલપાથલો અને ધાર્મિક અંધાધૂંધીના સમયમાંથી પસાર થતાં કાળબળે આવા વ્યક્તિગત હસ્તપ્રત-સંગ્રહો નાશ પામ્યા હશે. અથવા તો હસ્તપ્રતોની સાચવણી માટે યોગ્ય કાળજી ન લેવાતાં અસંખ્ય પ્રતોનો નાશ થયો હશે એમ માનવામાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોકે જૈન સાધુઓએ સમાજમાં વ્યક્તિગત રીતે સંગ્રહાયેલી આવી અનેક પ્રતો એકઠી કરી છે અને જૈન જ્ઞાનભંડારોમાં સાચવવા રાખેલી છે. તેથી જ જૈન જ્ઞાનભંડારોમાં જૈન સાહિત્ય ઉપરાંત જૈનેતર પ્રતો પણ અસંખ્ય પ્રમાણમાં મળી આવે છે.

જૈન પરંપરામાં આચાર્યો-મુનિઓએ ધાર્મિક બાધને કારણે ભારત બહારના દેશોમાં વિહાર કર્યો નથી તેથી તેમના સીધા માર્ગદર્શન હેઠળ ચાલતા ભંડારોના ગ્રંથો ભારતમાં જ સચવાઈ રહ્યા છે. તેમ છતાં અંગ્રેજોના આગમન પછી હસ્તપ્રત-ભંડારોમાંની તેમજ વ્યક્તિગત સંગ્રહમાંની અમૂલ્ય એવી અસંખ્ય હસ્તપ્રતો પરદેશમાં ઘસડાઈ ગઈ. આજે પણ પરદેશના ઘણા દેશોનાં ગ્રંથાલયો અને સંગ્રહાલયોમાં સંસ્કૃત - પ્રાકૃત - ગુજરાતી તેમજ અન્ય ભાષાઓની અસંખ્ય પ્રતો સંગ્રહાયેલી છે, જેનાં સૂચિપત્રો પણ પ્રકાશિત થયેલાં જોવા મળે છે.

ગુજરાતમાં જૈન સાધુઓ અને જૈનસંઘોના પ્રયત્નોના પરિણામે આજે ઘણાં સ્થળોએ સારી એવી સંખ્યામાં હસ્તપ્રતભંડારો વિદ્યમાન છે, જેમાં અસંખ્ય હસ્તપ્રતો સારી સ્થિતિમાં સચવાઈ રહી છે. છેલ્લા થોડા વર્ષોમાં ગુજરાતમાં હસ્તપ્રતભંડારોની સ્થાપના કરાવવામાં અને તેમાં સંગ્રહાયેલી હસ્તપ્રતોને વ્યવસ્થિત કરવામાં અનેક જૈનાચાર્યોએ વ્યવસ્થિતપણે કામ કરેલું છે. જેમાં આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ, તેઓશ્રીના દાદાગુરુ શ્રી કાંતિ-વિજયજી મહારાજ તથા ગુરુ મુનિવર્ય શ્રી ચતુરવિજયજી મહારાજે જ્ઞાનભંડારોના ઉદ્ધાર માટે જે અથાગ પરિશ્રમ ઉઠાવ્યો છે તે જોતાં આજની અને ભાવિ પેઢી હંમેશા તેમની ઋણી બની રહેશે. તેઓશ્રીએ ગુજરાતમાંના લીંબડી, પાટણ, ખંભાત, વડોદરા, ભાવનગર, પાલીતાણા, અમદાવાદ તથા રાજસ્થાનમાંના જેસલમેર, બિકાનેર, જોધપુર ઉપરાંત બીજા અનેક સ્થળોના જ્ઞાનભંડારોના સંખ્યાબંધ હસ્તલિખિત ગ્રંથોને તપાસી, તેને સુવ્યવસ્થિત કરી તેની યાદીઓ તૈયાર કરાવી આપી. કેટલાક હસ્તપ્રતભંડારોના માહિતીપૂર્ણ સૂચિપત્રો પણ પ્રસિદ્ધ કરાવ્યા. તો વળી કોઈ કોઈ હસ્તપ્રતભંડારોમાં હસ્તપ્રતો માટે રેપરો, બંધનો, દાબડા કે પેટીઓ અને કબાટોની પણ વ્યવસ્થા કરાવી આપી. કેટલાય પ્રાચીન હસ્તપ્રતભંડારોને નામશેષ થતાં બચાવી લીધાં છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિશ્રી પુણ્યવિજયજીએ નુકસાન પામેલી હસ્તપ્રતોની માવજત માટે પણ જ કાળજીપૂર્વક ધ્યાન આપેલું. ચોંટી ગયેલી પ્રતો કે ફાટી-તૂટી ગયેલાં પત્રોને પણ યોગ્ય સમારકાર અને માવજત દ્વારા સારી હાલતમાં લાવી શકાય તે બાબત તેમણે વર્ષો પહેલાં સમજાવી. પ્રાચીન હસ્તપ્રતોની કિંમત સમજીને પુસ્તકવિક્રેતાઓ કે અંગત ભંડાર ધરાવનાર પાસેથી હસ્તપ્રતો ખરીદાવીને તેમજ અન્ય નાના હસ્તપ્રતભંડારોની હસ્તપ્રતોને સુરક્ષા માટે મોટા ભંડારો સાથે જોડી દેવા કુનેહથી કામ લઈને ગુજરાતના અને રાજસ્થાનના મોટાભાગના હસ્તપ્રતભંડારોને સમૃધ્ધ બનાવ્યા છે.

આગળ જોયું તે મુજબ જૈન સંઘો દ્વારા સંચાલિત હસ્તપ્રતભંડારો સાંઘિક ભંડારો કહેવાય છે. જ્યારે બીજો પ્રકાર વ્યક્તિગત માલિકીના હસ્તપ્રત-ભંડારનો છે. છેલ્લાં થોડાં વર્ષોથી ગુજરાતમાં હસ્તપ્રતભંડારનો ત્રીજો પ્રકાર અસ્તિત્વમાં આવ્યો છે. જેમાં સંશોધન સંસ્થા કે વિદ્યાસંસ્થા સાથે સંકળાયેલા હસ્તપ્રતભંડારોને મુકી શકાય. ગુજરાતમાં આવી અનેક સંસ્થાઓ પાસે કિંમતી હસ્તપ્રતોનો સારો એવો સંગ્રહ જોવા મળે છે. ગુજરાતમાં અમદાવાદ ઉપરાંત વડોદરા, દ્વારકા, સુરત, નડિયાદ, વલ્લભવિદ્યાનગર, જામનગર વગેરે અનેક સ્થળોએ જૈન કે જૈનેતર સંશોધન સંસ્થાઓ અને વિશ્વવિદ્યાલયો પાસે અમૂલ્ય હસ્તપ્રતો સંગ્રહાયેલી છે.

જૈન સંઘો અને અન્ય સંસ્થાઓએ હસ્તપ્રતોની મહત્તા પિછાણી, તેનો સંગ્રહ કરી તે નિભાવવાની જવાબદારી સાથે આ પ્રવૃત્તિને વ્યાપકપણે અપનાવી છે. આ પ્રવૃત્તિના પરિપાકરૂપે હાલ ગુજરાતમાં ઘણાં સ્થળોએ હસ્તપ્રતભંડારો જોવા મળે છે. એક નોંધ મુજબ ગુજરાતમાં આશરે ૬૦ થી વધારે સ્થળોએ લગભગ ૧૧૫ થી વધુ સંખ્યામાં હસ્તપ્રતભંડારો આવેલા છે, જેમાં અંદાજે સાત લાખથી પણ વધારે સંખ્યામાં વિવિધ ભાષા, લિપિ તેમજ વિષયોની કૃતિઓ સંગ્રહાયેલી છે.

For Private and Personal Use Only

માત્ર અમદાવાદમાં જ વિવિધ સ્થળોએ આવેલ ધાર્મિક સંચાલન હેઠળના બાર જેટલા જૈન હસ્તપ્રતભંડારો છે. જેમાં સંગ્રહાયેલી પ્રતોની સંખ્યા લગભગ ૭૭,૦૦૦ જેટલી છે. આ ઉપરાંત સંસ્થાના વહીવટ સાથે સંકળાયેલી મહત્વના ચાર હસ્તપ્રતભંડારો છે, જેમાં એક વિશ્વવિદ્યાલય સાથે સંકળાયેલ, બે સંશોધન સંસ્થાઓ સાથે સંકળાયેલ અને એક મુસ્લિમ સંસ્થા સાથે સંકળાયેલ હસ્તપ્રતભંડારનો સમાવેશ થાય છે. નાના મોટા આ ચારે હસ્તપ્રતભંડારોની હસ્તપ્રતોની સંખ્યા આશરે ૮૧,૫૦૦ જેટલી છે.

પ્રસ્તુત અધ્યયનને કુલ સાત પ્રકરણોમાં વહેંચી દેવામાં આવ્યું છે. જેમાં પ્રસ્તાવના પછીના અન્ય પ્રકરણોમાંના–

પ્રકરણ–૨માં હસ્તપ્રત – તેની વ્યાખ્યા, આવશ્યકતા અને અન્ય સંબંધિત વિચારો સાથેના તેના સંબંધોનો ખ્યાલ આપવામાં આવ્યો છે. તદુપરાંત લિપ્યાસન, લેખનસામગ્રી, હસ્તપ્રતોના પ્રકારો તેમજ તેની લેખનપધ્ધતિનું વિગતે વર્ણન કરવામાં આવ્યું છે.

પ્રકરણ–૩માં ભારતમાં અને ગુજરાતમાં લેખનકળાના ઈતિહાસની રૂપરેખા આપીને તેમાં હસ્તપ્રતોના સ્થાન બાબત ચર્ચા કરી છે.

પ્રકરણ–૪માં ગુજરાતના હસ્તપ્રતભંડારોનું મહત્વ દર્શાવી આ હસ્તપ્રત-ભંડારોના સ્થાન, તેમની હસ્તપ્રતોની સંખ્યા આદિની પ્રાપ્ય એવી માહિતી આપવામાં આવી છે.

પ્રકરણ–૫માં અમદાવાદમાં આવેલા નાના મોટા તમામ હસ્તપ્રતભંડારોની વિગતો આપી છે, જેમાં તેની સ્થાપના, ઈતિહાસ, વહીવટ, હસ્તપ્રતોની સંખ્યા, હસ્તપ્રતોના પ્રકાર મુજબની સંખ્યા, મહત્વની પ્રતો, હસ્તપ્રતોની ગોઠવણી, વ્યવસ્થા, તે અંગેની ઉપયોગમાં લેવાતી વિવિધ પધ્ધતિઓ તેમજ પ્રતોના સંરક્ષણ અને જાળવણી માટે યોજવામાં આવતા પગલાંઓ વિશેની છણાવટ કરવામાં આવી છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકરણ–૬માં હસ્તપ્રતોના સંરક્ષણ અને જાળવણી માટે પ્રાચીન સમયથી કઈ પધ્ધતિઓ અમલમાં મુકાતી, હાલ હસ્તપ્રતભંડારોમાં કઈ પધ્ધતિઓનો ઉપયોગ થાય છે, તેમ જ આધુનિક પધ્ધતિઓ દ્વારા તાડપત્રીય અને કાગળની નુકસાન પામેલી પ્રતોની જાળવણી કઈ પધ્ધતિઓથી કરી શકાય તે સમજાવવાનો પ્રયત્ન કરેલો છે.

છેલ્લે ઉપસંહારમાં અમદાવાદના હસ્તપ્રતભંડારોનું ગુજરાતના અન્ય હસ્તપ્રતભંડારો સાથે તુલનાત્મક અધ્યયન રજૂ કરીને તેમાંની વિશિષ્ટતાઓ દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે.

આ પ્રકરણો ઉપરાંત પરિશિષ્ટ વિભાગમાં અમદાવાદના હસ્તપ્રતભંડારોમાં સંગૃહિત કુલ હસ્તપ્રતોની માહિતી, અને હસ્તપ્રતભંડારોમાં સંગ્રહાયેલી વિવિધ પ્રકારની હસ્તપ્રતોની માહિતી આપતો આલેખ, તદ્ઉપરાંત ગુજરાતના જુદા જુદા સ્થળોએ આવેલા હસ્તપ્રતભંડારોનું સ્થાન દર્શાવતો નકશો પણ આપવામાં આવ્યો છે.

For Private and Personal Use Only

# પ્રકરણ-૨

## હસ્તપ્રત : રચના અને પ્રકાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હસ્તપ્રતનો સામાન્ય અર્થ હાથે લખેલું લખાણ એવો થાય. 'એનસાયક્લોપિડિયા અમેરિકાના' ની વ્યાખ્યા મુજબ 'છાપખાનાની છપાઈ થયા પહેલાનું બધું જ લખાણ તે હસ્તપ્રત.'[૧] પરંતુ આ અર્થમાં જોઈએ તો બધી જ લિખિત સામગ્રીને હસ્તપ્રત કહી શકાય પછી ભલે તે કાગળ પર લખાઈ હોય કે માટી, પથ્થર, ધાતુ, લાકડું, કપડું, ચામડું, ભૂર્જપત્ર (વૃક્ષની છાલ), પેપાયરસ, તાડપત્ર કે અન્ય પરિપાટી ઉપર લખાયેલી હોય.

વિશાળ અર્થમાં જોઈએ તો હસ્તપ્રત એટલે હાથે લખાયેલો લેખ. પરંતુ જ્યાં સુધી હસ્તપ્રતભંડારને સંબંધ છે ત્યાં સુધી એમ કહી શકાય કે હસ્તપ્રત એટલે હાથે લખાયેલી એવી તમામ લિખિત સામગ્રી. તે ભૂર્જપત્ર, કપડું, તાડપત્ર કે કાગળ જેવી નરમ પરિપાટી ઉપર લખાયેલી હોય અને તે છૂટાં પાનાંના સ્વરૂપે કે બાંધેલાં સ્વરૂપમાં હોય.

આજકાલ હાથે લખાયેલ ગ્રંથની નકલને હસ્પ્રત કહેવામાં આવે છે. આ હસ્તપ્રતોમાં છપાયાં પહેલાંનાં તમામ લખાણોનો સમાવેશ કરી શકાય; પરંતુ સામાન્યતઃ હસ્તપ્રતમાં મુખ્યત્વે નાના મોટા ગ્રંથો, તેના પરની ટીકાઓ વગેરેને આવરી લેવામાં આવે છે. આ સિવાયનું બીજું હાથે લખેલું લખાણ દસ્તાવેજ આદિ નામે ઓળખાય છે. ટૂંકમાં હસ્તપ્રત એટલે તાડપત્ર, કપડું, ભૂર્જપત્ર કે કાગળ જેવા હલકા અને લીસા લિપ્યાસન ઉપર શાહીની મદદથી લખાયેલી ગ્રંથની પ્રત.

હસ્તપ્રતો અનેક વિષયો સાથે સંબંધ ધરાવે છે. ઘણીવાર હસ્તપ્રતો સાથે બીજા વિષયો પણ એક યા બીજી રીતે સંબંધ ધરાવતા હોય છે.

---

૧. ડેવીડ એમ.રૉબ, 'મેન્યુસ્ક્રીપ્ટ્સ', <u>એનસાયક્લોપિડિયા અમેરિકાના</u>, ગ્રં.૧૮, ૧૯૬૫, પૃ.૨૪૧.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમાં લિપિવિજ્ઞાનને હસ્તપ્રતો સાથે નિકટનો પરોક્ષ છે. પ્રાચીન હસ્તપ્રતોની લિપિ અત્યારની લિપિ કરતાં કાંઈક અંશે જુદી પડતી હોય છે. ઘણીવાર ખૂબ પ્રાચીન હસ્તપ્રતોની લિપિ ઉકેલતાં તે લિપિના સમય તેમજ તેની ચોકકસતા અંગે નિર્ણય લઈ શકાય છે. તો હસ્તપ્રતો પરથી સંશોધન કરવા માગતા સંશોધકે જે તે લિપિ અંગેનું થોડું ઘણું જ્ઞાન પણ પ્રાપ્ત કરવું પડતું હોય છે.

સંશોધકોએ લિપિ ઉપરાંત હસ્તપ્રતો જે ભાષાની હોય તે અંગે પણ જ્ઞાન મેળવવું પડે છે. ભાષાનું વ્યાકરણ, શબ્દ, વાકય, તેમજ ભાષાશૈલી વગેરે જાણવા માટે ભાષાનું જ્ઞાન જરૂરી છે. તો કયારેક હસ્તપ્રતોમાંની ભાષા જ ભાષા-વિજ્ઞાનના સંશોધનમાં કાંઈ આગવો પ્રકાશ પાડી શકે છે.

હસ્તપ્રતભંડારોમાં સાહિત્યની કૃતિઓ વિશેષ જોવા મળતી હોય છે. કારણ પ્રાચીન હસ્તપ્રતો મોટેભાગે પદ્યસ્વરૂપમાં જ લખાયેલી જોવા મળે છે. જેમાં સાહિત્યશાસ્ત્રના ધ્વનિ, રસ, છંદ અને અલંકારનો ઉપયોગ થયેલો હોય છે. આના વિશેનું જ્ઞાન ધરાવનાર સંશોધકો હસ્તપ્રતોની વિષયવસ્તુને વધારે સારી રીતે સમજી શકે છે.

ઈતિહાસ સંશોધનના એક મહત્વના સાધન તરીકે હસ્તપ્રતો ખૂબ જ ઉપયોગી છે. હસ્તપ્રતોની પુષ્પિકાઓમાં, તેની પ્રશસ્તિઓમાં લેખકોનાં નામ, વંશ, આશ્રયદાતાઓનાં નામ, તેમની વંશપરંપરા, સ્થળ, સમય વગેરેનું વર્ણન જોવા મળતું હોય છે. ઈતિહાસ સંશોધન માટે તે કડીરૂપ બને છે. તો હસ્તપ્રતોમાંની આ વિગતોને આધારે તેની પ્રાચીનતા નકકી કરવા માટે જે તે સ્થળ કે સમયના ઈતિહાસનું જ્ઞાન સંશોધકને હોવું જરૂરી છે. આ બંને પરસ્પર આધારિત છે. પુરાતત્વ વિષય પથ્થર, ધાતુ તેમજ મોટી શિલાઓના લેખ સાથે વધુ ગાઢ સંબંધ ધરાવે છે. તેમ છતાં કયારેક હસ્તપ્રતોની લિપિના આધારે તેની પ્રાચીનતા નકકી કરવા પુરાતત્વવિદોની મદદની જરૂર પણ પડે છે. હસ્તપ્રતો અને દફતરભંડારમાં સચવાયેલા દસ્તાવેજો વચ્ચેના ભેદ માટે ખૂબ જ પાતળી ભેદરેખા જોવા મળે છે. બંનેમાં હસ્તલિખિત સામગ્રી જ સાચવી રાખવામાં આવેલી હોય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ દસ્તાવેજો મોટેભાગે રોજબરોજના વ્યવહારોમાંથી ઉભા થયેલા પત્રવ્યવહારો કે અન્ય લખાણો સાથે સંબંધ ધરાવે છે. જ્યારે હસ્તપ્રતો ખાસ પ્રકારે લખાયેલી અને જુદા જુદા વિષયને લગતી હોય છે.

પ્રાચીન ભારતીય વિદ્યામાં જ્યોતિષવિદ્યાને મહત્વનું સ્થાન મળેલું જોવા મળે છે. હસ્તપ્રતભંડારોમાં જ્યોતિષવિદ્યાને લગતી અનેક હસ્તપ્રતો પ્રાપ્ત થાય છે. હસ્તપ્રતોમાંની સંવત પરથી સમય નિર્ધારિત કરવા માટે ક્યારેક જૂના પંચાંગોનો પણ આશરો લેવો પડતો હોય છે.

હસ્તપ્રતો જ્યાં સંગ્રહાયેલી છે તે હસ્તપ્રતભંડાર જ પુસ્તકાલય બની જાય છે. પ્રાચીન સમયમાં ઘણાં જ પુસ્તકાલયો માત્ર હસ્તપ્રતોના સંગ્રહથી જ ઉભા થયેલા હતા. આજે કેટલાક ગ્રંથાલયોમાં હસ્તપ્રતોનો પણ એક આગવો વિભાગ જોવા મળતો હોય છે. હસ્તપ્રતો હોય કે મુદ્રિત પુસ્તકો હોય પરંતુ બંનેની જાળવણી, સંરક્ષણ, ગોઠવણી, સૂચિ, સંશોધકોને અપાતી સેવા આ બધી બાબતોમાં હસ્તપ્રતભંડાર તેમજ ગ્રંથાલય બંને એકબીજા સાથે ખૂબ જ નિકટતાનો સંબંધ ધરાવે છે. સંશોધકો માટે તો આ બંનેનો ઉપયોગ જરૂરી બને છે.

આ રીતે હસ્તપ્રતો અન્ય કેટલાક વિષયો સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંબંધ ધરાવે છે.

<u>હસ્તપ્રતોની રચના માટેના લિપ્યાસન</u> :

મુદ્રણકળાના આગમન પછી ધીમેધીમે ગ્રંથોને હાથે લખવાની તેમજ હાથથી તેની નકલો કરવાની પ્રવૃત્તિ ઓછી થઈ ગઈ છે. આજે ગ્રંથ છપાયા પછી મૂળ હસ્તપ્રત સાચવવાની પરિપાટી પણ મોટેભાગે લુપ્ત થઈ ગઈ છે. ભારતમાં હસ્તપ્રતોની નકલો કરવા માટે લેખનકળાનું શિક્ષણ આપવામાં આવતું. મોટેભાગે કાયસ્થ બ્રાહ્મણવર્ગ આ પ્રવૃત્તિને વ્યવસાયની રીતે જ સ્વીકારતા.[2] મંદિરોમાં અને

---

૨. રમણીક વિજયજી,(સંપા.), <u>જ્ઞાનાંજલિ</u>, સાગરગચ્છ જૈન ઉપાશ્રય, વડોદરા, ૧૯૬૯, પૃ.૩૯.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રંથાલયોમાં તે સમયે લહિયાઓને પ્રતોની નકલો કરવા માટે રોકવામાં આવતા. ક્યારેક લેખક પોતે જ લહિયાનું કામ કરતા.

આ લેખક કે લહિયાઓ મોટેભાગે સુંવાળાપણું ધરાવતા લિપ્યાસનો, જેવા કે ભૂર્જપત્ર, તાડપત્ર, કાગળ વગેરેનો ઉપયોગ લેખનપ્રક્રિયા માટે કરતા. કપડા પર ગ્રંથો લખાયાનું ઉદાહરણ પણ મળી આવે છે. પ્રાચીન ભારતમાં લેખન માટે ઉપયોગમાં લેવાતા આ ઉપરોક્ત સાધનો ક્યાંથી મેળવતા તેમજ તેને લખવા યોગ્ય કઈ રીતે બનાવતા તે પ્રક્રિયાની જાણકારી પણ ઘણી સ્પષ્ટ છે.

२९२२२३१८१.७२८६
વાઘેલા

<u>ભૂર્જપત્ર (ભોજપત્ર)</u> :

હિમાલય અને કાશ્મીરમાં થતા ભૂર્જ (બર્ચ) નામના ઝાડની અંતરછાલનો લખાણ માટે પ્રાચીન સમયથી ઉપયોગ થતો આવેલો છે. આ ઝાડની છાલ ક્યારેક ૬૦ ફૂટ જેટલી લાંબી નીકળતી. જેને પથ્થર વડે ઘસીને લીસી બનાવવામાં આવતી. ત્યારબાદ જરૂર મુજબ એકસરખા માપના નાના નાના ટુકડાઓ કાપીને તેના પર વિવિધ પ્રકારની શાહીથી લખવામાં આવતું. આ પત્રમાં કુદરતી રીતે જ તેલ રહેલું હોવાથી તેનું ટકાઉપણું ખૂબ રહેતું તેમજ તેના લખાણની શાહી પણ લાંબા સમય સુધી ટકી રહેતી. આ પત્રને પાણીમાં ઝબોળવાથી કે ધોવાથી પણ શાહી નીકળી શકતી નહીં. ભારતમાં તાડપત્રના પ્રમાણમાં ભૂર્જપત્ર પરના લખાણવાળી હસ્તપ્રતો ઓછી મળી આવે છે.

176703

<u>અગરુપત્ર</u> :[3]

ભૂર્જપત્રની જેમ જ આસામમાં થતા અગરુવૃક્ષની છાલનો ઉપયોગ ગ્રંથલેખન માટે કરવામાં આવતો. આ છાલને લખવા યોગ્ય બનાવવા માટે ખૂબ જ શ્રમ પડતો. આથી મોટેભાગે રાજા-મહારાજાઓ કે સરદારો માટે લખાતા ગ્રંથો પુરતો જ આનો ઉપયોગ થતો. લગભગ પંદર-સોળ વર્ષના જૂના અગરુવૃક્ષની છાલને જમીનથી લગભગ

૩. સત્યેન્દ્ર, '<u>પાંડુલિપિવિજ્ઞાન</u>', રાજસ્થાન હિન્દી ગ્રંથ અકાદમી, જયપુર, ૧૯૭૮, પૃ.૧૪૭–૧૪૮.

For Private and Personal Use Only

ચાર ફૂટ ઉપરથી ઉતારવામાં આવતી જે ક્યારેક છ થી અઢાર ફૂટ લાંબી અને [illegible] સત્તાવીસ ઈંચ પહોળી પણ મળતી. આ છાલને સાત-આઠ દિવસ સુધી તડકામાં સૂકવી ત્યારબાદ લાકડા પર ઘસી તેનું ખરબચડાપણું દૂર કરવામાં આવતું. તે પછી આખી રાત પાણીમાં રાખી સવારમાં છાલનું ઉપરનું પડ સાવધાનીથી ઉતારી લેવામાં આવતું. આ મુખ્ય છાલના જરૂર મુજબ નાના ટુકડા કરી એક કલાક ઠંડા પાણીમાં રાખી તેના પર ક્ષાર છાંટવામાં આવતો. પછી ચપ્પાથી સપાટીને સહેજ ખોતરી તેના પર ઈંટ ઘસીને થોડુંઘણું રહેલું ખરબચડાપણું પણ દૂર કરવામાં આવતું. અને છેલ્લે તેના પર માટી કે બતકના ઈંડાનો લેપ કરી પીળા રંગથી રંગી તડકામાં સૂકવવામાં આવતું. આમ કરવાથી તે ખૂબ જ ચળકાટ ધરાવતું.

પરંતુ આ વિધિ વધારે શ્રમજનક હોવાથી તેના પર લખાયેલા પુસ્તકો ખાસ જોવા મળતાં નથી. આસામમાં જે પ્રતો મળે છે તે પંદરમી-સોળમી સદીથી જૂની નહીં હોય. જયપુરના સંગ્રહસ્થાનમાં 'મહાભારત'ના કેટલાક પર્વ અગરુપત્ર અથવા સાંચીપાત પર લખાયેલા જોવા મળે છે.[૪]

<u>કપડું</u> :

પુસ્તક લખવા માટે કે ચિત્રપટ-યંત્રપટ આલેખવા માટે કાપડ ઉપર લખાણ કરવામાં આવતું. કપડાને લેખનયોગ્ય બનાવવા કપડાની બંને બાજુએ તેનાં છિદ્રો પુરાય એમ એકસરખી રીતે ઘઉંની કે ચોખાની ખેર લગાડવામાં આવતી. ઘઉંને બે-ત્રણ દિવસ પલાળી તેમાંથી દૂધ કાઢી તેમાં ફટકડી અને મોરથુથુ ભેળવી તૈયાર કરેલી ઘઉંની ખેર અથવા ચોખાને પલાળી તેમાંથી તૈયાર કરેલું મિશ્રણ કે ખેર કપડા ઉપર લગાવી તે સૂકાઈ ગયા પછી અકીક, કસોટી કે પથ્થરના ઘૂંટા વડે ઘૂંટી તેની સપાટી લીસી બનાવી કપડાને લખવા યોગ્ય બનાવાતું.

૪. જૈન, પૃ.૧૪૮.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કપડું લેખનના અન્ય સાધનોની અપેક્ષાએ અલ્પ ટકાઉ હોવાથી, મોંઘુ હોવાથી તેમજ તેના પર લખાણ લખવાનું થોડું મુશ્કેલ હોવાથી તેનો વધારે ઉપયોગ થયેલો જોવા મળતો નથી. પ્રાચીન સમયમાં રાજાના ફરમાનો, ટિપ્પણાં કે ચિત્રપટ-યંત્રપટ અંકિત કરવા માટે તેનો ઉપયોગ સવિશેષ થતો. ભારતમાં ઈ.સ.ના ચૌદમા શતક પહેલાંના કાપડ પરના લખાણના નમૂના ઉપલબ્ધ થતા નથી. ગુજરાતમાં પાટણમાંથી મળી આવેલ કપડા પર લખાયેલો ગ્રંથ એ કાપડ પરના ગ્રંથલેખનનું એકમાત્ર ઉદાહરણ છે.

<u>તાડપત્ર</u> :

તાડપત્ર એ ઝાડના પાંદડા છે. ઝાડનું સંસ્કૃત નામ 'તલ' અથવા 'તાલ' છે. જેનું ગુજરાતી નામ 'તાડ' છે. આ તાડવૃક્ષ ખરતાડ અને શ્રીતાડ એમ બે જાતના જોવા મળે છે. ગુજરાત બાજુના પ્રદેશોમાં જે મળી આવે છે તે ખરતાડ - જેનાં પત્રો જાડા, લંબાઈ-પહોળાઈમાં ટૂંકા અને નવા તાજા હોય ત્યારે પણ આંચકો કે ટક્કર લાગતાં ભાંગી જાય તેવા બરડ હોય છે. આ પાન બિનટકાઉ અને જલ્દી સડી જાય તેવા પ્રકારના હોવાથી લેખનકાર્ય માટે તેનો ઉપયોગ થતો નહીં.[5]

જ્યારે શ્રીતાડના પત્રો ૬૨.૫ x ૭.૫ સે.મી. કરતાં પણ વધારે લંબા-પહોળા, મુલાયમ, ચીકણાં અને ટકાઉ હોવાથી લેખન માટે તેનો ઉપયોગ સવિશેષ કરવામાં આવેલો છે. શ્રીતાડના વૃક્ષો બ્રહ્મદેશ, મદ્રાસ વગેરે પ્રદેશોમાં મોટા પ્રમાણમાં થાય છે. આ ઝાડનાં પાંદડા કોમળ હોવા ઉપરાંત તે સડી જવાનો કે વાળવાથી એકાએક તૂટી જવાનો ભય રહેતો નથી.

---

૫. પુણ્યવિજયજી, <u>ભારતીય જૈન શ્રમણસંસ્કૃતિ અને લેખનકળા</u>, અમદાવાદ, ૧૯૩૬, પૃ.૨૯.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાડના પાંદડામાંથી આવશ્યકતા અનુસાર લાંબી - પહોળી (લગભગ ૫ x ૧૦ સે.મી.) પટ્ટીઓ કાપવામાં આવતી. આ પટ્ટીઓને પહેલાં સૂકવીને પછી પાણીમાં ઉકાળવામાં આવતી. ત્યારબાદ તેને સૂકવી તેની સપાટી પર શંખ, કોડા કે લીસા પથ્થર વડે ઘસીને તેને લીસી બનાવવામાં આવતી અને ત્યારબાદ તેને લેખનકાર્ય માટે ઉપયોગમાં લેવામાં આવતા.

ક્યારેક આ પાંદડાઓના રેસાઓ (વચ્ચેની નસો) ને દૂર કર્યા પછી ઝરાના પાણીમાં ઉકાળવામાં આવતા. આ બાફેલા પાંદડાઓને પહેલાં છાંયડામાં અને પછી સૂર્યના તાપમાં સૂકવવામાં આવતા અને પછીથી તેની સપાટીને લીસી બનાવી લેખનકાર્ય માટે ઉપયોગમાં લેવાતા. એક પધ્ધતિ મુજબ તાડના પાંદડાઓને ઝાડ પરથી ઉતારીને સાત દિવસ સુધી સૂર્યના તાપમાં સૂકવવામાં આવતા. ત્યારબાદ ત્રણ માસ સુધી તેને કાદવમાં દાટવામાં આવતા. અવધિ પૂરી થતાં પાંદડાં બહાર કાઢી ચોખ્ખા કરવામાં આવતા. આમ કરવાથી સફેદ પાંદડા ભૂખરા બની જતા. ત્યારબાદ તેને જરૂરી માપના કાપી લેખનયોગ્ય બનાવવામાં આવતા. ખંભાતમાંથી મળી આવેલ તાડપત્રની હસ્તપ્રતમાં આ પધ્ધતિનો ઉલ્લેખ મળી આવે છે.

સોપારીના ઝાડના લીસા લાકડાના પાટિયાને બે ઝાડ વચ્ચે આડુ બાંધવામાં આવતું પછી ઉપરોક્ત પધ્ધતિથી તૈયાર કરેલા દરેક પાંદડાને ભીનુ કરી તેના એક છેડા ઉપર વજન બાંધીને (વજનવાળી વસ્તુ લટકાવીને) જ્યાં સુધી પાંદડાની સપાટી સંપૂર્ણપણે સુંવાળી - લીસી ન થાય ત્યાં સુધી તે પાંદડાને લાકડાના બે છેડા ઉપર આગળ-પાછળ એમ ઘસડવામાં આવતું. ભેજ સૂકાઈ જતાં જ્યાં સુધી અસર પુરી ન થાય ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલુ રાખવામાં આવતી. આ પ્રક્રિયા પુરી થયા બાદ તાડપત્રને લેખનકાર્ય માટે ઉપયોગમાં લેવાતું.[૬]

---

૬. મુદ્રિકા જાની અનુ.,સ્વરૂપમલ ભૌમિક મૂ., પ્રાચીન કલાકૃતિઓનાં જતન અને સંભાળ, સંગ્રહાલય ખાતું, વડોદરા, ૧૯૮૧, પૃ.૮૧.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેવી રીતે વાંસમાંથી હાથબનાવટના કાગળ તૈયાર કરવામાં આવતા તેવી રીતે તાડપત્રોને પલાળી તેની લુગદી બનાવી ખાંડીને વધારે પહોળા કદમાં પત્રો તૈયાર કરવામાં આવતા. પૂર્વના પ્રદેશોમાં આ પધ્ધતિ ઉપયોગમાં લેવાયેલી જોવા મળે છે. રાજસ્થાનના મહારાજા જયપુર મ્યુઝિયમની 'મહાભારત'ની પ્રતો આવી રીતે પહોળા કદના તાડપત્રના નમુનારૂપ છે. પત્રોને વધારે લાંબા કરવા માટે ત્રણ-ચાર પત્રોને એકસાથે રાખીને ક્રમમાં સીવીને તેના પર લખવામાં આવતું. બર્મા અને તિબેટમાં આવા પત્રો જોવા મળે છે.[૭] જૈન પુસ્તકો આ પધ્ધતિથી લાંબા કે પહોળા કરેલા પત્રોમાં ક્યારેય લખાયા નથી. તે પુસ્તકો એકવડા તાડપત્રમાં જ લખાયા છે.

તાડપત્ર પર લખવાની બે પધ્ધતિઓ પ્રચલિત હતી. એક શાહીથી પત્રો લખવાની ઉત્તર ભારતની પધ્ધતિ અને બીજી પત્રમાં ઝીણી અણીવાળા સોયા વડે અક્ષરો કોતરીને પછીથી તેમાં શાહી (મષી) પુરવાની દક્ષિણ ભારતની પધ્ધતિ. તાડપત્રો હાથબનાવટના કાગળ કરતાં ત્રણગણા વધારે મજબૂત હોવાથી તેમજ તેમાં તણાઉ શક્તિ સારા પ્રમાણમાં રહેલી હોવાના પરિણામે તે ઉંચી જાતના કાગળ કરતાં પણ ઉચ્ચ ગુણવત્તા ધરાવતા સાબિત થયા છે. વળી તાડપત્રમાં પરન્ચાયમેન્ટ નામના કોષોનો સમુહ હોવાથી બે કોષો વચ્ચે હવા રહે છે. પરિણામે કાગળની માફક તેના પર લખવામાં સરળતા રહે છે. જો કે આ તાડપત્રોને રોજીંદા વપરાશમાં ઘસારો વધારે પડતો હોવાથી વ્યવહારના વપરાશ માટે તેનો ઉપયોગ થયેલો જોવા મળતો નથી. માત્ર ગ્રંથલેખન માટે જ તે ઉપયોગમાં લેવાયા છે. ભારતમાં પંદરમી સદીના અંત સુધી તાડપત્ર પર લખવાનું ચાલુ રહ્યું છે. પંદરમી સદીના અંત સાથે તાડપત્ર ઉપરનું લેખન પણ આથમી ગયું.[૮]

---

૭. પાદનોંધ ૩ મુજબ, પૃ.૧૪૪.

૮. પાદનોંધ ૫ મુજબ, પૃ.૨૬.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



<u>કાગળ</u> :

લેખનની પરિપાટીના સ્વરૂપના વિકાસની સાથે અને કાગળનો પ્રચાર વધતાં ધીમે ધીમે તાડપત્રનું મહત્વ ઘટ્યું અને તેનું સ્થાન કાગળે લીધુ જે આજ પર્યંત જોવા મળે છે. હસ્તપ્રતો લખવા માટે હાથબનાવટના કાગળનો જ ઉપયોગ થતો. હાથબનાવટનો કાગળ બનાવવાનું માન ટસાઈ-લુન (ત્સાઈ લુન) નામના એક ચીની પ્રજાજનને જાય છે. ઈ.સ.૧૦૫ માં તેણે ચીનના રાજાને પોતે બનાવેલો કાગળ ભેટ ધર્યો હતો. ત્યારબાદ ચીનમાં કાગળ બનાવવાનો ઉદ્યોગ સામાન્ય થઈ ગયો. ઈ.સ.૭૫૧ માં મધ્યએશિયામાં અને ઈ.સ.૭૯૩ માં બગદાદમાં, ત્યારબાદ ૧૪મી સદીમાં યુરોપમાં આ હુન્નર પહોંચ્યો.[૯]

ભારતમાં કાગળ બનાવવાનું ક્યારે શરૂ થયુ એ ચોકકસ કહી શકાય તેમ નથી. પરંતુ શ્રી ગૌરીશંકર ઓઝાએ તેમના ભારતીય પ્રાચીન લિપિમાલામાં ઈ.સ.ની બીજી સદી પહેલાં પણ ભારતમાં કાગળ પ્રચલિત હતો તેમ પ્રતિપાદન કરવાનો પ્રયત્ન કર્યો છે. આમ છતાં મુસલમાનોના આગમન પછી લખાણ માટે કાગળ વધારે પ્રચલિત બન્યો તેમ માનવામાં આવે છે.

ભારતમાં સ્વદેશી કાગળ બનાવવા માટે મોટેભાગે જૂનીગુણપાટો, દોરડાં, માછલી પકડવાની જાળી, સુતરાઉ કાપડના ચીંથરા, અમુક જાતના રેસાવાળા ઝાડની છાલ વગેરેનો ઉપયોગ થતો. તેને વીણી, જુદા પાડી તેમાં સોડા, બ્લીચીંગ પાવડર વગેરે મેળવી સાફ કરવામાં આવતા. આ પદાર્થોને પાણીમાં પલાડી લગભગ અર્ધા દિવસ સુધી ખાંડી-છૂંદીને તેનો માવો બનાવવામાં આવતો. આ માવાને ચોખ્ખા પાણીના કુંડમાં ભેળવવામાં આવતો. આશરે અઢી ચો.ફૂટ જેવડા કદની ચાળણી વડે કુંડમાંથી આ માવો ચાળણીમાં લેવાતો. આ સમયે એક માણસ કુંડમાંના તે માવાને લાકડી વડે હલાવતો રહેતો. ચાળણીમાંના

---

૯. <u>ન્યૂ એનસાયકલોપિડિયા બ્રિટાનિકા : માઈક્રોપિડિયા</u>, ૧૫ મી.આ., ગ્રં.૯, પૃ.૧૨૬.

For Private and Personal Use Only

માવાને ચારે બાજુ હલાવતા રહેતા જેથી માવો એકસરખી સપાટીમાં પથરાઇ જાય અને રેસાઓ ચારેબાજુ એકબીજા સાથે મજબુતાઇથી ચોંટી જાય. માવાની સપાટી થોડી વધારે જાડી બનાવવા બે ત્રણવાર કુંડમાં ઝબોળી આ પ્રક્રિયા કરવામાં આવતી. ચાળણીમાંનું પાણી નીતરી ગયા પછી તેના ઉપરના કાગળના પડને ધાબળા ઉપર લઇ બે ધાબળા વચ્ચે સરખી સપાટીમાં દબાવવામાં આવતું. જેથી તેમાં રહેલું પાણી સુકાઇ જાય. આ પ્રક્રિયા બાદ પડને દોરી પર લટકાવી પુરેપુરું સુકાઇ જવા દેતા.[10] કાગળ બરાબર સુકાઇ ગયા પછી ચાર ચઢાવવા માટે પડને બે ત્રણ દિવસ પલાળી તેમાંનું દૂધ કાઢી તેમાં ફટકડી-મોરથુથુ ભેળવી તૈયાર થયેલું મિશ્રણ બ્રશ વડે કાગળ પર લગાવવામાં આવતું. અને તે સુકાયા પછી અકીક, કસોટી કે પથ્થરના ઘુંટા વડે ઘુંટવામાં આવતું. અથવા બે તાંબાના ચીકણા પાતળા પતરા વચ્ચે દરેક કાગળને રાખીને દબાવીને બહાર કાઢી લેવામાં આવતા. આ રીતે તૈયાર થયેલા કાગળ પર લેખનકાર્ય કરવામાં આવતું. હાથબનાવટના કાગળ તેની પ્રક્રિયાની વિશિષ્ટતાને લીધે વધારે મજબુત બનતા. આ કાગળને વચ્ચેથી ફાડવામાં આવે તો પણ તે એક જ દિશામાં સહેલાઇથી ફાટી શકતો નથી. હસ્તપ્રતભંડારોમાં સચવાયેલી હાથબનાવટના કાગળ પર લખાયેલી પ્રતો સદીઓ વીતવા છતાં ખાસ નુકશાન પામી નથી.

<u>હસ્તપ્રત લેખનપ્રક્રિયાનાં સાધનો</u> :

પ્રાચીન ભારતમાં લખાણ લખવા માટે વિવિધ લિપ્યાસનનો ઉપયોગ થતો. ખાસ કરીને પંદરમી સદી સુધી તાડપત્ર ઉપર અને ત્યારબાદ મુદ્રણકળાની શોધ થઇ ત્યાં સુધી હાથ બનાવટના કાગળ ઉપર જ હસ્તપ્રતોની લેખનપ્રક્રિયા થયેલી છે. આ તાડપત્ર કે કાગળ ઉપર લખવા માટે તેમ જ પત્રો લખાઇ ગયા પછી તેને વ્યવસ્થિત રીતે બાંધવા માટે કેટલાંક સાધનોનો વિશિષ્ટ રીતે ઉપયોગ થતો હતો,

---

૧૦. આનંદ સ્વામી, 'ખાદી કાગળ', <u>નવજીવન</u>, ૨૫ નવે.૧૯૩૪, પૃ.૨૯૦.

જેમાં લેખણ-વતરણું, જુજવળ, કંબિકા-કાંબી, પ્રાકાર, ઓળિયું, કાષ્ઠપટ્ટીકા, મષી અથવા શાહી, ખડિયો, છાંદણ-છંદણ કે ખડિયાનું ઢાંકણું, સાંકળ કે દોરી, ગ્રંથિ - ગાંઠ વગેરેનો સહેતુક ઉપયોગ કરવામાં આવતો હતો. મુનિશ્રી પુણ્યવિજયજીએ તેમના પુસ્તક 'ભારતીય જૈન શ્રમણસંસ્કૃતિ અને લેખનકળા'માં આ બાબત વિશદ્ રીતે વર્ણવી બતાવી છે.[૧૧]

<u>લેખણ</u> : તાડપત્ર અને કાગળ ઉપર શાહીથી લખવા માટે જુદા પ્રકારનાં સાધનો વપરાતાં. તાડપત્ર ઉપર અક્ષરો કોતરીને તેમાં શાહી ભરવાની પધ્ધતિ હતી. અક્ષરો કોતરવા માટે અણીદાર સોયાની જરૂર પડતી. પરંતુ કાગળ પર શાહીથી લખાણ લખવા માટે લેખણ - વતરણુંનો ઉપયોગ થતો. લેખણને આજે આપણે કલમના નામથી ઓળખીએ છીએ.

પ્રાચીન સમયમાં લેખણ માટે અનેક જાતનાં બરૂઓ પસંદ કરવામાં આવતાં, જેમાં ધોળાબરૂ, કાળા બરૂ, વાંસની જાતના બરૂ અને તજિયા બરૂ હતા. તજિયા બરૂ વચ્ચેથી પોલાં તેમ જ સહજ બરડ હોવાથી લેખણ ઘડાતાં કે કપડામાં ભરાતાં તૂટી જવાનો સંભવ રહેતો. આમ છતાં તેની વિશેષતા એ હતી કે ગમે તેટલું લખવામાં આવે તો પણ તે કલમની અણીમાં કૂચો પડતો નહીં. વાંસના બરૂ અને ધોળાં બરૂ પણ લેખન માટે એકંદરે ઠીક રહેતા. પરંતુ તે સમયે કાળાં બરૂ અને વાંસની જાતનાં બરૂની લેખણનો ઉપયોગ વધારે થતો. નક્કર જમીન પર પછાડતાં જે બરૂમાંથી તાંબા જેવો અવાજ નીકળે તે બરૂ સારાં અને જેમાંથી બોદો અવાજ આવે તે લેખન માટે નિરૂપયોગી મનાતાં. જે બરૂ કાચાં, ફાટી ગયેલાં અથવા સડી ગયેલાં હોય તેમાંથી બોદો અવાજ નીકળતો.

---

૧૧. પાદનોંધ ૫ મુજબ પૃ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બરૂને છોલી નાના-મોટા જેવા અક્ષરો લખવા હોય તે પ્રમાણે તેની અણીને ઝીણી કે જાડી બનાવવામાં આવતી. લખનારના હાથના વળાંક અને કલમ પકડવાની ટેવ મુજબ તેના પર સીધો કે વાંકો કાપ મુકવામાં આવતો. 'લેખણ' ને 'વતરણું' કે 'કલમ' એ નામથી પણ ઓળખવામાં આવતું. વતરણું શબ્દ સંસ્કૃતના 'અવતરણ' શબ્દ પરથી ઉતરી આવ્યો હોય તેમ લાગે છે. જેનાથી લખવા માટે અવતરણ-પ્રારંભ થઈ શકે તે અવતરણ અથવા વતરણ કે વતરણું.

<u>જુજવળ</u> : હસ્તપ્રતોમાં લીટીઓ દોરવા માટે જો લેખણનો ઉપયોગ કરવામાં આવે તો તેની અણીનો કૂચો વળી જાય. આથી પ્રાચીન સમયમાં લીટીઓ દોરવા માટે લોખંડના બનેલા 'જુજવળ'નો ઉપયોગ કરવામાં આવતો. ચીપિયાની માફક બે પાંખિયા વાળીને તે બનાવેલું હોવાથી તેને યુજવળ (સં.યુગવલ), જુજબળ અથવા જુજવળ કહેવાતું. વાળેલા પાંખિયાને લીધે શાહી તેમાં ભરાઈ રહેતી. જુજવળને શાહીમાં બોળી તેના વડે પ્રત ઉપર બંને બાજુએ લીટીઓ દોરવા તેમજ ચંદ્રપટોના ખાનાંઓ દોરવા માટે તેનો ઉપયોગ કરવામાં આવતો. આજે આ 'જુજવળ' નું સ્થાન મુખ્યત્વે સ્ટીલ અને હોલ્ડરે લીધું છે.

<u>પ્રાકાર</u> : જેમ લીટીઓ દોરવા માટે લોખંડના બનેલા જુજવળનો ઉપયોગ કરવામાં આવતો તેવી જ રીતે પ્રતમાં કે ચિત્રપટ-યંત્રપટ વગેરેમાં ગોળ આકૃતિઓ દોરવા માટે લોઢાના બનેલા પ્રાકારનો ઉપયોગ કરવામાં આવતો. જે જાતની નાની-મોટી ગોળ આકૃતિઓ દોરવાની હોય તે પ્રમાણે તેને નાના મોટા બનાવવામાં આવતા. જુજવળની જેમ પ્રાકારનો આગળનો ભાગ વાળેલો હોવાથી તેમાં શાહી ઝિલાઈ રહેતી. પ્રાચીન હસ્તલિખિત પુસ્તકોમાં કયારેક વિભાગની સમાપ્તિમાં શાહીથી બનાવેલા કમળ કે અન્ય ચિત્રો એટલા નાનાં જોવા મળે છે કે તે દોરવા માટે ઉપયોગમાં લીધેલા પ્રાકાર પણ એટલા જ નાના હશે.[12]

---

૧૨. ગૌરીશંકર હીરાચંદ ઓઝા, <u>ભારતીય પ્રાચીન લિપિમાલા</u>, ત્રીજી આ., મુન્શીરામ મનોહરલાલ, ૧૯૫૯, પૃ.૧૫૭.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ओळियुं : हस्तप्रतमां सीधी लीटीमां लखाण लखवा माटे आ साधननो उपयोग करवामां आवतो. 'ओळियुं' ए संस्कृत शब्द 'आलि' प्राकृत 'ओलि' अने गुजराती 'ओळ' परथी जन्यो छे. 'ओळो' – लीटीओ पाडवानुं साधन ते 'ओळियुं'.[१३]

लाकडानी पाटी उपर के सारा मजबूत पूंठा उपर नाना-मोटा जेवा अक्षरो लखवा होय तेना प्रमाणमां समांतर काणां पाडी ए काणांमां रीलनो के सामान्य जाडो मीणियो दोरो परोववामां आवतो. दोरो खसे नहीं ते माटे तेना पर चोखानी के आंबलीना कचुकानी पातळी मेर लगाववामां आवती. ओळिया उपर कागळने मुकी धीमेधीमे दबाववाथी पान उपर लीटीओ उठती. लहियाओ सीधी लीटीमां लखाण लखवा माटे ओळियानो उपयोग करता. परंतु ताडपत्रीय प्रतो परना लखाणमां लेखको पोतानी लेखनकळानी कुशळताने बळे ज सीधी लीटीमां लखाण लखता हता. केटलाक लेखको पत्रने मथाळे एक लीटी दोरी तेना आधारे ज सीधी लीटीमां लखाण लखता. कागळ परनी प्रतोमां पण लहियाओ आ पध्धतिनो उपयोग करता.

कंबिका – कांबी : ताडपत्रीय ग्रंथो पहोळाइमां टूंका होवाथी तेना उपर कोइपण आधार लीधा वगर कलमथी सीधी लीटी दोरी शकाती. परंतु कागळ पर पुस्तको लखवानी शरूआत थया पछी, तेनी पहोळाइ वधारे होवाने कारणे लखाणनी आसपास, मंत्रपट-यंत्रपट वगेरेमां कोइपण प्रकारना आधार वगर सीधी लीटीओ दोरवी अशक्य बनती. प्रतमां सीधी लीटीओ दोरवा माटे ज आ साधननो उपयोग करवामां आवतो. कांबी एटले वांसनी चीप, लीटीओ दोरती वखते खसी न जाय ते माटे आ कांबी गोळ नहीं पण चपटी राखवामां आवती.

---

१३. पादनोंध ५ मुजब, पृ. ३५

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ કાંબી કે કંબિકા ૨.૫ સે.મી. જેટલી પહોળી અને એક કે સવા ફૂટ જેટલી લાંબી રાખવામાં આવતી. તે વાંસ, લાકડું, હાથીદાંત, અકીક, ચંદન, શીસમ કે સાગમાંથી બનતી. તેનો ઉપયોગ લીટીઓ દોરવા ઉપરાંત લખતી વખતે પ્રતને હાથનો પરસેવો ન લાગે તે માટે હાથ નીચે રાખવામાં તેમજ કાગળ કાપવા માટે પણ ક્યારેક થતો.

તાડપત્રીય ગ્રંથોના રક્ષણ માટે તેની ઉપર અને નીચે લાકડાની ચીપો કે પાટીઓ રાખવામાં આવતી તેને પણ 'કંબિકા' તરીકે ઓળખવામાં આવતી. એટલે 'કંબિકા' શબ્દ લીટીઓ દોરવાના સાધન અને પ્રતના રક્ષણ માટેની પાટીઓ એમ બે અર્થમાં વપરાય છે.

મષી અથવા શાહી : પ્રાચીન સમયમાં હસ્તપ્રતોના લખાણ માટે કાળી શાહીનો જ ઉપયોગ થતો જે 'મષી' ના નામથી ઓળખાતી. હસ્તપ્રતભંડારો-માંની હસ્તપ્રતોનું નિરીક્ષણ કરતાં જાણી શકાય છે કે હસ્તપ્રતોના લેખન માટે કાળી, લાલ, સોનેરી કે રૂપેરી શાહીનો ઉપયોગ થયેલો છે. લાલ શાહીનું લખાણ વાંચવા માટે અનુકૂળ ન હોવાથી તેનો ઉપયોગ ખાસ વિશેષ સ્થળ માટે કે પ્રકરણની સમાપ્તિદર્શક પુષ્પિકા વગેરે લખવા માટે તેમજ પ્રતમાં લીટીઓ કે ગોળ આકૃતિઓ દોરવા માટે જ થયો છે. જ્યારે કાળી શાહીના પ્રમાણમાં સોનેરી કે રૂપેરી શાહીનો લખાણ માટે ઘણો જ ઓછો ઉપયોગ થયો છે. આ શાહીનું લખાણ આંખને માફક ન હોવાથી, લખાણની અશુદ્ધિઓ પાછળથી સુધારવામાં મુશ્કેલરૂપ હોવાથી તેમ જ તે વધારે ખર્ચાળ પણ હોવાથી પ્રાચીન સમયમાં મુખ્યત્વે પવિત્ર મનાતા કેટલાક ધર્મગ્રંથો લખવા માટે જ આ શાહીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ શાહીના લખાણ ધરાવતા ધર્મગ્રંથો વાંચવા માટે નહીં પરંતુ દૂર રહી દર્શન કરવા માટે જ હોય છે. પાટણના રાજા કુમારપાળે પોતાના ગુરુ હેમચંદ્રની કૃતિઓ આ પ્રકારની શાહીથી લખાવ્યાના ઉલ્લેખો મળે છે.[૧૪]

---

૧૪. પાદનોંધ ૫ મુજબ, પૃ.૩૭.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાડપત્ર એ કાષ્ઠની જાતિ છે, જ્યારે કાગળ અને કપડું એ તેનાથી ભિન્ન સ્વરૂપ ધરાવે છે. પ્રાચીન સમયમાં આ જુદી જુદી પરિપાટીઓ ઉપર લેખનકાર્ય કરવા માટે તેની શાહી પણ જુદા જુદા પ્રકારની તૈયાર થતી. મષીનો અર્થ મેશ-કાજલ થાય. કાળી શાહીની બનાવટમાં મેશનો ઉપયોગ વિશેષ થતો હોવાથી તે 'મષી' નામથી ઓળખાતી. પરંતુ 'મષી' શબ્દ લખવાના સાધન તરીકે દરેક પ્રકારની શાહી માટે રૂઢ થઈ ગયેલો છે. જેમ કે કાળી મષી, લાલ મષી, સોનેરી મષી, રૂપેરી મષી.

મુનિશ્રી પુણ્યવિજયજીએ મષી-શાહી બનાવવાની વિવિધ રીતો દર્શાવી છે,[૧૫] જે ટૂંકમાં અહિંયાં પ્રસ્તુત કરી છે.

તાડપત્રની કાળી શાહી બનાવવાની રીતો :

(૧) 'કાંટાસેરીઓ (ધમાસો), જાળભાંગરાનો રસ, ત્રિફળા, કસીસું અને લોઢાનું ચૂર્ણ આ બધી વસ્તુઓને ઉકાળીને કવાથ બનાવવો. આ કવાથ અને ગળીના રસને સરખા માપે એકઠા કરેલા કાજળ અને બીજાબોળમાં નાખવાથી તાડપત્ર ઉપર લખવાની મષી તૈયાર થાય છે.'

(૨) 'કાજળ, પોયણ, બોળ-બીજાબોળ (હીરાબોળ), જાળભાંગરો અને થોડો પારો આ બધી વસ્તુઓને ગરમ પાણીમાં મેળવી સાત દિવસ કે તેથી વધારે દિવસો સુધી ઘૂંટવી, ત્યારબાદ તેની સૂકી વડીઓ બનાવી ભૂકો કરવો.'

જ્યારે શાહીની જરૂર પડે ત્યારે તે ભૂકાને ગરમ પાણીમાં ખૂબ મસળવાથી તે લખવાલાયક શાહી બને છે.

---

૧૫. પાદનોંધ ૫ મુજબ, પૃ.૩૮-૪૫.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૩) 'કોરા કાજળને કાચી માટીના કોડિયામાં નાખી તેની ચીકાશ દૂર થાય ત્યાં સુધી આંગળીઓ વડે તેને હલાવવાથી કાજળમાંની ચીકાશ કોરા કોડિયાને લીધે દૂર થાય છે. આ સિવાય કાજળમાં ગૌ-મૂત્ર નાખી તેને આખી રાત ભીંજાવી રાખવાથી પણ કાજળની ચીકાશ દૂર થાય છે. આ બીજી રીત વધારે સારી છે.'

ઉપરાંત કાજળ અને હીબડા કે ખેરના ગુંદરને બિયાજલ-બિયારસના પાણીમાં મિશ્ર કરી, ભીંજાવી તેમાંનુ પાણી લગભગ સુકાઇ જાય ત્યાં સુધી તેને ખૂબ ઘુંટવું. ત્યારબાદ વડીઓ બનાવી સૂકવવી. તેનો ભૂકો કરી જરૂર પડે શાહી બનાવવા ઉપયોગમાં લેવો.

(૪) 'હીબડાના કવાથથી અથવા ગુંદરથી બમણો બીજાબોળ લેવો. તેનાથી બમણું તલના તેલનું પાડેલું કાજળ લેવું. આ બધાને તાંબાના પાત્રમાં નાખી ઉકાળતા જવું. ધીરેધીરે તેમાં લાક્ષારસ નાખતા જવું અને તાંબાની ખોળી ચડાવેલ ઘૂંટા વડે ઘૂંટતા જવું. પછી ગૌ-મૂત્રમાં ભીંજાવી રાખેલ ભીલામાના ગર્ભને ઘૂંટાની નીચે લગાડી શાહીને ઘૂંટવી. તેમાં ભાંગરાનો રસ મળે તો નાખવો. આમ કરવાથી તાડપત્ર પર લખવા લાયક શાહી બનશે.'

આ વિધિમાં એ ધ્યાનમાં રાખવું કે આમાં લાક્ષારસ નંખાય છે તેથી કાજળને ગૌ-મૂત્રમાં ભીંજાવવું નહીં. નહિતો લાક્ષારસ ફાટતા શાહી નકામી થઇ જાય.

(૫) બ્રહ્મદેશ, મદ્રાસ વગેરે પ્રદેશોમાં તાડપત્રને કોતરીને લખવાની પ્રથા હતી. ત્યાં શાહીના સ્થાને નાળિયેરની ઉપરની કાચલી કે બદામના ઉપરનાં છોતરાને બાળી તેની મેંશને તેલમાં મેળવી વાપરવામાં આવતી. તેઓ કોતરીને લખેલા તાડપત્ર ઉપર તે મેંશને ચોપડી તેને કપડાથી સાફ કરી નાખતા. આમ કરવાથી કોતરેલો ભાગ કાળો થઇ પાનાનો બાકીનો ભાગ ચોખ્ખો થઇ જતો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાગળ – કપડા ઉપર લખવાની કાળી શાહી :

મુનિશ્રી પુણ્યવિજયજીએ કાગળ પર લખવા માટેની શાહી તૈયાર કરવાની છ રીતો બતાવી છે. પરંતુ તેમના કથન મુજબ આમાંની એક જ રીતથી,'કાજળ, બીજાબોળ અને ગુંદર એ ત્રણેયના મિશ્રણથી, બનેલી શાહી ઉત્તમ મનાય છે.

આ પ્રક્રિયામાં કાજળ અને બીજાબોળનું પ્રમાણ સરખું લેવું. સ્વચ્છ ગુંદર અને બીજાબોળને પાણીમાં ભીંજાવી, કપડાથી ગાળી, તાંબાની કઢાઈમાં ત્રણેને ભેગા કરી એ ત્રણે બરાબર એકરસ થાય ત્યાં સુધી તાંબાની ખોળી ચડાવેલા લીંબડાના ઘૂંટા વડે ખૂબ ઘૂંટવાથી મજીઠ- કાળી શાહી તૈયાર થાય છે. આ પ્રમાણે તૈયાર થયેલી શાહીને સુકવીને રાખી મુકવી. જયારે જરૂર પડે ત્યારે તેને પાણીમાં મસળવાથી લખવા માટેની શાહી તૈયાર થાય છે.'

'ભોજપત્ર પર લખવા માટે બદામના ફોતરાંને બાળી તે ભૂકાને ગોમૂત્રમાં ઉકાળીને શાહી તૈયાર કરવામાં આવતી.'[15]

આ સિવાયની બીજી રીતોથી બનાવેલી શાહી પાકી તો હોય છે પરંતુ કાગળ-કપડાને નુકસાન કરનાર હોય છે.

સોનેરી અને રૂપેરી શાહી :

'કોઈપણ જાતના કચરા વિનાના ધવના ગુંદરનું પાણી કરી તેને કાચની રકાબીમાં ચોપડતા જવું. અને સોનેરી કે રૂપેરી જે શાહી બનાવવી હોય તેનો વરખ લઈ તેના પર વળે નહીં તેવી રીતે લગાડવો અને આંગળીથી ઘૂંટવો. આમ કરવાથી થોડીવારમાં જ તે સોનાના કે ચાંદીના વરખનો ભૂકો થઈ જશે. આ રીતે ફરીથી ગુંદર લગાડી વરખ લગાવતા જવું અને ઘૂંટતા જવું.

---

૧૬. મણિભાઈ ઈ.પ્રજાપતિ, 'હસ્તપ્રતવિદ્યા અને ગુર્જર પ્રદેશની હસ્તપ્રત સમૃધ્ધિ', ગુજરાત દીપોત્સવી અંક, સં.૨૦૪૦, લેખવિભાગ, પૃ.૨૮.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ રીતે તૈયાર થયેલ ભૂકામાં સાકરનું પાણી નાંખી તેને હલાવી દેવો. જયારે ભૂકો ફરી નીચે બેસી જાય ત્યારે તેમાંનું પાણી ધીરેધીરે બહાર કાઢી નાંખવું. આમ વાર-વારવાર કરવાથી સોનાનો કે ચાંદીનો ભૂકો રહે એ જ આપણી તૈયાર શાહી.'

આમાં સાકરનું પાણી નાખવાથી ગુંદરની ચીકાશનો નાશ થાય છે અને સોના-ચાંદીની શાહીનો હ્રાસ થતો નથી. સાકરના પાણીમાં સાકરનું પ્રમાણ મધ્યમસર લેવું. આમાં ધ્યાન એ બાબતનું રાખવું કે ઘૂંટતી વખતે ખરલ ખરાબ હશે તો તેમાંની કાંકરી શાહીમાં ભળતાં શાહી દૂષિત બનશે.

<u>લાલ શાહી</u> :

'કાચો હિંગળોક, જે ગાંગડા જેવો હોય છે અને જેમાંથી વૈદ્યો પારો કાઢે છે, તેને ખરલમાં નાખી તેમાં સાકરનું પાણી નાંખી ખૂબ ઘૂંટવો. પછી તેને ઠરવા દઈ તેના ઉપર જે પીળાશ પડતું પાણી હોય તેને બહાર કાઢી નાંખવું. ત્યારબાદ ફરી તેમાં સાકરનું પાણી નાંખી ખૂબ ઘૂંટવો અને પીળાશ પડતું પાણી બહાર કાઢી નાંખવું. આ પ્રક્રિયા સતત દસ-પંદર વાર કરવાથી શુધ્ધ લાલ સુરેખ જેવો હિંગળોક તૈયાર થાય છે. તેની વડીઓ બનાવી સુકવવી. કામ પડે ત્યારે જેવા જાડા-પાતળા રંગની જરૂર હોય તે મુજબ તેમાં પાણી નાંખી વાપરવો.'

આ પ્રમાણે તૈયાર થયેલા હિંગળોકનો ઉપયોગ લાલ શાહી રૂપે કરાય છે.

શ્રી ગૌરીશંકર ઓઝાએ રાજસ્થાનમાં ઉપયોગમાં લેવાતી શાહીની બનાવટની પ્રક્રિયા બતાવી છે.

'પાકી શાહી બનાવવા માટે પીપળની લાખને વાટી, માટીના વાસણમાં રાખેલા પાણીમાં નાંખી તેને ગરમ કરવામાં આવે છે. ત્યારબાદ તેમાં ટંકણખાર અને લોદર વાટીને નાંખવામાં આવે છે. પાણીને ઉકાળતા, લાખ જયારે પાણીમાં એકરસ બની જાય છે ત્યારે તેને ઉતારી લેવામાં આવે છે (તેને 'અલતા કે અલકતક' કહે છે). ત્યારબાદ તલના તેલના દીવાની મેશને ઝીણાં અથવા પાતળા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મલમલ જેવા કપડાની પોટલીમાં રાખી તૈયાર હાંડામાં ફેરવવામાં આવે છે જેનાથી શાહી તૈયાર થાય છે. ત્યારબાદ આ શાહીને ખડિયામાં ભરી લેવામાં આવે છે.' રાજસ્થાનના લેખકો આજે પણ આ રીતે પાકી શાહી તૈયાર કરે છે.[૧૭]

આ ઉપરની વિવિધ રીતો દ્વારા પ્રાચીન સમયમાં શાહી તૈયાર કરવામાં આવતી. આમ છતાં તેની બનાવટ માટે કેટલીક સૂચનાઓ તેમજ કેટલાક ભયસ્થાનો મુનિશ્રી પુણ્યવિજયજીએ તેમના પુસ્તકમાં બતાવ્યા છે.[૧૮]

શાહી માટે તલના તેલનું પાડેલું કાજળ હોવું જોઈએ. શાહીમાં ગુંદર ખેરનો, લીમડાનો કે બાવળનો જ નાખવો. બીજા કોઈ ગુંદરનો ઉપયોગ કરવો નહીં. રીંગણી (મરાઠી ભાષામાં ડેરલી') ના ફળના રસને શાહીમાં નાખવાથી તે ચમકીલી બને છે અને તેની કડવાશને લીધે માખીઓ આવતી નથી. શાહીમાં લાખ (લાક્ષારસ), કાથો, લોઢાનો કાટ કે ભૂકો પડે એ શાહી કપડા-કાગળ ઉપર લખવા માટે ઉપયોગી નથી. તેના ઉપયોગથી થોડા જ સમયમાં (માત્ર ત્રણ સૈકામાં) જ પુસ્તકની દશા તમાકુના પાંદડા જેવી થઈ જાય છે; બીઆરસને શાહીમાં નાખવાથી કાળાશમાં ખૂબ ઉમેરો થાય છે પરંતુ તેના ઉપયોગને કારણે તે શાહીથી લખેલું લખાણ પતરીરૂપ થઈ પોતાની મેળે જ ઉખડી જાય છે.'

શાહીમાં ભાંગરાનો રસ નાખવાથી શાહી ચમકીલી અને ઘેરી થાય છે, પરંતુ તેના લીધે કાગળો કાળા પડવા સાથે લાંબા ગાળે જીર્ણ પણ થઈ જાય છે. જોકે લાખ, કાથો કે હીરાકસીની જેમ એની તીવ્ર અસર થતી નથી તેમ છતાં ભાંગરાના રસવાળી શાહી કાગળના પુસ્તકને ચાર-પાંચ સૈકાથી વધારે ટકવા દેતી નથી. એટલે કાગળના પુસ્તક માટે શાહીના ચળકાટનો મોહ ત્યજી કાજળ, બીજાબોળ અને ગુંદર એ ત્રણના મિશ્રણથી બનેલી શાહી વાપરવી વધારે સલામતીભરી છે.

---

૧૭. પાદનોંધ ૧૨ મુજબ, પૃ.૧૫૫.

૧૮. પાદનોંધ ૫ મુજબ, પૃ.૪૨-૪૩.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાહી ઉપરાંત હસ્તપ્રતોમાં ચિત્રો દોરવા માટે રંગોનો ઉપયોગ પણ થયેલો છે. ચિત્રકામ માટે વિવિધ રંગોના મિશ્રણ દ્વારા અનેક રંગો ઊભા કરવામાં આવતા. આ રંગોમાં રસાયણોનો ઉપયોગ ન થયેલો હોવાને કારણે આજે પણ પ્રાપ્ત સચિત્ર હસ્તપ્રતોના ચિત્રો હજારો વર્ષ વીતી ગયા હોવા છતાં જેવા ને તેવા જ સતેજ અને ટકાઉ સાબિત થયા છે. હસ્તપ્રતોમાં વપરાતી શાહી પણ રાસાયણિક દ્રવ્યોથી મુક્ત બનેલી હોવાથી આજે પણ એટલી જ ટકાઉ સાબિત થયેલી છે.

પ્રાચીન સમયમાં લેખનકાર્ય કરતી વખતે લહિયાઓ શાહીને ખડિયામાં ભરી રાખતા અને કલમ કે લેખણને આ ખડિયામાં બોળી પછી લેખનકાર્ય કરતા. શાહી ભરવાના આ પાત્રને 'મષીભાજન' નામથી ઓળખવામાં આવતું. પ્રાચીન સમયમાં આ ખડિયા કે 'મષીભાજન' માટી અથવા પીત્તળ કે અન્ય ધાતુના બનાવેલા વપરાતા હશે.[૧૯]

શાહીના ખડિયા ઉપરના ઢાંકણને 'છાંદણ' કે 'છાદણ'-ઢાંકણ એ નામથી ઓળખાવાતું. આ ખડિયાને એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવામાં સરળતા રહે તેમજ લખતી વખતે પણ એક જગ્યાએ લટકાવી રખાય તે માટે તેના ગળામાં દોરી કે સાંકળ બાંધી રાખવામાં આવતી.

<u>કાષ્ઠપટ્ટીકા</u> : પ્રાચીન સમયમાં લેખનના સાધન તરીકે કાષ્ઠપટ્ટીકા - લાકડાની સાદી કે રંગીન પાટી પણ વપરાતી. આપણા ગ્રંથકારો તાડપત્ર કે કાગળ પર ગ્રંથરચના કરતી વખતે પોતાના ગ્રંથના કાચા ખરડાઓ લાકડાની પાટી ઉપર કરતા અને તે બરાબર નક્કી થયા પછી તેના ઉપરથી પાકી નકલો તાડપત્ર કે કાગળ પર ઉતારતા.

---

૧૯. એજન, પૃ.૨૦ અને ૪૬.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



<u>દોરો</u> : પુસ્તક તૈયાર થયા પછી તેને વ્યવસ્થિત સાચવવા માટે દોરાથી બાંધવામાં આવતું. તાડપત્રના છૂટા પૃષ્ઠો પહોળાઈમાં સાંકડા અને લંબાઈમાં વધારે પ્રમાણમાં હોવાથી તેમ જ છૂટા પત્રના સ્વરૂપમાં હોઈ તેના પૃષ્ઠો સેળભેળ ન થઈ જાય કે પાનાં ખસી ન જાય તે માટે પત્રની વચ્ચે કોરી જગ્યા રાખવામાં આવતી, જેમાં એક કે બે કાણાં પાડી તેમાં કાયમને માટે દોરો પરોવી રાખવામાં આવતો. કાગળની પ્રતને મધ્યમાં દોરો પરોવવાનો ન હોવા છતાં પણ પ્રતની મધ્યમાં ખાલી જગ્યા રાખવામાં આવતી. દોરો પરોવવાના રિવાજની યાદગીરી તરીકે કાગળ પર લખાયેલા ઘણાખરા પુસ્તકોમાં લહિયાઓ આજ સુધી પાનાની વચમાં ચોરસ કે ગોળ આકૃતિઓ દોરી કોરી જગ્યા રાખતા. જૈન પરિપાટીએ લખાયેલી કાગળ પરની મોટાભાગની પ્રતો તાડપત્રીય પ્રતોની નકલો જ હોવાથી તેનું અનુકરણ થયેલું જોવા મળે છે. તેથી જૈન ધર્મગ્રંથોમાં આ આકૃતિઓ વિશેષ જોવા મળે છે, જ્યારે જૈનેતર હસ્તપ્રતોમાં આવી કોરી જગ્યા ભાગ્યે જ જોવા મળે છે.

દોરાનો ઉપયોગ માત્ર તાડપત્રીય પ્રતોમાં જ જોવામાં આવે છે. કાગળના પત્રોને તાડપત્રની માફક દોરાથી બાંધીને ન રાખતાં છૂટા રાખવામાં આવતા. બધા પત્રોને એકત્રિત કરી તેને લાકડાની કે પૂંઠાની પાટીઓ વચ્ચે રાખવામાં આવતા.

<u>ગ્રંથિ</u> : તાડપત્રીય પુસ્તકોમાં દોરો પરોવ્યા પછી તેના બે છેડાની ગાંઠો પુસ્તકના કાણાંમાંથી નીકળી ન જાય તે માટે તેમજ પ્રતના કાણાં કે પાનાં ખરાબ ન થાય તે માટે પ્રતની બંને બાજુએ હાથીદાંત, છીપ, નાળિયેરની કાચલી કે લાકડાની બનાવેલી ગોળ ચપટી કૂદડીઓ પુસ્તક કે પ્રતની બંને બાજુ દોરામાં પરોવવામાં આવતી. આ કૂદડીને ગ્રંથી કે ગાંઠ તરીકે ઓળખવામાં આવતી.

હસ્તપ્રત - લેખનના સાધનોમાં દોરા અને ગ્રંથિનો ઉપયોગ સીધા લેખન માટે નહીં પરંતુ તેના સહાયક સાધન તરીકે થયેલો છે.

For Private and Personal Use Only

જૈન પરિપાટીએ લખાયેલા ગ્રંથોમાં ઉપરોક્ત વિવિધ સાધનોનો ઉપયોગ લહિયાઓએ / લેખકોએ એવી તો કાળજીપૂર્વક કર્યો છે કે તે હસ્તપ્રતોના લખાણને આપણી સખો છાપેલું લખાણ માનવાના ભ્રમમાં પડી જાય.

## હસ્તપ્રતોના પ્રકારો :

હસ્તપ્રતોના બાહ્યઆકાર, તેની લેખનશૈલી, ચિત્રો શાહીના પ્રકાર તેમજ અક્ષરોને ધ્યાનમાં લઈ તેના જુદા જુદા પ્રકારો માનવામાં આવે છે.

## આકાર પ્રમાણે :

પ્રાચીન તાડપત્રીય પ્રતો મોટેભાગે લંબાઈમાં લાંબી અને પહોળાઈમાં ટૂંકી તેમજ પાતળી પટ્ટીના સ્વરૂપમાં મળતી. આ દરેક પટ્ટીને 'પત્ર' ના નામથી ઓળખવામાં આવતી. આ પ્રાચીન હસ્તપ્રતો છૂટા કે ખુલ્લા પત્રોના સ્વરૂપમાં રહેતી તેમજ પત્રોને એકની ઉપર એક એમ મુકી બાંધીને રાખવામાં આવતા. પાછળથી કાગળ પરની પ્રતોનું સ્વરૂપ પણ સરખું રહ્યું છે. આજે જૈન પુસ્તકોના કદ માટે ક્રાઉન, ડેમી, રૉયલ, સુપરરૉયલ વગેરે શબ્દો વપરાય છે તેમ પ્રાચીન સમયમાં પત્રોના આકાર તેમજ બાહ્ય સ્વરૂપને ધ્યાનમાં લઈ કેટલાક પ્રકારો નક્કી થયેલા.

યાકિની મહત્તરાસુનુ શ્રીમાન હરિભદ્રસૂરિએ દશવૈકાલિકસૂત્રની પ્રથમ ગાથાની ટીકામાં 'સંજમ' પદની વ્યાખ્યા કરતાં પાંચ પ્રકારના પુસ્તકોની નોંધ લીધી છે.[20]

---

૨૦. પાદનોંધ ૨ મુજબ, પૃ.૪૭.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) <u>ગંડી</u> : જે પુસ્તક જાડાઈ અને પહોળાઈમાં સરખું પણ વધુ લંબાઈનું હોય તેને 'ગંડી' કહેવાય છે. આજકાલ જે હસ્તલિખિત તાડપત્રીય પ્રતો પ્રાપ્ત થાય છે તેનો અને તાડપત્રની ઢબમાં લખાયેલી કાગળની કેટલીક પ્રતોને આ પ્રકારમાં મુકી શકાય છે.

(૨) <u>કચ્છપી</u> : જે પુસ્તક બે બાજુના છેડે સાંકડું અને વચમાંથી પહોળું હોય તેને 'કચ્છપી' કહેવામાં આવે છે. આ પુસ્તકના બે બાજુના છેડા શંકુના આકારને મળતા લંબગોળ અણીદાર હોવા જોઈએ. આ પ્રકારમાં આવતા પુસ્તકો આજે ક્યાંય જોવા મળતાં નથી.[૨૧]

(૩) <u>મુષ્ટિ</u> : જે પુસ્તક ચાર આંગળ લાંબુ અને કદમાં ગોળ હોય અથવા ચાર આંગળનું ચોરસ કદમાં હોય તેને 'મુષ્ટિ' કહેવામાં આવે છે. અત્યારની નાની નાની રોજનીશી-ડાયરીઓને મળતા નાની હાથપોથી જેવા લિખિત ગુટકાઓ તેમજ મુઠ્ઠીની બેવડમાં રાખી પકડી શકાય તેવા દરેક નાના-મોટા ચોરસ કે લંબચોરસ ગુટકાઓને મુષ્ટિ પુસ્તક ગણાવી શકાય. વડોદરા 'ગાયકવાડ પ્રાચ્ય વિદ્યામંદિર'ના સંગ્રહમાં રહેલી ૭૫૦૭ નંબરની ભગવદ્ગીતાની પ્રત આ પ્રકારની છે. આ પ્રત સોનેરીશાહીથી સચિત્ર ટિપ્પણરૂપે બે કોલમમાં લખાયેલી છે. એની લંબાઈ-પહોળાઈ ૨૫ x ૧૨ સે.મી.ની છે. આ ઉપરાંત હૈદ્રાબાદના સાલારજંગ સંગ્રહાલયમાં એક ઈંચના માપની પ્રતને પણ આના ઉદાહરણ તરીકે ગણાવી શકાય.[૨૨]

(૪) <u>સંપુટફલક</u> : લાકડાની પાટીઓ ઉપર લખેલા પુસ્તકને સંપુટફલક કહેવાય છે. યંત્ર, ભાગાઓ, જંબુદ્વીપ વગેરેના ચિત્રોવાળી કાષ્ઠપટ્ટિકાઓને આમાં મુકી શકાય.

બીજા એક અર્થમાં જે પુસ્તકને સુરક્ષા માટે ઉપર-નીચે કાષ્ઠફલક લાગે છે તેને પણ 'સંપુટફલક' કહી શકાય.

---

૨૧. પાદનોંધ ૫ મુજબ, પૃ.૨૩.

૨૨. પાદનોંધ ૩ મુજબ, પૃ.૧૫૭.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૫) <u>છેદપાટી</u> : જે પુસ્તકનાં પત્રોની સંખ્યા થોડી હોવાને લીધે ઉંચાઈમાં થોડું હોય અથવા જે પુસ્તક લંબાઈ-પહોળાઈમાં ગમે તે કદ ધરાવતું હોય પરંતુ જાડાઈમાં ઓછું હોય તેને છેદપાટી કહેવાય છે. આજકાલ કાગળ પર છપાતા મોટાભાગના પુસ્તકોનો આ પ્રકારમાં સમાવેશ થઈ શકે. આને સૂપાટી પણ કહે છે.

<u>પ્રતોની લેખનશૈલીને આધારે</u> :

પ્રાચીન સમયમાં કાગળ ઉપર અનેક સ્વરૂપમાં પુસ્તકો લખાતાં. લખાણની આ પધ્ધતિને અનુસાર તેના પ્રકારો-ભેદો-નામો નક્કી થયેલાં છે.

(૧) <u>દ્વિપાઠ કે દ્વિપાઠી</u> :

જે હસ્તપ્રતોમાં કાગળના બે વિભાગ (આડા કે ઉભા) કરીને લખાણ લખવામાં આવેલું છે તેને દ્વિપાઠી પુસ્તક કહેવાય છે.[૨૩]

(૨) <u>ત્રિપાઠ કે ત્રિપાઠ</u> :

જે હસ્તપ્રતોના મધ્યભાગમાં મોટા અક્ષરથી મૂળપાઠ અને તેની ઉપર અને નીચે ટીકા-બાલાવબોધ-ટબો લખવામાં આવેલા છે એવી હસ્તપ્રતોને ત્રિપાટ કે ત્રિપાઠી કહેવાય છે. આ પ્રકારના ગ્રંથમાં વચમાં, ઉપર અને નીચે એમ ત્રણ વિભાગમાં લખવામાં આવતું હોવાથી તેને આ નામથી ઓળખવામાં આવ્યું.

(૩) <u>પંચપાઠ અથવા પંચપાઠ</u> :

ત્રિપાટ હસ્તપ્રત-ગ્રંથની જેમ જ જે હસ્તપ્રતોના મધ્યમાં મૂળપાઠ અને ઉપર-નીચે તેમજ બે બાજુના હાંસિયામાં તેની ટીકા-બાલાવબોધ-ટબો લખવામાં આવેલા છે તેને પંચપાટ કે પંચપાઠ કહેવાય છે. આ પ્રકારના

---

૨૩. કનુભાઈ શેઠ, 'પ્રાચીન જ્ઞાનભંડારોમાં વપરાયેલી લેખનસામગ્રી અને શૈલી', <u>રાજદફતર</u> પુ.૧, અંક-૧, એપ્રિલ ૧૯૮૬, પૃ.૩૬.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રંથમાં મૂળ પાઠની ઉપર-નીચે તેમજ બંને બાજુના હાંસિયામાં એમ પાંચ જગ્યાએ લખવામાં આવતું હોવાથી તેને આ નામથી ઓળખવામાં આવે છે.

(૪) શૂડ કે શૂઢ :

જે હસ્તપ્રત-ગ્રંથમાં મૂળ પાઠ ઉપરાંત સૂત્ર, ટીકા, બાલાવબોધ વગેરેના વિભાગ પાડયા સિવાય હાથીની સૂંઢની જેમ સળંગ લખવામાં આવેલું છે તેને શૂડ કે શૂઢ કહેવાય છે. વિક્રમના પંદરમા સૈકા પહેલાની પ્રતો આ સ્વરૂપની વિશેષ જોવા મળે છે. પરંતુ જયારથી એક જ પત્રમાં વિભાગ પાડી તેમાં બે, ત્રણ કે પાંચ ભાગ મૂળ પાઠ અને ટીકા-બાલાવબોધ માટે આવ્યા ત્યારથી તેના માટે દ્વિપાઠ, ત્રિપાઠ કે પંચપાઠ શબ્દોનો ઉપયોગ થવા લાગ્યો.

શાહીના માધ્યમના આધારે :

(૧) સુવર્ણાક્ષરી અને રૌપ્યાક્ષરી પ્રતો :

હસ્તપ્રતો સામાન્ય રીતે કાળી શાહીથી જ લખવામાં આવતી. લાલશાહીનો ઉપયોગ પ્રસંગોપાત જ કરવામાં આવતો. આ ઉપરાંત કેટલાક વિશિષ્ટ પ્રસંગે સોનેરી શાહીથી કે રૂપેરી શાહીથી પણ હસ્તપ્રતો લખાતી. જે પ્રત સોનેરી શાહીથી સળંગ લખાઇ હોય તેને સુવર્ણાક્ષરી કે સ્વર્ણાક્ષરી અને રૂપેરી શાહીથી સળંગ લખાઇ હોય તેને રૌપ્યાક્ષરી નામથી ઓળખવામાં આવતી.

તાડપત્ર ઉપર આ પ્રકારની શાહીથી લેખનકાર્ય થયેલું નથી. પરંતુ કાગળ પરની પ્રતોમાં લગભગ પંદરમી શતાબ્દી પછી આ શાહીનો ઉપયોગ થયો હશે.[૨૪]

---

૨૪. પાદનોંધ ૫ મુજબ, પૃ.૭૪.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨) શ્વેતાક્ષરી કે રિક્તાક્ષરી પ્રતો[૨૫] :

આ પ્રકારની હસ્તપ્રતોમાં આખું પત્ર કાળા પૃષ્ઠભાગનું રાખી અક્ષરો સફેદ રંગથી લખવામાં આવતા.

અક્ષરોના આકારના આધારે :

(૧) સૂક્ષ્માક્ષરી :

હસ્તપ્રતોમાં શક્ય તેટલી વધારે વિગતો સમાવવાના હેતુસર કેટલીક પ્રતોમાં ઝીણા અક્ષરોથી લખવામાં આવતું. આવા ઝીણા અક્ષરો ધરાવતી પ્રત સૂક્ષ્માક્ષરી પ્રત તરીકે ઓળખાતી. તાડપત્રીય પ્રતો પર આ રીતે લખાયું નથી પરંતુ ૧૫મી સદી પછી, ત્રિપાટ, પંચપાટ વગેરે સ્વરૂપો અસ્તિત્વમાં આવ્યા પછી મૂળ પાઠ સિવાયની ટીકા-ભાષ્ય-ટબો વગેરેને સૂક્ષ્માક્ષરે લખવામાં આવતું.

(૨) સ્થૂલાક્ષરી :

વાંચવાની સુગમતા રહે તે માટે અથવા ઓછી સમજવાળા વાચકોને વાંચવાની સરળતા રહે તે માટે કેટલીક પ્રતોમાં સામાન્ય કરતાં મોટા અક્ષરોથી લખવામાં આવતું. જૈનશ્રમણો આવી હસ્તપ્રતો જાતે લખતા અથવા લખાવતા. તાડપત્રીય અને કાગળ પર લખાયેલી પ્રતોમાં સ્થૂલાક્ષરવાળી કેટલીક પ્રતો જોવા મળે છે.

હસ્તપ્રતના બાહ્ય સ્વરૂપના આધારે :

(૧) છૂટા પત્ર સ્વરૂપે :

હસ્તપ્રતભંડારોમાં મોટાભાગે તાડપત્રીય અને કાગળ પર લખાયેલી છૂટા પાનાની પ્રતો વિશેષ જોવા મળે છે. તાડપત્રીય પ્રતોમાં પત્રની વચ્ચે કાણામાં દોરો પરોવવામાં આવતો. કાગળ પર લખાયેલી પ્રતોમાં

૨૫. પાદનોંધ ૨૩ મુજબ, પૃ.૩૭.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાડપત્રીય પ્રતોનું અનુકરણ જોવા મળે છે. હસ્તપ્રતોના ખુલ્લા પત્રોને લાકડા કે પૂંઠાની પટ્ટીઓ વચ્ચે મુકી બાંધવામાં આવતા.

(૨) <u>પોથી - ગુટકા</u> :

જે હસ્તપ્રતોના પત્રો છૂટા ન રાખતાં તેની બાંધણી કે સિલાઇ કરી લેવામાં આવેલી હોય તેવી પ્રતોને પોથી કે ગુટકાથી ઓળખવામાં આવે છે. જે બાંધેલી પ્રતોની લંબાઇ-પહોળાઇ સરખી હોય તેને પોથી અને પહોળાઇ કરતાં લંબાઇ પ્રમાણમાં વધારે હોય તેને ગુટકા તરીકે ઓળખવામાં આવે છે.[૨૬]

<u>આકૃતિઓ ધરાવતી કે સચિત્ર હસ્તપ્રતો</u> :

હસ્તપ્રતોના લેખન સમયે કેટલાક લેખકો અક્ષરોની વચમાં એવી ચીવટથી અને ખૂબીથી ખાલી જગ્યા છોડતા કે જેથી અનેક જાતની ચિત્ર ચોકડીઓ, વજ્ર, છત્ર, સ્વસ્તિક વગેરે આકૃતિઓ દેખાઇ આવતી તેમ જ ધારેલી વ્યક્તિનું નામ, શ્લોક, ગાથા વગેરે વાંચી શકાતી. ક્યારેક લખાણની વચમાં ખાલી જગ્યા ન છોડતાં કાળી શાહીથી સળંગ લખાતા લખાણની વચમાંના અમુક અમુક અક્ષરોને એવી ચીવટ અને ખૂબીથી લાલ શાહી વડે લખતા કે જેથી પ્રત જોનારને એ લખાણમાં અનેક પ્રકારની ચિત્રાકૃતિ, નામ, શ્લોક વગેરે દેખાય.

કેટલાક લેખકો કાગળની હસ્તપ્રતમાં વચ્ચે જયાં કોરી જગ્યા છોડવામાં આવતી ત્યાં અથવા બે બાજુના હાંસિયામાં મધ્યભાગમાં હિંગળોક, હરતાલ, વાદળી રંગથી મિશ્રિત ફૂલ, ચોકડી, કમળ, બદામ વગેરે વિવિધ આકૃતિઓ કરતા. ક્યારેક આકૃતિના બદલે નાનાં ચિત્રો પણ દોરવામાં આવતા. આ પ્રકારની આકૃતિઓ કે ચિત્રો એ લેખક કે લહિયાની લેખનકળાની વિશિષ્ટતા પ્રદર્શિત કરે છે.

---

૨૬. પાદનોંધ ૩ મુજબ, પૃ.૧૬૩.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલીક સચિત્ર હસ્તપ્રતોમાં વિષયને અનુરૂપ કે તેને સજાવવાના હેતુસર રંગીન ચિત્રો તૈયાર કરવામાં આવતા, જેના માટે વિવિધ પ્રકારના રંગોનો ઉપયોગ થતો. પ્રતના કોઈ ખૂણાના ભાગમાં કે પ્રતની વચ્ચેના ભાગમાં આવા રંગીન ચિત્રો તૈયાર કરવામાં આવતા. ક્યારેક રંગો ઉપરાંત સોનેરી શાહીનો પણ ઉપયોગ થતો. હસ્તપ્રતોના આવા રંગીન ચિત્રો આજે વર્ષો પછી પણ ઘણા જ ચમકદાર તેમજ ઉઠાવ આપતા દેખાય છે.

<u>લેખન પ્રક્રિયા</u> :

પ્રાચીન સમયમાં તાડપત્ર તેમજ કાગળ પર લખાયેલી પ્રતોના લખાણમાં હાલના કરતાં થોડી ભિન્ન પ્રકારની વિશિષ્ટતાઓ જોવા મળે છે. લેખનપ્રક્રિયા વખતે લેખક કે લહિયા કેટલીક ખાસ પ્રકારની ઢબે વિવિધ સાધનોની મદદથી લખતા, તેમ જ લખાણમાં કોઈ ભૂલ કે ક્ષતિ રહી ગઈ હોય તો તેને કુશળતાથી સુધારી લેતા. ખાસ કરીને લેખક-લહિયાઓએ જૈન પરિપાટીએ લખાયેલી પ્રતોમાં લિપિનું સૌષ્ઠવ, કળા અને નિપુણતા દાખવ્યા છે એટલાં ભાગ્યે જ બીજી પ્રજાના પુસ્તકો લખવામાં દાખવ્યા હશે.[૨૭]

તાડપત્રીય તેમજ કાગળ પર લખાયેલી હસ્તપ્રતોના લખાણમાં જોવા મળતી કેટલીક વિશિષ્ટતાઓ આ મુજબ બતાવી શકાય.

૧) આજે આપણે પુસ્તકના પાનાં જમણેથી ડાબે ઉલટાવીને લખીએ છીએ પરંતુ પ્રાચીન સમયમાં છૂટા પત્ર ઉપર લખાણ લખવામાં આવતું હોવાથી પત્રની એક બાજુએ લખાઈ ગયા પછી પત્રને નીચેથી ઉપર ઉલટાવીને પછી જ લખાતું. આથી પત્રના આગળના ભાગ અને પૃષ્ઠભાગ પરના લખાણની દિશા ઉલટા-સૂલટી રહેતી.

૨) લખાણની દિશા ડાબેથી જમણી બાજુ રહેતી. તાડપત્ર કે કાગળના લંબચોરસ પત્રની લાંબી બાજુને સમાંતર લીટીઓ લખાતી. હાલની જેમ ટૂંકી બાજુને સમાંતર લખાતી નહોતી.

---

૨૭. પાદનોંધ ૫ મુજબ, પૃ.૫૧.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩) હસ્તપ્રતમાં એકમ પત્રને ગણવામાં આવતું. પૃષ્ઠને નહી. પત્રના સંખ્યાંક તેના પૃષ્ઠ (પાછળની) બાજુના હાંસિયામાં લખવામાં આવતા.

૪) સામાન્ય રીતે પુસ્તકો કાળી શાહીથી લખવામાં આવતા. પરંતુ ઉદ્દેશ, અધ્યયન આદિની સમાપ્તિ થતી હોય ત્યાં પુષ્પિકા, શ્લોક અંક, મથાળા, રાજાનું-દાદાનું નામ, દંડ ચિહ્નો, લીટીઓ, ચિત્રો વગેરે માટે લાલ શાહીનો ઉપયોગ કરવામાં આવતો.

૫) પત્રની ઉપર અને નીચે થોડી જગ્યા ખાલી છોડવામાં આવતી. બંને બાજુ પર હાંસિયો રાખવામાં આવતો. સામાન્ય રીતે જમણી બાજુના હાંસિયામાં કૃતિનું નામ (હુંડી) લખવામાં આવતું. બે લીટી તેમજ શબ્દ શબ્દ વચ્ચે અંતર ઓછું રાખવામાં આવતું.

૬) હસ્તપ્રતોની લેખનની શરૂઆત લહિયાઓ કોઈપણ પ્રકારનું નાનું-મોટું મંગળ કરીને જ કરતા. ગ્રંથલેખનના પ્રારંભમાં ॐ નમઃ, ऐं નમઃ, જયત્યનેકાંતકંઠીરવઃ, નમો જિનાય નમઃ, શ્રી ગુરુભ્યઃ, નમો વીતરાગાય, ॐ નમઃ સરસ્વત્યૈ,
    નમઃ સર્વજ્ઞાય, નમઃ શ્રીસિધ્ધાર્થસુતાય વગેરે દેવ, ગુરુ, ધર્મ કે ઇષ્ટદેવતાને લગતા અનેક પ્રકારના સામાન્ય કે વિશેષ મંગલસૂચક નમસ્કારો લખતા. પરંતુ આ બધા કરતા જુદું છતાં દરેક પ્રાચીન-અર્વાચીન લેખકોને એકસરખું માન્ય એવું 'ऐद.॥' આ ચિહ્ન ઉપરોક્ત નમસ્કારોના આરંભમાં અને એકલું પણ, જુદા જુદા ફેરફારવાળું પ્રાચીન કૃતિઓની પ્રતિઓમાં લખાયેલું જોવા મળે છે. આને સામાન્ય રીતે 'ભલે મીંડુ' તરીકે ઓળખવામાં આવે છે.

જેમ ગ્રંથલેખનની શરૂઆતમાં - લેખનના પ્રારંભમાં દેવ, ગુરુ, ધર્મ વગેરેને લગતા મંગલો, 'ભલે મીંડા' તરીકે ઓળખાતી આકૃતિ વગેરે લખવામાં આવતા. તેમ જ ગ્રંથસમાપ્તિમાં પણ શુભમ્ ભવતુ, કલ્યાણમસ્તુ, મંગલં મહાશ્રીઃ, લેખક પાઠકયોઃ શુભમ્ ભવતુ, શુભં ભવતુ સંઘસ્ય વગેરે અનેક જાતના આશિર્વાદો ઉપરાંત ॥ छ ॥, ॥ ૦ ॥ આ જાતનાં ચિહ્નો પણ લખવામાં આવતા. જે હસ્તપ્રતોમાં જોવા મળે છે. આ મુખ્યત્વે ગ્રંથસમાપ્તિમાં લખાય છે. તેને પૂર્ણકુંભનું ચિહ્ન માનવામાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે. પુસ્તકના અંત ભાગમાં ગ્રંથકર્તા પોતાનું નામ, ગામ, જાતિ, ગુરુ, ગચ્છનું નામ કે પોતાની ગુરુપરંપરાનો ઉલ્લેખ કરતો. આ પછી કેટલીકવાર ગ્રંથરચનાની સંવત, પક્ષ, વાર કે તિથિ લખવામાં આવતી. ક્યારેક રચના સ્થાનનો ઉલ્લેખ પણ કરાતો. જેને લેખકની પ્રશસ્તિ કહેવામાં આવે છે. આ પ્રશસ્તિ સામાન્ય રીતે લાલ શાહીથી લખવામાં આવતી.[28]

૭) પ્રાચીન હસ્તપ્રતોમાં જ્યાં ખાસ વાક્યાર્થનો સંબંધ પૂર્ણ થતો ત્યાં પૂર્ણવિરામ સૂચક । આવું દંડાકાર ચિહ્ન અને જ્યાં ખાસ વિચારનો અર્થ સમાપ્ત થતો ત્યાં ॥ આવા બે ઊભા દંડ કરવામાં આવતા. જ્યાં ખાસ અવાંતર વિભાગ, પ્રકરણ કે ગાથાની ટીકા આદિની સમાપ્તિ થતી ત્યાં ॥ छ ॥ એમ લખતા અને જ્યાં શ્લોકોની શરૂઆત કે સમાપ્તિ થતી ત્યાં બંને બાજુએ ઊભા દંડ અને તે પછી छ કે શ્લોક અંક લખતા. કેટલીક પ્રતોમાં જ્યાં ગ્રંથના મુખ્ય વિભાગોની સમાપ્તિ થતી ત્યાં ચક્ર, કમળ, કળશ વગેરેની સુંદર ચિત્રાકૃતિઓ દોરવામાં આવતી.

૮) તાડપત્રીય પુસ્તકોનાં પાનાંની સંખ્યા જણાવવા માટે તેની જમણી બાજુએ અક્ષરાત્મક અંકો અને ડાબી બાજુએ અંકાત્મક અંકો લખેલા જોવા મળે છે. કાગળની પ્રતોમાં રચનાસંવત, લેખનસંવત અંકોમાં દર્શાવવાને બદલે શબ્દાત્મક અંકોમાં જોવા મળે છે.

મુનિશ્રી પુણ્યવિજયજીએ ૦ થી ૭૨ સુધીમાંના કેટલાક અંકો માટે વપરાતા વિવિધ શબ્દોની નોંધ આપેલી છે. જેમકે અંક ૧ માટે કલિ, તનુ શશિ વગેરે; અંક ૪ માટે વેદ, શ્રુતિ, સમુદ્ર વગેરે; અંક ૮ માટે વસુ, સર્પ, ગજ વગેરે.[29]

ગ્રંથના અંતમાં પુસ્તકની અંદર અક્ષર ગણીને ઉલ્લિખિત કરેલા શ્લોકોની સંખ્યાને ગ્રંથાગ્ર અને પુસ્તકના અંતમાં ગ્રંથની સંપૂર્ણ શ્લોકસંખ્યાને સર્વગ્રંથાગ્ર કહેવામાં આવે છે.

---

૨૮. પાદનોંધ ૨૩ મુજબ, પૃ.૩૮.

૨૯. પાદનોંધ ૫ મુજબ, પૃ.૬૭-૬૯.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## લેખન વિરામ :

લહિયાઓને પુસ્તક લખતાં લખતાં કોઈ કારણસર ઉઠવું હોય અથવા તે દિવસને માટે કે અમુક મુદતને માટે લેખનકાર્ય મુલતવી રાખવું હોય તો તેઓ કેટલીક રૂઢીમત માન્યતાઓને લીધે સ્વરો તેમજ ક, ખ, ગ, ઙ, ચ, છ, જ, ઝ, ઠ, ઢ, ણ, થ, દ, ધ, ન, ફ, ભ, મ, ય, ર, ષ, સ, હ, ક્ષ, જ્ઞ, આટલા અક્ષરો ઉપર ક્યારેક પણ પોતાનું કામ બંધ કરતા નહીં.[30]

## પુસ્તક શોધનનાં સાધનો અને પ્રક્રિયા :

અન્ય માનવીય પ્રવૃત્તિની જેમ લેખનકળા પણ ક્ષતિઓથી પર નથી. લહિયાઓ દ્વારા હસ્તપ્રતોના લેખન સમયે જાણે-અજાણે કેટલીક પાઠ અશુદ્ધિઓ કે ક્ષતિઓ રહેવા પામતી. જેમાં લેખકનું લિપિવિષયક અજ્ઞાન, કાનાનો અને પડિમાત્રાનો ભેદ સમજવાની અશક્તિ, પાઠને એકને બદલે બીજી પંક્તિમાં દાખલ કરવું, ટિપ્પણને મૂળ ગ્રંથમાં દાખલ કરી દેવું, અક્ષર કે શબ્દો ઉલટાસૂલટી લખી નાખવા, પાઠ કે અક્ષરો બેવડાવા અને ક્યારેક ગ્રંથના વિષયને ન સમજી શકવાને કારણે સાચા પાઠો બેવડાઈ ગયા સમજી કાઢી નાખવા વગેરે કારણોસર ક્ષતિઓ રહેલી મનાય છે.

પરંતુ આવા અશુદ્ધિભર્યાં લખાણને કાઢી નાખવા કે તેના ફેરફાર થઈ ગયેલા શબ્દોને સમજાવવા માટે લહિયાઓ કેટલીક યુક્તિ-પ્રયુક્તિઓ અજમાવતા. માટે જેમાં નવા અક્ષર કે પંક્તિઓ ઉમેરવાની હોય તે સ્થળે નાના સીધા યા વાંકા 'ક્રોસ' ( ∧ ), હંસપગલા (કાકપદ કે હંસપદ) નું કે સ્વસ્તિકનું ચિહ્ન કરી તેને લીટીના ઉપરના ભાગમાં પત્રના હાંસિયામાં કે ઉપર-નીચે ખાલી જગ્યામાં XX આવા ચોકડી જેવા ચિહ્ન કરી લખતા. તાડપત્રીય પ્રતોમાં સળંગ લીટી કાઢવાની હોય તો ઘણીવાર છેકો ન મારતાં પાણીથી કાઢી નાખવામાં આવતી. અને જરૂર હોય તો તેની જગ્યાએ નવી પંક્તિઓ

---

૩૦. એજન, પૃ.૫૬.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લખવામાં આવતી. ક્યારેક ( – – ) જેવા ગોળ કોષ્ટકાકાર અથવા ઉલટા-સૂલટી નવડાના આકારનો છેકો ધારાની લીટીના આદિ અને અંતના છેડા પર લખવામાં આવતો.

<u>પુસ્તક શોધનનાં સાધનો :</u>

લગભગ સોળમી સદીમાં જૈન લેખકોએ પુસ્તકશોધન માટે નવી પધ્ધતિ ચાલુ કરેલી. જેમાં તેઓ નિરૂપયોગી અક્ષરો કે પાઠોને દૂર કરવા માટે પીંછી, સફેદો હરતાલ, ગેરૂ, ઘૂંટો વગેરેનો ઉપયોગ કરતા. અક્ષરના અમુક નકામા ભાગ પર પીંછી વડે આછો પાતળો હરતાલ કે સફેદો લગાવવામાં આવતો. જ્યાં નવો પાઠ લખવાનો હોય ત્યાં સફેદો લગાવી તેની ઉપર નાના ઘૂંટા વડે ઘૂંટવામાં આવતું. જેથી લખાણ રેલાઈ કે ફેલાઈ ન જાય. કોઈ અક્ષરના નકામા ભાગને કાઢી નાખવા માટે પીંછી વડે હરતાલ કે સફેદો લગાવી તે ભાગ દૂર કરાતો. આ માટે જે પીંછીનો ઉપયોગ થતો તે ખીસકોલીના વાળમાંથી બનાવવામાં આવતી. ખીસકોલીના વાળ જલદી સડી જતા ન હોવાને કારણે તેનો જ ઉપયોગ થતો. હસ્તપ્રતમાં ધ્યાનમાં રાખવા લાયક પદ, વાક્ય વગેરેને ગેરૂથી રંગી લેતા જેથી વાચકોનું ધ્યાન તેની ઉપર દોરાય. આમ હસ્તપ્રતોમાં લેખનશોધન માટે અનેકવિધ સાધનો વડે વિશિષ્ટ પ્રકારે લેખનપ્રક્રિયા થતી.

For Private and Personal Use Only



सर्वार्थात्सरस्वत्यां प्रभुप्रभावन्मदतं वृषभाद्यं ॥१॥ सर्वार्थसिद्धेर्नगरीं विनीतां समुपागम।
तं च धनुः शतोच्चः। नाभेःसुतश्रीमरुदेविजन्मा। सुवर्णकांतिर्वृषलांछनांकः ॥२॥ साकेतमाया
द्विजयादितो को। अजितप्रभुः श्रीजितशत्रुसूनुः ॥ स सार्द्ध कोदंडचतुःशतांगः। कल्याण॥
कांतिर्विजयांगजातः ॥४॥ ग्रैवेयतोऽधस्तनकादुपेतः। श्रावस्तिकायांपुरि शानशाः। तुरंगलक्ष्मा
प चतुःशतोच्चः। सेनाजितारिप्रभवोऽर्जुनाभः ॥५॥ पुरीमयोध्यांविजयादुपेत। सिद्धार्थासंवरा
जसूनुः। देमात्रसार्द्धत्रिधनुःशतांगो ॥६॥ त्तिनंदनो वानरराजलक्ष्मा॥ ६॥ सवैजयंतात्पुरिकोशला
क यां। सुवर्णवर्णस्त्रिधनुःशतोच्चः। क्रौंचांकमाली सुमतिःसमागात्मेघो। गजोमंगलादेविसूनुः ॥७॥
ग्रैवेयकादंतिमतः प्रपेदा पद्मप्रभोवज्जपुरंकजांकः। शोणाः सुसीमाधरराजजातः। ससार्द्ध कोदंड
शतद्वयांगः ॥८॥ उपागमत्काशिपुरींसषष्ठा ग्रैवेयकाच्चापशतद्वयोच्चः। देमद्युतिःस्वस्तिकला
छितोसः। पृथ्वीप्रतिष्ठांगभवःसुपार्श्वः ॥९॥ चंद्रांकितोसवैजयंतात। चंद्रप्रभुश्चंद्रपुरींप्रपन्नः। दो
धनुःसार्द्धशतंसितांगः। सलक्ष्मणाश्रीमहसेनसूनुः ॥१०॥ सुग्रीवरामातनयःसमागात्काकंदि
कामानतदेवलोकात्। समुन्नतश्चापशतंसितांगः। सपुष्पदंतोमकरांकितोसः ॥११॥ आगात्पुरंत्तदि
लमच्युतात्ताता श्रीशीतलःस्वर्णसवर्णकायः। श्रीवत्सधर्मावनलक्ष्मादृढराजनंदा। सुतो नवत्या
ससनतांतगः ॥१२॥ पुष्पोत्तरात्सिंहपुरेऽवतीर्णः। सविष्णुविष्णुप्रभवोऽर्जुनाभः। श्रेयांसनामाऽष्ट
जिनोजिनःसः। खड्गांकितोऽशीतिधनुःप्रमाणः ॥१३॥ चंपामुपागाद्वसुज्यसूनुः। शुक्राज्जया २

શૂડ અથવા શૂઢ પ્રત



ए॥९॥ बाई मइं कुतिग दीठा। कागउ डोलो आंजिउ ए
॥ बाई हमइं कुतिग दीठा। हाथ वि बूटउ हाथी उए॥२
बाई हेमइ कुतिग दीठा ॥ बोडइं माथि रांध उं ए॥३ बाई हेम
इ०। रसि उपाणी नवि पाडुं ए॥४ बाई मइं कु०। फलि उ अं
ब उका पी उ ए ॥५ बाई मइ०। सूरजि हाथी मारी उ ए॥६ बा
ई०। बेटि बाप वखाणी उ ए॥७ बाई०। विसपी धइं रक्षि
उ उ ए॥८ बा०। विणु रूखि रमणि रमइ ए॥९ बा०। एक
नारि परणइ घणा ए ॥१० बा०। गरूड नाग विसघार उ ए।
११ बा०। गयवरि सीह साहमु उगिउ ए॥१२ बाई०। माय
रमांबस विगलाए॥१३ बाई०। एकणि पंच विणासी आ ए।
॥१४ बाई०। माय मुंडी रोवि नहीं ए॥१५ बाई०। वडराघर
माहि रहइ ए॥१६ बाई०। नारिं श्रीयतम बाधि उ ए॥१७ बा
ई०। बाधि उ चोर चोरी करइं ए॥१८ बाई०। पथलई सूरु

फिरइं ए॥१९ बाइ०॥ विण सुखि सुखी उ किम थियु
ए॥२०॥ [illegible] श्री वीरमुक्तिपदकृतापुठइ॥ [illegible] विरिसा श्रीयशो
[illegible] लोके तेह
[illegible]

દ્વિપાઠ પ્રત

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





ત્રિપાઠ પ્રત



પંચપાઠ પ્રત

For Private and Personal Use Only



બાલાવબોધ પ્રત



वचनसंख्या नाज्ञासीति श्रुत्वा जगदुः गुरुः अहोऽयं वयो श्रोता इत्यौत्सुक्येनापृच्छन् इत्युपे

क्षितः अन्यदा पुनरपि गुरिणसमीपे नीतः स्तनपूर्वो दितेः गुरुसिरधः पस्पतास्फ्यानं

त्वया चिंतनीयमीत्यभिधाय व्याख्याते तथैवोदीरीतः सोबालकइनो विवरादष्टो त्तर

सत्कीटीकानां निर्गमितिरान्स्परः अन्यथा दिहिक्षितः तत्तो एकदा उपदेसत्वपि

ऋ सर्वज्ञसूरयः आजग्मुः पूर्वोदितमाकर्ण्य तत्प्रतिबोधयन्तमाकारयामासुः तत्रा

સસ્તબક પ્રત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થૂલાક્ષરી પ્રત



સૂક્ષ્માક્ષરી પંચપાઠ પ્રત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





વિવિધ આકૃતિઓ ધરાવતી પંચપાઠ પ્રત



કોતરેલા અક્ષર ધરાવતી પ્રત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





મધ્યચૂલીકા - ચિત્રવાળી પ્રત



વિવિધ આકૃતિઓ દર્શાવતી પંચપાઠ પ્રત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ - ૩

# ગુજરાતમાં લેખનકળાની પ્રાચીનતા અને હસ્તપ્રતો

For Private and Personal Use Only



સચિત્ર પ્રત નં. ૧



સચિત્ર પ્રત નં. ૨

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાતમાંથી લેખનકળાના પ્રાચીનતમ નમુનાઓ પ્રાપ્ત થયા છે તેવી જ રીતે ભારતના અન્ય સ્થળોએથી પણ આ પ્રકારના નમુનાઓ ઉપલબ્ધ થયાના ઉલ્લેખો મળે છે. પ્રસ્તુત પ્રકરણમાં અન્ય પ્રદેશોના કેટલાક પ્રાચીનતમ નમુનાઓની વિગતો આપીને ગુજરાતની લેખનકળાની પ્રાચીનતાને ભારતની લેખનકળાના સંદર્ભમાં મૂલવવાનો પ્રયત્ન કર્યો છે.

લેખનકળા એ જ્ઞાનપ્રાપ્તિ અને જ્ઞાનપ્રસારનું મુખ્ય અને મહત્વનું સાધન છે. લેખનકળાના વિકાસથી જગતભરની સંસ્કૃતિઓમાં વિદ્યાનું પ્રસરણ થતાં આધુનિક સંસ્કૃતિના અભ્યુદયમાં તેણે મહત્વનો ફાળો આપ્યો છે.

માનવ વ્યવહારમાં શબ્દો દ્વારા વિચારનું આદાન-પ્રદાન અત્યંત મહત્વનું સ્થાન ધરાવે છે. શબ્દો અને વાકયોને બદલે માત્ર સંકેતો વડે પણ આ કાર્ય થાય છે. તેને વધુ સમય માટે સ્થિર રાખવાના પ્રયત્નો ચિત્રો, ચિત્રલિપિ તથા લિપિ દ્વારા થતા જોવામાં આવે છે. આ પ્રયત્નોમાં વપરાયેલા સંકેતો પણ લાંબા સમયથી જોવામાં આવે છે. આ સંકેતોમાંથી લિપિના વિકાસની પરિપાટીનો ઈતિહાસ અહીં અપ્રસ્તુત હોઈ તેની વિગતવાર ચર્ચા કરી નથી.

ભારતીય લિપિ તથા વર્ણમાળા કયારે અને કેવી રીતે ઉત્પન્ન થઈ તે સંબંધમાં ૧૯મી સદીમાં તથા આ સદીના આરંભમાં ઘણી ચર્ચા થઈ છે. તેમાં પાશ્ચાત્ય વિદ્વાનો પૈકી મોટા ભાગના તે પરદેશી બુધ્ધિનું ફળ છે એમ દર્શાવવા પ્રયત્ન કરતા હતા પરંતુ તે દેશ કયો તેને માટે વિવાદ ચલાવતા હતા. તેની સામે બીજો પ્રયત્ન આ પ્રવૃત્તિ ભારતમાં વિકસી છે એમ દર્શાવવાનો હતો. ખાસ કરીને સિંધુ નદીની સંસ્કૃતિનાં સ્થળોએથી મળેલી લેખન પધ્ધતિથી આ ચર્ચાનો લગભગ અંત આવ્યો છે. અને ભારતીય લિપિ પણ આ દેશની બુધ્ધિમતાનું ફળ છે એમ દેખાય છે. માત્ર તેના ઈતિહાસ માટે કેટલીક ચર્ચાઓ ચાલે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરપ્પા અને મોંહે જો - દડોની સંસ્કૃતિઓનું સંશોધન થયું તે પહેલાં ભારતમાં લેખનકલાની પ્રાચીનતા ઈ.પૂ.પ્રથમ સહસ્ત્રાબ્દ પહેલાં લઈ જઈ શકાય તેમ નહતી. સિંધુ સંસ્કૃતિના પ્રસાર દ્વારા ભારતમાં લેખનકલાના પ્રાચીન નમૂનાઓ પંજાબ, સિંધ અને ગુજરાત વગેરે ભાગોમાંથી ઉપલબ્ધ થયા છે. જેથી ભારતમાં લેખનકલા આદ્ય ઐતિહાસિક કાળથી પ્રચારમાં હતી એ સાબિત થયું છે. હરપ્પા કે મોંહે જો - દડોમાંથી કોઈ લાંબા દસ્તાવેજો મળી આવ્યા નથી પરંતુ મોટી સંખ્યામાં મુદ્દાઓ, મુદ્દિકો, માટીની તકતીઓ વગેરે મળ્યા છે. તેની પરનું લખાણ અત્યંત ટૂંકું છે. તેથી આ લિપિ હજુ સુધી સફળતાપૂર્વક કે સંતોષકારક ઉકેલી શકાઈ નથી. માટી પરની મુદ્રાઓ હરપ્પામાંથી વિશેષ મળી આવેલી છે. સિંધુ સંસ્કૃતિની લિપિ વિશે અથવા લહિયા દ્વારા વાપરવામાં આવતી શક્ય લેખનસામગ્રી વિશે આપણે નિશ્ચિતપણે કંઈ જાણતા નથી છતાં પણ તે સમયમાં લેખનકળા અસ્તિત્વ ધરાવતી હતી તે વિશે શંકાને કોઈ સ્થાન નથી.[1]

સિંધુ સંસ્કૃતિના પ્રાપ્ત થયેલા નમૂનાઓ પરથી કહી શકાય કે વેદકાળમાં અને તે અગાઉ પણ લિખિત અક્ષરો અથવા લિપિ અસ્તિત્વ ધરાવતાં હશે. લેંગ્ડન પ્રાચીન બ્રાહ્મી મૂળાક્ષરોનો વિકાસ સિંધુ લિપિમાંથી થયો હોવાના એલેક્ઝાંડર કનિંગહામના મતનું પ્રતિપાદન કરે છે. પરંતુ સિંધુ સંસ્કૃતિની ચિત્રાત્મક વર્ણમાળા - લિપિ અને મૌર્યયુગની બ્રાહ્મી કે ખરોષ્ઠી લિપિના અક્ષરો વચ્ચેના સમયના ગાળાની લિપિ માટે વધુ સંશોધનો જરૂરી છે. જ્યાં સુધી નવાં સંશોધનો દ્વારા એ બંને વચ્ચેનો ગાળો પુરાય નહીં અથવા સિંધુ સંસ્કૃતિની લિપિને ઉકેલવામાં ન આવે ત્યાં સુધી આ સિધ્ધાંત પ્રબળ અનુમાન માત્ર ગણાય.

---

૧. એસ.એમ.કત્રે, <u>ભારતીય પાઠ સમીક્ષા</u>, (કે.એચ.ત્રિવેદી કૃત અનુ.), યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૫, પૃ.૩.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ છતાં ગૌરીશંકર ઓઝાએ વેદકાલીન સમયમાં લેખનકલા પ્રચલિત હતી એ બાબત તેમના 'ભારતીય પ્રાચીન લિપિમાલા' પુસ્તક દ્વારા સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમના મતે પ્રાચીન હિંદુ સમાજમાં વેદ અને યજ્ઞ એ બે મુખ્ય વસ્તુ હતી. યજ્ઞમાં વેદના મંત્રોના શુદ્ધ ઉચ્ચારણ પર ભાર મુકાતો. ગુરુ પાસેથી શુદ્ધ ઉચ્ચારણવાળા મંત્રો તેમના શિષ્યો કંઠસ્થ કરતા. વેદકાળમાં ગ્રંથલેખન થતું પરંતુ મંત્રોચ્ચારણના સ્વરમાં ફેરફાર ન થાય એટલા માટે માત્ર કંઠસ્થ વેદો પર જ ભાર મુકાતો. કોઈપણ બ્રાહ્મણ હાથમાં પુસ્તક લઈને મંત્રોચ્ચાર કરતો નહીં. લખાયેલાં પુસ્તકો પરથી મંત્રોચ્ચાર કરવાનો કે વેદ વાંચવાનો તે સમયે નિષેધ હતો. વેદનાં પુસ્તકો લખવાં અને વેચવાં તે પણ પાપ સમાન ગણાતું. જોકે વેદની સંહિતા સિવાયનાં શાસ્ત્રો પર આ પ્રકારનો નિષેધ ન હતો. તેમ છતાં અનુકરણ અને શાસ્ત્રો કંઠસ્થ જ રાખવાં જોઈએ એ માન્યતાને કારણે તે સમયે બધાં જ શાસ્ત્રો કંઠસ્થ કરવામાં આવતાં.

વેદકાલીન સમયમાં બધા ગ્રંથો વિચારપૂર્વક લખાયેલ હતા પરંતુ અધ્યયન-પ્રણાલીમાં કંઠસ્થ કરવાની બાબત પર વિશેષ ભાર મુકવામાં આવતો. વેદ, બ્રાહ્મણ અને ઉપનિષદના સમયમાં વ્યાકરણ, છંદશાસ્ત્ર રચાઈ ગયેલાં હતાં, અંકવિદ્યા તેમજ ગાણિતિક હિસાબ પણ પ્રચલિત હતા. આ બધું લેખનના જ્ઞાન વિના શક્ય ન હોઈ શકે. તે સમયે ભોજપત્ર અને તાડપત્ર કુદરતી રીતે જ વિશેષ પ્રમાણમાં ઉપલબ્ધ હોવાથી ગ્રંથલેખન માટે તેનો જ ઉપયોગ થતો. પરંતુ ભારતની પ્રતિકૂળ આબોહવા અને કાળની થપાટો ખાઈને તે સમયની તાડપત્ર અને ભૂર્જપત્રની કૃતિઓ નાશ પામી હશે.

ભારતમાં લેખનકળાના ઉદ્ભવ અને વિકાસ માટે અનેક વિદ્વાનોએ જુદા જુદા મત બાંધ્યા છે. બુહ્લર ભારતમાં લેખનકળાની ઉત્પત્તિ ઈ.સ.પૂ.૮૦૦માં થયેલી માને છે, જ્યારે મેક્સમૂલર ઈ.પૂ.૪૦૦ માં થઈ હોવાનું જણાવે છે. પરંતુ મહાભારતના યુદ્ધ સમય સુધીમાં વેદની રચના થઈ ગયેલી હતી. ઋગ્વેદ માત્ર શ્રુતિ પરંપરામાં ન રહેતાં ગ્રંથબદ્ધ થઈ ગયો હતો. અલબેરૂનીના મતે હિંદુઓ લખવાની કળા ભૂલી <u>ગયા હતા, જેને ફરીથી ભગવાન વેદવ્યાસે સજીવન કરી</u> ૨

---

૨. નથુલાલ ગુપ્ત, <u>પ્રાચીન ભારતીય વિદ્યાએં એવમ્ કલાએં</u>, ચેતના પ્રકાશન, નાગપુર, ૧૯૭૮, પૃ.૨૬.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુવૈદિક સાહિત્ય તેમજ પુરાવશેષોમાં લિપિ અંગેના કેટલાક મહત્ત્વના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે, જેમાં પાણિની કૃત 'અષ્ટાધ્યાયી'માં યવનાની લિપિનો ઉલ્લેખ થયો છે, પુરાણો તેમજ રામાયણ-મહાભારત વગેરે ગ્રંથોમાં લેખનકળા અને લેખનસાહિત્યના અનેક ઉલ્લેખો છે. કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'માં પણ 'લિપિ' શબ્દ પ્રયોજાયો છે.

ભારતીય પ્રાચીન લિપિ બ્રાહ્મી લિપિ છે. બ્રાહ્મી લિપિની ઉત્પત્તિ બ્રહ્મા દ્વારા થઈ એવી એક પ્રાચીન માન્યતા પ્રવર્તે છે. પરંતુ બ્રાહ્મી લિપિનો ઉલ્લેખ પ્રાચીન હિંદુ, બૌધ્ધ તેમજ જૈન ગ્રંથોમાં મળી આવે છે.

જૈન સૂત્રોમાં 'સમવાય' અને 'પણ્ણવણા' જે ઈ.પૂ. ચોથી અને બીજી સદીના ગ્રંથો મનાય છે તેમાં ૧૮ લિપિઓની સૂચિ આપવામાં આવી છે જેમાં બંભી ઉર્ફે બ્રાહ્મીને પ્રથમ સ્થાન આપેલું છે. બૌધ્ધ સાહિત્યમાં ઈ.સ.ની ત્રીજી સદીના પ્રસિધ્ધ સંસ્કૃત ગ્રંથ લલિતવિસ્તરમાં ૬૪ લિપિઓની સૂચિ આપવામાં આવી છે, જેમાં પણ બ્રાહ્મી લિપિનું સ્થાન પહેલું છે. બંનેમાં ખરોષ્ઠિ લિપિનું સ્થાન બીજું છે. આ સાહિત્યિક પુરાવાઓ ઉપરાંત અશોકના શિલાલેખોમાં પણ બ્રાહ્મી લિપિનો થયેલો વિપુલ પ્રયોગ તથા ભારતના અનેક પ્રદેશોમાં થયેલો આ લિપિનો વ્યાપકપણે વિનિયોગ તેની પ્રાચીનતા પુરવાર કરે છે.

ભારતમાં બ્રાહ્મી સિવાય ખરોષ્ઠિ, આરામાઈક, ગ્રીક વગેરે લિપિઓ પણ પ્રચલિત હતી; પરંતુ બધી લિપિઓમાં બ્રાહ્મી લિપિ જ સૌથી વધુ પ્રચલિત અને વ્યાપક હતી. કાળબળે બ્રાહ્મી સિવાયની બધી લિપિઓ ભારતમાંથી અસ્ત થઈ. અને તેનું સ્થાન અશોકના સમયની બ્રાહ્મી લિપિમાંથી વિકસેલી લિપિએ લઈ લીધું. સમય જતાં ભારતના જુદા જુદા પ્રદેશોમાં જુદી જુદી રીતે ક્રમિક રૂપાંતરો પામતી બ્રાહ્મી લિપિ, નાગરી, ગુજરાતી, બંગાળી, તામિલ વગેરે અર્વાચીન લિપિઓના સ્વરૂપે ભારતમાં આજે પણ પ્રચલિત રહી છે.

For Private and Personal Use Only

મુસ્લિમ શાસન મારફતે ફારસી – અરબીમાંથી ઘડાયેલી ઉર્દૂ લિપિનો એકમાત્ર અપવાદ બાદ કરતાં ભારતની બધી વર્તમાન લિપિઓ બ્રાહ્મીમાંથી ઉતરી આવી છે.[3]

ભારતના અન્ય ભાગોની માફક ગુજરાતમાં લિપિનો ઇતિહાસ પણ આદ્યઐતિહાસિક યુગ જેટલો પ્રાચીન છે, અહીં લોથલ, સૂરકોટડા ઇત્યાદિ સ્થળોએથી મળેલા અવશેષો, અશોકના ગિરનારના શિલાલેખો અને ત્યારબાદ મળતા શિલાલેખો, તામ્રપત્રો, મુદ્રાઓ આદિથી અહીંની લેખન પરંપરા સમજાય છે. ગુજરાતમાં લેખન માટે વિવિધ લેખનસપાટી તથા લખવાનાં સાધનો વપરાતાં જોવામાં આવે છે.

<u>પથ્થર</u> (શિલાલેખ) :

કોઇ મહત્ત્વના બનાવની સ્મૃતિ જાળવવા, રાજાજ્ઞા કે પ્રશસ્તિને ચિરસ્થાયી બનાવવું લખાણ પથ્થર પર કોતરવામાં આવતું. આજે પણ પથ્થર પર કેટલાક પ્રસંગો કોતરાવવાની પધ્ધતિ ચાલુ જ છે. ક્યારેક કાવ્ય જેવી રચના પણ શિલા પર કંડારેલી જોવા મળે છે. ભારતમાં મોટેભાગે પથ્થરો પર લેખો જ કોતરાયેલા જોવા મળે છે. તેમ છતાં કોઇ કોઇ જગ્યાએ સાહિત્યક કૃતિઓ કંડારાઇ હોવાના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. દા.ત. અજમેરના સંગ્રહાલયમાં સચવાયેલી શિલાઓ ઉપર રાજકવિ સોમદેવ (સોમેશ્વર) રચિત 'લલિતવિગ્રહરાજ' નાટકના કેટલાક અંશ, ચૌહાણ રાજા વિગ્રહરાજ (વિશલદેવ) કૃત 'હરકેલિ' નાટકની બે કૃતિ તથા ચૌહાણના કોઇ ઐતિહાસિક કાવ્યની કૃતિ કંડારાયેલી જોવા મળે છે.[4]

---

૩. પ્રવીણ સી.પરીખ, 'ભારતની પ્રાચીન લિપિઓ', <u>સ્વાધ્યાય</u>, પુ.૯, અંક-૧, ઓકટો.૧૯૭૧, પૃ.૩૮-૪૦.

૪. ગૌરીશંકર ઓઝા, <u>ભારતીય પ્રાચીન લિપિમાલા</u>, ૩જી આ., મુન્શીરામ મનોહરલાલ, દિલ્હી, ૧૯૫૯, પૃ.૧૫૦.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજસ્થાનમાં મેવાડ પ્રદેશમાં બિજોલિયા ગામની પાસેના એક જૈન મંદિરની બાજુના પથ્થર પર પોરવાડ શેઠ લોલાકે (લોલિંગે) સં.૧૨૨૬ (ઈ.સ.૧૧૭૦) માં કોતરાયેલો 'ઉન્નતશિખરપુરાણ' નામનો દિગંબર જૈન ગ્રંથ જોવા મળે છે.[5] ઉદેપુર પાસેના રાજસમન્દના બંધ ઉપર શિલાખંડો પર ઉત્કીર્ણ 'રાજપ્રશસ્તિ મહાકાવ્ય' સંસારનો સૌથી મોટો શિલાલેખ મનાય છે.[6]

આ સિવાય માળવાના પ્રસિધ્ધ રાજા ભોજ રચિત કૂર્મશતક નામનાં બે પ્રાકૃત કાવ્યો અને રાજકવિ મદન કૃત 'પારિજાત મંજરી (વિજયશ્રી)' નાટિકા આ ત્રણે જૈનેતર ગ્રંથો પણ ધાર (માળવા)માં પથ્થર ઉપર કોતરાયેલા જોવા મળે છે. મેવાડના મહારાજા રાજસિંહ પહેલાએ તૈલંગ ભટ્ટ મધુસૂદનના પુત્ર રણછોડ ભટ્ટ રચિત 'રાજપ્રશસ્તિ' નામનું ૨૪ સર્ગનું મહાકાવ્ય મોટી મોટી ૨૪ શિલાઓ પર કોતરાવી 'રાજસમુદ્ર' નામના વિશાળ સરોવર પર મુકાવેલી છે જે આજે પણ ત્યાં મોજુદ છે.[7]

ગુજરાતમાં જે શિલાલેખો પ્રાપ્ત થયા છે તે માત્ર લેખો જ છે. તેની ઉપર કોઈ ગ્રંથ કે સાહિત્યિક કૃતિ કોતરાયેલી જોવા મળતી નથી. જોકે હમણાં હમણાં કેટલાક મંદિરોમાં આરસની તકતીઓ ઉપર ધર્મગ્રંથો કોતરાવી મુકાવવાની શરૂઆત થઈ છે. દા.ત.અમદાવાદના ગીતામંદિરમાં આરસના પથ્થર પર ભગવદ્-ગીતાના શ્લોકો જોવા મળે છે તેમજ સોલાની ભાગવત વિદ્યાપીઠના મંદિરમાં આરસના પથ્થર પર ભાગવતના શ્લોકો કોતરાયેલા જોવા મળે છે. કારવણના શિવમંદિરમાં પણ આ રીતે લખાણો કોતરાયેલાં છે.

---

૫. પાદનોંધ ૪ મુજબ, પૃ.૧૫૦.

૬. મણિભાઈ ઈ.પ્રજાપતિ, 'હસ્તપ્રતવિદ્યા અને ગુર્જર પ્રદેશની સંસ્કૃત હસ્તપ્રત સંપત્તિ', <u>ગુજરાત દીપોત્સવી અંક</u>, સં.૨૦૪૦, લેખવિભાગ, પૃ.૨૮.

૭. પાદનોંધ ૪ મુજબ, પૃ.૧૫૦.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



<u>ધાતુલેખ</u> :

ભારતમાં મૌર્યકાળથી મહત્ત્વની સરકારી હુકમનામાં, દાનપત્રો કે પ્રશસ્તિ ધાતુ પર, ખાસ કરીને તામ્રપત્રો પર કોતરાયેલી જોવા મળે છે. અન્ય ધાતુઓ પ્રમાણમાં મોંઘી હોવાથી તેનો ખાસ ઉપયોગ થયેલો જોવા મળતો નથી. આમ છતાં જૈનોએ લેખન માટે ચાંદીનાં અને સોનાનાં પતરાંનો પણ ઉપયોગ કરેલો છે.[૮]

ભારતમાં અનેક સ્થળોએથી તામ્રપત્રોના લેખો પ્રાપ્ત થયા છે. ગુજરાતમાંથી પણ અનેક તામ્રપત્રો ઉપલબ્ધ થયા છે. પરંતુ તામ્રપત્ર ઉપર જવલ્લેજ ગ્રંથ લખાયાના કોઈ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

<u>ચામડું</u> :

ભારતમાં કોઈ કોઈ જગ્યાએ પેટી, વાછરડા કે બકરાનાં ચામડાંનો ઉપયોગ લેખન માટે થતો એવી નોંધ મળે છે. પરંતુ ધાર્મિક ક્રિયાઓમાં ચામડાંને અપવિત્ર માનેલું હોવાથી હિંદુ કે જૈનો દ્વારા તેના પર કોઈ ગ્રંથ લખાયો હશે તેમ માનવું અયોગ્ય ગણાય. બૌદ્ધોમાં લેખનના સાધન તરીકે ચામડાનો ઉપયોગ નિષિદ્ધ ન હતો.

ગુણાઢ્યની 'બૃહત્કથા' ચર્મપત્ર ઉપર લખાયેલી હોવાની પરંપરા છે. ખાસ - કરીને મધ્ય એશિયાના નિયા અને એન્ડેરમાંથી ચામડા ઉપર લખેલા દસ્તાવેજો પ્રાપ્ત થયા છે, જો કે આની સંખ્યા ઓછી છે.[૯]

---

૮. પાદનોંધ ૬ મુજબ, પૃ.૨૮.

૯. રસેશ જમીનદાર, <u>મધ્ય એશિયા</u>, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૧૯૭૭, પૃ.૭૫.

For Private and Personal Use Only

<u>કાપડ</u> :

સુતરાઉ કે રેશમી કપડા પર ઘઉં કે ચોખાની ખેર બનાવી ચઢાવવામાં આવતી. તે સુકાયા પછી તેને લખવા યોગ્ય બનાવવા માટે તેમજ લખાણની શાહી પ્રસરે નહીં તે માટે શંખ, કોડા, અકીક, કસોટી વગેરે લીસા પથ્થર વડે તેની સપાટી ઘસીને લીસી બનાવવામાં આવતી.

કપડા પર થયેલા લેખન કે ચિત્રોને પટ કહેવામાં આવતા. સામાન્ય રીતે પટ ઉપર પૂજા-પાઠ, યંત્ર-મંત્રપટો તેમજ જન્મપત્રિકા વગેરે લખવામાં આવતાં. કાપડના પટ પર ચિત્રો બનાવ્યાના અસંખ્ય પ્રમાણો પ્રાપ્ત થાય છે. પુષ્ટિ માર્ગમાં આવી પછી 'પિછવાઈ'ઓ જોવામાં આવે છે.

કાપડ પર પુસ્તક લખાયાનું એકમાત્ર ઉદાહરણ ગુજરાતના પાટણના 'હેમચંદ્રાચાર્ય જ્ઞાનભંડાર' માંથી પ્રાપ્ત થાય છે. આ પોથી અગાઉ વખતજીની શેરીમાંના 'સંઘના જૈનભંડાર'માં હતી. કાપડ પર લખાયેલી આ પોથીમાં શ્રીપ્રભસૂરિ રચિત 'ધર્મવિધિ' નામની ૩૨.૫ x ૧૨.૫ સે.મી.ની લંબાઈ પહોળાઈ ધરાવતી અને ૯૩ પત્રોમાં લખેલી ઉદયસિંહની ટીકા સાથેની પ્રત પ્રાપ્ત થઈ છે. જેમાં 'સંવત ૧૩૫૩ ભાદવા સુદી ૧૫ રવૌ ઉપકેશ ગચ્છાય પં.મહિચન્દ્રેન લિખિતા પુ.; એમ લખ્યું છે.[10] તેમજ કચ્છૂલીરાસ અને ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર - અષ્ટમપર્વ આ ત્રણ પુસ્તકો છે. જે વિક્રમના પંદરમા સૈકામાં (વિ.સં. ૧૪૦૮ માં) લખાયેલાં છે. બીજા બે ગ્રંથોની લંબાઈ પહોળાઈ ૬૨.૫ x ૧૨.૫ સે.મી.ની છે. દરેક પાનામાં સોળ સોળ લીટીઓ છે.[11]

---

૧૦. રમણીકવિજયજી, સંપા., <u>જ્ઞાનાંજલિ</u>, સાગર ગચ્છ જૈન ઉપાશ્રય, વડોદરા, ૧૯૬૯, પૃ.૪૧.

૧૧. પુણ્યવિજયજી, <u>ભારતીય જૈન શ્રમણસંસ્કૃતિ અને લેખનકળા</u>, અમદાવાદ, પૃ.૨૬.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભૂર્જપત્ર :**

ભારતમાં હિમાલય તરફ થતા ભૂર્જ નામના વૃક્ષની છાલનો ઉપયોગ પ્રાચીન સમયમાં લેખનકાર્ય માટે કરવામાં આવતો. કાલિદાસે લેખનસામગ્રીમાં ભૂર્જપત્રનો ઉલ્લેખ કર્યો છે. ભૂર્જપત્ર પરની હસ્તપ્રતો કાશ્મીર, ઉત્તરભારત, ઓરિસ્સા તેમજ લાહોર, કલકત્તા અને પૂનેના હસ્તપ્રતભંડારોમાં જોવા મળે છે. જેમાંની એકપણ હસ્તપ્રત ઈ.સ.ની પંદરમી શતાબ્દી પહેલાંની મળતી નથી.[૧૨] ભૂર્જપત્રનો ઉપયોગ મંત્ર વગેરે લખવા માટે વિશેષ થયેલો છે. ભૂર્જપત્ર પર પ્રાકૃત અને ખરોષ્ઠીમાં લખાયેલી બૌધ્ધ ધર્મગ્રંથ 'ધમ્મપદ'ની ત્રીજી-ચોથી સદીની લંબચોરસ કદની એક પ્રત ફ્રેંચ મુસાફર ડ્યુટ્રેઈલને મધ્ય એશિયાના ખોતાનથી ૨૧ કિ.મી.ના અંતરેથી મળી આવેલ છે.[૧૩]

ભૂર્જપત્ર પર લખાયેલ એક બીજા પ્રાચીન સંસ્કૃત ગ્રંથ 'સંયુકતાગમ' નામનો બૌધ્ધસૂત્રનો ગ્રંથ માર્ક ઓરેલ સ્ટેઈનને ઈ.સ.૧૯૦૬-૦૭ માં મધ્ય એશિયાના ખોતાન અને નિયા આસપાસના વિસ્તારોમાંથી મળી આવેલો. તેની લિપિ ઈ.સ.ની ચોથી સદીની માનવામાં આવે છે.[૧૪] ગુજરાતમાંથી ભૂર્જપત્રની જૂની હસ્તપ્રતો અદ્યાપિ પ્રાપ્ત થઈ નથી.

**તાડપત્ર :**

કાશ્મીર અને પંજાબને બાદ કરતાં લગભગ આખા ભારતમાં પ્રાચીન સમયમાં તાડપત્ર પર લખવાની પધ્ધતિ પ્રચલિત હતી. પશ્ચિમ અને ઉત્તર ભારતમાં તેના પર શાહીથી લખવામાં આવતું જ્યારે દક્ષિણ ભારતમાં તેના પર સોયા વડે અક્ષરો કોરી તેમાં શાહી પુરવામાં આવતી.

---

૧૨. પાદનોંધ ૧ મુજબ, પૃ.૫.

૧૩. રસેશ જમીનદાર, મધ્ય એશિયા, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૧૯૭૭, પૃ.૭૪.

૧૪. પાદનોંધ ૪ મુજબ, પૃ.૧૪૪.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગૌરીશંકર ઓઝાના મતે તાડપત્ર પર લખાયેલા ગ્રંથોમાં સૌથી પ્રાચીન ગ્રંથ જે મળે છે તે એક નાટકના કેટલાક અંશો છે, જે ઈ.સ.ની બીજી સદીની આસપાસ લખાયા હોવાનું મનાય છે. જેને ડૉ.લ્યુડર્સે તેમના 'ક્લેઈનેર સંસ્કૃત ટેક્સ્ટ પાર્ટ-૧'માં છપાવ્યું છે.[૧૫] જાપાનના હોર્યુજી મઠમાં બે બૌધ્ધ ગ્રંથો રાખેલા છે. મધ્ય ભારતમાંથી તે ત્યાં લઈ જવાયા હોવાનો મત છે. આ 'પ્રજ્ઞાપારમિતા હૃદયસૂત્ર' અને 'ઉષ્ણીષ વિજયધારિણી' નામના ગ્રંથો ઈ.સ.ની છઠ્ઠી શતાબ્દીમાં લખાયેલા છે. આ ઉપરાંત નેપાળના જ્ઞાનભંડારમાંનું ઈ.સ.ની સાતમી સદીનું સ્કંદપુરાણ, કેમ્બ્રીજના સંગ્રહમાંનું ઈ.સ.૮૫૯માં લખાયેલું 'પરમેશ્વરતંત્ર' ઈ.સ.૯૦૬-૦૭ માં લખાયેલું 'લંકાવતાર' - જે નેપાળના હસ્તપ્રતભંડારમાં સંગ્રહાયેલું છે.[૧૬] તેમજ ભાંડારકર ઓરિયેન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ, પૂનામાં સંગ્રહાયેલી 'ઉપમિતિ ભાવપ્રપંચ કથા' નામની સંસ્કૃતમાં લખાયેલ ૧૦૮ પાનાની જૈન ગ્રંથની તાડપત્રીય પ્રત જે વિ.સં.૯૬૨ (ઈ.સ.૯૦૫-૦૬)-માં લખાયેલી છે.[૧૭] આ બધી તાડપત્રીય પ્રતો પ્રાચીન ભારતની લેખનકલાના નમૂનારૂપ છે.

તાડપત્ર ઉપર લખાયેલી એક બીજી જૂની પ્રત જેસલમેરના કિલ્લામાં શ્રી જિનભદ્રસૂરિ જૈન જ્ઞાનભંડારમાંની 'વિશેષાવશ્યક મહાભાષ્ય'ની છે. આ પોથીમાં લેખનસંવત લખેલી નથી, પરંતુ તાડપત્રની હાલની પરિસ્થિતિ અને તેની લિપિ વગેરે જોતાં તે વિક્રમની નવમી શતાબ્દીના પ્રારંભમાં લખાયેલી હોવાનું અનુમાન છે.[૧૮]

---

૧૫. પાદનોંધ ૪ મુજબ, પૃ.૨.

૧૬. એજન, પૃ.૧૪૩.

૧૭. સત્યેન્દ્ર, <u>પાંડુલિપિ વિજ્ઞાન</u>, રાજસ્થાન હિંદી ગ્રંથ અકાદમી, જયપુર, ૧૯૭૮, પૃ.૧૪૫.

૧૮. પુણ્યવિજયજી, 'આપણા જ્ઞાનભંડારો', <u>બુધ્ધિપ્રકાશ</u>, પુ.૧૦૪, અંક-૧૨, ડિસે.૧૯૫૭, પૃ.૩૫૭.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાતમાં ખંભાતના શાંતિનાથ ભંડારમાં વિ.સં.૧૧૬૪ માં લખાયેલી 'જીવસમાસવૃત્તિ' અને વિ.સં.૧૧૮૧ માં લખાયેલી મુનિ ચંદ્રસૂરિ રચિત 'ધર્મબિન્દુ ટીકા' નામની પ્રાચીન તાડપત્રીય હસ્તપ્રતો ઉપલબ્ધ છે.[૧૯] ઈ.સ.ની ૧૧મી શતાબ્દી અને ત્યારબાદની અનેક તાડપત્રીય હસ્તપ્રતો ગુજરાત, રાજસ્થાન, નેપાલ તેમજ યુરોપના જ્ઞાનભંડારોમાં સંગ્રહાયેલી જોવા મળે છે. દક્ષિણ ભારતીય શૈલીથી લખાયેલી ઈ.સ.ની ૧૫મી શતાબ્દી પહેલાંની તાડપત્રીય હસ્તપ્રતો દક્ષિણ ભારતની ગરમ અને ભેજવાળી આબોહવાને કારણે નાશ પામી હોવાથી પ્રાપ્ત થતી નથી.[૨૦]

ગુજરાતના હસ્તપ્રતભંડારોમાં જે હસ્તપ્રતો પ્રાપ્ત થાય છે તે બધી તાડપત્ર અને કાગળ પર લખાયેલી જ જોવા મળે છે. મુનિશ્રી પુણ્યવિજયજીના મતે પાટણ, લીંબડી, ખંભાત, જેસલમેર, પૂના વગેરેના પુસ્તકસંગ્રહો, તેની ટીપો, રિપોર્ટ આદિ જોયા પછી એમ ખાતરીપૂર્વક જણાયું છે કે જૈનભંડારોમાં અત્યારે મળતી તાડપત્રીય પ્રતિઓ - જેના અંતમાં સંવતનો ઉલ્લેખ થયેલો છે એ બધી પૈકી એક પણ પ્રત વિક્રમની બારમી સદી પહેલાંની લખાયેલી નથી. તેરમી સદીથી કાગળનો પ્રચાર વધતાં અને તાડપત્રો પ્રમાણમાં મોંઘા પડતાં હોવાથી તેમ જ દૂરના પ્રદેશમાંથી મંગાવવા પડતા હોવાથી ધીમેધીમે તેના પરનું લેખન ઓછું થતું ગયું. અને તેનું સ્થાન કાગળે લેવા માંડ્યું. લગભગ પંદરમી સદી સુધી તાડપત્ર પર લખવાનું ચાલું રહ્યું. પંદરમી સદીના અંત સાથે તાડપત્ર ઉપરનું લેખન પણ આથમી ગયું.[૨૧]

---

૧૯. પાદનોંધ ૧૭ મુજબ, પૃ.૧૪૫.

૨૦. પાદનોંધ ૪ મુજબ, પૃ.૧૪૩.

૨૧. પાદનોંધ ૧૧ મુજબ, પૃ.૨૬.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## <u>કાગળ</u> :

કાગળની બનાવટ સૌ પ્રથમ ઈ.સ.૧૦૫ માં ચીનમાં થઈ એમ મનાય છે. પરંતુ તેના ૪૩૨ વર્ષ પહેલાં એટલે કે ઈ.સ.પૂ.૩૨૬ માં ભારત પર ચઢાઈ કરનાર સિકંદરની સાથે તેનો સેનાપતિ નિઆર્કસ પણ ભારત આવેલો જે થોડો સમય પંજાબમાં રહેલો. તેણે તેની વ્યક્તિગત નોંધમાં લખ્યું છે કે તે સમયે ભારતના લોકો રૂ ને ખાંડીને કાગળ બનાવતા. ગૌરીશંકર ઓઝા અનુસાર નિઆર્કસની નોંધ પરથી સ્પષ્ટ થાય છે કે ઈ.પૂ. ચોથી સદીમાં ભારતના લોકો રૂ અથવા ચીંથરામાંથી કાગળ બનાવતા હતા. પરંતુ હાથથી બનાવેલા કાગળ સસ્તા અને સહેલાઈથી પ્રાપ્ત ન હોવાને લીધે તેમજ તેની અપેક્ષાએ તાડપત્ર અને ભૂર્જપત્ર વધારે પ્રમાણમાં ઉપલબ્ધ હોવાને કારણે કાગળનો પ્રચાર લેખનકાર્ય માટે ઓછો થયો હશે. ભારતમાં પ્રાચીન સમયથી હાથબનાવટના કાગળ બનાવવાનો ગૃહઉદ્યોગ વિસ્તરેલો હતો. ભારતની આબોહવામાં કાગળ બહુ લાંબા સમય સુધી ન ટકી શકવાને કારણે તેના પર લખાયેલા બહુ પ્રાચીન ગ્રંથો પ્રાપ્ત થતા નથી.[૨૨]

મધ્ય એશિયાના યારકંદ નામના શહેરથી ૬૦ માઈલ દક્ષિણમાં 'કુગિયર' નામના સ્થળેથી શ્રી વેબરને જમીનમાં દટાયેલા ચાર ગ્રંથ મળેલા જે કાગળ પરના સંસ્કૃત ભાષાના ગુપ્ત લિપિના લખાયેલા હોવાનું મનાય છે.[૨૩] મધ્ય એશિયાના તુન-હુઆંગ જિલ્લામાં આવેલી 'હજાર બુદ્ધની ગુફાઓ'માંની એક ગુફામાંથી ફ્રેંચ વિદ્વાન પેલીઓટને ચીની, તોખારી, તિબેટી, ઉઈગુર અને સંસ્કૃત ભાષામાં કાગળ ઉપર લખાયેલી વીંટાવાળી ૧૫,૦૦૦ જેટલી હસ્તપ્રતો પ્રાપ્ત થઈ હતી. જેમાંની મોટાભાગની ઈતિહાસ, ભૂગોળ, તત્ત્વજ્ઞાન, શિષ્ટસાહિત્ય, લલિતસાહિત્ય વગેરે વિષયોને સ્પર્શતી બૌદ્ધ પ્રતો છે. આ પ્રતો લગભગ ૯૦૦ વર્ષ સુધી અજાણ અવસ્થામાં પડી રહી હશે એવું અનુમાન થાય છે.[૨૪]

---

૨૨. પાદનોંધ ૪ મુજબ, પૃ.૧૪૪.
૨૩. એજન, પૃ.૧૪૫.
૨૪. રસેશ જમીનદાર, <u>મધ્યએશિયા</u>, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૧૯૭૭, પૃ.૭૪.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભારતમાં વારાણસીના સંસ્કૃત વિશ્વવિદ્યાલયના સરસ્વતીભવન પુસ્તકાલયમાં સંગ્રહાયેલી 'ભાગવતપુરાણ'ની પ્રતની પુષ્પિકામાં સં.૧૧૮૧ (ઈ.સ.૧૧૩૪) નો ઉલ્લેખ છે. જે કાગળની પ્રાચીન હસ્તપ્રત માની શકાય.[૨૫] ભારતમાં કાગળ પર લખાયેલી ઈ.સ.૧૨૨૩-૨૪ ની સૌથી પ્રાચીન હસ્તપ્રતોની નોંધ બુહલર દ્વારા સંપાદિત ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ, સિંધ અને ખાનદેશના ખાનગી પુસ્તક - સંગ્રહોની સૂચિના ભા.૧ પૃ.૨૩૮માં જોવા મળે છે.[૨૬]

રાજસ્થાનમાં જોધપુર સ્થિત પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાનના સંગ્રહસ્થાનમાં આનંદવર્ધન કૃત ધ્વન્યાલોક પરની અભિનવગુપ્તની ટીકાની પ્રત સં.૧૨૦૪ (ઈ.સ.૧૧૪૬) ની છે. જ્યારે મહારાજા જયપુરના હસ્તપ્રતભંડારમાં પદ્મપ્રભસૂરિ રચિત 'ભુવનદીપક' પરની ટીકાની પ્રત સં.૧૩૨૬ની પ્રાપ્ત થાય છે. જે ખૂબ જ જીર્ણ હાલતમાં સચવાયેલી છે.[૨૭]

મુનિશ્રી પુણ્યવિજયજી તેમના પુસ્તક 'ભારતીય જૈન શ્રમણસંસ્કૃતિ અને લેખનકલા'માં નોંધે છે તે મુજબ ''જૈન પ્રજા પુસ્તકલેખન માટે કાગળોને ક્યારથી કામમાં લેવા લાગી એ કહેવું શક્ય નથી; તેમ છતાં શ્રીમાન જિનમંડનગણિ કૃત કુમારપાલપ્રબંધ (રચના સં.૧૪૯૨)મા પૃ.૯૬ પર અને શ્રી રત્નમંદિરગણિ કૃત ઉપદેશતરંગિણી (સોળમો સૈકો) ના પૃ.૧૪૨ પર આવતા ઉલ્લેખો મુજબ આચાર્ય હેમચંદ્ર અને મહામાત્ય વસ્તુપાલે પુસ્તકો લખાવવા માટે કાગળોનો ઉપયોગ કર્યો હતો. એટલે ગુજરાતની ભૂમિમાં વસતી જૈન પ્રજા વિક્રમની બારમી સદી પહેલાંથી ગ્રંથલેખન માટે કાગળો વાપરતી થઈ હતી એમ કહી શકાય.''

---

૨૫. પાદનોંધ ૧૭ મુજબ, પૃ.૧૫૦.

૨૬. પાદનોંધ ૪ મુજબ, પૃ.૧૪૫.

૨૭. પાદનોંધ ૧૭ મુજબ, પૃ.૧૫૦.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાતમાં ખંભાતના 'નીતિવિજયજી શાસ્ત્રસંગ્રહ' જ્ઞાનભંડારમાં વિ.સં.૧૨૨૬માં કાગળ પર લખાયેલી 'જૈનકથાકોષ' નામની પ્રત પ્રાપ્ત થઈ છે જેને ગુજરાતની પ્રાચીનતમ પ્રત માનવામાં આવે છે. આ ઉપરાંત પાટણના જ્ઞાનભંડારમાં વિ.સં.૧૨૩૬ ની કાગળ પર લખાયેલી પ્રત અને અમદાવાદના લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં વિ.સં.૧૨૮૬ ની 'કારકસંબોધ' નામની વ્યાકરણ-ગ્રંથની પ્રત મળી આવે છે.[28] પાટણના સંઘવીના પાડાના જૈન જ્ઞાનભંડારમાં વિ.સં.૧૨૧૧ માં લખાયેલી આચાર્યશ્રી બપ્પભટ્ટી કૃત 'સ્તુતિચતુર્વિંશતિકા-સટીક' ની પ્રાચીન પ્રત મળે છે પરંતુ તેમાંની સંવત અંગે શંકા સેવાય છે.[29]

ભારતમાં લેખનકળાની પ્રવૃત્તિ આર્યસંસ્કૃતિ – વૈદિક સંસ્કૃતિના સમયથી વિકસતી રહી છે. હસ્તપ્રતો મુખ્યત્વે તાડપત્ર, ભૂર્જપત્ર અને કાગળ પર તૈયાર થતી. ગુજરાતમાં ઈ.સ.ના પંદરમા સૈકા પછી મુદ્રણકળાના અભાવે એક જ ગ્રંથની અનેક હસ્તપ્રત નકલો લહિયાઓ દ્વારા તૈયાર થતી. હસ્તપ્રતોની દ્રષ્ટિએ ભારત વિશ્વનો સૌથી સમૃદ્ધ દેશ છે, તો ભારતમાં પણ ગુજરાત એ વિશાળ હસ્તપ્રત સમૃદ્ધિ ધરાવતો પ્રદેશ છે. જ્યાં અનેક સ્થળોએ અસંખ્ય હસ્તપ્રતભંડારો આવેલા છે, જેમાં અનેક પ્રકારની હસ્તપ્રતો સંગ્રહાયેલી જોવા મળે છે. ગુજરાતની ઘણી હસ્તપ્રતો સમયના વહેણની સાથે અનેક કુદરતી તેમજ માનવસર્જિત ઘટનાઓના કારણે નાશ પામ્યાના અથવા તો વિદેશોમાં ઘસડાઈ ગયાના ઉલ્લેખો ઐતિહાસિક ગ્રંથોમાં મળે છે. તેમ છતાં ગુજરાતમાં આજે પણ તાડપત્ર અને કાગળ પર લખાયેલી અનેક હસ્તપ્રતો સચવાયેલી રહી છે.

---

૨૮. લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાંથી મુ.શ્રી જેસિંગભાઈએ આપેલી માહિતીના આધારે વિગતો મુકી છે.

૨૯. પાદનોંધ ૧૧ મુજબ, પૃ.૨૫.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૪

# ગુજરાતના હસ્તપ્રતભંડારો અને તેનું મહત્ત્વ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાતમાં ભાવનગર જિલ્લામાં આવેલું વલભી ભારતીય ધર્મ, સંસ્કૃતિ અને કળાના શિક્ષણના ધામ તરીકે – એક વિખ્યાત વિદ્યાધામ તરીકે પ્રાચીન સમયમાં જાણીતું હતું. ભારત અને ભારત બહારના અનેક વિદ્યાર્થીઓ, સાધુઓ, સંશોધકો વગેરે જ્ઞાન મેળવવા અહીં આવતા. અહીં અનેક સાહિત્યિક ગ્રંથોની રચનાઓ થયેલી. સંસ્કૃતનું સૌથી પ્રાચીન અને પ્રસિદ્ધ વ્યાકરણ કાવ્ય ભટ્ટિ કૃત 'રાવણવધ' અથવા ભટ્ટિકાવ્ય' તથા મલ્લવાદી નામના વિદ્વાને રચેલો જૈન ન્યાયનો ગ્રંથ 'નયચક્ર' એ બંને કૃતિઓ વલભીમાં રચાઈ હોવાના ઉલ્લેખો મળે છે.[1] વલભીના આ વિદ્યાધામમાં તે સમયે અનેક મૂલ્યવાન હસ્તપ્રતોનો સંગ્રહ હતો. પરંતુ કાળબળે અનેક રાજકીય ઉથલપાથલોને કારણે વલભીના વિદ્યાધામની સાથે સાથે તેમની હસ્તપ્રતો પણ નાશ પામી.

આમ છતાં જૈનધર્મનાં ઘણાં આગમોની વાચના અને લેખન પણ વલભીમાં થયાં. વલભીપુરમાં વીર સંવત ૯૮૦માં સ્થવિર આર્ય દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ અને અન્ય મુનિઓના આધિપત્ય નીચે જૈન આગમોના સાર્વત્રિક લેખનને માટે વિચાર કરવા 'સંઘસમવાય' (સંઘસંમેલન) મળ્યું.[2] જૈન ધર્મ અપરિગ્રહ વ્રત ઉપર વિશેષ ભાર મુકતો હોવાથી પુસ્તકોના સંગ્રહને પણ એક પ્રકારનો પરિગ્રહ માન્યો છે. ગ્રંથોના લેખન અને સંગ્રહનો જૈનશાસ્ત્રોમાં ખાસ કરીને છેદસૂત્રોમાં કેટલેક સ્થળે નિષેધ માન્યો છે. છતાં જ્ઞાનના લુપ્ત થતા જતા વારસાનું જતન કરવાના હેતુસર વલભીપુરમાં સંઘસમવાયની રચના કરવામાં આવી. આ સંઘ દ્વારા જૈન આગમો તેમજ અન્ય શાસ્ત્રોને લિપિબદ્ધ કરવાનો – પુસ્તક લેખનની પ્રવૃત્તિ કરવા અંગેનો નિર્ણય લેવાયો. જોકે આ નિર્ણય લેવાયો તે પહેલાં પણ જૈન આગમો પુસ્તકરૂપે લખાયાં હતાં એમ માનવામાં આવે છે. પરંતુ આ પુસ્તક લેખન સર્વમાન્ય અને સાર્વત્રિક નહીં થઈ શક્યું હોય.

---

૧. ભોગીલાલ જ.સાંડેસરા, 'ગુજરાતની હસ્તપ્રત-સમૃદ્ધિ', ગુજરાત દીપોત્સવી અંક, સં.૨૦૪૧, લેખવિભાગ પૃ.૯.

૨. પુણ્યવિજયજી, ભારતીય જૈન શ્રમણસંસ્કૃતિ અને લેખનકળા, અમદાવાદ, પૃ.૧૪.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાતમાં વલભીપુરના 'સંઘસમવાય'ના નિર્ણય પછી પુસ્તકલેખનની પ્રવૃત્તિ ઘણી જગ્યાએ વ્યાપક પ્રમાણમાં શરૂ થઈ. પરિણામે પણ ગ્રંથભંડારોની સ્થાપના થઈ. હસ્તપ્રતોની મૂલ્યવાન પ્રતોની નકલો કરાવવામાં અને તેનો સંગ્રહ કરાવવામાં અનેક આશ્રયદાતાઓ તરફથી ઉત્તેજન મળ્યું, આર્થિક સહાય પણ મળી. જૈન શ્રાવકો દ્વારા ગ્રંથોનો સંગ્રહ કરવાની અને ગ્રંથભંડારોના વહીવટની પ્રવૃત્તિને બધા પ્રચલિત ભારતીય ધર્મોમાં જૈનધર્મે સૌથી મહત્વની માની છે.

ગુજરાતમાં ખાસ કરીને જૈન શ્રાવકોએ આ પ્રવૃત્તિને અનેક કારણોસર વિકસાવી છે અને તે નિમિત્તે યથાયોગ્ય ફાળો આપ્યો છે. જૈન ગચ્છના સમર્થ જ્ઞાનપ્રિય આચાર્ય આદિ મુનિવર્યના ઉપદેશથી કે પોતાના આંતરિક ઉલ્લાસથી અનેક રાજાઓએ અને મંત્રીઓએ તેમજ અનેક ધનિક જૈન ગૃહસ્થોએ કોઈ ધાર્મિક કે સામાજિક પ્રસંગોએ નવાં પુસ્તકો લખાવીને કે વેચાતા લઈને જ્ઞાનસંરક્ષણના આ મહાન કાર્યને વેગવંત બનાવ્યું અને નાના મોટા અનેક જ્ઞાનભંડારોની સ્થાપના કરી.[3]

હસ્તપ્રતોના આશ્રયદાતાઓમાં રાજાઓ, મંત્રીઓ તેમજ અનેક ધનિક ગૃહસ્થોના પ્રયત્નો ઉલ્લેખનીય છે.

<u>રાજાઓએ સ્થાપેલા જ્ઞાનભંડારો</u> :[4]

ગુજરાતમાં અણહિલપુર પાટણના સાહિત્યરસિક રાજા સિધ્ધરાજ જયસિંહ તેમજ જૈનધર્મ પ્રતિપાલક રાજા કુમારપાલે અસંખ્ય હસ્તપ્રતો લખાવ્યાના તેમજ હસ્તપ્રતભંડારો સ્થાપ્યાના સાહિત્યિક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. રાજા સિધ્ધરાજે ત્રણસો લહિયાઓ એકઠા કરી સર્વદર્શનના ગ્રંથો લખાવી રાજકીય ગ્રંથભંડારની સ્થાપના કર્યાનો અને આચાર્ય હેમચંદ્ર કૃત વ્યાકરણ ગ્રંથની સેંકડો પ્રતિઓ લખાવી

---

૩. રમણીકવિજયજી (સંપા.) <u>જ્ઞાનાંજલિ</u>, સાગર ગચ્છ જૈન ઉપાશ્રય, વડોદરા, ૧૯૬૯, પૃ.૧૭-૧૮.

૪. ચતુરવિજયજી, <u>લીંબડીના જૈન જ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રતિઓનું સૂચિપત્ર</u>, આગમોદય સમિતિ, મુંબઈ, ૧૯૨૮, પૃ.૨-૩.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના અભ્યાસીઓને ભેટ આપ્યાના તેમજ અન્ય દેશોમાં ભેટ મોકલાવ્યાના ઉલ્લેખો 'પ્રભાવકચરિત' તથા 'કુમારપાલ પ્રબંધ'માં જોવા મળે છે.

કુમારપાલે એકવીસ જ્ઞાનભંડાર સ્થાપ્યાની તથા પોતાના રાજકીય પુસ્તકાલય માટે જૈન આગમગ્રંથો અને હેમચંદ્રાચાર્ય રચિત 'યોગશાસ્ત્ર – વીતરાગ સ્તવ'ની હસ્તપ્રત સુવર્ણાક્ષરે લખાવ્યાની નોંધ પણ 'કુમારપાલપ્રબંધ'માં મળે છે.

સિદ્ધરાજ જયસિંહે માળવાના રાજા યશોવર્માને ઈ.સ.૧૧૪૦ માં હરાવી તેની પાસેના રાજા ભોજના ૧૧મી શતાબ્દીના એક પ્રસિદ્ધ રાજદરબારી ગ્રંથાલયને અણહિલવાડ (પાટણ) લઈ આવ્યો અને તેણે પોતાની રાજસભાના ગ્રંથાલયની સાથે જોડી દીધું.[5]

<u>મંત્રીઓએ સ્થાપેલા જ્ઞાનભંડારો</u> :[6]

વસ્તુપાલ – તેજપાલ, પેથડશાહ વગેરે મંત્રીઓએ પણ ગ્રંથો લખાવ્યાના અને જ્ઞાનભંડારોની સ્થાપના કર્યાના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. અન્ય કેટલાક મંત્રીઓ વિમલશાહ, આમ્રભટ્ટ, વાગ્ભટ્ટ વગેરેએ – પણ ગ્રંથો લખાવ્યા હશે એમ માનવામાં આવે છે.

<u>ધનિક ગૃહસ્થોએ સ્થાપેલા જ્ઞાનભંડારો</u> :[7]

અનેક જૈન ધનિક ગૃહસ્થોએ અસંખ્ય ગ્રંથો લખાવી ભેટ આપ્યાના તેમજ અનેક જ્ઞાનભંડારો સ્થાપ્યાના ઉલ્લેખો કિલ્હોર્ન, પિટર્સન અને સી.ડી.દલાલના પ્રાચીન જૈન ભંડારોના અહેવાલોમાં મળી આવે છે.

---

૫. મણિભાઈ ઈ.પ્રજાપતિ, 'હસ્તપ્રતવિદ્યા અને ગુર્જર પ્રદેશની સંસ્કૃત હસ્તપ્રત-સંપત્તિ', <u>ગુજરાત દીપોત્સવી અંક</u>, સં.૨૦૪૦, લેખવિભાગ, પૃ.૩૦.

૬–૭. પાદનોંધ ૪ મુજબ, પૃ.૨–૩.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાતમાં સિધ્ધરાજ અને કુમારપાલના સમયથી અનેક હસ્તપ્રતભંડારો વ્યવસ્થિતરૂપે સ્થપાયા. પરંતુ પરદેશી આક્રમણો, રાજ્યોમાં પ્રવર્તતી કુટિલનીતિ, અનેક રાજકીય ઉથલપાથલો તેમજ પછીના કાલે ગ્રંથો પ્રત્યે જૈન સાધુઓની શરૂ થયેલી ઉપેક્ષાવૃત્તિ, શ્રાવકોની બેદરકારી – અજ્ઞાનતા વગેરે ઘણાં કારણોસર તે સમયના જ્ઞાનભંડારોમાંની ઘણીખરી હસ્તપ્રતોનો નાશ થયો અથવા તો એક યા બીજા કારણોસર તેને અન્ય સ્થળોએ ખસેડવામાં આવી.[x]

આવી અન્યત્ર ખસેડાયેલી હસ્તપ્રતો તેમજ ખાનગી સંગ્રહોમાંથી શોધી કાઢવામાં આવેલી અનેક હસ્તપ્રતોના સંગ્રહ દ્વારા હાલ વિદ્યમાન અનેક હસ્તપ્રતભંડારો કે જૈન જ્ઞાનભંડારો વિચ્છિન્ન થઈ ગયેલા અનેક જ્ઞાનભંડારોના અવશેષોમાંથી જ બનેલા છે.

હસ્તપ્રતભંડારોની વ્યવસ્થાની જવાબદારીના સ્વીકાર સાથે વ્યક્તિગત માલિકીના, સાંઘિક માલિકીના અને સંશોધન સંસ્થા કે વિદ્યાકીય સંસ્થાઓની માલિકીના હસ્તપ્રતભંડારો અસ્તિત્વમાં આવ્યા. હિંદુધર્મમાં બ્રાહ્મણોને પરિગ્રહ કરવાની શાસ્ત્રસંમતિ હોવાથી તેઓ હસ્તપ્રતોનો સંગ્રહ કરી વ્યક્તિગત કે કુટુંબની માલિકીના હસ્તપ્રતભંડારો ઊભા કરી શકતા. પરંતુ બૌદ્ધ અને જૈન ધર્મોમાં બૌદ્ધ ભિખ્ખુઓ અને જૈન સાધુ-સાધ્વીઓ માટે અપરિગ્રહ ઉપર વિશેષ ભાર મુકાતો હોવાથી બૌદ્ધ કે જૈન સાધુઓએ વ્યક્તિગત માલિકીના હસ્તપ્રત-ભંડારો શરૂ કર્યા નથી પરંતુ તેઓની પ્રેરણાથી જૈન શ્રાવકોએ ઊભા કરેલા હસ્તપ્રતભંડારો મુખ્યત્વે સંઘના કે સાંઘિક માલિકીના અથવા તેના વહીવટ દ્વારા સચવાયેલા જોવા મળે છે. છેલ્લા કેટલાક વર્ષોથી કોઈ સંશોધન સંસ્થા કે વિદ્યાસંસ્થા સાથે સંકળાયેલા – તે દ્વારા સંચાલિત હસ્તપ્રતભંડારો અસ્તિત્વમાં

---

x વારંવાર થતા મોગલોના હુમલાઓ અને કુમારપાળ પ્રત્યેની અજયપાળની દ્વેષવૃત્તિને કારણે હસ્તપ્રતોનો નાશ થતો અટકાવવા તે સમયના મંત્રી વાગ્ભટ્ટ અને જૈનસંઘે સમયસૂચકતા વાપરી ભંડારોને ગુપ્ત સ્થળે ખસેડ્યા હોવાના ઉલ્લેખો મળે છે. આ ભંડારો ચોક્કસ કયા સ્થળે ખસેડાયા તે વિશે હજુ અચોક્કસતા જ પ્રવર્તે છે.

For Private and Personal Use Only

આવ્યા છે. જેમાં સામાન્યતઃ અન્ય નાના સ્વરૂપના હસ્તપ્રતભંડારોને મેળવીને, વિદ્વાનોના વ્યક્તિગત સંગ્રહો ભેટ મેળવીને કે ક્યારેક હસ્તપ્રતો ખરીદીને તેનો સંગ્રહ કરવામાં આવે છે. અને વિદ્વાનોના સંશોધન હેતુને ધ્યાનમાં રાખીને તેનો ઉત્તરોત્તર વિકાસ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

ગુજરાતમાં વ્યક્તિગત માલિકીના હસ્તપ્રતભંડારોની માહિતી સહે પ્રાપ્ત નથી પરંતુ જુદા જુદા હસ્તપ્રતભંડારોમાં મળતી હસ્તપ્રતોની પુષ્પિકાઓ ખાનગી માલિકીનો પ્રબળ પુરાવો પુરો પાડે છે. ઘણાં બ્રાહ્મણ કુટુંબોમાંની હસ્તપ્રતો આવા સંગ્રહમાં જોવામાં આવે છે. પરંતુ જૈન ઉપાશ્રય, પેઢી, સંઘ કે ધાર્મિક સંસ્થાના સંચાલન હેઠળના એટલે કે સાંઘિક માલિકીના અનેક જૈન હસ્તપ્રતભંડારોની વિગતો પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત સંશોધનસંસ્થાઓ કે વિદ્યાસંસ્થાઓ સાથે સંકળાયેલા કે તેના વહીવટ હેઠળ કામ કરતા કેટલાક હસ્તપ્રતભંડારો નાના મોટા શહેરોમાં હોવાનું જાણવા મળે છે. જૈન હસ્તપ્રત-ભંડારો ઉપરાંત અન્ય ધર્મોની ધાર્મિક સંસ્થાઓના વહીવટ દ્વારા ચાલતા હસ્તપ્રતભંડારો પણ ઉલ્લેખનીય છે. કેટલાક હસ્તપ્રતભંડારો જૈન સાધુમુનિઓના વ્યક્તિગત હસ્તપ્રતભંડારો તરીકે પણ પ્રકાશમાં આવ્યા છે.[૮]

ગુજરાતમાં આશરે ૬૦ થી પણ વધુ સ્થળોએ લગભગ ૧૧૫ થી વધુ સંખ્યામાં હસ્તપ્રતભંડારો આવેલા છે, જેમાં અંદાજે સાત લાખથી પણ વધારે સંખ્યામાં વિવિધ ભાષા, લિપિ તેમજ વિષયોની અનેક કૃતિઓ સંગ્રહાયેલી છે. અનેક ભંડારોમાં સંગ્રહાયેલી આ કૃતિઓના વૈવિધ્યને કારણે તેનું મહત્વ પણ જુદા જુદા દૃષ્ટિકોણથી જ આંકવામાં આવે છે. કોઈ હસ્તપ્રતભંડારમાં હસ્તપ્રતોની સંખ્યા વધુ તો કોઈમાં ઓછી; કોઈમાં વિષયોનું વૈવિધ્ય વધારે તો કોઈમાં ઓછું જોવા મળે; કોઈમાં હસ્તપ્રતોની પ્રાચીનતા વધારે તો કોઈમાં થોડી ઓછી;

---

૮. કનુભાઈ વ્ર.શેઠ, 'ગુજરાતના હસ્તપ્રત-ગ્રંથભંડારો', પથ, પુ.૨૧, અંક-૧૦, ઓક્ટો.૧૯૮૦, પૃ.૬૬૯.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈમાં તાડપત્રીય કે કાગળ પર લખાયેલી વિશિષ્ટ પ્રકારની સચિત્ર કે અચિત્ર હસ્તપ્રતોની સંખ્યા વધારે તો કોઈમાં ઓછી જોવા મળે છે. આમ દરેક હસ્તપ્રતભંડારોમાં સંગ્રહાયેલી આવી વિશિષ્ટ પ્રકારની કૃતિઓની વૈવિધ્યતાને કારણે દરેક હસ્તપ્રતભંડાર પોતાનું આગવું મહત્ત્વ ધરાવે છે.

## ગુજરાતના હસ્તપ્રતભંડારો :

ગુજરાતમાં નીચેના કેટલાક સ્થળોએ એક કે એક કરતાં વધારે સંખ્યામાં હસ્તપ્રતભંડારો આવેલા છે. અહીં મળતી વિગતોને આધારે ગામના નામની સામે હસ્તપ્રતભંડારની સંખ્યા અને શક્ય છે ત્યાં હસ્તપ્રત સંખ્યા પણ દર્શાવી છે. અને હસ્તપ્રતભંડારોની ટૂંકમાં વિગતો દર્શાવવાનો પ્રયત્ન પણ કર્યો છે. ગુજરાતમાં હસ્તપ્રતભંડારોના સ્થળ નિર્દેશ માટે પ્રકરણના અંતે નકશો આપેલો છે.

| ગામનું નામ | હસ્તપ્રતભંડારની સંખ્યા | મળતી વિગતો |
|---|---|---|
| અગાસ<br>તા.પેટલાદ (ખેડા) | ૧ | રાજચંદ્ર આશ્રમમાં થોડી હસ્તપ્રતો ઉપલબ્ધ છે. |
| અમદાવાદ | ૧૭ | પ્રસ્તુત નિબંધમાં પ્રકરણ-૫ માં વિગતવાર નોંધ આપેલી છે. |
| અલિયાબાડા<br>જી.જામનગર | ૧ | હરિલાલ માંકડ વિદ્યાભવનમાં લગભગ બે હજાર હસ્તપ્રતો છે. |
| આગલોડ<br>તા. વિજાપુર (મહેસાણા) | ૧ | વિશેષ માહિતી ઉપલબ્ધ થઈ નથી |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| ઈડર<br>(જી.સાબરકાંઠા) | ૨ | બે ભંડારોમાંના એક 'શ્વેતામ્બર જૈનસંઘ'ના ભંડારમાં તાડપત્રીય સચિત્ર 'કલ્પસૂત્ર'ની પ્રત છે. જે શેઠ આણંદજી મંગળજીની પેઢીમાં સાચવણી માટે રાખેલી છે. બીજો 'દિગમ્બર જૈનસંઘ'નો ભંડાર છે. |
| ઉત્કંઠેશ્વર (વાઘજીપુર)<br>તા.કપડવંજ (ખેડા) | ૧ | વિશેષ માહિતી ઉપલબ્ધ થઈ નથી. |
| ઉના<br>(જી.જૂનાગઢ) | ૧ | મોટો હસ્તપ્રતભંડાર છે. જેમાં સારી સંખ્યામાં પ્રતો સચવાયેલી છે. |
| ઊંઝા<br>તા.સિદ્ધપુર(મહેસાણા) | ૧ | વિશેષ માહિતી ઉપલબ્ધ થઈ નથી. |
| કપડવંજ<br>(જી.ખેડા) | ૩ | અષ્ટાપદના મંદિરમાં એક ભંડાર છે જેમાં બે હજારથી વધારે પ્રતો છે. આ ભંડારમાં 'તત્ત્વાર્થસૂત્ર' ની સુવર્ણાક્ષરી પ્રત છે.<br>બીજો ભંડાર પંચના ઉપાશ્રયમાં છે.<br>ત્રીજો ભંડાર મીઠાભાઈના ઉપાશ્રયમાં છે. |
| કોઠારા<br>તા.અબડાસા (કચ્છ) | ૧ | નાનો ભંડાર છે. |
| કોડાય<br>તા.ભુજ (કચ્છ) | ૨ | જૈન સદાગમ પ્રવૃત્તિ સંસ્થાનો એક ભંડાર છે. આ ભંડારની વિશેષતા એ છે કે તેણે સાચા અર્થમાં જ્ઞાનમંદિર બનાવ્યું છે. ઘુમ્મટવાળા મંદિરમાં મૂર્તિની જગ્યાએ હસ્તપ્રતોના ડબ્બાઓ મૂક્યા છે. જે ભારતભરમાં કોઈપણ સ્થળે જોવા મળ્યું નથી. અહીં લગભગ દસ-હજાર પ્રતો સચવાયેલી છે. 'જૈન નિગમો' પ્રતો વિશેષ પ્રાપ્ત થાય છે.<br>બીજો જૈનસંઘનો ભંડાર છે. |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખંભાત ૪ ખંભાતમાં કુલ ચાર હસ્તપ્રતભંડારો છે.

(૧) શાંતિનાથજીનો તાડપત્રીય ભંડાર : જેમાં લગભગ ૩૦૫ તાડપત્રીય અને ૧૫૦ જેટલી કાગળ પર લખાયેલી હસ્તપ્રતો છે. જે દુર્લભ અને અમૂલ્ય છે. આ સંગ્રહમાંની કાગળ પર લખાયેલી અને તાડપત્રીય પ્રતો ચિત્રોથી અલંકૃત હોવાથી ઘણી જ મૂલ્યવાન છે. આ સંગ્રહની યાદી આચાર્ય વિજયકુમુદસૂરિજીએ છપાવી છે. આ ગ્રંથભંડારમાં વિ.સં. ૧૧૨૦ થી વિ.સં. ૧૪૯૨ તથા પંદરમી સદીના ઉત્તરાર્ધ સુધીની પ્રતો સંગૃહીત થયેલી છે. વિ.સં. ૧૧૨૦ ની સારી સ્થિતિમાં સચવાયેલી અનેક હસ્તપ્રતો આ ભંડારમાં ઉપલબ્ધ છે. વસ્તુપાલે કરેલી સંઘયાત્રાના વર્ણનથી સભર એમના ગુરુ વિજયસેનસૂરિના પટ્ટશિષ્ય ઉદયપ્રભસૂરિકૃત 'ધર્માભ્યુદય' અથવા 'સંઘપતિચરિત' નામના કાવ્યની સં.૧૨૯૦માં વસ્તુપાલે સ્વહસ્તે કરેલી તાડપત્રીય નકલની પ્રત આ ભંડારમાં સારી સ્થિતિમાં સચવાયેલી મળે છે. મોટાભાગની તાડપત્રીય પ્રતો અપ્રાપ્ય અને કિંમતી છે.

(૨) શ્રી સમ્રાટ વિજયનેમિસૂરિજી મહારાજનો જ્ઞાનભંડાર : આ ભંડારમાં લગભગ પંદર હજાર હસ્તપ્રતો છે. જે આચાર્ય નેમિસૂરિએ એકઠી કરેલી છે. મુખ્યત્વે કાગળ પર લખાયેલી પ્રતો સાહિત્યની દૃષ્ટિએ મહત્તા ધરાવે છે. આ ભંડારમાં 'વિલાસમણિમંજરી' નામની રાજદાવની રમત અર્થાત્ શતરંજ રમત વિશેની ૨૧ પાનાની સંસ્કૃત (હિંદી ટીકા સાથેની) પ્રત મળે છે. આવી પ્રત અન્ય ભંડારોમાં મળતી નથી. વિનયવિજયજીએ જૂનાગઢમાં રચેલ 'લોકપ્રકાશ' નામનો વિશ્વકોશનું સ્વરૂપ ધરાવતો ગ્રંથ સચવાયેલો છે. કર્તાની સ્વહસ્તાક્ષરી મૂળ ગ્રંથોની અનેક પ્રતો આ ભંડારમાં સ્થાન ધરાવે છે.

(૩) ખંભાતમાં ખારવાડામાં જૈનશાળામાં મુનિશ્રી નીતિવિજયજી મહારાજનો ભંડાર છે. જે જ્ઞાનવિમલસૂરિના ભંડારથી પણ ઓળખાય છે. આ ભંડારમાં પાંચ હજાર હસ્તપ્રતોનો શ્રેષ્ઠ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંગ્રહ છે. વિ.સં.૧૨૨૬ની કાગળ પર લખાયેલી 'જૈનકથાકોશ' નામની પ્રત ગુજરાતની પ્રાચીનતમ પ્રત મનાય છે. ઉપરાંત પંદરમી કે સોળમી સદીના પ્રારંભમાં લખાયેલી મનાતી એક સુવર્ણાક્ષરી સચિત્ર પ્રત છે. આ ભંડારની પ્રતોનું અકારાદિ ક્રમે નોંધાયેલું રજીસ્ટર તૈયાર થયેલું છે. વિક્રમના અઢારમા સૈકામાં થઈ ગયેલા મુનિ જ્ઞાનવિમલસૂરિએ સંસ્કૃત અને ગુજરાતીમાં અનેક ગ્રંથોની રચના કરેલી. જેના પર યશોવિજયજીએ અનેક બાલાવબોધો અને ગુજરાતી ગદ્યટીકાઓ રચેલી. તેનો મુખ્ય સંગ્રહ આ ભંડારમાં છે. પં.સુખસાગર કવિએ કરેલી જ્ઞાનવિમલસૂરિકૃત ગ્રંથની પ્રથમાદર્શ નકલ પણ અહીં સચવાઈ છે.

(૪) પાર્શ્વચંદ્રગચ્છનો અથવા ભાતૃચંદ્રસૂરિનો ભંડાર : આ ભંડારમાં એક કબાટમાં પંદરસો જેટલી પ્રતો હોવાનું મનાય છે. જેમાં કેટલીક તાડપત્રીય પ્રતો પણ છે. આ પ્રતો વ્યવસ્થિત ગોઠવાયેલી નથી. તેમજ તેનું વ્યવસ્થિત રજીસ્ટર પણ તૈયાર થયેલું નથી.

| | | |
|---|---|---|
| ચંડીસર<br>તા.પાલનપુર<br>(બનાસકાંઠા) | ૧ | અહીં યતિનો નાનો ભંડાર હતો. હાલની પરિસ્થિતિની વિગતો ઉપલબ્ધ થઈ નથી. |
| ચાણસ્મા<br>(જિ.મહેસાણા) | ૧ | 'જીવનમણિ લાયબ્રેરી' માં થોડી હસ્તપ્રતો છે. |
| ચાંપાનેર<br>તા.હાલોલ<br>(પંચમહાલ) | ૧ | ચાંપાનેરના તાડપત્રીય હસ્તપ્રતભંડારમાં ઈ.સ.૧૪૩૩ના સમયનો કાપડ પર દોરાયેલો 'પંચતીર્થ' નો પટ ઘણો જ પ્રસિદ્ધ છે. આ પટ ત્રીસ ફૂટ લાંબો અને એક ફૂટ પહોળો છે. જેમાં કુલ સાત ચિત્રોનું આયોજન કરેલું છે. |
| છાણી<br>(જી.વડોદરા) | ૨ | એક જ મકાનમાં બે અલગ અલગ ભંડારો સચવાયેલા છે. જેમાંના 'કાંતિવિજયજી શાસ્ત્રસંગ્રહ' ભંડારમાં કુલ ૧૧૨૧ પ્રતો છે. જેમાં 'કલ્પસૂત્ર સટીક' ની રૌપ્યા-ક્ષરી પ્રત ઉલ્લેખનીય છે. જયારે બીજા 'વીરવિજય શાસ્ત્રસંગ્રહ' ભંડારમાં પણ લગભગ એટલી જ સંખ્યામાં પ્રતો સચવાયેલી છે. જેમાં 'આવશ્યક નિર્યુક્તિ' ની સોળ પાનાની તાડપત્રીય પ્રત છે. તેમાં ષોડશ: વિદ્યાદેવીઓના સોળ ચિત્રો આપેલા છે. |

For Private and Personal Use Only

| | | |
|---|---|---|
| જખૌ<br>તા.અબડાસા<br>(કચ્છ) | ૧ | દેરાસરનો જૈન હસ્તપ્રતભંડાર છે. જેમાં લગભગ ૩૦૦ પ્રતો ઉપલબ્ધ છે. |
| જંબુસર<br>(જી.ભરૂચ) | ૧ | નાનો હસ્તપ્રતભંડાર છે. જેમાં હસ્તપ્રતો ઉપરાંત શત્રુંજયનો સચિત્ર પટ ઉલ્લેખનીય છે. |
| જામનગર | ૪ | (૧) આયુર્વેદ યુનિ. જામનગર પાસે સાત-હજાર જેટલી પ્રતોનો સંગ્રહ છે, જે ભુવનેશ્વરી પીઠ, ગોંડલ પાસેથી ખરીદેલી છે.<br><br>(૨) ગુલાબલક્ષ્મી જ્ઞાનમંદિરના ભંડારમાં ઘણી પ્રતો છે. આ ભંડારમાંથી 'કલ્પસૂત્ર' ની ત્રણ-ચાર પ્રતો લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર અમદાવાદને ભેટ મળી છે.<br><br>(૩) વિશા શ્રીમાળી તપાગચ્છ જૈનજ્ઞાનભંડાર: આ ભંડારમાંની કેટલીક મહત્ત્વની પ્રતોની માઈક્રોફિલ્મ લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરે તૈયાર કરાવી રાખી છે.<br><br>(૪) સ્થાનકવાસીનો નાનો જૈન જ્ઞાનભંડાર છે. |
| જૂનાગઢ | ૨ | (૧) જૈન ઉપાશ્રયના ભંડારમાં આશરે દોઢ-હજાર પ્રતો છે. જેમાં ઉપાધ્યાય યશોવિજયજી રચિત 'વિજયોલ્લાસ મહાકાવ્ય' ની તેમના જ સ્વહસ્તાક્ષરવાળી પ્રત મહત્ત્વની છે. જે લખતાં અધૂરી રહેલી છે. આ પ્રતની ફોટોકોપી લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર પાસે છે.<br><br>(૨) જતિજીના ડહેલામાં થોડી હસ્તપ્રતો સંગ્રહાયેલી છે. |
| ડભોઈ<br>(જી.વડોદરા) | ૨ | (૧) મુક્તાબાઈ જૈન જ્ઞાનમંદિર : જેમાં આશરે દશેક હજાર પ્રતો છે. આ પ્રતોને વ્યવસ્થિત રીતે બે પૂંઠામાં અને કાગળના આવરણમાં મૂકી સફેદ કપડાથી બાંધીને લાકડાના ડબ્બાઓમાં નંબરપ્રમાણે ગોઠવેલી છે. આ ભંડારનું અકારાદિ રજીસ્ટર તૈયાર કરેલું છે. |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| | | (૨) યશોવિજયજી જ્ઞાનમંદિર : આશરે પાંચ હજાર પ્રતો છે. જે વ્યવસ્થિત ગોઠવાયેલી છે. ઉપરોક્ત પધ્ધતિએ આ ભંડારની પ્રતો વ્યવસ્થિત કરેલી છે. તેનું અકારાદિ રજીસ્ટર પણ તૈયાર થયેલું છે. |
| થરાદ (જી.બનાસકાંઠા) | ૧ | નાનો ભંડાર છે. જેમાં થોડી સંખ્યામાં પ્રતો મળે છે. |
| દ્વારકા તા.ઓખામંડળ (જામનગર) | ૧ | શારદા વિદ્યાપીઠ (દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી એન્ડ ઇન્ડોલોજીકલ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ) માં લગભગ ૧૦૦૦ સંસ્કૃત હસ્તપ્રતો છે. |
| નડિયાદ (જી.ખેડા) | ૧ | 'ડાહીલક્ષ્મી લાયબ્રેરી'માં સારી એવી સંખ્યામાં પ્રતો સંગ્રહાયેલી છે. પ્રતો વ્યવસ્થિત કરેલી નથી. મોટા પોટલાઓ બાંધીને રાખેલી છે. આ સંગ્રહની ગુજરાતી હસ્તપ્રતોની સૂચિ 'સંકલિત હસ્તપ્રત યાદી' નામના સૂચિપત્રમાં છપાઇ છે. |
| નાલીઆ તા.અબડાસા(કચ્છ) | ૧ | નાનો ભંડાર છે. |
| નાર તા.પેટલાદ(ખેડા) | ૧ | એક નાનો ભંડાર હતો. હાલ તેની શું સ્થિતિ છે તેની વિશેષ માહિતી ઉપલબ્ધ થઇ નથી. |
| પત્રી તા.મુન્દ્રા(કચ્છ) | ૧ | અહીંના ભંડારમાં સારી એવી સંખ્યામાં હસ્તપ્રતો સંગ્રહાયેલી છે. |
| પાટણ (જિ.મહેસાણા) | ૫ | (૧) 'હેમચંદ્ર જ્ઞાનમંદિર' : જે પાટણના જુદા જુદા હસ્તપ્રતભંડારોના સંગ્રહો એકત્ર કરીને સ્થપાયો છે. તેમાં કાગળ પરની વીસ હજાર, અને પાંચસો જેટલી તાડપત્રીય પ્રતો છે. આ ભંડારમાંની તાડપત્રીય પ્રત 'ચિત્તરીચૂર્ણિ અનુમાન' એક હજાર વર્ષ પ્રાચીન માનવામાં આવે છે. તેમ જ કાપડ પર લખાયેલી 'ધર્મવિધિ' 'કચ્છુલીરાસ' અને 'ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત' નામના ગ્રંથો ઉલ્લેખનીય છે. 'આગમડમ્બર' નાટકની કૃતિ |

For Private and Personal Use Only

પ્રત આ ભંડારમાં પ્રાપ્ય છે. છઠ્ઠી સાતમી સદીના બૌદ્ધચિંતક આચાર્ય ધર્મકીર્તિની પ્રખ્યાત કૃતિ 'પ્રમાણવાર્તિક સટીક' મળે છે જે તિબેટના ભંડારોમાંથી પણ હજુ સુધી પ્રાપ્ત થઈ નથી. વિ.સં.૧૨૩૪માં લખાયેલી એક પ્રાચીન પ્રત પણ મળી આવે છે. કાગળ પર લખાયેલી સોળ હજાર પ્રતોનું મુનિશ્રી પુણ્યવિજયજીએ તૈયાર કરેલું સૂચિપત્ર ભાગ-૧ લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર તરફથી પ્રકાશિત થયું છે. તાડપત્રીય પ્રતોનું સી.ડી. દલાલે તૈયાર કરેલું સૂચિપત્ર વડોદરાની 'ગાયકવાડ પ્રાચ્ય વિદ્યામંદિર' સંસ્થાએ પ્રકાશિત કરેલું છે.

(૨) ભાભાના પાડાનો વિમલગચ્છનો ભંડાર: આ ભંડારમાં 'પ્રમાણવાર્તિક' બૌદ્ધ ગ્રંથની મૂળ સંસ્કૃત પ્રત મળે છે. જેની ફોટોસ્ટેટ નકલ લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર પાસે છે.

(૩) ખેતરવસીનો ભંડાર : જેમાં કાગળ પર લખાયેલી પ્રતોનો અલગ સંગ્રહ રાખેલો છે. આ ભુવનવિજયજી મહારાજના અધિકારનો ભંડાર છે.

(૪) ખેતરવસીનો તાડપત્રીય ભંડાર : જે જૈન-સંઘના ભંડાર તરીકે પણ ઓળખાય છે.

(૫) સ્થાનકવાસી જૈન ભંડાર : જે સ્ટેશન રોડ પર ઘેલ માતાની ખડકીમાં આવેલો છે. આ ભંડારમાં બે-ત્રણ તાડપત્રીય પ્રતો સિવાયની બધી જ પ્રતો કાગળ પર લખાયેલી મળે છે.

| | | |
|---|---|---|
| પાદરા (જી.વડોદરા) | ૧ | વિશેષ માહિતી ઉપલબ્ધ થઈ નથી. |
| પાલનપુર (જી.બનાસકાંઠા) | ૨ | (૧) જૈનાનો ભંડાર અને (૨) તપાગચ્છનો ભંડાર છે. ત્યાંના ડાયરાના સંગ્રહની પ્રતો લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદને સોંપાઈ છે. |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| પાલીતાણા (જી.ભાવનગર) | ૭ | (૧) આગમમંદિરનો હસ્તપ્રતભંડાર.<br>(૨) શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો સંગ્રહ.<br>(૩) સાહિત્યમંદિરનો ભંડાર.<br>(૪) જયાનંદસૂરિનો ભંડાર.<br>(૫) લક્ષ્મીચંદ ગોરજીનો ભંડાર.<br>(૬) 'ખરતરગચ્છ' નો ભંડાર.<br>(૭) પાલીતાણા મોટી તોળીનો ભંડાર જે કોબાના 'મહાવીર જૈન આરાધના કેન્દ્ર'ને સોંપાયો હોવાનું મનાય છે. |
| પાલેજ (ભરૂચ) | ૧ | જૈનસંઘનો નાનો હસ્તપ્રતભંડાર છે. |
| પ્રભાસપાટણ (જી.જૂનાગઢ) | ૧ | વિશેષ માહિતી ઉપલબ્ધ થઈ નથી. |
| બોટાદ (જી.ભાવનગર) | ૧ | 'જૈનપાઠશાળા' નો સંઘનો નાનો ભંડાર છે. |
| બોરસદ (જી.ખેડા) | ૧ | ત્યાંની લાયબ્રેરીમાં થોડી હસ્તપ્રતો છે. જેમાં મળતી 'શ્રીપાળ રાજાનો રાસ' નામની કાગળ પર લખાયેલી પ્રત મહત્વની છે. |
| ભચાઉ (જી.કચ્છ) | ૧ | વિશેષ માહિતી ઉપલબ્ધ થઈ નથી. |
| ભડિયાદ તા.ધંધુકા(અમદાવાદ) | ૧ | વિશેષ માહિતી ઉપલબ્ધ થઈ નથી. |
| ભાવનગર | ૩ | (૧) 'જૈન આત્માનંદ સભા' નો મોટો ભંડાર છે.<br>(૨)'શ્રી સંઘનો જ્ઞાનભંડાર' : જેનો વહીવટ શેઠ ડોસાભાઈ અભયચંદની પેઢી દ્વારા થાય છે. આ ભંડાર મોટો છે. જેમાં 'કલ્પસૂત્ર' ની સુવર્ણાક્ષરી સચિત્ર પ્રત છે. પ્રતની લિપિ સુંદર છે. દરેક પાનાની ચોમેર વેલનું ચિત્રકામ છે.<br>(૩) શ્રી યશોવિજયજી જૈન પાઠશાળાનો નાનો ભંડાર છે. |
| મહુધા તા.નડીઆદ (ખેડા) | ૧ | મુનિશ્રી પં.કીર્તિમુનિજીના ભંડારમાં ઘણી હસ્તપ્રતો સુરક્ષિત અને વ્યવસ્થિત સંગ્રહાયેલી છે. એક તાડપત્રીય પ્રત પણ મળે છે. |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| મહેસાણા | ૨ | (૧) સિમંધર મંદિરમાં બારેક-ચાર કબાટોમાં પ્રતો સંગ્રહાયેલી છે. જે બધી પ્રતો જોટાણા અને અન્ય સ્થળોએથી કૈલાસસાગરમુનિએ બે વર્ષ પહેલાં મેળવેલી છે. તેનું લીસ્ટ તૈયાર થયું નથી.<br><br>(૨) જૈન ઉપાશ્રયમાં 'જૈન સંઘનો ભંડાર' છે. |
| માંગરોળ (જીઃજૂનાગઢ) | ૧ | જૈન સંઘનો નાનો ભંડાર છે. |
| માંડલ તા.વિરમગામ (અમદાવાદ) | ૧ | પાયચંદગચ્છનો મોટો ભંડાર છે. જેમાં બે હજાર જેટલી પ્રતો સંગ્રહાયેલી છે. |
| માંડવી (જી.કચ્છ) | ૩ | (૧) શ્રી વર્ધમાન જૈન જ્ઞાનભંડાર : (ઠે.આઠ-કોટી મોટો પક્ષ, માંડવી) : જેમાં કાગળ પર લખાયેલી પ્રતો ઉપરાંત તાડપત્રીય પ્રતો છે.<br><br>(૨) જિનદત્તસૂરિ જૈન જ્ઞાનભંડાર (ખરતર-ગચ્છનો જૈનસંઘનો ભંડાર, ઠે.બંબાબજાર, માંડવી): આ ભંડારમાં તાડપત્રીય 'કલ્પ-સૂત્ર'ની સચિત્ર પ્રત છે. કાગળ પર લખાયેલી શ્રીધરાચાર્ય રચિત 'ભવિષ્યદત્ત ચરિત્ર' પ્રત મળે છે. જે અન્યત્ર ખાસ ઉપલબ્ધ નથી. સં.૧૬૪૧-ની 'તારચંદ કુરચંદ ચોપઈ' પ્રત મળે છે.<br><br>(૩) તપાગચ્છનો જૈન ભંડાર (ઠે.ચંબેલી-વાળી ધર્મશાળા, માંડવી) : આ નાનો હસ્તપ્રતભંડાર છે. |
| મુન્દ્રા (જી.કચ્છ) | ૧ | જૈન ઉપાશ્રયમાં નાનો ભંડાર છે. |
| મોરબી (જી. રાજકોટ) | ૨ | (૧) મોરબીના એક ભંડારની બધી જ પ્રતો પૂરના પાણીમાં નુકસાન પામેલી, ચોંટી ગયેલી હતી. અત્યારની તેની વિશેષ વિગતો પ્રાપ્ય નથી. |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| | | (૨) જૈનસંઘના ઉપાશ્રયનો ભંડાર : જેમાં થોડી પ્રતો છે. પૂરના પાણીથી તેને નુકસાન થયેલું નથી. |
| રાજકોટ | ૩ | (૧) સૌરાષ્ટ્ર યુનિ. ના ભાષાભવનમાં આઠ હજાર જેટલી પ્રતો સંગ્રહાયેલી છે. જેમાં પાંચથી છ હજાર જેટલી ચારણી હસ્તપ્રતો છે. ગુજરાતી, સંસ્કૃત, વ્રજ અને વિશેષતઃ ડીંગળી ભાષામાં જ્યોતિષ, રાસ, ચારણી સાહિત્ય વિષેની પ્રતો ઉપલબ્ધ છે. આમાંની ચારણી સાહિત્યની પ્રતોનું સૂચિપત્ર 'ચારણી સાહિત્ય પ્રદીપ ભાગ-૧' પ્રસિદ્ધ થયું છે. તેનો બીજો ભાગ પ્રકાશિત થવાની તૈયારીમાં છે. |
| | | (૨) કોઠારીયા નાકા જૈન ઉપાશ્રયમાં થોડી હસ્તપ્રતો છે. |
| | | (૩) દેરાશેરીના ઉપાશ્રયમાં પણ થોડી હસ્તપ્રતો સંગ્રહાયેલી છે. |
| રાધનપુર (જી.બનાસકાંઠા) | ૫ | (૧) જૈન શાળાનો ભંડાર : બે-ત્રણ સંગ્રહો મળીને બનેલા આ ભંડારમાં આશરે દસેક હજાર હસ્તપ્રતો છે. |
| | | (૨) સખી દોશીની પોળમાં આવેલો 'સંઘનો જ્ઞાનભંડાર' : ત્રણ-ચાર કબાટો જેટલી પ્રતો છે. જે મહત્ત્વની છે. |
| | | (૩) વિજયભદ્રસૂરિ જ્ઞાનમંદિર : આ ભંડારમાં લગભગ પાંચેક હજારથી પણ વધુ પ્રતો હોવાનો સંભવ છે. |
| | | (૪) વીરસૂરિ જૈન જ્ઞાનમંદિર : આ પણ મોટો હસ્તપ્રતભંડાર છે. |
| | | (૫) તંબોળી શેરીનો ભંડાર (ઠે.પાનમંડી, રાધનપુર) : આ ભંડારમાં લગભગ ત્રણ કબાટો જેટલી હસ્તપ્રતો છે. રાધનપુરના આ બધા જ ભંડારોના લીસ્ટ તૈયાર થયેલા છે. |

For Private and Personal Use Only

| | | |
|---|---|---|
| રાંદેર (સુરત) | ૧ | જૈનસંઘનો ભંડાર છે. અહિંનો મુનિશ્રી પ્રીતિવિજયજીનો બીજો એક ભંડાર હાલ કોબામાં ભેટ આવેલો છે. |
| લાલા તા.અબડાસા(કચ્છ) | ૧ | નાનો હસ્તપ્રતભંડાર છે. |
| લીચ (મહેસાણા) | ૧ | નાનો હસ્તપ્રતભંડાર છે. |
| લીંબડી (જી.સુરેન્દ્રનગર) | ૨ | જૈન જ્ઞાનભંડાર (દેરાવાસી ભંડાર) છે. બીજો સ્થાનકવાસી જૈનભંડાર છે. બંને હસ્તપ્રતભંડારોમાં કુલ મળીને ચાર હજાર જેટલી હસ્તપ્રતો છે. સ્થાનકવાસીભંડારમાં ૩૨૩૮ હસ્તપ્રતોનો સંગ્રહ છે. તેનું સૂચિપત્ર મુનિશ્રી ચતુરવિજયજીએ તૈયાર કરી પ્રસિદ્ધ કરાવ્યું છે. આ ભંડારમાં વિ.સં.૧૧૮૦ માં રચાયેલી યશોભદ્રસૂરિ કૃત 'પાક્ષિકસૂત્રવૃત્તિ' નામની તાડપત્રીય પ્રત અને વિ.સં.૧૩૦૧ ની એક પ્રાકૃત-સંસ્કૃત પ્રત છે. જે આ સંગ્રહની પ્રાચીન તાડપત્રીય હસ્તપ્રત મનાય છે. કાગળ પર લખાયેલી સૌથી પ્રાચીન હસ્તપ્રત 'પ્રવચન સારોદ્ધાર સટીક'ની છે જે ૧૭$\frac{૧}{૪}$ × ૪$\frac{૩}{૪}$ ઇંચ લાંબી છે. તાડપત્રીય પ્રતોમાં 'જ્ઞાતાધર્મ કથાંગ સટીક' સૌથી લાંબી છે. આ ભંડારમાં બે સુવર્ણાક્ષરી પ્રતો છે. કેટલીક સચિત્ર પ્રતો પણ છે. |
| વડનગર તા.ખેરાલુ(મહેસાણા) | ૧ | નાનો હસ્તપ્રતભંડાર છે. |
| વડોદરા | ૪ | (૧) 'પ્રાચ્ય વિદ્યામંદિર' ના હસ્તપ્રતભંડારમાં ત્રીસ હજાર ઉપરાંત હસ્તપ્રતો છે. જેમાંની ગુજરાતી પ્રતોને આધારે 'ગાયકવાડ પ્રાચ્ય ગ્રંથમાળા'ના ગ્રંથો પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ ભંડારનું સૂચિપત્ર પ્રસિદ્ધ થઈ ગયું છે. જેમાં ઇ.સ. ૧૯૪૨ માં પ્રકાશિત થયેલા પહેલા ભાગમાં ૭૩૪૮ પ્રતોની અને બીજા ભાગમાં ૯૦૭૭ પ્રતોની સંપૂર્ણ વિગતો આપવામાં આવી છે. આ ભંડારમાં |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલીક દુર્લભ પ્રતો પણ પ્રાપ્ત થાય છે. હસ્તપ્રતોની વિગતો દર્શાવતા કાર્ડ અને રજીસ્ટરો પણ તૈયાર થયેલા છે.

(૨) હંસવિજયજી મહારાજનો ભંડાર : જેમાં ૪૩૬૩ પ્રતો છે.

(૩) મુનિશ્રી કીર્તિવિજયજીના સંગ્રહમાં ૩૦૯૨ સંસ્કૃત પ્રતો અને ૪૫૦૨ ગુજરાતી પ્રતો સંગ્રહાયેલી છે. જેનું અકારાદિ ક્રમનું રજીસ્ટર તૈયાર કરેલું છે. હંસવિજયજી મહારાજનો અને કીર્તિવિજયજી મહારાજનો ભંડાર એક જ મકાનમાં સંગ્રહાયેલા છે.

(૪) મુક્તિકમલ જૈન મોહનમાળા નો ભંડાર : જે કોઠીપોળ જૈન ઉપાશ્રયમાં આવેલો છે.

| | | |
|---|---|---|
| વલસાડ | ૧ | રત્નવિજયજી મહારાજનો એક નાનો ભંડાર ફુલગલી, મોટાબજારમાં આવેલો છે. |
| વલ્લભીપુર (જી.ભાવનગર) | ૧ | સ્થાનકવાસી જૈનભંડાર છે. જેમાં આશરે આઠ હજાર હસ્તપ્રતો છે. |
| વાવ (જી.બનાસકાંઠા) | ૧ | નાનો ભંડાર છે. |
| વાંકાનેર (જી.રાજકોટ) | ૧ | વિશેષ માહિતી ઉપલબ્ધ થઈ નથી. |
| વિજાપુર (જી.મહેસાણા) | ૧ | 'બુદ્ધિસાગરસૂરિ જ્ઞાનમંદિર' નો ભંડાર : લગભગ દસ હજારથી પણ વધારે પ્રતો સંગ્રહાયેલી છે. બધી જ પ્રતોનું લીસ્ટ તૈયાર કરેલું છે. |
| વિરમગામ (જી.અમદાવાદ) | ૧ | પાયચંદગચ્છનો નાનો ભંડાર છે. |
| વેડ તા.સમી(મહેસાણા) | ૧ | પ્રેમચંદ જતિનો ભંડાર છે. જેમાં લગભગ એક કબાટ ભરીને પ્રતો સંગ્રહાયેલી છે. |
| સાણંદ (જી.અમદાવાદ) | ૧ | જ્ઞાનમંદિરનો એક ભંડાર છે. |

For Private and Personal Use Only

| | | |
|---|---|---|
| સાંતલપુર<br>(જી.બનાસકાંઠા) | ૧ | એક કબાટ ભરાય તેટલી પ્રતો છે. |
| સીનોર<br>(જી.વડોદરા) | ૧ | નાનો ભંડાર છે. જેમાં મુદ્રિત પુસ્તકોની સાથે સો જેટલી હસ્તપ્રતો અલગ રાખેલી છે. |
| સીપોર<br>તા.ખેરાલુ(મહેસાણા) | ૧ | મહેન્દ્રવિમલજીનો નાનો ભંડાર છે. |
| સુરત | ૧૧ | (૧) 'નેમિ કસ્તુર વિજ્ઞાન જ્ઞાનમંદિર' માં સારી એવી સંખ્યામાં હસ્તપ્રતો છે. બુકમુનિજીના જ્ઞાનભંડારની પાંચથી છ હજાર જેટલી પ્રતો આ ભંડારમાં સંગ્રહાયેલી છે. તાડપત્રીય પ્રતો થોડી છે પણ સારી સ્થિતિમાં સચવાયેલી છે.<br>(૨) જૈનઆનંદ પુસ્તકાલયમાં ૧૪૫૨૮ પ્રતો સંગ્રહાયેલી છે.<br>(૩) 'ચુનીલાલ ગાંધી વિદ્યાભવન' માં સાત હજાર જેટલી પ્રતો છે જેમાં ૨૫૫૮ પ્રતો સંસ્કૃત ભાષાની છે.<br>(૪) મોહનલાલજીનો એક ભંડાર છે.<br>(૫) સીમંધરજીના ઉપાશ્રયમાં 'સીમંધર જૈન જ્ઞાનભંડાર' છે.<br>આ અને બીજા નાના-મોટા થઈને લગભગ અગિયાર ભંડારો હાલ વિદ્યમાન છે. |
| સુરેન્દ્રનગર | ૧ | આણંદજી કલ્યાણજીની પેઢીનો એક ભંડાર છે જેમાં ૪૦૦૦ જેટલી હસ્તપ્રતો છે. |
| સોજીત્રા<br>તા.પેટલાદ (ખેડા) | ૧ | વિશેષ માહિતી ઉપલબ્ધ થઈ નથી. |

ગુજરાતમાં જુદા જુદા ૬૭ જેટલાં સ્થળોએ સંગ્રહાયેલાં નાના-મોટા ૧૨૩ જેટલાં હસ્તપ્રતભંડારોની પ્રાપ્ત થયેલી વિગતો અહીં દર્શાવી છે. આ ઉપરાંત

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાતમાં કેટલાક સ્થળોએ હસ્તપ્રતભંડારો અસ્તિત્વમાં હતા જે એક યા બીજા કારણસર અન્ય ભંડારો સાથે ભેળવી દેવામાં આવ્યા છે. જેમાં ખેડા, ગોંડલ, પોપા, જોટાણા, દરાપરા, ભરૂચ, રાંતેજ, વઢવાણ વગેરે સ્થળોને ગણાવી શકાય.

ખેડામાં સુમતિરત્નસૂરિનો નાનો જ્ઞાનભંડાર હતો. ત્યાંની બધી જ પ્રતો ખેડા જૈનસંઘ દ્વારા અમદાવાદની લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર સંસ્થાને ભેટ સ્વરૂપે પ્રાપ્ત થઈ છે. આ જ સંસ્થામાં પોપા (ભાવનગર) ની ૨૧૦ હસ્તપ્રતોનો સંગ્રહ, દરાપરા (ભરૂચ) નો સંગ્રહ, અને ભરૂચનો હસ્તપ્રતભંડાર વગેરે વિવિધ સંગ્રહો પણ ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયા છે. ગોંડલ (રાજકોટ) ભુવનેશ્વરી પીઠ ટ્રસ્ટ પાસે લગભગ સાત હજાર પ્રતોનો સંગ્રહ હતો જેનું સૂચિપત્ર પણ પ્રસિદ્ધ થયું છે. આ બધી જ પ્રતો ગુજરાત સરકારે ખરીદીને જામનગર આયુર્વેદ યુનિવર્સિટીમાં રાખેલી છે. જોટાણા (મહેસાણા) માં નાનો હસ્તપ્રતભંડાર હતો જે બે વર્ષ પહેલાં જ કૈલાસસાગર મુનિના પ્રયત્નોથી સિમંધર મંદિર-મહેસાણામાં ભેળવી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત રાંતેજ (તા.ચાણસ્મા) અને વઢવાણ (સુરેન્દ્રનગર) માં પણ હસ્તપ્રતભંડારો હોવાના ઉલ્લેખો મળે છે. પરંતુ હાલ ત્યાં એકપણ ભંડાર અસ્તિત્વ ધરાવતો નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગુજરાતના હસ્તપ્રતભંડારોનું મહત્વ :

ગુજરાત પાસે વૈવિધ્યપૂર્ણ, સમૃધ્ધ હસ્તપ્રત સામગ્રી છે. દરેક હસ્તપ્રતભંડાર તેમાં સંગ્રહીત હસ્તપ્રતોની લિપિ, ભાષા, વિષય, ચિત્રસામગ્રી તેમજ પ્રાચીનતાની વિવિધતાને કારણે પોતાનું આગવું સ્થાન ધરાવે છે, કેટલીક વિશિષ્ટતાઓ ધરાવે છે, જેને લીધે તેનું મહત્વ વિશેષ રૂપ ધારણ કરે છે.

## ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્તા :

હસ્તપ્રતભંડારોમાં પ્રાપ્ત થતી સામગ્રીમાંથી દેશની કે જે તે પ્રદેશની કે સ્થળની ઐતિહાસિક વિગતો પ્રાપ્ત થાય છે. હસ્તપ્રતોમાંથી શાસનકર્તાની માહિતી, તેની વંશાવલીની વિગતો પ્રાપ્ત થાય છે. હસ્તપ્રતના લેખકો કે લહિયાઓના આશ્રયદાતાનું નામ તેમ જ તેની અન્ય વિગતો પણ મળે છે. હસ્તપ્રતોમાં મોટેભાગે હસ્તપ્રતના અંતે તો કોઈવાર શરૂઆતમાં પ્રશસ્તિઓમાંથી અને અંતમાં મળતી પુષ્પિકાઓની વિગતોમાં ગામ કે નગર, ત્યાંના રાજા અને મંત્રીઓના નામ, ટંકશાળો, લશ્કરી સામગ્રી વગેરેના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. જે ઐતિહાસિક સત્યો તારવવામાં ખૂબ જ ઉપયોગી બને છે. હસ્તપ્રતોમાંથી મળતી માહિતીને આધારે ઘણીવાર જે તે સ્થળ, પ્રદેશ કે નગરના ઈતિહાસની ખૂટતી કડી જોડી શકાય છે.

હસ્તપ્રતોમાંની કથાસામગ્રી દ્વારા તે તે કાલની પ્રજાની સાંસ્કૃતિક સંપત્તિ, જન્મ-વિવાહ અંગેના રીતરિવાજો, રાજયવ્યવસ્થા, લોકવ્યવસ્થા વિશેની વિશિષ્ટ સામગ્રી પ્રાપ્ત થાય છે. હસ્તપ્રતોના આધારે જે તે સમયની સાંસ્કૃતિક પ્રક્રિયાની વિગતો પણ પ્રાપ્ત થઈ શકે છે. ગુજરાતના હસ્તપ્રત-ભંડારોમાં મુખ્યત્વે ઈ.સ.ની બારમી સદીથી હસ્તપ્રતો પ્રાપ્ત થાય છે તેથી તે સમય પછીના ગુજરાતની ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિગતો મેળવવા માટે ઐતિહાસિક સંશોધન સામગ્રીના એક મહત્વના સાધન તરીકે હસ્તપ્રતોનું મૂલ્ય ખૂબ ઉંચું છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાતની ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિગતો વર્ણવતું 'કુમારપાલપ્રબંધ' તેમજ ચાંપાનેરના રાજા ગંગદાસના અમદાવાદના સુલતાન મુહમ્મદ બીજા સાથેના વિગ્રહનું વર્ણન કરતું નાટક 'ગંગદાસપ્રતાપવિલાસ'; જૂનાગઢના છેલ્લા હિંદુ રાજા માંડલિકનું ચરિત્ર વર્ણવતું 'મંડલિક કાવ્ય'; મુહમ્મદ બેગડાની પ્રશસ્તિ આલેખતું ઉદયરાજનું સંસ્કૃત 'રાજવિનોદ મહાકાવ્ય' વગેરેને ઉલ્લેખનીય ગણાવી શકાય.[૯]

કર્ણાટકના સ્વયંભૂકવિના ઈ.સ.ના નવમા સૈકામાં રચાયેલા અપભ્રંશ મહાકાવ્ય 'પઉમચરિઉ' માં જે 'અઈવડ્ડુ' નગરનો ઉલ્લેખ કર્યો છે તેને વિદ્વાનોએ અણહિલવાડ-પાટણ શહેરના નામ સાથે સાંકળવાનો પ્રયત્ન કર્યો છે.[૧૦]

સોળમા શતકના પહેલા દાયકામાં રચાયેલ લાવણ્યસમય રચિત 'વિમલપ્રબંધ'માં તે સમયના રીતરિવાજોનું રસમય શૈલીથી વર્ણન કરેલું છે.[૧૧] સંઘદાસગણિના 'વાસુદેવહિંડી' ગ્રંથમાં પણ આર્થિક બાબતો, વેપાર, મુસાફરી, તેના માર્ગો વગેરેનું વર્ણન મળે છે તેમજ 'અંગવિજ્જા' ગ્રંથમાં માનવઅંગોની વિવિધ ચેષ્ટાઓ - ક્રિયાઓના પ્રકારો, ગોત્ર, નામ, વસ્ત્ર, આભૂષણ, ઉત્સવ, સિક્કાઓ વગેરેની માહિતી પ્રાપ્ત થાય છે.[૧૨]

આમ હસ્તપ્રતભંડારોમાં સચવાયેલા આવા અનેક હસ્તપ્રત ગ્રંથો પરથી જે તે સમયની ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિગતો પ્રાપ્ત કરી શકાય છે.

---

૯. ભોગીલાલ જ.સાંડેસરા, 'ઈતિહાસ અને સાહિત્યના તાણાવાણા', બુદ્ધિપ્રકાશ, પુ.૧૧૦,અંક-૪, એપ્રિલ ૧૯૬૪, પૃ.૧૧૯-૧૨૦.

૧૦. એજન, પૃ.૧૧૭.

૧૧. રત્નમણિરાવ ભીમરાવ જોટે, ગુજરાતનું પાટનગર અમદાવાદ, ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ, ૧૯૨૯, પૃ.૩૯૫-૩૯૬.

૧૨. પાદનોંધ ૩ મુજબ, પૃ.૧૧-૧૨.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**<u>ભાષાકીય અને સાહિત્યક વારસાનું જતન કરનારી સંસ્થા :</u>**

હસ્તપ્રતોને ભારતનો દ્રવ્યાશ્રિત સામાજિક વારસો ગણી શકાય. એક યા બીજાં કારણોસર આવેલી વિપત્તિથી થતી અનેક વિશ્વનાશની પ્રક્રિયામાં પણ કાળજીપૂર્વક આપણા આ વારસાનું જતન આપણા પૂર્વજો કરી શકયા છે તે ગૌરવની વાત છે. ખાસ કરીને હિંદુ સમાજમાં બ્રાહ્મણો વ્યક્તિગત ધોરણે સ્તોત્ર, કર્મકાંડ, જયોતિષ, દર્શન, આયુર્વેદ, વ્યાકરણ, કાવ્યશાસ્ત્ર વગેરે અનેક વિષયોની હસ્તપ્રતો તૈયાર કરતા અને સંગ્રહ કરતા. પરંતુ કાળબળે તેમાંની ઘણી પ્રતોનો નાશ થયો. આમ છતાં તેમણે તથા જૈન સમાજે અને આધુનિક સંશોધન સંસ્થાઓએ આ હસ્તપ્રતોની કિંમત પિછાણી. તેઓએ વેરવિખેર પડેલી હસ્તપ્રતોને એકત્રિત કરી તેની નકલો કરાવી, તેના જતન અને સંભાળ માટે વિશેષ કાળજી આપી. જેને પરિણામે આપણા આ વારસાને સાચવવાનો સબળ પ્રયત્ન આપણે કરીએ છીએ.

આપણા હસ્તપ્રતભંડારોમાં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, ફારસી, હિંદી, રાજસ્થાની, ગુજરાતી વગેરે અનેક ભાષાઓની જૈન અને જૈનેતર હસ્તપ્રતો વિપુલ પ્રમાણમાં સંગ્રહાયેલી છે. તેમાં આપણી પ્રાચીન ભાષાઓનું શબ્દભંડોળ ગુજરાતી શબ્દકોષોને સમૃધ્ધ કરવા માટે ખૂબ જ ઉપયોગી બને તેમ છે.[13] આ ઉપરાંત આપણી પ્રાચીન બ્રાહ્મી અથવા વર્તમાન દેવનાગરી, ગુજરાતી વગેરે લિપિઓનો વિકાસ કેમ થયો અને એમાંથી ક્રમે ક્રમે આજની આપણી લિપિઓનાં વિવિધ રૂપો કેમ સર્જાયાં એ જાણવા માટે આ જ્ઞાનભંડારોમાંની જુદા જુદા પ્રદેશોના લેખકોને હાથે સૈકાવાર જુદા જુદા મરોડ અને આકારપ્રકારમાં લખાયેલી પ્રતિઓ ઘણી જ ઉપયોગી છે.[14]

---

૧૩. પાદનોંધ ૩ મુજબ, પૃ.૮.

૧૪. એજન, પૃ.૧૦.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાતના હસ્તપ્રતભંડારોમાં ગુજરાતી ભાષા અને સાહિત્યના ઇતિહાસ માટેની વિપુલ સામગ્રી છે. તેમાં બારમા સૈકાથી માંડી એકપણ દસકો એવો નથી જેમાં રચાયેલી ગદ્ય-પદ્ય કૃતિઓ પ્રાપ્ત થતી ન હોય. સચવાયેલી આ સાહિત્યિક સામગ્રી પરથી અનેક પ્રકાશનો થયાં છે. ખાસ કરીને મહારાજા સયાજીરાવ ગાયકવાડની પ્રેરણાથી વડોદરા રાજ્યે સી.ડી.દલાલના મુખ્ય સંપાદન નીચે ગાયકવાડ ઓરિએન્ટલ સિરીઝ (ગાયકવાડ પ્રાચ્ય ગ્રંથમાલા)નો આરંભ કરેલો, જેનું પ્રથમ પુસ્તક રાજશેખર કૃત 'કાવ્ય મીમાંસા' પ્રકાશિત થયું હતું. આ પ્રવૃત્તિ આજપર્યંત ચાલુ છે જેમાં લગભગ પોણાબસો કરતાં પણ વધુ ગ્રંથો પ્રસિધ્ધ થયા છે. [૧૫]

આ સિવાય લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર જેવી અન્ય કેટલીક સંશોધન સંસ્થાઓએ પણ આ પ્રકારની પ્રકાશનપ્રવૃત્તિ હાથ ધરી છે જેને પરિણામે અનેક પ્રાચીન ગ્રંથો છાપવામાં બન્યાં છે.

<u>શિક્ષણ અને સંશોધનના કેન્દ્ર તરીકે</u> :

પ્રાચીન ભારતમાં તક્ષશિલા, વિક્રમશિલા, નાલંદા, વલભી વગેરે વિદ્યાધામોના પુસ્તકાલયો મહત્વના શૈક્ષણિક તેમજ સંશોધનના આધારસ્તંભો હતા. દેશના તેમજ પરદેશના અનેક વિદ્વાનો ત્યાં રહીને ગ્રંથોનું અધ્યયન કરતા. આજે પણ આ ઉદ્દેશથી જ હસ્તપ્રતોની જાળવણી કરવામાં આવે છે.

સંશોધકો પ્રાચીન હસ્તલિખિત પ્રતોના પાઠ-ભેદોનો અભ્યાસ કરી તેની પ્રાચીનતા, તેની વિશિષ્ટતા, તેના લેખનના દોષો વગેરે નક્કી કરી પ્રતના મૂળ સુધી જવાનો પ્રયત્ન કરતા હોય છે. ગુજરાતમાં મોટાભાગની હસ્તપ્રતો ઇ.સ.ના બારમા સૈકા પછીથી ક્રમશઃ વધતી જતી સંખ્યામાં પ્રાપ્ત થાય છે. આ જે હસ્તપ્રતો છે તેમાંની કેટલીક બહુ પ્રાચીન કાળ સુધી જઇ શકતી નથી. મોટેભાગે હસ્તપ્રતોમાં જે પાઠ્યગ્રંથો સચવાયેલા છે તે પાઠ્યગ્રંથોની મૂળ પ્રત

---

૧૫. પાદનોંધ ૧ મુજબ, પૃ.૧૦.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોતી નથી પરંતુ પ્રતિલિપિ અથવા તો ક્યારેક આ નકલની પણ પ્રતિલિપિ કે પ્રત હોય છે. ઘણીવાર એક જ પાઠગ્રંથની જ્યારે મળતી પ્રતિલિપિને કારણે તે કેટલામી પ્રતિલિપિપ્રત છે તે નિર્ણય કરવો મુશ્કેલ પડે છે. સંશોધકો તેની લિપિ, લેખનશૈલી, તેના લહિયાઓની વિગત વગેરેના અભ્યાસ પરથી તેના મૂળ સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે અને તે દ્વારા તેની જૂનામાં જૂની પ્રત નક્કી કરે છે. આપણા મૂળ સાહિત્યિક વારસાનું જતન ન થઈ શકવાને કારણે આવા અસંખ્ય ગ્રંથો આપણે ગુમાવવા પડ્યા છે.[16]

આમ છતાં હસ્તપ્રતભંડારોમાંની પ્રાપ્ત સાહિત્યિક સામગ્રીના સંશોધનો-અભ્યાસ પરથી હસ્તપ્રતોના મૂળ સુધી જવાનો પ્રયત્ન અનેક વિદ્વાનોએ કર્યો છે અને કરતા રહે છે. આવા સંશોધનો પ્રકાશિત પણ થાય છે જે શિક્ષણના ક્ષેત્રે પણ ખૂબ જ ઉપયોગી બને છે.

ચિત્રકળાના નમૂનાના સંગ્રહસ્થાન તરીકે :

હસ્તપ્રતભંડારોમાં તાડપત્ર તેમજ કાગળ પર લખાયેલી હસ્તપ્રતો મોટા પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. તેમાં સચિત્ર હસ્તપ્રતોની સંખ્યા પણ સારા પ્રમાણમાં છે. હસ્તપ્રતોની સજાવટના હેતુથી તૈયાર કરાતી પ્રતની કિનાર તેમજ હસ્તપ્રતોના વચ્ચેના ભાગની ખાલી જગ્યામાં તેમજ હાંસિયાના વચ્ચેના ભાગમાં કાળી કે રંગીન શાહીથી દોરવામાં આવતા શંખ, ચક્ર, વજ્ર, છત્ર, સ્વસ્તિક, ફૂલ, કમળ વગેરેને લીધે અને કથાવસ્તુ કે દૃશ્યોના સંદર્ભમાં દોરાયેલા રંગીન ચિત્રોને લીધે હસ્તપ્રતોનું મૂલ્ય ઘણું જ વધી જતું હોય છે. આવાં રંગીન ચિત્રો પ્રાકૃત, પાલિ, સંસ્કૃત વગેરે ભાષાના ધાર્મિક ગ્રંથોમાં વિશેષ જોવા મળે છે. જૈનેતર હસ્તપ્રતોના પ્રમાણમાં જૈન પરિપાટીએ લખાયેલી હસ્તપ્રતોમાં આવાં રંગીન ચિત્રો વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. ચિત્રકળાની શૈલી, તેની વિશિષ્ટતાઓ, ચિત્રકળાનો ઇતિહાસ વગેરે અનેક બાબતો જાણવા માટે હસ્તપ્રતોની ચિત્રસામગ્રી વિશેષ ઉપયોગી થઈ પડે છે.

૧૬. એસ.એમ.કત્રે, ભારતીય પાઠ સમીક્ષા, (કે.એચ.ત્રિવેદી કૃત અનુ.) યુનિ.ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૫, પૃ.૧૭.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખંભાતના શાંતિનાથજીના ભંડારમાંની સંખ્યાબંધ તાડપત્રીય પ્રતો ચિત્રકળા અને ચિત્રશોભનથી અલંકૃત છે. જે અતિમૂલ્યવાન છે.[૧૭] વડોદરાની પ્રાચ્ય વિદ્યામંદિરની મહાભારત, ભાગવત અને ભગવદ્ગીતાની સચિત્ર પ્રતો અને પાટણના હેમચંદ્ર જ્ઞાનમંદિરની 'કલ્પસૂત્ર' તેમજ 'નિશીથચૂર્ણી' ની પ્રાચીન તાડપત્રીય સચિત્ર પ્રતો પણ ઉલ્લેખનીય છે. આવી તો અનેક મૂલ્યવાન સચિત્ર પ્રતો ગુજરાતના જુદા જુદા અનેક હસ્તપ્રતભંડારોમાં સચવાયેલી છે. અમદાવાદના લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરે પોતાના સંગ્રહમાંની સચિત્ર હસ્તપ્રતોના ચિત્રોનો સમાવેશ કરતો ગ્રંથ[૧૮] પ્રસિધ્ધ કર્યો છે. જે કલા-ક્ષેત્રના સંશોધકોને ખૂબ જ ઉપયોગી બને તેમ છે.

---

૧૭. નર્મદાશંકર ત્ર્યમ્બકરામ ભટ્ટ, 'ખંભાતનું સાંસ્કૃતિક દર્શન', ૧૯૭૬, પૃ.૧૭૭.

૧૮. ઉમાકાંત પી. શાહ, મોર ડૉક્યુમેન્ટસ ઑફ જૈન પેઇન્ટીંગ્સ એન્ડ ગુજરાતી પેઇન્ટીંગ્સ ઑફ સીક્સટીન્થ એન્ડ લેટર સેન્ચરીઝ, એલ.ડી.ઇન્સ્ટટ્યુટ ઑફ ઇન્ડોલોજી, અમદાવાદ, ૧૯૭૬.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private and Personal Use Only

## પરિશિષ્ટ

| જિલ્લો | નકશામાંનો સ્થળ નિર્દેશ ક્રમાંક | સ્થળ | હસ્તપ્રતભંડારની સંખ્યા |
|---|---|---|---|
| **અમદાવાદ** | | | |
| | ૧ | અમદાવાદ | (૧૭) |
| | ૨ | ભાડિયાદ | (૦૧) |
| | ૩ | માંડલ | (૦૧) |
| | ૪ | વિરમગામ | (૦૧) |
| | ૫ | સાણંદ | (૦૧) |
| **કચ્છ** | | | |
| | ૬ | કોઠારા | (૧) |
| | ૭ | કોડાય | (૨) |
| | ૮ | જખૌ | (૧) |
| | ૯ | નલિયા | (૧) |
| | ૧૦ | પત્રી | (૧) |
| | ૧૧ | ભચાઉ | (૧) |
| | ૧૨ | માંડવી | (૩) |
| | ૧૩ | મુન્દ્રા | (૧) |
| | ૧૪ | લાલા | (૧) |
| **ખેડા** | | | |
| | ૧૫ | આગાસ | (૧) |
| | ૧૬ | ઉત્કંઠેશ્વર | (૧) |
| | ૧૭ | કપડવંજ | (૩) |
| | ૧૮ | ખંભાત | (૪) |

| | | |
|---|---|---|
| ૧૯ | નડિયાદ | (૧) |
| ૨૦ | નાર | (૧) |
| ૨૧ | બોરસદ | (૧) |
| ૨૨ | મહુધા | (૧) |
| ૨૩ | સોજીત્રા | (૧) |

**જામનગર**

| | | |
|---|---|---|
| ૨૪ | અલિયાબાડા | (૧) |
| ૨૫ | જામનગર | (૪) |
| ૨૬ | દ્વારકા | (૧) |

**જૂનાગઢ**

| | | |
|---|---|---|
| ૨૭ | ઉના | (૧) |
| ૨૮ | જૂનાગઢ | (૨) |
| ૨૯ | પ્રભાસપાટણ | (૧) |
| ૩૦ | માંગરોળ | (૧) |

**પંચમહાલ**

| | | |
|---|---|---|
| ૩૧ | ક્ષિતનેર | (૧) |

**બનાસકાંઠા**

| | | |
|---|---|---|
| ૩૨ | ચંડીસર | (૧) |
| ૩૩ | થરાદ | (૧) |
| ૩૪ | પાલનપુર | (૨) |
| ૩૫ | રાધનપુર | (૫) |
| ૩૬ | વાવ | (૧) |
| ૩૭ | સિતલપુર | (૧) |

| | | | |
|---|---|---|---|
| <u>ભરૂચ</u> | | | |
| | ૩૮ | જંબુસર | (૧) |
| | ૩૯ | પાલેજ | (૧) |
| <u>ભાવનગર</u> | | | |
| | ૪૦ | પાલીતાણા | (૭) |
| | ૪૧ | બોટાદ | (૧) |
| | ૪૨ | ભાવનગર | (૩) |
| | ૪૩ | વલ્લભીપુર | (૧) |
| <u>મહેસાણા</u> | | | |
| | ૪૪ | આગલોડ | (૧) |
| | ૪૫ | ઊંઝા | (૧) |
| | ૪૬ | ચાણસ્મા | (૧) |
| | ૪૭ | પાટણ | (૫) |
| | ૪૮ | મહેસાણા | (૨) |
| | ૪૯ | હીચ | (૧) |
| | ૫૦ | વડનગર | (૧) |
| | ૫૧ | વિજાપુર | (૧) |
| | ૫૨ | વેડ | (૧) |
| | ૫૩ | સીપોર | (૧) |
| <u>રાજકોટ</u> | | | |
| | ૫૪ | મોરબી | (૨) |
| | ૫૫ | રાજકોટ | (૩) |
| | ૫૬ | વાંકાનેર | (૧) |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વડોદરા

| | | |
|---|---|---|
| ૫૭ | છાણી | (૨) |
| ૫૮ | ડભોઈ | (૨) |
| ૫૯ | પાદરા | (૧) |
| ૬૦ | વડોદરા | (૪) |
| ૬૧ | સીનોર | (૧) |

વલસાડ

| | | |
|---|---|---|
| ૬૨ | વલસાડ | (૧) |

સાબરકાંઠા

| | | |
|---|---|---|
| ૬૩ | ઈડર | (૨) |

સુરત

| | | |
|---|---|---|
| ૬૪ | રાંદેર | (૧) |
| ૬૫ | સુરત | (૧૧) |

સુરેન્દ્રનગર

| | | |
|---|---|---|
| ૬૬ | લીંબડી | (૨) |
| ૬૭ | સુરેન્દ્રનગર | (૧) |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ - ૫

# અમદાવાદના હસ્તપ્રતભંડારો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજના અમદાવાદનો ઈતિહાસ આશાપલ્લી અથવા આશાવલ નામથી શરૂ થાય છે. લગભગ ઈ.સ.૧૦૭૪ માં સિધ્ધરાજ જયસિંહના પિતા કર્ણદેવ સોલંકીએ આશાવલની પાસે 'કર્ણાવતી' વસાવ્યું. આશાવલ તથા કર્ણાવતીની પાસેમાં રાજમહેલ બાંધી પાટણથી રાજધાની ફેરવીને ઈ.સ.૧૪૧૧ માં એના સ્થાપક અહમદશાહે આ પ્રાચીન નગરની પાસે અમદાવાદ વસાવ્યું. આ રાજધાનીના નામનો પ્રચાર વધતાં આશાવલ, કર્ણાવતી વગેરે નામો ભૂંસાઈ ગયાં. અમદાવાદને આશાપલ્લી અથવા કર્ણાવતી શહેરના સંસ્કાર-વારસાનો પુરો લાભ મળ્યો હતો.

અમદાવાદના નામાભિધાન પહેલાંના આશાવલ અથવા કર્ણાવતીની સાહિત્યિક પ્રવૃત્તિ વિશેના તેમજ ત્યાંના ગ્રંથભંડારો વિશેના કેટલાક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. તે સમયે આ નગરમાં જૈનોનું પ્રભુત્વ હતું. હેમચંદ્રાચાર્યના ગુરુ દેવચંદ્રસૂરિનો નિવાસ આશાવલમાં હતો.[1] હેમચંદ્રાચાર્યનું દીક્ષા પછીનું નિકટનું બચપણ આશાપલ્લીમાં વિત્યું હતું.[2] આ સમયમાં ગુજરાતના અન્ય શહેરોની જેમ આ આશાવલ-કર્ણાવતી અને શરૂઆતનું અમદાવાદ સાહિત્યિક પ્રવૃત્તિમાં સમૃદ્ધ શહેર હતું. તે સમયના સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યમા જૈન લેખકોનો ફાળો પણ ઘણો મોટો હતો. જે છુટીછવાયી હસ્તપ્રતો પ્રાપ્ત થાય છે તે પરથી તે સમયમાં અનેક ગ્રંથોની રચના આ શહેરમાં થઈ હશે તેમ માનવામાં આવે છે.

સાહિત્યિક કૃતિ 'મુદ્રિત કુમુદચંદ્ર' નાટક ઈ.સ.૧૧૫૦ ની આસપાસ રચાયેલું માનવામાં આવે છે. ઈ.સ.૧૧૧૬ માં હરિભદ્રસૂરિ રચિત 'આગમિક વિચારસાર પ્રકરણ' ની વૃત્તિ; ઈ.સ.૧૧૨૨ માં પ્રાકૃત 'ચંદ્રપ્રભચરિત્ર' નો આરંભ ; ઈ.સ.૧૧૩૭ માં મલધારીચંદ્રસૂરિ રચિત 'મુનિસુવ્રતચરિત્ર' ; ઈ.સ.૧૧૦૭ પૂર્વે પ્રદ્યુમ્નસૂરિ રચિત 'વાદસ્થલ' ગ્રંથો તૈયાર થયાં હતાં. ઈ.સ.૧૪૫૨માં આચાર્ય રત્નાકરે 'શાંતિવિલાસ' નામના સંસ્કૃત કાવ્યની રચના કરેલી. ઈ.સ.૧૪૫૮ માં

---

૧. રત્નમણિરાવ ભીમરાવ જોટે, અમદાવાદનો પરિચય, ગુજરાતી સાહિત્ય સંમેલન, અમદાવાદ, ૧૯૩૬, પૃ.૯.

૨. કેશવરામ કા.શાસ્ત્રી, 'અમદાવાદનો સંસ્કાર વારસો', સ્વાધ્યાય પુ.૮, અંક-૧, ઓક્ટો.૧૯૭૦, પૃ.૧૪.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આશાપલ્લીમાં હેમહંસગણિએ (આશાપલ્લીમાં) ઉદયપ્રભસૂરિના 'આરંભસિદ્ધિ' ગ્રંથ ઉપરની રચેલી ટીકા તેમજ ઈ.સ.૧૪૬૦ માં અમદાવાદમાં હૈમવ્યાકરણ ઉપર 'ન્યાયાર્થમંજૂષા' ની રચના કરેલી હતી. સોળમા સૈકાના પહેલા દસકામાં રચાયેલા લાવણ્યસમય રચિત 'વિમલપ્રબંધ' અને ઈ.સ.૧૫૧૬ માં અમીપાલ રચિત 'મહીપાલનો રાસ' નામક સાહિત્યક કૃતિઓ પછી. ઈ.સ.ના ઓગણીસમા સૈકાના અંત સુધીમાં અનેક ગ્રંથો (હસ્તપ્રત સ્વરૂપમાં) લખાયા જે આજે પણ હસ્તપ્રતભંડારોમાં સુરક્ષિત જોવા મળે છે.[3]

આશાપલ્લી અને અથવા કર્ણાવતીની સાહિત્યકપ્રવૃત્તિ અને ત્યારબાદ ગુજરાતી સલ્તનત સમયથી છેક ઈ.સ.૧૮૧૮ માં બ્રિટીશ શાસને અમદાવાદ શહેરનો વહીવટ સંભાળ્યો ત્યાં સુધી અને ત્યારબાદ ઓગણીસમી સદીમાં મુદ્રણકળાનાં બીજ રોપાયાં ત્યાં સુધીમાં અમદાવાદના જૈન લેખકો તેમજ જૈનેતર હિંદુ ગુજરાતી અને ફારસી લેખકોએ હસ્તપ્રતોના સ્વરૂપમાં અનેક રચનાઓ તૈયાર કરી. અમદાવાદમાં ખતરગચ્છના જિનચંદ્રસૂરિના ઉપદેશથી પ્રાગ્વાટ સંઘપતિ સોમજીએ જ્ઞાનભંડાર માટે ઈ.સ.૧૫૯૬ માં સંખ્યાબંધ હસ્તપ્રતો તૈયાર કરાવી હતી.[4] અમદાવાદમાં આવીને વસેલા કે અમદાવાદના જ વતની એવા અનેક ફારસી સાહિત્યકારોએ ફારસી-અરબીમાં અનેક ગ્રંથોની રચના કરી હોવાના ઉલ્લેખો મળી રહે છે. ખાસ કરીને ઐતિહાસિક ગ્રંથો વિશેષ પ્રાપ્ત થાય છે. અમદાવાદમાં થઈ ગયેલા અખાભગત અને શામળભટ્ટની ગુજરાતી સાહિત્યક રચનાઓ, ઈ.સ.ના સત્તરમા સૈકામાં રચાઈ. ત્યારથી શરૂ કરીને પછી ગુજરાતી સાહિત્યક રચનાઓ હસ્તપ્રતભંડારોમાંથી પ્રાપ્ત થાય છે.

---

૩. પાદનોંધ ૨ મુજબ, પૃ.૧૫.

૪. એજન, પૃ.૧૬

૫. પાદનોંધ ૧ મુજબ, પૃ.૧૨.

For Private and Personal Use Only

આ સાહિત્યક રચનાઓના ઉલ્લેખો પરથી એમ કહી શકાય કે અમદાવાદને બ્રાહ્મણ સંસ્કૃતિ, જૈનસંસ્કૃતિ અને મુસ્લિમ સંસ્કૃતિએ મૂલ્યવાન સાહિત્યક સમૃધ્ધિ આપી છે. 'આશાપલ્લી' માં વ્યવસ્થિત રીતે જિનાલયો અને ગ્રંથભંડારો હતા. આ ગ્રંથભંડારો ઉપરાંત અનેક જૈન ગૃહસ્થોને ત્યાંના ખાનગી ભંડારોમાં પણ અસંખ્ય હસ્તપ્રતો સચવાયેલી રહેતી. અમદાવાદમાં હાલ જે હસ્તપ્રતભંડારો વિદ્યમાન છે તે આ પ્રાચીન જ્ઞાનભંડારોની અવશેષરૂપ હસ્તપ્રત સામગ્રી તેમ જ વ્યક્તિગત અથવા ખાનગી ભંડારોમાંથી મેળવીને સંગૃહીત કરેલી હસ્તપ્રત સામગ્રી દ્વારા સચવાયેલી જ્ઞાનસમૃધ્ધિ છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર

ગુજરાત યુનિ.પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજીની પ્રેરણા અને સહયોગથી તેમ જ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈની ઉદાર સખાવતથી આ સંસ્થાની સ્થાપના અમદાવાદમાં વિ.સં.૨૦૧૩ ના વિજયાદશમીના દિવસે થઈ. આ.પ્ર.મુનિશ્રી પુણ્યવિજયજીએ વિ.સં.૨૦૦૬ના કારતક વદ સાતમે જેસલમેર જવા માટે વિહાર આરંભ્યો ત્યારે શેઠશ્રી કસ્તુરભાઈ મહારાજશ્રીને સાબરમતીમાં મળેલા. એ સમયે જ આ સંસ્થાની સ્થાપના માટેના વૈચારિક બીજ રોપાયાં. ત્યારબાદ મહારાજશ્રી જેસલમેરના જ્ઞાનભંડારને વ્યવસ્થિત કરવાનું કામ કરતા હતા ત્યારે શેઠશ્રી કસ્તુરભાઈ જેસલમેર જઈને ચારેક દિવસ રોકાયેલા અને મહારાજશ્રી દ્વારા થઈ રહેલા કામનું નિરીક્ષણ કરેલું. આ ઉપરાંત શેઠશ્રીને ક્યારેક પાટણ જવાનું થતાં મહારાજશ્રી દ્વારા વ્યવસ્થિત કરાયેલા ત્યાંના જ્ઞાનભંડાર 'શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર'નું પણ નિરીક્ષણ કરતા. આને લીધે તેમના મનમાં ભારતીય સંસ્કૃતિ તથા જૈન સંસ્કૃતિના અધ્યયન માટેની સવલત પ્રાપ્ત થાય અને જ્ઞાનભંડારોનું વ્યવસ્થિતપણે રક્ષણ થઈ શકે તે માટે કંઈક નક્કર કામ કરવાની ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવાની ઈચ્છા જાગૃત થઈ. અમદાવાદમાં આ પ્રકારના જ્ઞાનમંદિરની સ્થાપના કરવા માટે શેઠશ્રી કસ્તુરભાઈએ મહારાજશ્રીને વિનંતી કરી. અને મુનિશ્રી પુણ્યવિજયજીની પ્રેરણાથી વિ.સં.૨૦૧૩માં આ સંસ્થાની વિધિવત્ સ્થાપના કરવામાં આવી.

સંસ્થાના હસ્તપ્રતભંડારનો આરંભ પ.પૂ.આ.પ્ર.મુનિશ્રી પુણ્યવિજયજીએ પોતાની પાસેની અમૂલ્ય એવી ૯૦૦૧ પ્રતો તા.૧-૨-૫૮ ના રોજ સંસ્થાને ભેટ આપીને કર્યો. એ પછી મુનિશ્રીએ અંગત રસ લઈને ગુજરાતમાં જ્યાં પણ નાના-નાના હસ્તપ્રતસંગ્રહો જોવા મળ્યા કે વ્યક્તિગત હસ્તપ્રતો જોવા મળી ત્યાંથી તેમની અંગત કુનેહ અને સમજાવટ દ્વારા આ સંસ્થાને ભેટ મળે તે રીતના વ્યવસ્થિત પ્રયત્નો આદર્યા. તેમના આ પુરુષાર્થને પરિણામે સંસ્થાને બીજી ૨૭,૦૦૦ પ્રતો ભેટ મળવાને લીધે શરૂઆતથી જ હસ્તપ્રતોનો સારો એવો સંગ્રહ સંગ્રહ ઊભો થયો. હસ્તપ્રતો ઉપરાંત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસ્થાને સાતથી આઠ હજાર મુદ્રિત ગ્રંથો પણ ભેટ મળેલા. મુનિશ્રી પુણ્યવિજયજીએ અન્યત્રથી જે હસ્તપ્રતોના સંગ્રહો પ્રાપ્ત કર્યા હતા તેમાં આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિએ તૈયાર કરેલો આચાર્ય વિજયાનંદસૂરિનો સંગ્રહ, પાલિતાણાના ગોરજી કસ્તુરવિજયજીનો સંગ્રહ, મુનિશ્રી મહેન્દ્રવિમલજીના કાળધર્મ પામ્યા બાદ તેઓનો જૈન ઉપાશ્રય (દેવશાના પાડાના) જ્ઞાનભંડાર અમદાવાદનો સંગ્રહ, જૈનધર્મવર્ધક સભા, માંબિકાળા-અમદાવાદનો સંગ્રહ, મુનિશ્રી મોતીવિજયજીનો સંગ્રહ તેમ જ પાટણ, અમદાવાદ, નડિયાદ, સરદારપુર, ઇલોલ, ગવાડા, મહુંદ, સૂંજ વગેરે સ્થળોના શ્રાવકો પાસેથી પ્રાપ્ત કરેલી હસ્તપ્રતોનો સંગ્રહ ઉલ્લેખનિય છે.

લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર પાસે હાલ ૬૫,૫૩૨ હસ્તપ્રતોનો સમૃધ્ધ સંગ્રહ છે. આ સંગ્રહ માત્ર એક જ વ્યક્તિનો પરિપાક નથી. પરંતુ તે મુનિશ્રી પુણ્યવિજયજી, તેમના ગુરુ શ્રી ચતુરવિજયજી તથા પ્રવર્તક કાંતિવિજયજીના પચીસથીએ વધુ વર્ષોના પરિશ્રમનું ફળ છે. આ મુનિગણની શુભાશિષથી અને તેઓના જીવનકાર્યમાંથી પ્રેરણા મેળવીને સંસ્થાના ભૂતપૂર્વ નિયામક શ્રી દલસુખભાઈ માલવણિયા તેમ જ હાલના નિયામક નગીનભાઈ શાહ અને અન્ય વિદ્વાનોના પ્રયત્નોને પરિણામે સંસ્થાને નાના-મોટા અનેક હસ્તપ્રતોના સંગ્રહો ભેટ મળ્યા છે અને હજુ પણ મળતા રહે છે. સંસ્થાના સંગ્રહમાં થતો સારો એવો વધારો સંશોધકો માટે આશિર્વાદરૂપ છે.

સંશોધન સંસ્થા સાથે સંકળાયેલા આ હસ્તપ્રતભંડારમાં મોટાભાગની હસ્તપ્રતો ગુજરાતના જુદા જુદા સ્થળોએથી ભેટ સ્વરૂપે અથવા તો કેટલાક સંજોગોમાં હસ્તપ્રતોની સુરક્ષા થઈ શકે તે હેતુસર કોઈ સંસ્થા પાસેથી મળેલા સંગ્રહો છે. આમ છતાં આ સંસ્થાએ ૮૩૧૮ હસ્તપ્રતો ખરીદીને પોતાના સંગ્રહમાં સારો એવો વધારો કર્યો છે. અનેક વિદ્વાનોના પુરુષાર્થના ફળસ્વરૂપે આજે જે હસ્તપ્રતો સંગ્રહાયેલી છે તેમાં નીચે જણાવ્યા મુજબના કેટલાક સંસ્થાકિય કે વ્યક્તિગત સંગ્રહોનો પણ સમાવેશ થાય છે.

| પ્રતસંખ્યા | વ્યક્તિ / સંસ્થા |
|---|---|
| ૯૦૦૧ | આ.પ્ર.મુનિશ્રી પુણ્યવિજયજી, અમદાવાદ,તા.૧-૨-૫૮. |
| ૧૦૨૬ | આચાર્ય દેવસૂરિજી, અમદાવાદ. |

For Private and Personal Use Only

| પ્રતસંખ્યા | વ્યક્તિ / સંસ્થા |
| --- | --- |
| ૧૦૭૦ | આચાર્ય શાંતિસૂરિજી, ઉ.કીર્તિમુનિજી. |
| ૨૩૫૪ | નગરશેઠ શ્રી કસ્તુરભાઈ મણિભાઈ, અમદાવાદ. |
| ૧૦૭૬ | ઉજમફોઈની ધર્મશાળા, અમદાવાદ. |
| ૧૩૭૧ | શાંતિસાગર ઉપાશ્રય, અમદાવાદ. |
| ૨૬૮૧ | મુનિશ્રી મહેન્દ્રવિમલજી (કાળધર્મ પામ્યા બાદ જૈન ઉપાશ્રય (દેવશાના પાડામાંનો તેમનો અંગત સંગ્રહ, અમદાવાદ). |
| ૧૨૭૬ | આ.પ્ર.મુનિશ્રી પુણ્યવિજયજી (કાળધર્મ પામ્યા બાદ લુણસાવાડ જૈન ઉપાશ્રય માંનો તેમનો અંગત સંગ્રહ, અમદાવાદ.) |
| ૧૧૨૯ | જૈન સંઘ, ખેડા. |
| ૨૦૮૪ | પં.શ્રી કલ્યાણવિજયજી, જાલોર (રાજસ્થાન). |
| ૧૬૬૭ | ડાયરા શ્વેતામ્બર મુર્તિ જૈનસંઘ, પાલનપુર. |
| ૧૦૯૫૭ | મુનિ શ્રી દર્શનવિજયજી, લુણસાવાડ-મોટીપોળ, અમદાવાદ. |
| ૮૦૦૭ | શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, અમદાવાદ. (૨૦૯૩ પ્રતો ભેટ અને ૫૯૧૪ પ્રતો સુરક્ષા માટે) |
| ૮૯૯ | શેઠશ્રી લાલભાઈ દલપતભાઈની પેઢી, અમદાવાદ. |
| ૭૯૮ | મુનિશ્રી માનવિજયજી, ડભોડા. |
| ૭૭૬ | ભરૂચ જૈનસંઘ ભંડાર, ભરૂચ. |
| ૭૪૫ | ઓમકારસૂરિજી, રાધનપુર. |
| ૬૯૩ | પ.જિનવિજયજી મહારાજ, અમદાવાદ. |
| ૬૭૯ | મુનિશ્રી સાગરચંદ્રજી. |
| ૬૪૬ | મુનિશ્રી નરેન્દ્રસાગરજી, જૈન ઉપાશ્રય,ઝવેરીવાડ, અમદાવાદ. |
| ૬૧૦ | શેઠશ્રી કાલામીઠાની પેઢી, ઘોઘા. |
| ૫૩૨ | જૈનસંઘ, દરાપરા. |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| પ્રતસંખ્યા | વ્યક્તિ / સંસ્થા |
|---|---|
| ૪૫૭ | જૈનસંઘ, દસાડા. |
| ૪૧૧ | અંબાલાલ ફતેહચંદ, વડોદરા. |

ઉપરોક્ત દાતાઓ ઉપરાંત અન્ય કેટલાયે દાતાઓ તરફથી થોડી-ઘણી સંખ્યામાં હસ્તપ્રતો પ્રાપ્ત થઈ છે. આજ સુધીમાં લગભગ ૮૫ થી પણ વધારે દાતાઓએ પોતાના અમૂલ્ય સંગ્રહો આ સંસ્થાને સમર્પિત કરી દીધા છે. આચાર્ય વિજયદેવસૂરિજી, મુનિશ્રી મલયવિજયજી, શ્રી જૈનસંઘ-માંડલ, પાટિયાનો જૈન ઉપાશ્રય, મંગલવિજયજી મહારાજ, આચાર્ય પદ્મસાગરસૂરિજી, સુભદ્રવિજયજી તેમ જ અન્ય વિદ્વાનોએ પણ પોતાની પાસે સંગ્રહાયેલી પ્રતો સંશોધકોના ઉપયોગ માટે સંસ્થાને સોંપી દીધી છે.

હસ્તપ્રત-સમૃદ્ધિની વિશેષતા :

'લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર ટ્રસ્ટ' સંચાલિત આ સંસ્થાના આધુનિક સ્થાપત્યકળાના નમૂનારૂપ આકર્ષક ભવનમાં સંગ્રહાયેલી હસ્તપ્રતો અનેક પ્રકારે વિશિષ્ટતા તેમજ વૈવિધ્યપણું ધરાવે છે.

આ હસ્તપ્રતભંડારની કુલ ૬૫,૫૩૨ હસ્તપ્રતો પૈકી ૫૭,૨૧૪ હસ્તપ્રતો ભેટ દ્વારા અને ૮૩૧૮ હસ્તપ્રતો સંસ્થાએ ખરીદીને મેળવેલી છે. મુખ્યત્વે આ પ્રતો કાગળ પર લખાયેલી છે. કાગળ ઉપરાંત કેટલીક તાડપત્રીય પ્રતો પણ છે. લિપિ, ભાષા, વિષય, લેખનના સ્વરૂપ, લેખનના પ્રકાર વગેરે દૃષ્ટિએ વિવિધતા ધરાવતી અસંખ્ય પ્રતો સંગ્રહાયેલી છે.

લિપિ : આ હસ્તપ્રતભંડારની પ્રતો મુખ્યત્વે દેવનાગરી કે જૈનનાગરી લિપિમાં લખાયેલી છે. નેવારી લિપિમાં લખાયેલી પ્રત પણ છે. કોતરેલી તાડપત્રીય પ્રતો ઉડિયા લિપિમાં લખાયેલી છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



<u>ભાષા</u> : મુખ્યત્વે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, જુની ગુજરાતી, જુની રાજસ્થાની (હિંદી વ્રજભાષા), ઉર્દૂ-ફારસી ભાષામાં લખાયેલી પ્રતો છે. ઉડિયા અને તામિલ ભાષાની પણ થોડી પ્રતો છે.

તાડપત્રીય પ્રતો મુખ્યત્વે સંસ્કૃત, પ્રાકૃત અને ઉડિયા ભાષામાં લખાયેલી છે.

<u>વિભાગ</u> : અનેક પ્રકારના વિષય-વૈવિધ્ય ધરાવતી આ પ્રતોને નીચે મુજબના વિભાગો કે પેટાવિભાગોમાં વહેંચવામાં આવી છે.

જૈન આગમગ્રંથો અને તેના ટીકાગ્રંથો, ઉપનિષદ, ભાગવત, રામાયણ, ધાર્મિક આચાર અને પૂજાવિધિ, વેદ અને વૈદિક સાહિત્ય, વેદાંગ, સ્મૃતિ, પુરાણ, માહાત્મ્ય, કુલ્પ (ગ્રંથ), ગીતા, ભક્તિ, સ્તોત્ર, નીતિ, સંગીત, જ્યોતિષ, શિલ્પ, આયુર્વેદ, ઈતિહાસ, મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, અલંકાર, છંદ, વ્યાકરણ, નાટક, કાવ્ય, કથા, ખેતીવાડીને સંબંધિત, તેમજ શૃંગાર-કામશાસ્ત્ર અને રત્નપરીક્ષાના અદ્ભુત ગ્રંથો સંગ્રહાયેલા છે.

<u>હસ્તપ્રતોની વિવિધતા</u> :

કાગળ પર લખાયેલી પ્રતોની સંખ્યા ૬૫,૩૮૨ છે. તાડપત્રીય પ્રતોની સંખ્યા ૧૫૦ છે. ભૂર્જપત્ર કે અન્ય લિપ્યાસનોની પ્રતો હાલ પ્રાપ્ય નથી. લગભગ ૧૦૪૭ ગુટકા-હસ્તપ્રતો છે.

<u>સચિત્ર પ્રતો</u> : કાગળ પરની સચિત્ર પ્રતોની સંખ્યા ૫૫૩ છે, જ્યારે તાડપત્રીય સચિત્ર પ્રતોની સંખ્યા ૨૭ છે. જે અલગ વિભાગમાં ગોઠવાયેલી છે. કાપડ પરના મંત્રપટ-તંત્રપટ (ગડીપ્રત) ની સચિત્ર પ્રત સંખ્યા ૬૭ છે. આ ઉપરાંત સચિત્ર ઓળિયા-ભૂંગળાની સંખ્યા ૧૦૪ અને સચિત્ર ગુટકાઓની સંખ્યા ૪૭ છે. લગભગ પાંચ સચિત્ર વિજ્ઞપ્તિપત્રો છે.

For Private and Personal Use Only

## <u>મહત્વની પ્રતો</u> :

આ હસ્તપ્રતભંડારમાં ૧૩મા સૈકાથી કાગળ પર લખાયેલી પ્રતો અસ્તિત્વ ધરાવે છે. આ પ્રતો ઘણી કિંમતી મનાય છે. કાગળ પર લખાયેલી પ્રાચીનતમ પ્રત વિ.સં.૧૨૮૬ ની 'કારક સંબોધ' નામના વ્યાકરણ ગ્રંથની છે. તદુપરાંત વિ.સં.૧૩૫૦ ની 'શાંતિનાથ બોલી' અને 'સિધ્ધહેમ શબ્દાનુશાસન' વગેરે પ્રતો પણ પ્રાચીનતાની દ્રષ્ટિએ ઉલ્લેખનિય છે. જુનામાં જુની તાડપત્રીય પ્રત સં.૧૧૧૬ ની 'ધર્મોત્તર ટીપ્પનક' નામના બોધ્ધ ન્યાયગ્રંથની મળે છે.

ત્રિપાઠ અને પંચપાઠ સ્વરૂપે લખાયેલી અસંખ્ય પ્રતો પ્રાપ્ત થાય છે. ૧૫ જેટલી પ્રતો સુવર્ણાક્ષરી અને બે પ્રતો રોપ્યાક્ષરી મળી આવે છે. સ્વહસ્તાક્ષરી, સમકાલીન, સુક્ષ્માક્ષરી વગેરે પ્રતો પણ મોટી સંખ્યામાં પ્રાપ્ય છે. આ ભંડારમાં સ્વહસ્તાક્ષરી પ્રતોનો એક અલગ વિભાગ કર્યો છે. તેમાં લાવણ્યસમય, સમયસુંદર, યશોવિજયજી વગેરે વિખ્યાત જૈનાચાર્યોના સ્વહસ્તાક્ષરોની પ્રતો સંગ્રહાયેલી છે.

કાગળ પર લખાયેલી અને તાડપત્રીય પ્રતો ઘણી સારી સ્થિતિમાં સચવાઈ રહી છે.

## <u>માઈક્રોફિલ્મ - ફોટોગ્રાફીક વિભાગ</u> :

આ સંસ્થામાં માઈક્રોફિલ્મ વિભાગ પણ છે. જેમાં ભારતના જુદા જુદા સ્થળોના હસ્તપ્રતભંડારોમાં રહેલી તાડપત્રીય કે કાગળની સંશોધન અર્થે મહત્વ ધરાવતી કે સામાન્ય રીતે અલ્પસંખ્યામાં મળતી એવી કેટલીક હસ્તપ્રતોની માઈક્રોફિલ્મ તૈયાર કરાવી છે. આ માઈક્રોફિલ્મ રોલની સંખ્યા ૧૫૪ છે. આ ફિલ્મ-રોલમાં સંગ્રહાયેલી પ્રતોની માહિતી દર્શાવતા સૂચિકાર્ડ પણ તૈયાર કરી અકારાદિક્રમમાં ગોઠવ્યા છે. જેના પરથી આ સંસ્થામાં સંશોધન અર્થે આવતા ભારતીય અને પ્રાશ્ચાત્ય વિદ્વાનોને ઉપયોગી અલભ્ય હસ્તપ્રતો માઈક્રોફિલ્મ દ્વારા અહીંથી જ પ્રાપ્ત થઈ શકે છે. તે માટે બહારના ભંડારોમાં જવાની જરૂર રહેતી નથી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસ્થાના ફોટોગ્રાફિક વિભાગમાં ૪૯૨૬ રંગીન ટ્રાન્સપરન્સીસ છે. જેમાં ભારત અને ભારત બહારના ભંડારોમાં પ્રાપ્ત અતિ મૂલ્યવાન સચિત્ર પ્રતોની ટ્રાન્સપરન્સીસ તૈયાર કરાવીને રાખવી છે. સંસ્થામાં સંગ્રહાયેલી સચિત્ર પ્રતો ઉપરાંત બહારના ભંડારોની સચિત્ર પ્રતોના રંગીન ચિત્રો પણ આ ટ્રાન્સપરન્સીસ દ્વારા સંશોધકોને એક જ સ્થળેથી પ્રાપ્ત થઈ શકે છે. ભારત અને ભારત બહારના પ્રાચીન ચિત્રકલાના અભ્યાસીઓને આ સંસ્થા આ પ્રકારના સંગ્રહથી ઘણી સહાયરૂપ બને છે.

માઈક્રોફિલ્મ અને ટ્રાન્સપરન્સીસ ઉપરાંત સંસ્થાના ફોટોગ્રાફિક વિભાગમાં કેટલાક ફોટાઓનો પણ સારો એવો સંગ્રહ છે. જેમાં છૂટા ચિત્રોની સંખ્યા ૧૮૩૯ છે. તદુપરાંત ૯૦૫ ચિત્રફોટા, અને ગુજરાતના વિવિધ તીર્થોના ૨ x ૩ ફૂટના કદના ૧૨૮ ફોટાઓ પણ સંગ્રહાયેલા છે.

<u>હસ્તપ્રતોની વ્યવસ્થા</u> :

આ સંસ્થામાં આ.પ્ર.મુનિશ્રી પુણ્યવિજયજીએ સૂચિ તૈયાર કરવાનો જે વૈજ્ઞાનિક અભિગમનો આરંભ કરેલો તેને અનુસરીને હસ્તપ્રત-સૂચિઓ તૈયાર કરવામાં આવે છે. સર્વપ્રથમ તો બહારથી આવેલી કે સંસ્થામાં સંગ્રહાયેલી પ્રતોમાંની પ્રત્યેક પ્રતના પત્રો ગણી લેવામાં આવે છે. તેમાંના ઘટતા-ઓછા પત્રોની સંખ્યા, બેવડા લખાયેલા પત્રો વગેરેની નોંધ હસ્તપ્રતના આવરણ (રેપર) પર કરવામાં આવે છે. પ્રત્યેક પ્રતને અલગ રીતે સફેદ મજબૂત કાગળના આવરણ (રેપર)માં મુકયા બાદ હસ્તપ્રતો તેના કદ પ્રમાણે અલગ ગોઠવણી કરી જુદી જુદી થપ્પીઓમાં મુકવામાં આવે છે. સામાન્ય રીતે સાગના લાકડાના ડબ્બા (બોક્ષ) માં આ પ્રતોને મુકવામાં આવતી હોવાથી ડબ્બાના માપ અનુસાર ૨૭.૫ સે.મી.(૧૧ ઈંચ) ઉંચાઈની થપ્પી (થોકડી) બનાવવામાં આવે છે. જો અન્ય ભંડારમાંથી પ્રતો આવેલી હોય તો આવરણના ડાબી બાજુના ઉપરના ભાગે જે તે ભંડારનો ક્રમાંક પણ પેન્સીલથી નોંધવામાં આવે છે. આ વિધિ કર્યા પછી જ હસ્તપ્રતોના સૂચિકાર્ડ તૈયાર કરવામાં આવે છે. સૂચિકાર્ડમાં પ્રત્યેક પ્રતની સંપૂર્ણ વિગત આવી જાય તે પ્રકારનું માળખું તૈયાર કરેલું હોય છે. જેમાં પ્રતોમાંની વિગતો નોંધવામાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂચિકાર્ડમાં પ્રતની અન્ય વિગતોની સાથે રચના સંવત અને રચના સ્થળનો જ્યાં મળે ત્યાં નિર્દેશ કરવામાં આવે છે. હસ્તપ્રતની લેખનસંવત પણ જ્યાં મળે ત્યાં નોંધવામાં આવે છે. પરંતુ કેટલીક પ્રતોમાં લેખનસંવત પ્રાપ્ત થતી નથી. આ સંસ્થામાં સૂચિકાર્ડ બનાવવામાં વિશેષતા એ છે કે જે કૃતિમાં લેખન સંવત અંગે નિર્દેશ કરવામાં આવેલો ન હોય ત્યાં કૃતિની લેખનશૈલી, ભાષાશૈલી, કાગળની પ્રાચીનતા, અક્ષરના મરોડ, લિપિનો મરોડ વગેરે ઉપરથી જે તે પ્રતના લેખન સમય અંગે અનુમાન કરી અનુમિત શતક આપવામાં આવે છે. જેથી સંશોધન કરનારને પ્રતની પ્રાચીનતા કે અર્વાચીનતા અંગેની ચોક્કસ પ્રકારની માહિતી મળી શકે છે. સૂચિકાર્ડમાં દરેક પ્રતની સાઈઝ સેન્ટીમીટરમાં લખવામાં આવે છે. વળી ગ્રંથના પ્રમાણનો ખ્યાલ આવે તે માટે ગ્રંથાગ્ર કોલમમાં કૃતિની કડીસંખ્યા, શ્લોકસંખ્યા કે ઢાળની સંખ્યા, પદની સંખ્યા કે ગાથાની સંખ્યા વગેરે દર્શાવવામાં આવે છે. હસ્તપ્રતોના આ કાર્ડમાં હસ્તપ્રતના વિભાગની નોંધ પણ કરવામાં આવે છે. આ પદ્ધતિએ તૈયાર થયેલા આ કાર્ડો હસ્તપ્રતોના ગ્રંથનામ પ્રમાણે અકારાદિ ક્રમમાં ગોઠવવામાં આવ્યા છે. પ્રતોના ગ્રંથનામ કાર્ડ ઉપરથી કર્તા કાર્ડ પણ તૈયાર કરવામાં આવ્યા છે. જે લેખકના નામના અકારાદિ ક્રમમાં ગોઠવવામાં આવ્યા છે.

પ્રતની સંપૂર્ણ માહિતી આપતા સૂચિપત્રો તૈયાર થઈ ગયા પછી જ તેમની બધી વિગતોનો સમાવેશ થઈ જાય તે રીતે રજીસ્ટરમાં નોંધ કરવામાં આવે છે. રજીસ્ટરમાં સૂચિક્રમાંક પ્રમાણે પ્રતોની નોંધણી કરવામાં આવે છે. જેથી પ્રતની ઓળખ સહેલાઈથી કરી શકાય છે. પ્રત્યેક પ્રતના આવરણ પર પણ જમણી બાજુ ઉપરના ભાગમાં સૂચિક્રમાંક નોંધવામાં આવે છે. હસ્તપ્રતો આ સૂચિક્રમાંક પ્રમાણે જ ગોઠવાયેલી હોવાથી કોઈપણ હસ્તપ્રત સહેલાઈથી મેળવી શકાય છે.

<u>સૂચિપત્રો (કેટલૉગ) :</u>

આ.પ્ર.મુનિશ્રી પુણ્યવિજયજીએ શરૂઆતમાં સોંપેલી ૯૦૦૧ પ્રતોના સંગ્રહ ઉપરાંત આચાર્યશ્રી ક્ષાન્તિસૂરિજીના, વિજયદેવસૂરિજીના અને અન્ય કેટલાક સંગ્રહોની હસ્તપ્રતોની માહિતી આપતાં સૂચિપત્રો સંસ્થાએ પ્રકાશિત કર્યાં છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમાં સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષાના સૂચિપત્રો ઈ.સ.૧૯૬૮ માં ચાર ભાગમાં છપાયાં છે. તેના સંકલનકાર મુનિશ્રી પુણ્યવિજયજી અને સંપાદક શ્રી અંબાલાલ પ્રે. શાહ છે. આ સંગ્રહોની ગુજરાતી હસ્તપ્રતોનું સૂચિપત્ર ઈ.સ.૧૯૭૮ માં પ્રકાશિત થયું છે. તેના સંકલનકાર મુનિશ્રી પુણ્યવિજયજી અને સંપાદિકા વિધાત્રી વોરા છે.

ઉપરોક્ત સૂચિપત્રોમાં વિવિધ વિષયોની હસ્તપ્રતોની વિગતો અગિયાર ખાનાઓમાં દર્શાવી છે. જેમાં અનુક્રમ નંબર, પ્રત નંબર, હસ્તપ્રતનું નામ, કર્તા, ટીકાકાર, લિપ્યાસન (કાગળ કે તાડપત્ર), લિપિ, પ્રતનું કદ, પ્રત સંપૂર્ણ છે કે અધૂરી વિગત ધરાવે છે તે, પ્રતની સ્થિતિ (જીર્ણ કે શ્રેષ્ઠ) અને સંવત, છેલ્લે વિશેષ નોંધ વિભાગમાં હસ્તપ્રતોની વિશિષ્ટતા દર્શાવતી વિગતો (જેવી કે ત્રિપાઠ, પંચપાઠ, સમકાલીન, સ્વહસ્તાક્ષરી, શુદ્ધાક્ષરી, સુવર્ણાક્ષરી કે રૌપ્યાક્ષરી વગેરે) આપવામાં આવી છે. પ્રકાશિત થયેલાં આ સૂચિપત્રોમાં જેનો સમાવેશ થયો નથી તેવી બાકી રહેલી પ્રતો ભવિષ્યમાં પ્રકાશિત થવાની સંભાવના છે.

હસ્તપ્રતોની ગોઠવણી અને સુરક્ષા :

હસ્તપ્રતોનાં કદ પ્રમાણે અલગ અલગ થપ્પીઓ કરીને તેના માપના તૈયાર કરાવેલા સાગના લાકડાના ડબ્બાઓમાં ક્રમાનુસાર ગોઠવવામાં આવી છે. લાકડાના આ ડબ્બાઓને સ્ટીલના કબાટોમાં મુકવામાં આવ્યા છે. પ્રત્યેક ડબ્બા પર અને કબાટ પર તેમાં રહેલી હસ્તપ્રતોનો ક્રમાંક નિર્દેશ કરવામાં આવ્યો છે. જેથી હસ્તપ્રતનો સૂચિક્રમાંક મેળવ્યા પછી તેના ક્રમાંકથી જે તે હસ્તપ્રત તરત જ હાથવગી બની શકે છે.

હસ્તપ્રતોની સુરક્ષા માટે કબાટોની અંદર પ્રાચીન પદ્ધતિ અનુસાર ઘોડાવજ વનસ્પતિ કે નેપ્થેલીન ગોળીઓ વર્ષમાં બે ત્રણ વાર મુકવામાં આવે છે. વળી જંતુગ્રસ્ત થયેલી કે અન્ય પ્રકારે બગડેલી હસ્તપ્રતોની જાળવણી માટે ફ્યુમીગેશન ચેમ્બર પણ વસાવવામાં આવી છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સચિત્ર હસ્તપ્રતો અને માઈક્રોફિલ્મ માટે સંસ્થામાં વાતાનુકૂલિત કક્ષની વ્યવસ્થા પણ કરવામાં આવેલી છે. તેમાં સચિત્ર પ્રતો, માઈક્રોફિલ્મ, સ્લાઈડ (હા-સ્પર-સીસ), ફોટોગ્રાફ, સચિત્ર તાડપત્રીય પ્રતો વગેરે અલગ રાખવામાં આવ્યાં છે. આવી કિંમતી સામગ્રીને સ્ટીલના કબાટમાં વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવી છે. અવાર-નવાર આ વિભાગની કાળજી પણ લેવામાં આવે છે. સામાન્ય રીતે આ વિભાગમાંથી કોઈ વસ્તુ બહાર આપવામાં આવતી નથી. જરૂર પડે અભ્યાસીઓને સંસ્થાના કર્મચારીઓની નિગાહ હેઠળ અભ્યાસાર્થે સુલભ કરી આપવામાં આવે છે. સંશોધકો કે વિદ્વાનોને સંસ્થાના નિયમાનુસાર સચિત્ર કે અચિત્ર પ્રતોના ફોટોગ્રાફ પણ તૈયાર કરી આપવામાં આવે છે.

<u>સંશોધન સવલતો</u> :

આ.પ્ર.મુનિશ્રી પુણ્યવિજયજીની પ્રેરણાથી સ્થપાયેલી આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિવિધ પાસાઓના અભ્યાસને મદદ અને માર્ગદર્શન આપવાનો છે. અને એના ઉપક્રમે હસ્તપ્રત અંગે સંશોધન કરનાર સંશોધકો અને વિદ્વાનોને ભારતમાં આવેલા અન્ય હસ્તપ્રતભંડારોમાંથી સંસ્થા પોતાની જવાબદારીથી હસ્તપ્રતો કે તેની ઝેરોક્ષ-ફોટોનકલો મેળવી આપે છે અને તે જ રીતે અન્ય સંસ્થાઓની માંગણી થયે નિયમાનુસાર તે મોકલી પણ આપે છે. આ રીતે આ સંસ્થા તેના હેતુની પૂર્તિ માટે સંશોધનમાં સહાયરૂપ બને છે.

આ સંસ્થામાં સંશોધનાર્થે આવતા સંશોધકો કે વિદ્વાનોને જરૂરી હસ્તપ્રતો સંસ્થાના નિયમાનુસાર સુલભ કરી આપવામાં આવે છે. તદુપરાંત ક્યારેક જરૂર પડે સંશોધકોને તેમના સંશોધનમાં ઉપયોગી થાય તે માટે પ્રાચીન લિપિનું જ્ઞાન પણ આપવામાં આવે છે. સંસ્થા લિપિવિજ્ઞાન અને હસ્તપ્રત સંશોધન અંગેના વર્ગો અને કાર્યશિબિરો ચલાવે છે. ક્યારેક ભારતમાં જુદા જુદા સ્થળોએ કર્મચારીઓને મોકલીને પણ આવા વર્ગો અને કાર્યશિબિરો દ્વારા લિપિ અંગેનું જ્ઞાન આપવામાં આવે છે.

For Private and Personal Use Only

ગુજરાતના ગૌરવ સમી આ સંસ્થા તેના નામ મુજબ સાચા અર્થમાં જૈનવિદ્યા અને ભારતીય સંસ્કૃતિ તેમજ તેને સંબંધિત વિષયો પરનું સંશોધન કરવા માંગતા દેશ-વિદેશના અભ્યાસીઓ અને જિજ્ઞાસુઓનું યાત્રાધામ બન્યું છે. આ સંસ્થા તરફથી ઘણાં ગ્રંથો પ્રકાશિત થયાં છે જે વિદ્વાનો, અભ્યાસીઓ અને સંશોધકોના સંશોધન-પરિશ્રમના ફળ સ્વરૂપના ઉત્તમ ગ્રંથો મનાય છે. ગુજરાતના અને ગુજરાત બહારના કેટલાક હસ્તપ્રતભંડારોના સૂચિપત્રો - યાદીઓ પણ અહીં ઉપલબ્ધ થાય છે. આ સંસ્થા તેની હસ્તપ્રત સમૃદ્ધિ અને સેવાના ક્ષેત્રની વિશિષ્ટતાને કારણે આજે પણ દેશ-વિદેશમાં નામના ધરાવે છે.

## ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન – હસ્તપ્રતવિભાગ

આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

આ સંસ્થામાં અત્યારે કુલ ૭૭૫૬ હસ્તપ્રતોનો સંગ્રહ છે. જેમાં 'આપારાવ ભોળાનાથ ગ્રંથાલય'ની ૭૪૭ હસ્તપ્રતો, 'ગુજરાત વિદ્યાસભા'ના કવિશ્રી દલપતરામ હસ્તલિખિત પુસ્તક સંગ્રહ ની ૧૦૫૫ પ્રતો અને ત્યારબાદ સંસ્થામાં ક્રમશઃ ઉમેરાતી ગયેલી હસ્તપ્રતો મળીને આ હસ્તપ્રતસંગ્રહ ઊભો થયો છે.

'આપારાવ ભોળાનાથ ગ્રંથાલય'ની સ્થાપના ઈ.સ.૧૮૭૦ માં થઈ હતી. આ ગ્રંથાલયની ગુજરાતી, સંસ્કૃત, હિંદી, ફારસી, ઉર્દૂ અને અરબી ભાષામાં લખાયેલી હસ્તપ્રતોનો નાનો પણ અગત્યનો સંગ્રહ પાછળથી 'ગુજરાત વિદ્યાસભા'ને સોંપી દેવાયો હતો. 'ગુજરાત વિદ્યાસભા' પાસે પણ ઘણી હસ્તપ્રતો સંગ્રહાયેલી હતી. આ સંસ્થાનું શરૂઆતનું નામ 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' હતું. આ સંસ્થાના આદ્ય સ્થાપક શ્રી એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સ, તે સમયના સંસ્થાના મંત્રીઓ કવિશ્રી દલપતરામ અને શ્રી હીરાલાલ પારેખ વગેરે વિદ્વાનોના સહિયારા પુરુષાર્થને પરિણામે સંસ્થા પાસે હસ્તપ્રતોનો સારો એવો સંગ્રહ ઊભો થયો હતો.

એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સને તેમના પુસ્તક 'રાસમાળા' માટે ગુજરાતના ઈતિહાસને સંબંધિત પ્રતો શોધવા માટે પાટણ જવાનું થયેલું. ત્યાંના ભંડારો જોઈને તે પ્રભાવિત થયેલા ગુજરાતમાં જૈનેતર ગુજરાતી હસ્તપ્રતો સંગ્રહવા અને સાચવવા તરફ સૌ પ્રથમ તેમનું ધ્યાન ગયેલું. તે સમયે 'રાસમાળા' પુસ્તક તૈયાર કરવામાં તેમની મદદમાં રોકાયેલા કવીશ્વર દલપતરામને એમણે દેશમાં જ્ઞાનપ્રવૃત્તિ અને જ્ઞાનસમૃદ્ધિની વૃદ્ધિ માટે સાહિત્ય અને કેળવણી વિષાયક એક સંસ્થા શરૂ કરવાની અને તેમાં અન્ય કાર્યોની સાથે હસ્તપ્રતોનો સંગ્રહ ઊભો કરવાની અગત્યતા પણ સમજાવી.

આ વિચારને પરિણામે તા.૨૬-૧૨-૧૮૪૮ ના રોજ 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' નામની સંસ્થાની અમદાવાદમાં સ્થાપના કરવામાં આવી. આ સંસ્થાના અનેક હેતુઓમાંનો એક હેતુ દુર્લભ હસ્તપ્રતો મેળવી તેનો સંગ્રહ કરવાનો પણ હતો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસ્થાની શરૂઆતથી જ જે હસ્તપ્રતસંગ્રહ ઊભો થયો તેમાં ફોર્બ્સ ઉપરાંત કવિશ્રી દલપતરામ તેમ જ શ્રી હીરાલાલ ત્રિ.પારેખનો ફાળો પણ સવિશેષ છે. કવિશ્રી દલપતરામ અમદાવાદમાં દર શુક્રવારે ભરાતી ગુજરીમાં લટાર મારી આવતા અને તેમાંથી મળતી પ્રતો ખરીદી લાવતા. લગભગ વીસ વર્ષોની આ જહેમત બાદ તેઓશ્રીએ ૬૦૦ થી પણ વધુ હસ્તપ્રતો પ્રાપ્ત કરી હતી. કવિશ્રી દલપતરામને હાથ લાગેલી બધી જ કિંમતી પ્રતો કોઈ એક વ્યક્તિ પાસે રહે તેના કરતા એક મધ્યસ્થ સંસ્થામાં સાર્વજનિક ઉપયોગ માટે કાયમ સચવાઈ રહે તે હેતુથી તેમણે આ સંગ્રહ સોસાયટીને સોંપી દીધો. હસ્તલિખિત પ્રતોના સંગ્રહની શરૂઆત દલપતરામના હસ્તક થઈ હોવાથી કવિશ્રીનું નામ આ સંગ્રહ સાથે કાયમ જળવાઈ રહે તે હેતુથી બધી જ પ્રતો આ સંસ્થામાં 'કવિશ્રી દલપતરામ હસ્તલિખિત પુસ્તક સંગ્રહ' એ નામથી અલગ સંગ્રહ તરીકે સાચવી રાખવામાં આવી છે. આ સંગ્રહની બધી મળીને ૧૦૫૫ પ્રતો છે.

કવિશ્રી દલપતરામ પછી ૧૯૧૦ થી ૧૯૩૮ દરમિયાન સંસ્થાના મંત્રી તરીકે ફરજ બજાવી ચૂકેલ શ્રી હીરાલાલ પારેખે પણ હસ્તપ્રતોનો સારો સંગ્રહ એકત્રિત કર્યો હતો. ભદ્રના કિલ્લામાં ભરાતી શુક્રવારની ગુજરીમાંથી તેમને બાલણ અને ભીમની બે-પાંચ પ્રતો હાથ લાગતાં આવી હસ્તપ્રતો ભેગી કરવાનો તેમનો ઉત્સાહ વધ્યો. તેમણે પણ સોસાયટીના સંગ્રહને વધારે સમૃદ્ધ બનાવવાના હેતુસર ૬૦૦ હસ્તપ્રતો ભેગી કરેલી. જેમાં ગુજરાતી ઉપરાંત સંસ્કૃત ભાષાની પણ ઘણી પ્રતો હતી. આ બધી જ પ્રતોની વ્યવસ્થિત યાદીઓ પાછળથી પ્રો.નાગરદાસ બભિણિયાએ કરેલી. આજ સંસ્થામાં સેવા આપતા પ્રો.કે.કા.શાસ્ત્રીએ પણ આ પ્રવૃત્તિને વ્યવસ્થિત કરવા માટે ઘણી જ જહેમત ઉઠાવેલી છે.

'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'નું નામ બદલાઈને તા.૨૬-૧૨-૧૯૪૮ થી 'ગુજરાત વિદ્યાસભા' રાખવામાં આવ્યું. આ સંસ્થામાં 'દલપતરામ સંગ્રહ' ઉપરાંત પોતાનો આગવો સંગ્રહ પણ ઊભો થતો હતો. શરૂઆતમાં 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' એ ગોવિંદરામ નામના લહિયાને અલભ્ય પ્રતોની નકલો કરવા માટે રોકેલો. આ સંસ્થાની શરૂઆતની ૧ થી ૧૬૩ નંબર સુધીની પ્રતોમાંથી મોટા-ભાગની પ્રતો આ લહિયા દ્વારા થયેલી નકલો છે. હીરાલાલ પારેખે એકત્રિત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરેલી નકલો ઉપરાંત સંસ્થાના ઉત્તરોત્તર થતા વિકાસના પરિણામે ભેટરૂપે પ્રાપ્ત થયેલી અથવા ખરીદીને મેળવેલી હસ્તપ્રતોનો ઉમેરો થતો ગયો.

'ગુજરાત વિદ્યાસભા'ના નામથી ઓળખાતી આ સંસ્થાએ ૧૯૪૮-૪૯ થી ગુજરાતી, સંસ્કૃત અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના સંશોધન અને શિક્ષણ માટે 'ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ' શરૂ કર્યો. સંસ્થાની આ શાખાની વેગવાન પ્રવૃત્તિઓ જોઈ તેમાં થતા કાર્યને કાયમી સ્વરૂપ આપવા તથા તેનો વિકાસ સાધવા ઈ.સ.૧૯૪૫-૪૬ માં શેઠશ્રી ભોળાભાઈ જેશિંગભાઈએ બે લાખ રૂપિયાનું દાન આપ્યું ત્યારથી આ અભ્યાસ અને સંશોધન વિભાગ 'શેઠશ્રી ભો.જે. અધ્યયન અને સંશોધન વિદ્યાભવન' ના નામથી ઓળખાય છે.

હાલમાં 'ગુજરાત વિદ્યાસભા' નો હસ્તલિખિત પ્રતોનોસંગ્રહ તથા 'આપારાવ ભોળાનાથ ગ્રંથાલય' નો હસ્તપ્રતસંગ્રહ ભો.જે.વિદ્યાભવનના સંગ્રહાલયમાં હસ્તપ્રતસંગ્રહ તરીકે સુરક્ષિત છે.

<u>આપારાવ ભોળાનાથ ગ્રંથાલયનો સંગ્રહ</u> :

અલગ સચવાયેલા આ સંગ્રહની ૩૮૯ સંસ્કૃત, ૪૨ હિંદી, ૭૭ જેટલી ઉર્દૂ-ફારસી અને થોડી ગુજરાતી, અરબી, અંગ્રેજી, મરાઠી વગેરે મળીને ૭૪૩ પ્રતોના સંગ્રહનું એક નાનું સૂચિપત્ર પણ ૧૯૩૦-૩૧ માં પ્રકાશિત થયેલું છે. જેમાં હસ્તપ્રતોનું વિષય પ્રમાણે વિભાજન કરી કોઠાના રૂપમાં વ્યવસ્થિતપણે રજૂ કરવામાં આવ્યું છે.

<u>કવીશ્વર દલપતરામ હસ્તલિખિત પુસ્તકસંગ્રહ</u> :

આ સંગ્રહમાંની ૧૭૫૫ હસ્તપ્રતો અલગ કબાટોમાં સાચવવામાં આવેલી છે. મોટાભાગની પ્રતો ગુજરાતી ભાષામાં છે. સંગ્રહમાં જૂની ગુજરાતી ઉપરાંત રાજસ્થાની હિંદી, સંસ્કૃત વગેરે ભાષાની પ્રતો પણ થોડી સંખ્યામાં મળે છે. સં.૧૪૪૨ ની વિજયભદ્રસૂરિ કૃત 'ગૌતમરાસ', સં.૧૪૫૦ ની 'મુગ્ધાવબોધ ઔક્તિક' અને સં.૧૪૮૫ ની સોમસુંદરસૂરિ કૃત 'ઉપદેશમાળા' આ ત્રણ પ્રતો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સંગ્રહની સૌથી વધારે પ્રાચીન પ્રતો છે. નરસિંહ પૂર્વેના જૈન ગ્રંથો પણ આ સંગ્રહમાં જોવા મળે છે. આ સંગ્રહમાં નરસિંહ મહેતાના કાવ્યગ્રંથોની એક પણ પ્રત સત્તરમી સદીના ઉત્તરાર્ધ પહેલાં લખાયેલી મળતી નથી. નરસિંહના સમકાલિન કવિઓ ભીમ, ભાલણ વગેરેના કાવ્યગ્રંથોની સોળમી સદીમાં લખાયેલ પ્રતો અહીં મળે છે.

ગુજરાતી કાવ્યગ્રંથો ઉપરાંત આ સંગ્રહમાં રામાયણ, મહાભારત, ભાગવત તેમ જ અન્ય ધાર્મિક ગ્રંથોની પ્રતો પણ મળે છે. ચારણી સાહિત્યની સં.૧૬૦૦ની ઈસરદાન રચિત 'હરિરસ' નામની પ્રત તેમ જ રાજસ્થાની 'પાબુજીરા દૂહા' ની પ્રત પણ અહીં મળે છે. આ સંગ્રહમાં વાર્તાસાહિત્ય, રાસૈયા, તિથિઓ, ગરબા, પદ, ભજન, કીર્તન વગેરે પ્રકીર્ણ વિષયોની લગભગ પચીસ પ્રતો મળે છે.

આ સંગ્રહનું અલગ સૂચિપત્ર પ્રસિધ્ધ થયું છે.

<u>ભો.જે.વિદ્યાભવનનો હસ્તપ્રતસંગ્રહ</u> :

ઉપરોકત બે વિભાગો ઉપરાંત આ સંસ્થાનો પોતાનો હસ્તપ્રતસંગ્રહ પણ મોટો છે.

<u>ભાષા</u> :

કાગળ પર લખાયેલી સંસ્કૃત, પ્રાકૃત, અરબી, ફારસી, ઉર્દૂ, હિંદી (વ્રજ), જૂની ગુજરાતી, અપભ્રંશ, અવધી, મારવાડી, ડિંગલ, મરાઠી, કચ્છી વગેરે ભાષાની પ્રતો સચવાયેલી મળે છે. જયારે તાડપત્રીય પ્રતો સંસ્કૃત, તામીલ, કન્નડ, તેલુગુ વગેરે ભાષામાં લખાયેલી છે. સંસ્કૃત, પ્રાકૃત-અર્ધમાગધી પ્રતો ૬૦૦૦ જેટલી છે. જયારે હિંદી-મરાઠી, ગુજરાતી વગેરે મળીને લગભગ ૨૮૬૦ અને અરબી-ફારસી પ્રતો ૨૦૫ જેટલી છે. આ સંગ્રહની મોટાભાગની પ્રતો ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલી છે. સંગ્રહમાં કાગળ પર લખાયેલી પ્રતો મોટા પ્રમાણમાં છે. ૯ તાડપત્રીય પ્રતો છે.

<u>વિષય</u> :

આ વિભાગમાં પણ વિષયોની પ્રતો મળે છે. જેમાં વેદ અને વૈદિક સાહિત્ય, વેદાંત, સ્મૃતિ, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, ભકિત, તંત્ર, આગમ, મંત્રશાસ્ત્ર, કાવ્ય, છંદ,

અલંકાર, વ્યાકરણ, નાટ્ય, કોશ, અર્થશાસ્ત્ર, શિલ્પ, આયુર્વેદ, જ્યોતિષ, રત્નશાસ્ત્ર, કામશાસ્ત્ર, જૈન સાહિત્ય, બૌદ્ધ સાહિત્ય વગેરે જુદા જુદા અનેક વિષયોની પ્રતો થોડી-વધારે સંખ્યામાં પ્રાપ્ત થાય છે.

આ સંગ્રહમાંની સંસ્કૃત/પ્રાકૃત ભાષાની પ્રતોનું વર્ગીકરણ થયેલું છે. જેની વિષયવાર પ્રત સંખ્યા આ મુજબ છે. કર્મકાંડ (૧૭૨૯), સ્તોત્ર (૧૦૬૧), તત્ત્વજ્ઞાન (૭૬૨), ઈતિહાસ પુરાણ (૬૨૮), વ્યાકરણ (૪૭૭), જ્યોતિષ (૪૪૧), વૈદક (૨૮૩), લલિતવાઙ્મય (૨૮૧), ધર્મશાસ્ત્ર (૨૨૦), આયુર્વેદ (૧૫૦), કોશ (૮૧), અલંકારશાસ્ત્ર (૪૪).

<u>સચિત્ર પ્રતો</u> :

આ સંગ્રહમાં બધી ભાષાઓની મળીને કુલ ૨૫ જેટલી સચિત્ર હસ્તપ્રતો છે. કલાત્મક ચિત્રો દોરેલી પ્રતો ઉપરાંત જ્યોતિષને લગતા વિષયોમાં ભૌમિતિક આકૃતિઓ કે પ્રાસંગિક ચિત્રો દોરેલાં જોવા મળે છે. જૂની મારવાડી કે જૂની ગુજરાતી પ્રતોમાં 'શાલિભદ્રરાસ' અને 'જલાલ મહાગરી' જેવી રંગીન ચિત્રોવાળી હસ્તપ્રતો ઉપરાંત વ્રજભાષામાં લખાયેલી 'મધુમાલતી કથા' અને 'ઉત્તમ વિલાસ' યાને 'કૃષ્ણચરિત', 'લયલા મજનૂ' વગેરે હસ્તપ્રતો રંગીન ચિત્રોથી શણગારાયેલી છે. 'કલ્પસૂત્ર'ની થોડી પ્રતો છે. હસ્તપ્રતો ઉપરાંત અઢારમી સદીનું એક રંગીન વિજ્ઞપ્તિ પત્ર તેમ જ વડોદરા ગાયકવાડ રાજાઓની વંશાવળી દર્શાવતો આંબો સચિત્ર છે.

<u>સુવર્ણાક્ષરી પ્રતો</u> :

સંગ્રહમાં ત્રણ પ્રતો સુવર્ણાક્ષરી છે. જે સુંદર વેલ બુટ્ટાથી શણગારાયેલી છે.

<u>મહત્ત્વની પ્રતો</u> :

આ સંગ્રહમાં ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી કેટલીક પ્રતો છે. હિજરી સન ૧૧૬૧ ની 'તારીખે આલમગિરી'ની અરબી-ફારસી હસ્તપ્રતમાં ઔરંગઝેબના સમયની ઐતિહાસિક વિગતો મળી આવે છે. બેનીદાસ કૃત 'દિલ્હી સામ્રાજ્ય વર્ણન' ઉપરાંત જૂનાગઢ અને વિરમગામની ઐતિહાસિક વિગતો આપતી પ્રતો પણ અહીં જોવા મળે છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દ્વિપાઠ, ત્રિપાઠ, પંચપાઠ પ્રતો :

આ સંગ્રહમાં દ્વિપાઠ, ત્રિપાઠ કે પંચપાઠની લેખનશૈલી ધરાવતી કૃતિઓ તેમ જ બાલાવબોધ, સ્તબક વગેરે પ્રતો પણ મળે છે. ગુટકા અથવા બાંધેલી પ્રતો પણ મળી આવે છે. ભૂગોળ, ખગોળને લગતાં ઓળિયાં પણ પ્રાપ્ત થાય છે.

## ગોઠવણી :

ભો.જે.વિદ્યાભવનના હસ્તપ્રત વિભાગમાં આ સંસ્થાના સંગ્રહ ઉપરાંત 'આપારાવ ભોળાનાથ ગ્રંથાલય'નો અને 'કવીશ્વર દલપતરામ હસ્તલિખિત પુસ્તક સંગ્રહ' આ બે અલગ સંગ્રહો કરેલા છે. બધા જ સંગ્રહની હસ્તપ્રતોની ગોઠવણી ખાખાવાર અલગ કરેલી છે. દરેક ખાખાની પ્રતોના સળંગ સૂચિક્રમાંક આપવામાં આવેલા છે. આ વિભાગની પ્રત્યેક હસ્તપ્રતને તેના માપના બે જાડા પૂંઠાની વચ્ચે મૂકી લાલ કપડાના બંધનથી બાંધીને સ્ટીલના કબાટોમાં ક્રમશઃ ગોઠવવામાં આવી છે. પ્રતના પૂંઠા પર સ્લીપ લગાવવામાં આવે છે. જેના પર પ્રતનું નામ, કર્તા, ક્રમાંક નંબર, પત્ર સંખ્યા, ખાખા, વિષય વગેરે વિગતો નોંધવામાં આવે છે. હસ્તપ્રતના કપડાના બંધન પર પણ સ્લીપ લગાવવામાં આવે છે જેમાં સંસ્થાનું નામ, વિભાગ, ગ્રંથાંક, ગ્રંથનામ, પત્રસંખ્યા વગેરે વિગતો નોંધવામાં આવે છે. આ નંબર પ્રમાણે કબાટના ખાનાઓમાં એકની ઉપર બીજી એમ થપ્પીમાં બધી પ્રતોને ગોઠવેલી છે. કબાટ ઉપર પણ તેમાં રહેલી પ્રતના નંબરની માર્ગદર્શક સ્લીપ લગાવવામાં આવે છે. પ્રસિદ્ધ થયેલા સૂચિપત્રોમાંથી કે રજિસ્ટરમાંથી પ્રતનો નંબર મેળવ્યા પછી કબાટમાંથી તરત જ તે મળી શકે છે.

## સૂચિ સ્લીપો (કાર્ડ) :

હસ્તપ્રતવિભાગની પ્રત્યેક પ્રતની સૂચિસ્લીપો તૈયાર થયેલી છે. જેમાં પ્રતનું નામ, કર્તા, વિષય, રચના વર્ષ, કદ, પત્રસંખ્યા વગેરે જરૂરી વિગતો આપવામાં આવી છે. બધી જ પ્રતોના તૈયાર થયેલાં કાર્ડ ગ્રંથનામ અને કર્તા પ્રમાણે અલગ અલગ અકારાદિક્રમમાં કેબીનેટમાં ગોઠવેલા છે. જેના પરથી પ્રતની માહિતી અને તેનો સૂચિક્રમાંક મળી શકે છે. આ ક્રમાંક મેળવ્યા પછી તરત જ પ્રત મેળવી શકાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સૂચિપત્રો (કેટલૉગ) :

આ સંસ્થાના 'આપારાવ ભોળાનાથ ગ્રંથાલય' ની પ્રતોનો સંગ્રહનું સૂચિપત્ર ૧૯૩૦–૩૧ માં અને 'દલપતરામ હસ્તલિખિત પુસ્તક સંગ્રહ' ની પ્રતોના સંગ્રહનું સૂચિપત્ર ઈ.સ.૧૯૩૦ માં 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' એ પ્રકાશિત કરેલાં છે. તદ્દઉપરાંત આ સંગ્રહની સંસ્કૃત, પ્રાકૃત પ્રતોના અને ફારસી પ્રતોના સૂચિપત્રો પણ પ્રકાશિત કરવામાં આવ્યા છે. જેમાં ઈ.સ.૧૯૬૪ માં પ્રિયબાળા શાહ સંપાદિત 'ડીસ્ક્રીપ્ટીવ કેટલૉગ ઑફ સંસ્કૃત મેન્યુસ્ક્રીપ્ટ્સ' બે ભાગમાં અને છોટુભાઈ ર. નાયક સંપાદિત 'ડીસ્ક્રીપ્ટીવ લીસ્ટ ઑફ એરેબીક એન્ડ પર્શિયન મેન્યુસ્ક્રીપ્ટ્સ' બે ભાગમાં આ સંસ્થાએ પ્રકાશિત કર્યાં છે. આ બંને વર્ણનાત્મક સૂચિપત્રો વર્ગીકૃત યાદી સાથે તૈયાર કરવામાં આવેલા છે. સંસ્કૃત-પ્રાકૃત પ્રતોના સૂચિપત્રમાં કુલ સંગ્રહની લગભગ અર્ધા ભાગની પ્રતોનો સમાવેશ થઈ જાય છે. બાકી રહેલી સંસ્કૃત-પ્રાકૃત પ્રતોનું સૂચિપત્ર ભાગ-૩ પ્રસિદ્ધ થવાની તૈયારીમાં છે. જ્યારે આના સંદર્ભમાં તૈયાર થતા ચોથા ભાગમાં સંસ્થાના સંગ્રહની ગુજરાતી પ્રતો અને કેટલીક પસંદ કરેલી હિંદી પ્રતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે પણ પ્રસિદ્ધ થવાની તૈયારીમાં છે.

પ્રસિદ્ધ થયેલા ફારસી-ઉર્દૂ પ્રતોના બે ભાગના સૂચિપત્રના પ્રથમ ભાગમાં ગુજરાત વિદ્યાસભાની ૨૨૩ પ્રતો અને આ.ભો.ગ્રંથાલયના સંગ્રહની ૭૨ પ્રતો મળીને કુલ ૨૯૫ પ્રતોની અને બીજા ભાગમાં આ.ભો.ગ્રંથાલયના હસ્તપ્રતસંગ્રહની ૧૫૪ ઉર્દૂ-ફારસી પ્રતોની વર્ણનાત્મક સૂચિ આપવામાં આવી છે. તેના પરિશિષ્ટોમાં વિશિષ્ટ પ્રતોનો પરિચય પણ આપવામાં આવ્યો છે.

## પ્રતોનું સંરક્ષણ અને જાળવણી :

સંસ્થાના આ સંગ્રહમાં સંગૃહિત બધી જ પ્રતોને સૂચિપત્ર તૈયાર કરતી વખતે તપાસવામાં આવી છે. જેમાં નુકસાન પામેલી પ્રતો મળી નથી. આમ છતાં પ્રતોની સુરક્ષા માટે નેપ્થેલીનની ગોળીઓ અને ગેમેક્સીન પાવડરનો ઉપયોગ વર્ષમાં બે વાર કરવામાં આવે છે. ચોમાસાની ઋતુ પછી પ્રતોનો ભેજ દૂર કરવા કેટલીક મહત્ત્વની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતોને બહાર તડકામાં થોડીવાર મુકવામાં પણ આવે છે. કબાટમાં રહેલી પોથીઓની સફાઈ અવારનવાર કરવામાં આવે છે.

૧૮૬૮૦૩
૨૫

<u>સંશોધન</u> :

આ સંગ્રહની પ્રતોનો ઉપયોગ ઘણા સંશોધકોએ સંશોધનાર્થે કરેલો છે. શરૂઆતમાં બહારની સંસ્થાઓની માગણી થયે હસ્તપ્રતો સંસ્થા બહાર આપવામાં આવતી હતી. પરંતુ હવે તે વ્યવસ્થા નથી. સંશોધકોએ કોઈ પણ પ્રત અંગે સંશોધન કરવા માટે સંસ્થાના આ વિભાગમાં બેસીને જ તેનો ઉપયોગ કરવો પડે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય – હસ્તપ્રત વિભાગ

આશ્રમરોડ, અમદાવાદ–૩૮૦ ૦૧૪.

ઈ.સ.૧૯૨૦માં દેશની સ્વાતંત્ર્ય ચળવળના ભાગરૂપે પૂ.મહાત્મા ગાંધીજીએ અસહકાર આંદોલનની ઘોષણા કરી. તેના અનુસંધાનમાં રાષ્ટ્રીય શિક્ષણના પ્રચાર માટે અમદાવાદમાં 'ગુજરાત વિદ્યાપીઠ' સંસ્થાની સ્થાપના કરી. રાષ્ટ્રીય ઉત્થાનના કાર્યમાં સહાયરૂપ સંસ્થાના અન્ય વિભાગોની સાથે પ્રાચીન સંસ્કૃતિ, ધર્મ, સાહિત્ય તેમ જ ઈતિહાસના અધ્યયન અને સંશોધનના હેતુસર શ્રીમદ્ રાજચંદ્રના સ્મરણાર્થે તા.૨૨-૧૨-૧૯૨૦ના રોજ 'પુરાતત્ત્વ મંદિર'ની સ્થાપના કરવામાં આવી. મુનિશ્રી જિનવિજયજીના આચાર્ય પદ અને રસિકલાલ પરીખના મંત્રીપદ નીચે આ વિભાગની કામગીરી શરૂ થઈ. આ કાર્ય માટે તે સમયના વિદ્વાન અધ્યાપકો શ્રી રામનારાયણ પાઠક, શ્રી ધર્માનંદ કોસમ્બી, પંડિત સુખલાલજી, પં.બેચરદાસ દોશી વગેરેનો સહયોગ પણ સાંપડ્યો.

'પુરાતત્ત્વ મંદિર' વિભાગનો મુખ્ય હેતુ હિંદુસ્તાન અને ખાસ કરીને ગુજરાતમાં પ્રાચીન ઈતિહાસ, સાહિત્ય, સ્થાપત્ય, કળા, વિજ્ઞાન, ધર્મ, સમાજ, તત્ત્વજ્ઞાન વગેરે વિષયોના શિક્ષણ માટે પ્રાચ્યવિદ્યાને લગતાં આજ સુધીમાં પ્રગટ થયેલા ગ્રંથોની શોધખોળ કરી તે સમગ્ર સાહિત્યને સંગ્રહવાનો અને સંસ્કૃત, પ્રાકૃત, પાલી, અપભ્રંશ અને જુની ગુજરાતી, ફારસી, અરબી આદિ ભાષાઓમાં લખાયેલા અલભ્ય-દુર્લભ ગ્રંથોને મેળવવા અને તેને પ્રકાશિત કરવાનો હતો.

'પુરાતત્ત્વ મંદિર' ની આ મુખ્ય કામગીરીના ભાગરૂપે મુનિશ્રી જિનવિજયજી, શ્રી રસિકલાલ પરીખ અને અન્ય વિદ્વાનોના સહિયારા પુરુષાર્થથી હસ્તલિખિત પ્રતો અને મુદ્રિત ગ્રંથો મેળવવાની કામગીરી શરૂ થઈ. તેમના આ પ્રયત્નોના પરિણામે ૬૯૧ પ્રતો પ્રાપ્ત થઈ શકી. તે હાલ ગુજરાત વિદ્યાપીઠના ગ્રંથાલય વિભાગમાં અલગ હસ્તપ્રતસંગ્રહ તરીકે વ્યવસ્થિતપણે સચવાયેલી છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## હસ્તપ્રત સમૃદ્ધિની વિશેષતા :

આ હસ્તપ્રત વિભાગની પ્રતો લિપિ, ભાષા, વિષય, સમય વગેરે દૃષ્ટિએ ઘણું જ મહત્વ ધરાવે છે. આ વિભાગમાં કુલ ૬૯૧ હસ્તપ્રતો છે, જે બધી જ પ્રતો સંસ્થાને ભેટ મળેલી છે. અગાઉ જોયું તે મુજબ 'પુરાતત્વ મંદિર'ની પ્રવૃત્તિના ભાગરૂપે બધી જ પ્રતો ભેટ મેળવેલી છે. કોણે કેટલી પ્રતો ક્યાંથી મેળવી તે વિશેની કોઈ જ ચોક્કસ માહિતી મળતી નથી. આ સંગ્રહમાંની બધી જ પ્રતો કાગળ પર લખાયેલી છે.

## તાડપત્રીય પ્રતોની ફોટોનકલ :

આ સંગ્રહમાં તાડપત્રીય પ્રત એક પણ ન હોવા છતાં તાડપત્રીય પ્રતો ઉપરથી તૈયાર કરાવેલી કેટલીક ફોટોનકલ પ્રતો પ્રાપ્ય છે. જેની સંખ્યા ૧૪ છે. સોળમા શતકની તાડપત્રીય પ્રત 'કુવલયમાલા કથા' ની તેમજ વીસમા શતકની તાડપત્રીય પ્રતો 'વિલાસવતી કથા' 'પ્રમાણમીમાંસા' 'ઉપદેશ કુલકાદિ' 'કર્મપ્રકૃતિ ચૂર્ણિ' 'શ્રાવક ધર્મ' 'દ્રવ્યાલંકાર વૃત્તિ' વગેરે ઉપરાંત અન્ય કેટલીક મહત્વની પ્રતોની ફોટોનકલ પ્રતો અહીં ઉપલબ્ધ છે. જેની ભાષા પ્રાકૃત અને સંસ્કૃત છે. આ ફોટો-નકલ પ્રતોની સ્થિતિ સારી છે.

<u>લિપિ</u> : બધીજ હસ્તપ્રતો મુખ્યત્વે દેવનાગરી કે જૈનનાગરી લિપિમાં લખાયેલી છે.

<u>ભાષા</u> : સંગ્રહમાંની મોટાભાગની પ્રતો સંસ્કૃત, પ્રાકૃત અને જુની ગુજરાતી ભાષામાં લખાયેલી છે. અન્ય કેટલીક ભાષાઓની પણ વત્તા-ઓછા પ્રમાણમાં પ્રતો મળે છે. જેની પ્રતસંખ્યા આ મુજબ છે.

| | | |
|---|---|---|
| સંસ્કૃત | - | ૨૫૦ |
| પ્રાકૃત | - | ૧૩૦ |
| જુની ગુજરાતી | - | ૧૨૭ |
| હિન્દી | - | ૧૫ |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| પ્રા/હિન્દી | - | ૨૬ |
| સંસ્કૃત/ગુજરાતી | - | ૩૦ |
| પ્રાકૃત/ગુજરાતી | - | ૬૨ |
| પ્રાકૃત/સંસ્કૃત | - | ૨૪ |
| સંસ્કૃત/હિંદી | - | ૩ |
| રાજસ્થાની | - | ૧ |
| મારવાડી | - | ૧ |
| અપભ્રંશ | - | ૧ |
| મરાઠી | - | ૧ |

<u>વિષય</u> : આ સંગ્રહમાં અનેક વિષયોનું વૈવિધ્ય ધરાવતી પ્રતો પ્રાપ્ત થાય છે. જેનું વર્ગીકરણ નીચે મુજબ છે. દરેક વિષયની સાથે કૌંસમાં પ્રતસંખ્યા દર્શાવી છે.

આગમ (૧૨૮ પ્રતસંખ્યા), ઉપનિષદ (૭), આવશ્યક (૨૨), વિધિવિધાન (૫), આચાર (૩૨), કર્મ (૧૩), સ્મૃતિ (૫), કથા (૨૬), ચરિત્ર (૭૬), કાવ્ય (૧૪), ઈતિહાસ (૫), નાટક (૪), અલંકાર (૬), ઉપદેશ (૩૯), સુભાષિત (૧૬), જૈનભૂગોળ (૪૨), તત્વજ્ઞાન (૪૮), ન્યાય (૩૧), ચર્ચા (૪), પ્રશ્નોત્તર (૨), છંદશાસ્ત્ર (૪), વ્યાકરણ કોશ- (૩૩), અધ્યાત્મ યોગ (૭), વૈરાગ્ય (૯), જ્યોતિષ (૧૪), આયુર્વેદ (૨), કામશાસ્ત્ર-શૃંગાર (૩), સ્તોત્ર (૩૭), સ્તુતિ (૩૨), ભજનો-પદો (૧૫), ગીત (૧૦).

વિષયોનું વૈવિધ્ય ધરાવતી આ હસ્તલિખિત પ્રતો સંશોધકોને અનેક રીતે ઉપયોગી છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મહત્વની પ્રતો :**

આ સંગ્રહમાં કેટલીક પ્રતો પ્રાચીનતાની દૃષ્ટિએ તો કેટલીક અપ્રગટ કૃતિઓની દૃષ્ટિએ મહત્તા ધરાવે છે. સચિત્ર પ્રતો થોડી છે પરંતુ તેના ચિત્રોની દૃષ્ટિએ તે પણ વિશેષ મૂલ્યવાન છે.

**રચના સંવતની દૃષ્ટિએ પ્રાચીન પ્રતો :**

૧) રચના સંવત ૧૧૨૭ ની હરિભદ્રસૂરિ રચિત 'મુનિપતિચરિત્ર' ની પ્રાકૃત પ્રતની અઢારમા અનુમિતશતકની નકલ છે.

૨) 'પાર્શ્વનાથ ચરિત્ર-સ્તબક' નામની સંસ્કૃત પ્રત સં.૧૨૭૭માં રચાયેલી હસ્તપ્રતની સં.૧૬૦૧ માં થયેલી નકલ છે. ૪૪૨ પાના અને ૮ સર્ગ ધરાવતી આ પ્રત સારી સ્થિતિ ધરાવે છે.

૩) રચના સંવત ૧૨૪૮ ની કવિ આસડ રચિત 'વિવેકમંજરી સ્તબક' ની પ્રાકૃત/ગુજરાતી પ્રત સારી સ્થિતિ ધરાવે છે. તેની લેખન સંવત ૧૬૭૧ છે.

૪) સંવત ૧૨૬૪ ની 'ચંદ્રપ્રભ ચરિત્ર સ્તબક' નામની પ્રાચીન સંસ્કૃત/ ગુજરાતી હસ્તપ્રત પરથી આ પ્રત લેખન વર્ષ સં.૧૮૯૨ માં તૈયાર થઈ છે. તે જીર્ણપ્રાય સ્થિતિ ધરાવે છે.

**લેખન સંવતની દૃષ્ટિએ મહત્વની :**

આ સંગ્રહમાં બધી જ પ્રતો કાગળ પર લખાયેલી છે. જે પંદરમા અને સોળમા શતકથી લખાયેલી મળી આવે છે. કેટલીક પ્રતો ત્રુટક કે અપૂર્ણ છે. કેટલીક પ્રાચીન પ્રતો જીર્ણ કે અતિજીર્ણ સ્થિતિમાં છે. આમ છતાં સંગ્રહની મોટાભાગની પ્રતો સારી સ્થિતિ ધરાવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંગ્રહની મહત્વની પ્રતોમાં કેટલીક સંસ્કૃત, ગુજરાતી, પ્રતો સંશોધકોને વિશેષ ઉપયોગી થાય તેવી છે. સંસ્કૃત અપ્રગટ અલંકારગ્રંથ 'કાવ્ય કૌસ્તુભ-નવપ્રભા', ઉપરાંત કાંતિકવિ રચિત ગુજરાતી 'હીરાવેધ બત્રીસી', હંસરત્ન રચિત 'ઋષભજીની ગુંહળી' અને 'નેમિનાથની ગુંહળી' તેમ જ ગજવિજય રચિત 'મુનિપતિ રાસ' વગેરે અપ્રકાશિત મહત્વની કૃતિઓ છે. તદ્ઉપરાંત કેટલીક સંસ્કૃત પ્રતો 'કુમારપુત્ર ચરિત્ર' 'હરિશ્ચંદ્રાખ્યાન' 'આનંદમંદિર રાસ' 'દ્રૌપદી વસ્ત્રાહરણ' 'વીરસિંહ નૃપકથા' 'છબ્બીસી કથા' તેમ જ ગુજરાતી પ્રત શાંતિહર્ષ રચિત 'અવંતી સુકુમાલ ઢાળિયાં' ઋષિભાણ મહાજી રચિત 'રામ-સીતા ચરિત્ર' વગેરે ઉલ્લેખનિય છે.

<u>સચિત્ર પ્રતો</u> :

આ સંગ્રહમાં કુલ છ સચિત્ર પ્રતો છે. જેમાં શ્રીચંદ્રસૂરિ રચિત 'સંગ્રહણીસૂત્ર'ની ત્રણ સચિત્ર પ્રતો છે. તે સં.૧૭૬૫ ની અઢારમા શતકની અને સં.૧૯૫૬ ની છે. આમાં ચિત્રો ઉપરાંત યંત્રપત્રો પણ જોવા મળે છે. તદ્ઉપરાંત સં.૧૮૪૯ ની 'કલ્પસૂત્ર કલિકા વૃત્તિ'માં કેટલાક ચિત્રો, અઢારમા શતકના 'પૃચ્છાંક' માં સાદા યંત્રો અને સોળમા શતકના 'ગૌતમ પૃચ્છાપ્રકરણ'માં ચાર રૂડી ચિત્રો મળી આવે છે. રંગીન ચિત્ર પુસ્તિકા સાથેની એક પ્રત મળે છે.

આ સંગ્રહમાં સુવર્ણાક્ષરી કે રૌપ્યાક્ષરી એક પણ પ્રત નથી.

<u>સ્વહસ્તાક્ષરી</u> :

ઉપાધ્યાય યશોવિજયજીના શિષ્ય પં.જયવિજયજીના હસ્તાક્ષરવાળી સં.૧૭૩૧ માં સંસ્કૃતમાં લખાયેલી 'તર્કભાષા વૃત્તિ' (મિશ્ર ભટ્ટી) પ્રત મળે છે.

<u>ત્રિપાઠ અને પંચપાઠ</u> :

આ સંગ્રહમાં કુલ ૩૫ ત્રિપાઠ પ્રતો છે. અને ૮ પંચપાઠ પ્રતો છે.

<u>ગુટકા પ્રતો</u> :

વ્રજ હિંદી ભાષામાં અને ગુજરાતીમાં લખાયેલી ૪૩ જેટલી ગુટકા પ્રતો છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## હસ્તપ્રતોની ગોઠવણી :

સંસ્થાના ગ્રંથાલય વિભાગમાં અલગ સંગ્રહ તરીકે સચવાયેલી આ પ્રતોને ઈ.સ.૧૯૮૪ માં વ્યવસ્થિત કરી તેની રજીસ્ટરમાં નોંધણી કરેલી છે. આ પહેલાં પ્રત્યેક પ્રતને રેપરમાં બે પૂંઠાની વચ્ચે લાલ કપડાના બંધનમાં રાખેલી હતી. તેની કામચલાઉ સ્લીપો પણ તૈયાર કરેલી હતી. પરંતુ આધુનિક પધ્ધતિથી ગોઠવણી કરવા માટે ઈ.સ.૧૯૮૪ માં પ્રત્યેક પ્રતના જૂનાં બંધનો, રેપર, પૂંઠા વગેરે હટાવી દરેક પ્રતના પત્રોની ચકાસણી કરી ખૂટતા પત્રોની નોંધ કરવામાં આવી. સફેદ મજબૂત કાગળના રેપરમાં નવેસરથી ગોઠવી, સાઈઝ પ્રમાણે અગિયાર ઈંચના માપની અલગ થપ્પીઓ કરવામાં આવી. પ્રતના રેપર પેન્સીલથી પ્રતનો સૂચિક્રમાંક અને ડબ્બા નંબર આપ્યા છે. અલગ અલગ થપ્પીઓના માપના સાગના લાકડાના ડબ્બાઓ તૈયાર કરાવ્યા છે. અને હાલ તેમાં ગોઠવીને વ્યવસ્થિત કરવાનું કામ ચાલે છે.

## રજીસ્ટર નોંધણી :

હસ્તપ્રતોને નવેસરથી વ્યવસ્થિત કરવાનું કામ શરૂ થયું ત્યારે જ હસ્તપ્રતોની સંપૂર્ણ વિગતો દર્શાવતા સત્તર ખાનાઓ ધરાવતા રજીસ્ટરમાં પ્રત્યેક પ્રતની નોંધ કરવામાં આવેલી છે. જેમાં અનુક્રમ નંબર અને ડબ્બાનંબર, પ્રત ક્રમાંક, ગ્રંથનામ, પત્ર સંખ્યા, ભાષા, વિષય, ગ્રંથકાર, પ્રમાણ, પરિમાણ, રચના વર્ષ, રચના સ્થળ, લેખન વર્ષ, લેખન સ્થળ, પ્રતની સ્થિતિ, મૂલ્ય, લિપિકાર અને વિશેષ નોંધ એમ અલગ અલગ ખાનાઓમાં પ્રતની શક્ય એટલી માહિતી નોંધવામાં આવેલી છે.

## સૂચિકાર્ડ :

સફેદ જાડા કાગળના છાપેલા કાર્ડમાં પ્રત્યેક પ્રતની સંપૂર્ણ વિગતો સમાવવામાં આવી છે. આ બધા કાર્ડને ગ્રંથનામના અકારાદિક્રમમાં ગોઠવવામાં આવ્યા છે. જેના પરથી હસ્તપ્રતનો નંબર મેળવીને ડબ્બામાંથી જે તે હસ્તપ્રત મેળવી શકાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઉપરાંત કર્તા કાર્ડ પણ તૈયાર કરવામાં આવ્યા છે, જે કર્તાના અકારાદિ-ક્રમમાં ગોઠવવામાં આવ્યા છે. હસ્તપ્રતની રચના સંવત તેમ જ લેખન સંવત દર્શાવતા કાર્ડ તૈયાર કરીને તેમે અલગ અલગ રીતે સંવતના અનુક્રમ પ્રમાણે ગોઠવવામાં આવ્યા છે.

<u>સૂચિપત્ર (કેટલૉગ)</u> :

સંગ્રહમાં સચવાયેલી હસ્તપ્રતોના સૂચિકાર્ડ પરથી બધી જ પ્રતોની વિગતો દર્શાવતું છાપેલું સૂચિપત્ર પ્રકાશિત કરવાનું કામ હાથ પર લીધેલું છે. આ સૂચિપત્ર લગભગ છપાઈ ગયું છે ને થોડા જ સમયમાં પ્રકાશિત થશે.

આ સંગ્રહની હસ્તપ્રતોનો સંશોધકો દ્વારા ખાસ ઉપયોગ થયેલો નથી. આનું કારણ કદાચ સૂચિપત્રો દ્વારા મળતી માહિતીનો અભાવ હશે. પરંતુ હવે સૂચિપત્ર પ્રસિદ્ધ થયા પછી આ વિભાગની મહત્વની પ્રતોની માહિતી સંશોધકો સુધી પહોંચશે ને તેમના સંશોધન કાર્યમાં માર્ગદર્શક બનશે.

<u>હસ્તપ્રતોની સુરક્ષા</u> :

આ સંગ્રહમાં સંગ્રહિત હસ્તપ્રતોમાંની કેટલીક પ્રતો જીર્ણ કે અતિજીર્ણ સ્થિતિમાં છે. એકાદ બે પ્રતોના પાનાં ભેજને કારણે ચોંટી ગયેલા પણ છે. હસ્તપ્રતોની સુરક્ષા માટે નેપ્થેલીનની ગોળીઓનો ઉપયોગ કરવામાં આવે છે.

સંસ્થાના ગ્રંથાલય વિભાગમાં ફ્યુમીગેશન ચેમ્બર છે જે હસ્તપ્રતોને જંતુરહિત કરવા માટે ઉપયોગી છે. તદુપરાંત અહીં માઈક્રોફિલ્મ કેમેરા યુનિટની વ્યવસ્થા પણ છે જે કેટલીક મહત્વની કે જીર્ણ પ્રતોની માઈક્રોફિલ્મ તૈયાર કરીને તેમે સાચવવામાં મદદરૂપ બનશે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## હજરત પીર મોહમ્મદ શાહ દરગાહ – હસ્તપ્રતભંડાર

રીગલ સિનેમા સામે, પી કાંટા, અમદાવાદ–380 001.

ગુજરાતમાં ઇસ્લામી હસ્તપ્રતોનો સંગ્રહ ધરાવતો આ એક સંસ્થાકીય હસ્તપ્રતભંડાર છે. અઢારમી સદીના મુસ્લિમ સંત પીર મોહમ્મદ શાહની દરગાહ સાથે સંકળાયેલા પુસ્તકાલયમાં અલગ વિભાગમાં હસ્તપ્રતો સંગ્રહાયેલી છે. આ હસ્તપ્રતભંડારની સ્થાપના પીર મોહમ્મદ શાહના વ્યક્તિગત હસ્તપ્રતસંગ્રહથી થયેલી. ત્યારબાદ અનેક મુસ્લિમ વિદ્વાનોએ પોતાના અંગત સંગ્રહોમાંની ઘણી હસ્તપ્રતો આ સંસ્થાને ભેટ આપીને તેની હસ્તપ્રતસમૃદ્ધિમાં વધારો કર્યો છે. આજે પણ ભેટસ્વરૂપે હસ્તપ્રતો આવતી જાય છે અને તેના સંગ્રહમાં વધારો થતો જાય છે. અમદાવાદના પ્રખ્યાત વિદ્વાન વલીઉલ્લાહના કુટુંબીજનોએ આપેલો તેમનો અંગત હસ્તપ્રત–સંગ્રહ આ ભંડાર માટે ઉલ્લેખનીય છે.

આ સંસ્થાના પુસ્તકાલયના એક ભાગરૂપે હસ્તપ્રતોનો સારો સંગ્રહ ઉપલબ્ધ છે. પુસ્તકાલયમાં મુદ્રિત પુસ્તકો સારી એવી સંખ્યામાં છે. તદ્‌ઉપરાંત અલગ વિભાગમાં ગોઠવાયેલી બધી મળીને બે હજાર જેટલી હસ્તપ્રતો આ વિભાગમાં સચવાયેલી છે જે બધી જ કાગળ પર લખાયેલી છે. આમાંની ઘણી હસ્તપ્રતો કિંમતી તેમજ અલભ્ય છે. આ સંગ્રહમાં કેટલીક એવી હસ્તપ્રતો પણ છે જે સમ્રાટો અને સંતોના અંગત સંગ્રહમાં સ્થાન મેળવી ચૂકેલી છે.

<u>લિપિ</u> :

મુખ્યત્વે હિજરીસંવત ચોથી (ઇ.સ.ના બારમા સૈકા) પછી પ્રાપ્ત થતી આ હસ્તપ્રતો કુફી, સુલ્સ, નસ્ખ, નસ્તાલીક અને બહાર લિપિઓમાં લખાયેલી છે આ બધી અરબી લિપિનાં વિકસેલાં સ્વરૂપો છે. આમાંની બહાર લિપિમાં લખાયેલી એક પ્રત ઇ.સ.1488 ની મનાય છે. પરંતુ તેના ચોક્કસ સમય અને વિકાસ અંગે અનિશ્ચિતતા પ્રવર્તે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાષા :

આ સંગ્રહમાંની ઘણી જ પ્રતો મુખ્યત્વે અરબી, ફારસી અને ઉર્દૂ ભાષામાં લખાયેલી છે. આ હસ્તપ્રતભંડારમાં કુરાનની ૩૦ થી પણ વધારે પ્રતો પ્રાપ્ત થાય છે, જેમાંની કેટલીક ફારસી ભાષામાં અનુદિત થયેલી પ્રતો છે. તેમાંની એક પ્રત ઈ.સ.૧૬૮૮ ની છે.

વિષય-વૈવિધ્ય :

આ હસ્તપ્રતભંડારમાં ઈસ્લામને સંબંધિત વિષયોની હસ્તપ્રતો વિશેષ પ્રાપ્ત થાય છે. જેમાં ફિકહ મુસ્લિમ કાયદો અને સૂફીવાદ ઉપર ઘણાં સુંદર પ્રતો પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત કુરાન, હદીસ, કિરઅત (કુરાન પઠનવિધિ), તફસીર (કુરાનભાષ્ય), તિબ (વૈદક), ફલસફા (તત્ત્વજ્ઞાન), મંતક (તર્કશાસ્ત્ર), સાહિત્ય, અરબી વ્યાકરણ, મુનાઝરા (ચર્ચા), ઉસૂલ (કુરાન, હદીસ, ફિકાહ વિષયક), સિયર, તઝકેરા (જીવનચરિત્ર), નજૂમ (જ્યોતિષશાસ્ત્ર), ઈન્શા (કાવ્યલેખન પદ્ધતિ) વગેરે વિષયોની પ્રતો પ્રાપ્ત થાય છે. તદુપરાંત હિન્દસા અને હિસાબ (ગણિત), ભૂગોળ, ઈતિહાસ, ઈલ્મેરમલ (જ્યોતિષવિદ્યા) વગેરે વિષયોની અલ્પ સંખ્યામાં પ્રતો મળે છે.

સચિત્ર પ્રતો :

આ ભંડારમાં જૈન જ્ઞાનભંડારોના જેવી સચિત્ર પ્રત એકપણ ઉપલબ્ધ નથી. પરંતુ કેટલીક આલંકારિક કે ભૌમિતિક પ્રતોમાં લાલ શાહીથી તૈયાર કરેલી આકૃતિઓ જોવા મળે છે. ઘણી જ પ્રતો કાળી શાહીથી લખાયેલી જોવા મળે છે.

સ્વહસ્તાક્ષરી પ્રતો :

આ સંગ્રહમાં કેટલીક વિશિષ્ટ પ્રતો સંગ્રહાયેલી છે. જેમાં વિદ્વાનોના હાથે જ લખાયેલી હોય તેવી કેટલીક પ્રતો મળી આવે છે.

૧) મુલ્લા અલી કારીના સ્વહસ્તાક્ષરે લખાયેલી 'રસાયલે નાસિરી અન્વારે-નિસાબ' ની એક પ્રત છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨) શેખ અબુ બક્ર – મોહદ્દિસની સ્વહસ્તાક્ષરી 'અલમાઓ અલહે-બરદ' પ્રત.

૩) કાઝી મોહમ્મદ શરીફ અલ-ઈદ્રિસની તેમની જ કલમે લખાયેલી માનવામાં આવતી 'તજરીમે રૂમી' પ્રત.

૪) હાફિસ શમ્સુદ્દિન મોહમ્મદ સબ્બીના સ્વહસ્તાક્ષરે લખાયેલી 'અજાઇલ લામી' નો એક ભાગ.

૫) હાશિમ ના સ્વહસ્તાક્ષરે લખાયેલી 'હિદાયા'ની દળદાર પ્રત.

૬) અહમદ અબ્દુલ્લા તાંસીની તેમની જ કલમે લખાયેલી 'તુહફતુલ બરરરા-કી-અશરાફિલ-ઉમારા' નામની પ્રત.

૭) કુરાનના 'સૂરા' (અધ્યાય) 'યુસુફ' ના ઇસ્લામ શિરાજી દ્વારા લખાયેલું વ્યાખ્યાન.

૮) મજહરુદ્દીન મોહમ્મદ કજેરુનીની 'તફસીરે-બેજાવી'ની સોળમી શતાબ્દીના ગુજરાતના મહાન વિદ્વાન અલામા શાહ વજીહુદ્દીન અલવીએ લખેલી પ્રતિલિપિ.

૯) અમદાવાદના પ્રખ્યાત શાહઆલમ સંત પરિવારના મોહમ્મદ મહબૂબ આલમ દ્વારા ઈ.સ.૧૬૬૬ માં તૈયાર થયેલી 'મુકદમાએ-તફસીર' નામની પ્રત.

<u>વિદ્વાન લેખકોની પ્રતો</u> :

મોટેભાગે ઇસ્લામ ધર્મના બધા જ વિદ્વાન લેખકોની મહત્વની કૃતિઓ આ ભંડારમાં સંગ્રહાયેલી છે. જેમાં અહમદ અલ-કસ્તલાની, ઇબ્નેહજર અલ-અસ્કલાની, શેખ મોહમ્મદ બિન તાહિર પટની, શાહ વજીહુદ્દીન અલવી, મુલ્લા અલી કારી, શાહ ખૂબ મોહમ્મદ ચિશ્તી જેવા અનેક વિદ્વાનોની હસ્તલિખિત રચનાઓ અહીં સુલભ બની છે. જૈન ભંડારોમાં જોવા મળતી દ્વિપાઠ, ત્રિપાઠ જેવી પ્રતો મળતી નથી. પરંતુ મૂળ લખાણની આજુબાજુ વિદ્વાનોએ ટીકા રૂપે કેટલીક નોંધોવાળી કેટલીક પ્રતો મળે છે. જેને તાલીકાત કહેવામાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિશિષ્ટ પ્રતો :**

આ હસ્તપ્રત-સંગ્રહમાં કેટલીક મહત્ત્વની હસ્તપ્રતો સંગ્રહાયેલી છે. જે તેની વિશેષતાઓને આધારે જાણી શકાય.

૧. આ સંગ્રહમાં મહાભારતના ચૌદમા પર્વનો ફારસી ભાષામાં થયેલો અનુવાદ પ્રાપ્ત થાય છે. જેનો અનુવાદ ઓગણીસમી સદીમાં ખંભાતના એક વડનગરા બ્રાહ્મણે કરેલો છે.

૨. 'ખત-એ-ગુબાર' નામની કુરાનની એક પ્રત સૂક્ષ્માક્ષરે લખાયેલી છે. જેના પહેલા અધ્યાય 'સૂરા-એ-ફાતિહા'માં આખું કુરાન લખેલું છે. એ તેની ખાસ વિશેષતા ગણાવી શકાય.

૩. કુરાન પઠન વિષય પરની ઈ.સ.૧૨૭૭માં લખાયેલી 'અલ ઝુરૂફ ફી અલરાઈલ હુરૂફ' ની એક પ્રત છે.

૪. મૌલાના હબીબુલ્લાહ ચિશ્તીની કુરાન પઠન વિષય પરની 'અલ-જવાહિરૂલ કુરાની' નામની પ્રત છે. મૌલાના ચિશ્તી તેરમી સદીના સંત બાબા ફરીદ ગંજ-એ-શકર ના શિષ્ય હતા.

૫. સૈયદ અલીના 'કુરાન' વ્યાખ્યાનની એક પ્રતિલિપિ, જે મોગલ સમ્રાટ ઔરંગઝેબના એક સેનાપતિ શેખ નુરૂલ-હક માટે લખાઈ હતી.

૬. મુલ્લા મોહમ્મદ સાદિક હલાવીના 'કુરાન' ના કેટલાક અંશોનું વ્યાખ્યાન. મુલ્લા હલાવી સમ્રાટ અકબરના ભાઈ શાહજાદા મોહમ્મદ હકીમ મિર્ઝાના ગુરૂ હતા.

૭. શેખ અબુ હફસ નજમુદ્દીન ઉમરના 'અલ-ફિકહુલ હનફી' ગ્રંથની ઈ.સ.૧૩૭૨ માં તૈયાર થયેલી પ્રતિલિપિ.

૮. 'હદીસ' વિષય ઉપર મુલ્લા અલી કારીના પ્રખ્યાત ગ્રંથ 'અલ હિસ્નુસ્સમીન'ની એક સુંદર પ્રત મળી આવે છે.

૯. મોહમ્મદ - અલ - કિરમાણી રચિત ઈ.સ.૧૩૮૩ ની 'શરહે-સહીહ-બુખારી' નામની પ્રત.

For Private and Personal Use Only

૧૦. સૈયદ મોહમ્મદ અલ-કજેરુની રચિત 'કિતાબુલ મુસલસલાત'ની પ્રાચીન પ્રત.

૧૧. કાઝી અબુલ ફઝલ અયાઝની 'મશારીકુલ અનવાર' ગ્રંથની ઈ.સ.૧૨૫૮માં લખાયેલી પ્રતિનકલ.

૧૨. રસૂલે અકરમ અને તેમના સાથીદારોના જીવન ઉપર આધારીત શેખ મોહમ્મદ બિન તાહિર પતની રચિત 'કિતાબુત તવસ્સુલ' નામની પ્રત.

૧૩. મુસ્લિમ કાનૂન વિભાગ લખાયેલ 'ફતવા-એ-તાતર ખાનિયા' ની બધી જ પ્રતો મહત્વની છે.

૧૪. મુસ્લિમ કાનૂન પર લખાયેલ 'ફવાયદે-ફિરોઝશાહી' ના [illegible] ભાગ મહત્વના છે.

૧૫. શેખ અહમદ સરહિંદી (મુજદ્દીન-એ-અલ્ફ-એ-સાની) ની તેમના અવસાન (ઈ.સ.૧૬૨૪)ના સત્તર વર્ષ પછી લખાયેલી 'મુકાશફાતે-ગૈબિયા'નામની સંપૂર્ણ હસ્તપ્રત.

૧૬. અબુ બકર બિન-અબદુલ્લા અલદી ઝીની ઈ.સ.૧૬૦૭માં રચાયેલી 'મિસાહુલ-ઈમાદ' નામની હસ્તપ્રત જે મોગલ સમ્રાટ જહાંગીરના ગ્રંથાલયમાંથી મળી આવેલી પ્રત છે.

૧૭. હમીદુદ્દીન સાયદીની ફારસી ભાષામાં લખાયેલી 'ઉસૂલુત તરીકા' નામની એક પ્રાચીન પ્રત. આ પ્રત ઈ.સ.૧૨૭૪માં લેખકના પૌત્રે તૈયાર કરેલી.

૧૮. વલી મોહમ્મદના પુત્ર ખાન મોહમ્મદની સૂફી માન્યતાઓ ઉપર આધારિત 'અમલે તાબા' નામની પ્રત.

૧૯. શાહજાદી જહાન-આરાની 'મુનિસુલ અરવાહ' નામની ઈ.સ.૧૬૩૯માં લખાયેલી અલભ્ય પ્રત અહીં મળી છે.

૨૦. અબુ રૈહાન અલબેરુની રચિત 'ગુરાતલ ઝાયજ' નામની હસ્તપ્રત. આને 'જિજે હિન્દ' પણ કહેવામાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## હસ્તપ્રતોની ગોઠવણી :

આ હસ્તપ્રત વિભાગમાંની હસ્તપ્રતોને વ્યવસ્થિત કરવાનું કામ આજ સુધીમાં બે ત્રણ તબક્કે થયેલું છે. પરિણામે તેમાંની થોડી હસ્તપ્રતોને વિષયવાર અલગ કરીને તેના સૂચિકાર્ડ બનાવવાનું કામ થયેલું છે. આ માટે મૌલવી અબુ ઝફર સાહેબે થોડું વ્યવસ્થિત કરવાનો પ્રયત્ન કરેલો. ત્યારબાદ પ્રો. કુરેશી અને અન્ય અભ્યાસીઓએ પણ તે અંગેનું થોડું કામ કરેલું છે. પરંતુ હજુ સુધી બધી જ હસ્તપ્રતોને તપાસી તેનો વિષય નક્કી કરી અલગ કરવામાં આવી નથી. બધી જ પ્રતોના સંપૂર્ણ રીતે સૂચિકાર્ડ પણ તૈયાર થયા નથી. આ બધી જ હસ્તપ્રતોનું પ્રાથમિક લિસ્ટ પ્રાપ્ય છે પરંતુ વ્યવસ્થિત રજીસ્ટર હજુ સુધી તૈયાર થયું નથી. લિસ્ટમાં આપેલા અનુક્રમ નંબર હસ્તપ્રતો પર આપેલા છે. આમ છતાં અત્યાર સુધીના તેને વ્યવસ્થિત કરવાના પ્રયત્નોના પરિણામે જે હસ્તપ્રતો વ્યવસ્થિત ગોઠવાઈ છે તેને મૂળ ગ્રંથની સાથે તેના ટીકાગ્રંથો રહે તે રીતે સાલવાર ગોઠવેલા છે. આ ગોઠવાયેલી હસ્તપ્રતોના લગભગ ૫૦૦ સૂચિકાર્ડ તૈયાર થયેલા છે. આ સૂચિકાર્ડ હસ્તપ્રતો મેળવવામાં સહાયરૂપ થાય છે. હજી બધી જ હસ્તપ્રતોને વ્યવસ્થિત કરવાનું કામ બાકી છે.

આ વિભાગમાંની પ્રતો જૈનભંડારોમાં જોવા મળતી છૂટા પત્રો સ્વરૂપની જોવા મળતી નથી. પરંતુ નાના-મોટા કદની દરેક પ્રત વચ્ચેથી દોરાથી સીવેલી જોવા મળે છે. કેટલીક પ્રતો બંધાવીને રાખેલી છે. આ બધી જ પ્રતોને રક્ષણ માટેના કોઈપણ પ્રકારના આવરણ કે પોથી સ્વરૂપે બાંધ્યા વગર લાકડાના અને સ્ટીલના કબાટોમાં ગોઠવી છે. હસ્તપ્રતોના સંરક્ષણ માટે કોઈપણ પ્રકારની વનસ્પતિ કે પાવડરનો ઉપયોગ થતો હોવાનું જાણવા મળ્યું નથી.

સંસ્થાના હસ્તપ્રત વિભાગમાંની આ પ્રતો ઘણી જ મૂલ્યવાન છે. ગુજરાતમાં અન્ય કોઈપણ સ્થળે ઈસ્લામ ધર્મ સાથે સંબંધિત હસ્તપ્રતોનો આવો વિપુલ સંગ્રહ જોવા મળતો નથી. વ્યક્તિગત સંગ્રહોમાં કોઈ વિદ્વાનો પાસે થોડી ઘણી પ્રતો કદાચ સંગ્રહાયેલી હશે પરંતુ તે જાણમાં નથી. સંસ્થાનો આ બહુમૂલ્ય હસ્તપ્રતસંગ્રહ ઈસ્લામ ધર્મ અને તત્ત્વજ્ઞાનના તેમ જ મુસ્લિમ કાયદાના અભ્યાસીઓને વિશેષ ઉપયોગી બની રહ્યો છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દયાવિમલસૂરિજીનો દેવશાના પાડાનો હસ્તપ્રતભંડાર

સ્વામિનારાયણ મંદિર પાસે, કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

દેવશાના પાડાના વિમલગચ્છ જૈન ઉપાશ્રયમાં દયાવિમલસૂરિજીનો હસ્તપ્રતભંડાર છે. આ ઉપરાંત મહેન્દ્ર વિમલસૂરિજીનો હસ્તપ્રતભંડાર પણ હતો પરંતુ તેમના કાળધર્મ પામ્યા બાદ તેમનો ૨૬૮૧ પ્રતોનો સંગ્રહ લા.દ.વિદ્યામંદિરને સોંપાયો છે.

'જિનરત્નકોશ' માં દર્શાવેલ કાળુશીની પોળમાં પહેલાં જ્ઞાનભંડાર હતો પરંતુ તે ઉપાશ્રયના ગુરુજીના કાળધર્મ પામ્યા બાદ તેમના બે શિષ્યોએ આ ભંડારની વહેંચણી કરી, જેમાંનો એક ભાગ દેવશાના પાડાના ભંડારમાં અને બીજો ભાગ પગથિયાના ઉપાશ્રય (સંવેગી ઉપાશ્રય) ના ભંડારમાં સંગ્રહવામાં આવ્યો. આમ મૂળ એક જ હસ્તપ્રતભંડારમાંથી વહેંચાયેલી હસ્તપ્રતોનો આ સંગ્રહ છે. હસ્તપ્રતોની વહેંચણીની પ્રવૃત્તિ વખતે કયારેક એક જ હસ્તપ્રતોનાં પાનાં પણ વહેંચાયાં છે. અને તેનાથી તે અવ્યવસ્થિત થઈ છે.

દેવશાના પાડાના વિમલગચ્છ જૈન ઉપાશ્રયના દયાવિમલસૂરિજીના હસ્તપ્રતસંગ્રહમાં કુલ ૫૯૯૭ પ્રતો હતી પરંતુ તે પૈકી કેટલીક પ્રતો ઉધઈથી નાશ પામી અને કેટલીક ભેજથી ચોંટી ગઈ તેથી હાલ ઉપયોગમાં લઈ શકાય તેવી કુલ ૫૦૩૧ પ્રતો ઉપલબ્ધ છે. આ બધી જ પ્રતો કાગળ પર લખાયેલી છે.

લગભગ પાંચેક વર્ષ પહેલાં આ ભંડારના નવા મકાનનું બાંધકામ કરવા માટે પ્રતોના લાકડાના ડબ્બાઓને અન્યત્ર ખસેડવાની જરૂર ઊભી થઈ. આ સમયે બધા જ ડબ્બાઓને ત્યાંના જૈન દેરાસરના ઘુમટના અંદરના ભાગમાં ખસેડવામાં આવ્યા. ચોમાસુ પસાર થઈ ગયા પછી પણ આ ડબ્બાઓ તપાસવામાં આવ્યા નહીં. થોડા સમય બાદ મુનિ પન્યાસ પ્રદ્યુમ્નવિજયજીને સંશોધનાર્થે કોઈ પ્રતની જરૂર ઊભી થતાં તેઓશ્રીએ દેરાસરમાં રાખેલા બધા ડબ્બાઓને તેની જગ્યાએથી બહાર કઢાવ્યા. તે સમયે આમાંના ૨૮ ડબ્બાઓને ઉધઈ લાગીને તેનો હસ્તપ્રતો સાથે સંપૂર્ણ નાશ થઈ ચૂકયો હતો. ચોંટી ગયેલા પત્રોવાળી પ્રતો પણ ઘણી સંખ્યામાં મળી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ રીતે ૯૬૨ જેટલી હસ્તપ્રતો નાશ પામી હતી. બચેલી ૫૦૩૧ જેટલી સારી પ્રતોને અલગ કરી ડબ્બાઓમાં ઉપાશ્રયના મકાનના ભોંયતળિયાના ભાગમાં રાખેલી છે.

<u>ભાષા</u> :

આ સંગ્રહમાં પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, જુની ગુજરાતી, જુની રાજસ્થાની અને હિંદી ભાષામાં લખાયેલી પ્રતો મળે છે. પરંતુ તેનું સંપૂર્ણ વર્ગીકરણ થયું નથી તેથી તેની ભાષાવાર સંખ્યા આપી શકાય એમ નથી.

<u>વિષય</u> :

જૈન આગમો, આગમીક પ્રકરણો, રાસો (પદ્ય કથાઓ), સ્તવનો (સ્તુતી), સજ્જાય (વ્યક્તિઓની સ્તુતી), જૈનચરિત્ર કથાઓ, વ્યાકરણ, અલંકાર, છંદશાસ્ત્ર, કાવ્ય, ન્યાય, મંત્ર-તંત્ર, જયોતિષ વિદ્યા, શિલ્પવિદ્યા વગેરે વિષયની હસ્તપ્રતો આ સંગ્રહમાં થોડી-ઘણી મળી રહે છે. આ ભંડારનું સંપૂર્ણ વર્ગીકરણ થયું ન હોવાથી વિષયવાર પ્રતસંખ્યા આપી શકાય એમ નથી.

<u>વિશેષતા</u> :

આ ભંડારમાં પંદરમા સૈકાથી શરૂ કરીને પ્રતો મળી આવે છે. કાલિદાસ કૃત 'રઘુવંશ' ની દર્પણ નામની ટીકાની પ્રત પં.રેવાશંકર ત્રિવેદી નામના વિદ્વાનેને તેમના અનેક પ્રયત્નો છતાં અન્ય હસ્તપ્રતભંડારોમાંથી મળી શકી નહોતી. જયારે આ પ્રતના કેટલાક અંશો તેમને આ ભંડારમાંથી પ્રાપ્ત થઈ શકયા હતા જે આ ભંડારની વિશેષતા કહી શકાય.

<u>સચિત્ર પ્રતો</u> :

આ સંગ્રહમાં લગભગ પાંચ સચિત્ર પ્રતો છે. જે ઘણી જ કિંમતી છે. અહીં 'કલ્પસૂત્ર'ની જે પ્રત છે તે અપ્રતિમ ચિત્રકળાવાળી જગવિખ્યાત સુવર્ણાક્ષરી પ્રત છે. ભારતમાં કલ્પસૂત્રની જે સુવર્ણાક્ષરી પ્રતો પ્રાપ્ત થાય છે તેમાં સૌથી શ્રેષ્ઠ પ્રતિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંકિની છે. તેની વિશેષતા એ છે કે પ્રતની બંને બાજુના હાંસિયાઓ (બોર્ડરો) માં ભારતીય સંગીત તથા નાટ્યશાસ્ત્રના વિવિધ શાસ્ત્રીય રૂપોના રંગીન ચિત્રો પ્રત્યેક પાન પર તૈયાર કરેલાં છે. આ પ્રતનાં ચિત્રોના ફોટોગ્રાફસ લઈને ડૉ. વિદ્યા સારાભાઈ નવાબે, 'સંગીત-નાટ્ય-રૂપાવલિ' નામનું પ્લેટો સાથેનું પુસ્તક ૧૯૬૩ માં સંપાદિત કરી પ્રકાશિત કર્યું છે, જે ગ્રંથમાં ચિત્રો ઉપરાંત તેની મુદ્રાઓના વર્ણન સાથેની વિગતો પણ આપી છે. હસ્તપ્રતના ચિત્રો સૌ પ્રથમવાર જ આ ગ્રંથમાં પ્રકાશિત કર્યાં છે.

'કલ્પસૂત્ર' ની આ પ્રતનાં રંગીન ચિત્રો સારાભાઈ નવાબે 'જૈનચિત્ર કલ્પદ્રુમ' માં અને 'માસ્ટર પીસીસ ઑફ જૈનચિત્ર કલ્પદ્રુમ' માં પ્રસિદ્ધ કર્યાં છે. 'કલ્પસૂત્ર'ની આ પ્રતના ચિત્રો હાલ સળંગ ક્રમમાં મળતાં નથી. તેમાં કેટલાક ચિત્રો ખૂટતાં માલૂમ પડ્યા છે. આમ છતાં બહાર જયાં પણ આ પ્રતના ચિત્રો જોવા મળે છે ત્યાંથી તેની ફોટો-કોપી-સીસ તૈયાર કરાવીને તેને પૂર્ણ કરવાના પ્રયત્નો ચાલે છે. સુવર્ણાક્ષરી બીજી એક પ્રત 'ઉત્તરાધ્યયન' નામની છે, જે સચિત્ર પણ છે. આ ભંડારમાં 'કલ્પસૂત્ર' અને 'ઉત્તરાધ્યયન' આ બે પ્રતો જ સુવર્ણાક્ષરી છે.

આ બે સચિત્ર સુવર્ણાક્ષરી હસ્તપ્રતો ઉપરાંત કાળી શાહીથી લખાયેલી ત્રણ સચિત્ર પ્રતો પણ ઉપલબ્ધ છે. જેમાં 'ઉપદેશમાળા' નામની સચિત્ર પ્રતમાં ઉપદેશ-કથાઓનાં ચિત્રો ઘણી સંખ્યામાં છે. અન્ય ભંડારોમાં મળતી 'ઉપદેશમાળા' ની પ્રતોમાં આવા ચિત્રો ખાસ કરીને ક્યાંય જોવા મળતાં નથી. આ ઉપરાંત 'ઉત્તરાધ્યયન' અને 'હરિબલચોપાઈ' નામની બે સચિત્ર પ્રતો પણ આ સંગ્રહમાં છે. ભંડારમાં મળતી આ પાંચ પ્રતોનું રજીસ્ટ્રેશન કરાવેલું છે. હાલ આ સચિત્ર પ્રતોને હસ્તપ્રતભંડારમાં ન રાખતાં રતનપોળમાં નગરશેઠની માર્કેટમાં રસિકલાલ મંગુલાલ ઝવેરીની દુકાનની તિજોરીમાં સાચવણી માટે મુકવામાં આવી છે.

<u>સુવર્ણાક્ષરી પ્રતો</u> :

ઉપરોક્ત 'કલ્પસૂત્ર' અને 'ઉત્તરાધ્યયન' ની બે પ્રતો સુવર્ણાક્ષરી છે. આ સંગ્રહમાં રોપ્યાક્ષરી પ્રત એક પણ મળતી નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સ્વહસ્તાક્ષરી પ્રતો :**

ઉપાધ્યાય યશોવિજયજીએ રચેલી અને તેમના સ્વહસ્તાક્ષરવાળી લગભગ પંદર જેટલી પ્રતો (એક ડબ્બો ભરીને) આ સંગ્રહમાં પ્રાપ્ય છે.

**હસ્તપ્રતોની વ્યવસ્થા :**

આ હસ્તપ્રતભંડારમાંની હસ્તપ્રતોને વ્યવસ્થિત કરવાનુ અને સૂચિકાર્ડ બનાવવાનું કામ ઈ.સ.૧૯૫૪ માં થયેલું. હસ્તપ્રતભંડારમાંની હસ્તપ્રતોને સૌ પ્રથમ વિષય પ્રમાણે અલગ કરી, તેના કદ પ્રમાણે (જે તે વિષયની) પ્રતોની થપ્પીઓ કરવામાં આવેલી. ત્યારબાદ તેના પર સફેદ કાગળનું આવરણ વીંટી તેના પર કાળી શાહીથી પ્રતનું નામ અને સૂચિક્રમાંક નોંધ્યા છે. ક્યારેક પ્રતમાં ખૂટતાં પાનાં અને પ્રતની સ્થિતિ નોંધવામાં આવેલી છે. કદ પ્રમાણે અલગ કરેલી થપ્પીઓને તે જ માપના સાગના લાકડાના ડબ્બાઓ તૈયાર કરાવી તેમાં મૂકવામાં આવી છે. શરૂઆતમાં જ વિષય પ્રમાણે જુદી પાડી પછી કદ પ્રમાણે થપ્પીઓ કરવાની પ્રક્રિયા કરેલી હોવાથી ડબ્બામાં લગભગ એક જ વિષયની પ્રતો ગોઠવાયેલી જોવા મળે છે.

**રજિસ્ટર (સૂચિપત્ર) :**

રજિસ્ટરમાં સૂચિક્રમાંક, હસ્તપ્રતનું નામ, પત્ર, ભાષા, કર્તા, ગ્રંથાગ્ર, રચના સંવત, લેખન સંવત, સ્થિતિ અને છેલ્લે નોંધ એમ અલગ વિભાગો કરી હસ્તપ્રતની પ્રાપ્ય બધી જ વિગતો તેમાં નોંધવામાં આવી છે. રજિસ્ટરમાં બધી જ પ્રતોને નામના અકારાદિક્રમમાં જ નોંધવામાં આવેલી છે. પ્રતનો નંબર રજિસ્ટરમાં સૂચિક્રમાંક ખાનામાં જ નોંધવામાં આવેલો છે.

રજિસ્ટરમાં પ્રતોને અકારાદિક્રમમાં નોંધેલી હોવાથી તેનો સૂચિક્રમાંક સાંગ ક્રમમાં રહેતો નથી. સંશોધકને જ્યારે પણ કોઈ પ્રતની જરૂર ઊભી થાય છે ત્યારે અકારાદિ નોંધણીવાળા રજિસ્ટરમાંથી સૂચિક્રમાંક મેળવી લે છે. ત્યારબાદ ડબ્બામાંથી જે તે હસ્તપ્રત કાઢી આપવામાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ હસ્તપ્રતભંડારની મોટાભાગની પ્રતોની સ્થિતિ સારી છે. સામાન્ય રીતે અન્ય જૈન જ્ઞાનભંડારોની જેમ આ હસ્તપ્રતભંડાર પણ બંધ જ રાખવામાં આવે છે. આમ છતાં ટ્રસ્ટીની મંજૂરી મેળવ્યા બાદ જ તેમાંની પ્રતો સંશોધકો માટે સુલભ કરી આપવામાં આવે છે. સચિત્ર પ્રતો બહાર કોઈને પણ આપવામાં આવતી નથી.

આ હસ્તપ્રતભંડારમાં અકારાદિક્રમમાં નોંધાયેલી પ્રતોનું રજિસ્ટર છે. અલગ સૂચિપત્રોની જરૂર રહેતી ન હોવાથી તે તૈયાર કરેલા નથી. તદ્ઉપરાંત છાપેલું સૂચિપત્ર પણ તૈયાર થયું નથી. આ હસ્તપ્રતભંડારના રજિસ્ટરની બીજી નકલ લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં પણ ઉપલબ્ધ છે. જે સંશોધકોને વિશેષ ઉપયોગી બને છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પં.રૂપવિજયગણિ જ્ઞાનભંડાર (ડહેલાના ઉપાશ્રયનો જૈન જ્ઞાનભંડાર) :

દોશીવાડાની પોળ, ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

આ હસ્તપ્રતભંડારમાં ઉમાભાઈ કાળુભાઈ શેઠના ભંડારની પ્રતો, રૂપવિજયજી મહારાજની પ્રતો તેમ જ બીજા બે-ત્રણ નાના ભંડારોની પ્રતોનો સમાવેશ થયો છે. કેટલીક પ્રતો ભેટ મળેલી છે. આ ભંડારનો વહીવટ 'ડહેલાના ઉપાશ્રય ટ્રસ્ટ' દ્વારા ચાલે છે.

ભંડારમાંની કુલ પ્રતસંખ્યા ૧૫૦૦૦ જેટલી છે. મોટાભાગની પ્રતો કાગળ પર લખાયેલી છે. બે ત્રણ તાડપત્રીય પ્રતો મળે છે. અહીં અલભ્ય, અપ્રગટ અને વિશ્વભોગ્ય હસ્તપ્રતોનો પ્રાચીનતમ સંગ્રહ વિશેષ છે. લગભગ પંદરમા શતક પછીની પ્રતો પ્રાપ્ય છે.

**ભાષા :**

સંસ્કૃત, પ્રાકૃત, જૂની ગુજરાતી, અપભ્રંશ અને થોડી સંખ્યામાં હિંદી પ્રતો મળે છે. પરંતુ તેનું સંપૂર્ણ વર્ગીકરણ થયું ન હોવાથી ભાષાવાર પ્રતોની સંખ્યા આપી શકાય એમ નથી.

**વિષય :**

આ ભંડારમાં જૈન આગમો, આગમીક પ્રકરણો, જૈનચરિત્ર કથાઓ, રાસો, સ્તવનો, વ્યાકરણ, છંદશાસ્ત્ર, અલંકાર, કાવ્ય, ન્યાય, મંત્ર-તંત્ર, જ્યોતિષ વગેરે અનેક વિષયોની પ્રતો પ્રાપ્ય છે. સંપૂર્ણ વર્ગીકરણ થયેલું ન હોવાથી વિષયવાર પ્રત સંખ્યા આપી શકાય એમ નથી.

**મહત્વની પ્રતો :**

આ સંગ્રહમાં ખરડો (કાચીનોંધ), સમકાલીન, પ્રથમાદર્શ, સ્વહસ્તાક્ષરી વગેરે અનેક પ્રકારે વિશેષતા ધરાવતી પ્રતો મળી આવે છે.

For Private and Personal Use Only

**સુવર્ણાક્ષરી-રોપ્યાક્ષરી પ્રતો :**

આ ભંડારમાં બે સુવર્ણાક્ષરી અને એક રોપ્યાક્ષરી પ્રતો છે.

**સચિત્ર પ્રતો :**

અંદાજે નાની-મોટી મળીને લગભગ ૧૫૦ સચિત્ર પ્રતોનો સંગ્રહ છે.

**સ્વહસ્તાક્ષરી પ્રતો :**

આ ભંડારમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજની સ્વહસ્તાક્ષરી કેટલીક પ્રતો છે. શ્રાવક ઋષભદાસના હસ્તાક્ષરોવાળી પ્રતો પણ મળે છે. મુનિશ્રી ભાનુચંદ્ર અને સિધ્ધચંદ્રના હાથે લખાયેલી પણી પ્રતો પ્રાપ્ત થાય છે.

**હસ્તપ્રતોની ગોઠવણી :**

આ હસ્તપ્રતસંગ્રહની પ્રતો શરૂઆતમાં સફેદ કપડાના બંધનોમાં બાંધીને લાકડાના ડબ્બાઓમાં મુકેલી હતી. પરંતુ પંદરેક વર્ષ પહેલાં પ્રતોને વ્યવસ્થિત કરવાનું કામ થયું ત્યારે એ બધી પ્રતોના બંધનો દૂર કરી, પ્રત્યેક પ્રતને સફેદ મજબુત કાગળના આવરણ (રેપર) માં મુકી, તેના પર સૂચિક્રમાંક લખીને લાકડાના ડબ્બાઓમાં મુકવામાં આવી. લાકડાના આ ડબ્બાઓ ઉપર તેમાં રહેલી પ્રતોના ક્રમાંક આપેલા છે. બધા જ ડબ્બાઓ ભીંતમાં ફીટ કરેલા લોખંડના કાચયુક્ત કબાટોમાં વ્યવસ્થિત મુકવામાં આવેલા છે.

**રજિસ્ટર - સૂચિપત્રો :**

ભંડારમાંની પ્રતોનું પ્રાથમિક લિસ્ટ આશરે પચાસેક વર્ષ પહેલાં મુનિશ્રી રત્નવિજયજી મહારાજે કરેલું. હાલ કેટલેક અંશે તે ઉપલબ્ધ છે. નવેસરથી રજિસ્ટર તૈયાર કરવાની શરૂઆત થયેલી. જેમાં ૧૪,૦૦૦ જેટલી પ્રતોની નોંધ થયેલી છે. બાકીની કેટલીક પ્રતો તેમાં નોંધાઈ નથી.

પ્રત્યેક હસ્તપ્રતોના સૂચિપત્રો (કાર્ડ) તૈયાર કરેલાં છે. જે હસ્તપ્રતના નામના અકારાદિ ક્રમમાં ગોઠવેલા છે. તેના પરથી હસ્તપ્રતનો સૂચિક્રમાંક

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળવી કબાટમાંથી જરૂરી પ્રત મેળવી શકાય છે. આ સૂચિપત્રો ઉપરથી છાપેલું સૂચિપત્ર પ્રકાશિત કરવાની યોજના વિચારણા હેઠળ હતી પરંતુ હજુ સુધી તે પ્રકાશિત થયું નથી.

<u>હસ્તપ્રતોની સુરક્ષા</u> :

પ્રતોના સંરક્ષણ માટે કબાટમાં ખાલી જગ્યામાં ઘોડાવજ, કાળીજીરી, ડામરની ગોળીઓ વગેરે પ્રાચીન પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

<u>સંશોધન સગવડતા</u> :

આ હસ્તપ્રતભંડારમાં સંગ્રહાયેલી પ્રતોનો ઘણા વિધ્વાનો અને સંશોધકોએ સંશોધનાર્થે ઉપયોગ કરેલો છે, અને કરે છે. ભંડારની ચાવીઓ ટ્રસ્ટીના ઘેર રાખવામાં આવે છે. ભંડાર બંધ જ રાખવામાં આવે છે. પરંતુ જરૂર પડે તે ખોલી આપવામાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જૈન પ્રાચ્ય વિદ્યાભવન હસ્તપ્રતભંડાર :

પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

લગભગ પચાસેક વર્ષ પહેલાં 'ત્રિપુટી મહારાજ' થી ઓળખાતા મુનિશ્રી જ્ઞાનવિજયજી, મુનિશ્રી દર્શનવિજયજી અને મુનિશ્રી ચારિત્ર્યવિજયજીએ પોતાનો અંગત હસ્તપ્રતસંગ્રહ આ સંસ્થાને ભેટ આપીને હસ્તપ્રતભંડારની સ્થાપના કરેલી. હાલ સંસ્થાના પુસ્તકાલયમાં જ અલગ સંગ્રહ તરીકે હસ્તપ્રતો રખવાઈ રહી છે.

આ હસ્તપ્રતભંડારમાં આશરે ૩૫૦૦ હસ્તપ્રતો છે. તેમાં બે પ્રતો તાડપત્ર પર છે. બીજી બધી કાગળ પર લખાયેલી છે. આ ઉપરાંત કપડા પર લખાયેલા કેટલાક ફારસી લિપિમાં લખાયેલાં ફરમાનો પણ સંગ્રહાયેલાં છે. લગભગ પંદરમા સૈકા પછીની કાગળ પર લખાયેલી પ્રતો મળે છે, જેમાં કેટલીક સચિત્ર પ્રતો પણ છે. સંગ્રહમાંના મોટાભાગના હસ્તલિખિત ગ્રંથો સામાન્ય પ્રકારના છે. રચનાની દ્રષ્ટિએ કોઈ ખાસ વિશિષ્ટતા ધરાવતા ગ્રંથો મળતા નથી.

### ભાષા :

આ સંગ્રહમાં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, હિંદી, ગુજરાતી વગેરે ભાષાની પ્રતો મળે છે. કપડા પરના આશરે એક મીટર લાંબા અને ૪૫ સે.મી. પહોળા કેટલાક લંબચોરસ ફરમાનો ફારસી લિપિમાં લખાયેલાં મળે છે.

### વિષય :

સામાન્ય રીતે દરેક જૈન જ્ઞાનભંડારોમાં મળતા સામાન્ય વિષયોની પ્રતો અહીંયા પણ છે, જેમાં જૈનઆગમો, પ્રકરણો, રાસો, જૈનચરિત્ર કથાઓ, સ્તવનો તેમ જ છંદ, અલંકાર, કાવ્ય, ન્યાય વગેરેની પ્રતો પ્રાપ્ત થાય છે.

### સુવર્ણાક્ષરી પ્રતો :

આ સંગ્રહમાં બે સુવર્ણાક્ષરી પ્રતો પણ છે. તેમાંની જે 'આવશ્યક નિયુક્તિ' નામની આગમ ગ્રંથની પ્રત સુવર્ણાક્ષરી છે, તેની ચારે બાજુની કિનાર (બોર્ડર)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુશોભન કરેલી છે. સામાન્ય રીતે આ પ્રકારનું સુશોભન ધરાવતી 'આવશ્યક નિર્યુક્તિ' ની સુવર્ણાક્ષરી પ્રત બીજા ભંડારોમાં ક્યાંય જોવા મળતી નથી.

આ ઉપરાંત 'કલ્પસૂત્ર' ની સચિત્ર હસ્તપ્રત પણ સુવર્ણાક્ષરી છે.

__સચિત્ર પ્રતો :__

આ સંગ્રહમાં કેટલીક સચિત્ર પ્રતો મળે છે. તે અલગ કબાટમાં રાખવામાં આવી છે. આમાં ઉપરોક્ત 'કલ્પસૂત્ર' ની સચિત્ર સુવર્ણાક્ષરી પ્રત છે. તદ્ઉપરાંત કાળી શાહીથી લખાયેલા 'રાસો', 'કલ્પસૂત્ર', 'કપડાના સચિત્ર પટો' વગેરે છે. હસ્તપ્રતો ઉપરાંત પટ, ઓળિયાં, ચિત્રોના છૂટા પત્રો વગેરે મળીને આશરે ૧૦૦ જેટલી સંખ્યા ધરાવતી સચિત્ર સામગ્રી છે. આ બધી જ સામગ્રીની નિયમાનુસાર નોંધણી કરાવવામાં આવી છે.

આ સંગ્રહમાં કેટલાક સચિત્ર વિજ્ઞપ્તિપત્રો પણ છે. આ વિજ્ઞપ્તિપત્રો કાપડ પર લખાણ ધરાવતા આશરે ૩૦ સે.મી.ની પહોળાઈ અને ૧૨ થી ૧૫ મીટર કે તેથી પણ વધારે લાંબાઈના છે.

__હસ્તપ્રતોની ગોઠવણી :__

પ્રત્યેક હસ્તપ્રતને સફેદ કાગળના આવરણ (રેપર)માં, તેની બંને બાજુ મજબૂત કાગળના પૂંઠા મુકી ઉપર સફેદ કાપડનું બંધન વીંટી મજબૂત બાંધીને રાખેલી છે. સ્ટીલના કબાટના ખાનામાં એકની ઉપર બીજી એમ થપ્પીઓમાં આ પોથીઓને મુકી છે. કાપડના બંધન ઉપર પ્રત્યેક હસ્તપ્રતનો સૂચિક્રમાંક કાળી શાહીથી નોંધેલો છે. અને તે ક્રમમાં જ પ્રતોને ગોઠવીને રાખેલી છે. બધી જ હસ્તપ્રતો પુસ્તકાલયના અલગ વિભાગમાં સ્ટીલના પાંચ કબાટોમાં મુકી છે. પાંચમા કબાટમાં સચિત્ર પ્રતો અને અન્ય મૂલ્યવાન સામગ્રી રાખવામાં આવેલી છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## નોંધણી રજિસ્ટર અને સૂચિપત્ર :

હસ્તપ્રતોનું શરૂઆતમાં તૈયાર કરેલું લીસ્ટ રજિસ્ટરના સ્વરૂપમાં જોવા મળે છે. આ લીસ્ટમાં પ્રત્યેક પ્રતને નોંધવામાં આવેલી છે. અને તેનો આ ક્રમાંક જ પોથીઓ પર શાહીથી લખવામાં આવેલો છે.

પ્રત્યેક પ્રતના સૂચિપત્રો (કાર્ડ) તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં પ્રતની સંપૂર્ણ વિગત આવી જાય છે. આ સૂચિપત્રોને કેબીનેટમાં હસ્તપ્રતના નામના અકારાદિક્રમમાં ગોઠવીને રાખવામાં આવ્યા છે. જેના પરથી પ્રતનો નંબર મેળવી કબાટમાંથી જરૂરી પ્રત પ્રાપ્ત કરી શકાય છે.

આ હસ્તપ્રતભંડારનું છાપેલું સૂચિપત્ર પ્રકાશિત થયેલું નથી. આ સંગ્રહની હસ્તપ્રતોનો ઉપયોગ કરવા માગતા સંશોધકોને ટ્રસ્ટીની પૂર્વમંજૂરી મેળવ્યા પછી જ પ્રત કાઢી આપવામાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પં.શ્રી વીરવિજય જૈન ઉપાશ્રય ટ્રસ્ટનો હસ્તપ્રતભંડાર

ભઠ્ઠીની બારી, ફર્નાન્ડીઝ પુલ નીચે, ગાંધીરોડ, અમદાવાદ—૩૮૦ ૦૦૧.

ઉપાશ્રયના આ ભંડારમાં આશરે ૨૦૦૦ પ્રતોનો સંગ્રહ છે. જે સ્ટીલના ચાર કબાટોમાં વ્યવસ્થિત ગોઠવાઈ છે.

**ભાષા :**

સંસ્કૃત, પ્રાકૃત, અર્ધમાગધી વગેરે ભાષાની પ્રતો આ ભંડારમાં મળે છે. પ્રતોનું વર્ગીકરણ થયેલું ન હોવાથી ભાષાવાર પ્રતોની સંખ્યા પ્રાપ્ત થઈ નથી.

**વિષય :**

જૈન આગમો, આગમિક પ્રકરણો, રાસો, જ્યોતિષ, ચરિત્રો વગેરે વિષયની પ્રતો મળે છે. પ્રતોનું વિષયવાર વર્ગીકરણ થયેલું ન હોવાથી વિષયવાર પ્રતસંખ્યા મળી શકી નથી.

**સચિત્ર પ્રતો :**

આ સંગ્રહમાં ત્રણ સચિત્ર હસ્તપ્રતો છે. જેમાંની એક 'કલ્પસૂત્ર'ની પ્રત છે. આ 'કલ્પસૂત્ર' સચિત્ર ઉપરાંત સુવર્ણાક્ષરી પણ છે. આ સચિત્ર પ્રતોની નિયમાનુસાર નોંધણી કરવામાં આવેલી છે. સંગ્રહમાં જ જુદા સ્ટીલના કબાટમાં તેની વિશેષ જાળવણી માટે ત્રણે પ્રતોને અલગ રાખવામાં આવી છે. આ સંગ્રહમાં સ્વહસ્તાક્ષરી એક પણ પ્રત નથી.

**હસ્તપ્રતોની ગોઠવણી :**

પ્રત્યેક પ્રતને સફેદ કાગળના આવરણમાં રાખી તેને સફેદ કપડાના બંધનમાં બાંધવામાં આવી છે. આ ભંડારમાં પહેલાં લાકડાના સામાન્ય પ્રકારના ડબ્બાઓનો ઉપયોગ પ્રતોને રાખવા માટે થયેલો હતો. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ડબ્બાઓમાંથી પ્રતોને કાઢી પ્રત્યેક પ્રતને સફેદ કાપડના બંધનમાં બાંધી સ્ટીલના કબાટમાં પ્રતના નંબરના ક્રમમાં ગોઠવવામાં આવી હતી. આજે પણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ રીતે જ પ્રતો ગોઠવાયેલી છે. પ્રતોના સંરક્ષણના હેતુસર થોડા સમય પહેલાં જ પ્રતો પરના કપડાના જૂના આવરણો દૂર કરી ફરીથી નવા બંધનોમાં બાંધવામાં આવી છે.

પ્રત્યેક પ્રત પર સૂચિક્રમાંકની નોંધ કરવામાં આવી છે. પ્રતના કાગળના આવરણ પર તેમ જ પોથીના કાપડના બંધન ઉપર પ્રતનો ક્રમાંક, પ્રતનું નામ, વિષય વગેરે નોંધ કરેલી છે. આ પ્રતોને તેના નંબરના ક્રમમાં કબાટોમાં ગોઠવી છે. એકની ઉપર બીજી પ્રત એમ થપ્પીઓમાં દરેક ખાનાઓમાં પ્રતો વ્યવસ્થિત ક્રમમાં ગોઠવેલી છે. કબાટોમાં સચવાયેલી પ્રતોના સૂચિકાર્ડ તૈયાર કરેલા નથી પરંતુ રજિસ્ટરમાં પ્રતના નામના અકારાદિક્રમમાં પ્રતોની નોંધ કરવામાં આવેલી છે. સંશોધકો કે વિદ્વાનો આ રજિસ્ટરના ઉપયોગ દ્વારા જે પ્રતની જરૂર હોય તેનો સૂચિક્રમાંક મેળવી નંબરના ક્રમમાં ગોઠવાયેલી પ્રતોમાંથી જે પ્રતની જરૂર હોય તે મેળવી શકે છે. આ રજિસ્ટર જૂની યાદી (લીસ્ટ) પરથી તૈયાર કરેલું છે. તેનું સૂચિપત્ર છપાયું નથી. ખાસ કરીને જૈન સાધુ-સાધ્વીઓ આ ભંડારની પ્રતોનો ઉપયોગ ક્યારેક કરતા હોય છે. કોઈ જાણીતી વ્યક્તિની ભલામણ મળ્યેથી પણ ખાસ સંજોગોમાં વ્યક્તિને અને સંસ્થાઓને પ્રતો આપવામાં આવે છે. આ સંગ્રહમાં હસ્તપ્રતો ઉપરાંત મુદ્રિત પુસ્તકો પણ કબાટોમાં ગોઠવ્યા છે.

આ ભંડારમાંની પ્રતોના સંરક્ષણ માટે ડામરની ગોળીઓ કબાટમાં મુકવામાં આવે છે. ચોમાસા પછી અને અવાર-નવાર પણ તેની સંભાળ લેવામાં આવે છે.

આ હસ્તપ્રતભંડારના ટ્રસ્ટી શ્રી મનુભાઈ પો.શાહ ભંડારની સામગ્રીનું મૂલ્ય સમજી તેના પ્રત્યે વિશેષ ધ્યાન આપે છે. જ્ઞાનપંચમીના દિવસે પણ પરંપરાગત રીતે માત્ર પોથીઓની પૂજા-વિધિ જ ન થાય પરંતુ પ્રતોને બહાર કાઢી તેને થયેલું નુકસાન તપાસી ફરીથી વ્યવસ્થિત ગોઠવવામાં આવે તેવા પ્રયત્નો કરવા ઇચ્છે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાનુચંદ્રસૂરિ જ્ઞાનભંડાર :**

ઠે.પાર્શ્વચંદ્ર ગચ્છ જૈન ઉપાશ્રય, શામળાની પોળ, ભૈયાની બારી,
આસ્ટોડિયા, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

આ હસ્તપ્રતભંડારમાંની બધી પ્રતો ગચ્છની સ્થાપના પછીથી પરંપરાથી ભેગી થતી આવી છે. જેની કુલ સંખ્યા ૧૪૦૦ છે.

**ભાષા :**

પ્રાકૃત, સંસ્કૃત, હિન્દી, ગુજરાતી વગેરે ભાષાની પ્રતો મળે છે. જેનું સંપૂર્ણ વર્ગીકરણ થયેલું ન હોવાથી ભાષાવાર સંખ્યા આપી શકાઈ નથી.

**વિષય :**

વિશેષતઃ જૈન આગમો, આગમિક પ્રકરણો, રાસો, ઉપદેશકથાઓ, સ્તુતિ, ન્યાય, વ્યાકરણ વગેરે વિષયની પ્રતો પ્રાપ્ત થાય છે. સંગીતની પણ એક પ્રત અહીં પ્રાપ્ય છે. સંપૂર્ણ વર્ગીકરણના અભાવે આ ભંડારમાંની પ્રતોની વિષયવાર સંખ્યા આપી શકાઈ નથી.

**સચિત્ર પ્રતો :**

આ ભંડારમાં થોડી સચિત્ર પ્રતો પણ છે. જેમાં એક સચિત્ર 'કલ્પસૂત્ર' અને 'કાલિકાચાર્ય કથા' ની સચિત્ર પ્રત મળે છે. તે બંને સુવર્ણાક્ષરી પણ છે. સં.૧૮૬૬ માં લખાયેલું બીજું સચિત્ર 'કલ્પસૂત્ર' પણ છે, જે કાળી શાહીથી લખવામાં આવેલું છે.

**સુવર્ણાક્ષરી પ્રતો :**

'કલ્પસૂત્ર' અને 'કાલકાચાર્ય કથા' નામની બે પ્રતો સુવર્ણાક્ષરી છે.

**મહત્વની પ્રતો :**

આ જ્ઞાનભંડારમાં ખાસ ઉલ્લેખનિય પ્રતો મળતી નથી. સામાન્ય વિષયની પ્રતો મળે છે તેમ છતાં એક 'સંગીત રત્નાકર' નામની સંગીતશાસ્ત્રની પ્રત

For Private and Personal Use Only

ઉલ્લેખનિય છે. હસ્તપ્રતો ઉપરાંત કાગળ પરની પટ્ટાવલીઓ (વંશાવલીઓ), ચર્ચાઓ, પત્રો જેવી ઉપયોગી સામગ્રી જે લગભગ બધા જ ગચ્છના ભંડારોમાં મળતી હોય છે તે આ ભંડારમાં પણ અલગ સંગ્રહાયેલી છે. આ સામગ્રી પણ ઘણી જ ઉપયોગી છે.

**પ્રતોની ગોઠવણી :**

હસ્તપ્રતોને પોથીઓમાં બાંધવામાં આવેલી છે. પ્રત્યેક પોથીને સફેદ કાગળના આવરણમાં મુકી તેના પર સૂચિક્રમાંક લખવામાં આવ્યો છે. આવી આઠ-પાંચ કે તેથી વધારે પ્રતોને ભેગી રાખી ડબ્બામાં મુકવાને બદલે સફેદ કપડાના બંધનમાં પોથી સ્વરૂપે ભેગી બાંધવામાં આવેલી છે. આવી પોથીઓની સંખ્યા સો જેટલી છે. આ પોથીઓમાં ભંડારની ૧૪૦૦ પ્રતો બાંધીને તેને વ્યવસ્થિત ક્રમમાં સ્ટીલના કબાટમાં મુકવામાં આવેલી છે. દરેક પોથી પર પોથી નંબર પણ લખવામાં આવ્યો છે. ઉપાશ્રયના આ ભંડારમાં અન્ય મુદ્રિત પુસ્તકોની સાથે સાથે અલગ બે કબાટોમાં હસ્તપ્રતોની પોથીઓ મુકવામાં આવી છે.

**રજિસ્ટર :**

બંધાવેલા કાચા રજિસ્ટરમાં જુદા જુદા ખાનાઓમાં પ્રતની વિગતો આપવામાં આવી છે. જેમાં પોથીનંબર, પેટા પ્રત ક્રમાંક, પ્રતનું નામ, કર્તા આદિની વિગતો નોંધવામાં આવેલી છે. રજિસ્ટરમાં પ્રતોને અકારાદિ ક્રમમાં નોંધેલી નથી. પ્રતોની સૂચિ સ્લીપો પણ બનાવી નથી. સંશોધક રજિસ્ટરમાંથી પોથી નંબર, પ્રત ક્રમાંક મેળવ્યા પછી કબાટમાંથી જે તે પ્રત મેળવી શકે છે. ટ્રસ્ટીઓ કે જૈન સાધુઓની અનુમતિથી જ સંશોધકને પ્રત આપવામાં આવે છે. સંશોધકે રજિસ્ટરનો જ ઉપયોગ સૂચિપત્ર (કેટલૉગ) તરીકે કરવાનો રહે છે. છાપેલું કેટલૉગ તૈયાર થયેલું નથી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विजयदानसूरि ज्ञानभंडार :

ज्ञानमंदिरनो उपाश्रय, राजा महेतानी पोळ, अमदावाद-३८० ००१.

आ हस्तप्रतभंडार ई.स.१६४२ मां शरू करवामां आवेलो. ते समये केटलाक मुद्रित पुस्तकोनी साथे हस्तलिखित ग्रंथो पण संग्रहवामां आवेला. आ भंडारमां आजे आशरे ५००० जेटली हस्तप्रतो सचवायेली छे. आ हस्तप्रतो ज्ञानमंदिरना उपाश्रयना भोंयरामां राखवामां आवी छे.

भाषा :

मुख्यत्वे संस्कृत, प्राकृत, गुजराती अने हिन्दी भाषानी प्रतोनो संग्रह छे.

विषय :

जैन आगम ग्रंथो, उपदेशकथाओ, रासो, स्तुतिग्रंथो, प्रकरणो, काव्य, छंद, अलंकार वगेरे विषयना हस्तलिखित ग्रंथो प्राप्त थाय छे.

आ संग्रहनी केटलीक प्रतो महत्त्वनी छे. हजु आ हस्तप्रतोने विषयवार अलग करी, तेनां कद प्रमाणे गोठववानुं तेम ज प्रतोने व्यवस्थित करी तेना क्रममां रजिस्टरमां नोंधवानुं काम थयुं नथी. जूना रजिस्टरना क्रमांक मुजब प्रतो उपर नंबरो आपेला छे. आ बधी प्रतोने तेना नंबरना क्रममां साथे राखी पोथीओमां बांधी देवामां आवेली छे. आ पोथीओ स्टीलना कबाटमां प्रतक्रमांक अनुसार गोठववामां आवी छे.

संशोधको रजिस्टरमांथी तेमने जोईती प्रतनो नंबर मेळवी कबाटमां क्रममां गोठवायेली पोथीओमांथी प्रत प्राप्त करी शके छे. ट्रस्टीओनी के उपाश्रयना साधु महाराजनी पूर्वमंजूरी वगर कोईने पण प्रतो सहेलाईथी उपलब्ध थई शकती नथी. आ भंडार पण बंध राखवामां आवे छे. भंडारनी चावी ट्रस्टी पासे होय छे. संशोधकने के साधु-साध्वीओने जरूर पडे हस्तप्रत-भंडार खोली आपवामां आवे छे.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વિજયનેમિસૂરિ જ્ઞાનભંડાર :

પાંજરાપોળ, રિલીફરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

આચાર્યશ્રી વિજયનેમિસૂરિ મહારાજે વિવિધ જગ્યાએથી ભેટ મેળવીને ઉભો કરેલો આ સંગ્રહ છે. પાછળથી ગુરુ-શિષ્ય પરંપરા મુજબ ઘણી પ્રતો આ સંગ્રહમાં ઉમેરાતી રહી. આજે આ જ્ઞાનભંડારમાં આશરે ૨૦,૦૦૦ હસ્તપ્રતો હોવાનો અંદાજ છે.

મોટાભાગની પ્રતો કાગળ પર લખાયેલી છે. અહીં ૨૨ તાડપત્રીય પ્રતો પણ મળે છે. ચૌદમા સૈકાથી જુની તાડપત્રીય પ્રતો અહીં નથી. આ ભંડારની તાડપત્રીય પ્રતોની માઇક્રોફિલ્મ લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર દ્વારા તૈયાર કરવામાં આવેલી છે.

### ભાષા :

આ જ્ઞાનભંડારમાં સંગ્રહાયેલી પ્રતો વિશેષતઃ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, હિન્દી, ગુજરાતી વગેરે ભાષાઓમાં લખાયેલી પ્રાપ્ત થાય છે.

### વિષય :

ખાસ કરીને જૈન આગમો, પ્રકરણો, ઉપદેશકથાઓ, રાસો, કાવ્ય, છંદ, અલંકાર, જ્યોતિષ વગેરે વિષયોની પ્રતો પ્રાપ્ત થાય છે.

### સચિત્ર પ્રતો :

આ ભંડારમાં આશરે ૨૦૦ સચિત્ર પ્રતો છે. જેનું રજીસ્ટ્રેશન કરાવવામાં આવેલું છે.

### સુવર્ણાક્ષરી પ્રતો :

કેટલીક સુવર્ણાક્ષરી પ્રતો પણ આ ભંડારમાં છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વિશિષ્ટ પ્રતો :

આ ભંડારમાં 'શ્રાવકધર્મ' નામની એક તાડપત્રીય પ્રત છે. જે તેની લંબાઈને કારણે તેમ જ તેના પરની વિશિષ્ટ પ્રકારની લાકડાની પટ્ટીને કારણે પ્રખ્યાત છે. આ પ્રતનું કદ લગભગ ૬૭.૫ x ૬ સે.મી. છે. લગભગ ચૌદમા સૈકાની મનાતી આ પ્રતને બાંધવા માટે તેના જ માપની લાકડાની બે પટ્ટીઓનો ઉપયોગ થયો છે. જેની બંને બાજુ રંગીન ચિત્રોથી સભર છે. શાંતિનાથના જીવનપ્રસંગો રંગીન ચિત્રો દ્વારા આ પટ્ટી પર આલેખવામાં આવ્યા છે.

## હસ્તપ્રતોની ગોઠવણી :

આ ભંડારની પ્રત્યેક પ્રતને સફેદ કાગળના આવરણમાં રાખી, એક કરતાં વધારે પ્રતોને સફેદ કપડાની પોથીઓમાં ભેગી બાંધવામાં આવેલી છે. કાગળના આવરણ પર પ્રતનો સૂચિક્રમાંક નોંધવામાં આવેલો છે. તેમજ પોથી ઉપર પણ શાહીથી પ્રતનંબર સંખ્યા નોંધવામાં આવેલી છે. આ બધી પોથીઓ સ્ટીલના કબાટમાં મુકવામાં આવી છે. બધી જ પ્રતોનું લીસ્ટ બનેલું છે. જેના પરથી પ્રતનંબર મેળવીને કબાટમાંની પોથીઓમાંથી પ્રત મેળવી શકાય છે.

આ ભંડારનો વહીવટ ટ્રસ્ટ દ્વારા થાય છે. કોઈપણ સંશોધકે પ્રત મેળવવા અગાઉથી ટ્રસ્ટીની અનુમતિ મેળવવી પડે છે. અનુમતિ મળ્યા બાદ હસ્તપ્રત ત્યાં બેસીને વાંચવા માટે આપવામાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સંવેગી જૈન ઉપાશ્રય જ્ઞાનભંડાર :**

ઠે. પગથિયાનો ઉપાશ્રય, હાજાપટેલની પોળ, રિલીફરોડ,
અમદાવાદ–૩૮૦ ૦૦૧.

આ હસ્તપ્રતભંડારમાં આશરે ૮૦૦૦ હસ્તપ્રતો સંગ્રહાયેલી છે. બધી જ પ્રતો કાગળ પર લખાયેલી છે. કાગળ પર લખાયેલી આ પ્રતો પંદરમા સૈકાથી પ્રાપ્ત થાય છે. આ પ્રતો પ્રાચીનતાની દ્રષ્ટિએ વધારે મહત્વ ધરાવે છે.

**ભાષા :**

ભંડારમાંની પ્રતો વિશેષતઃ સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિન્દી વગેરે વગેરે ભાષાઓમાં લખાયેલી પ્રાપ્ત થાય છે. પરંતુ આ જ્ઞાનભંડારમાં પ્રતોનું સંપૂર્ણ વર્ગીકરણ થયું ન હોવાથી ભાષાવાર સંખ્યા આપી શકાઈ નથી.

**વિષય :**

જૈન આગમો, આગમીક પ્રકરણો, રાસો, સ્તુતિ, ઉપદેશ, જ્યોતિષ વગેરે વિષયોની પ્રતો મળે છે. બધી જ પ્રતોનું વર્ગીકરણ થયેલું ન હોવાથી વિષયવાર સંખ્યા આપી શકાઈ નથી.

**સચિત્ર પ્રતો :**

આ ભંડારમાં કેટલીક સચિત્ર પ્રતો પણ છે જેમાં 'કલ્પસૂત્ર' ની સચિત્ર એક પ્રત સુવર્ણાક્ષરી છે. તેના મરોડ વગેરે માટે તે ઘણી જાણીતી છે.

**સુવર્ણાક્ષરી પ્રતો :**

આ ભંડારમાં માત્ર બે પ્રતો સુવર્ણાક્ષરી છે. બંને કલ્પસૂત્રો છે.

**સ્વહસ્તાક્ષરી પ્રતો :**

આચાર્યશ્રી યશોવિજયજીના સ્વહસ્તે લખાયેલી 'પ્રમેયમાલા' અને 'વીતરાગસ્તોત્ર (સટીક)' નામની બે પ્રતો પ્રાપ્ત થાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



<u>અન્ય વિશિષ્ટ પ્રતો</u> :

બાદશાહ જહાંગીરે જેમને બહુમાન આપેલું તે બે વિદ્વાનો ભાનુચંદ્ર અને સિદ્ધિચંદ્ર લિખિત ઘણાં હસ્તપ્રત ગ્રંથો આ સંગ્રહમાં છે. જેમાંની 'નૈષધ' અને 'વાસવદત્તા (સટીક)' વગેરે પ્રતો ઉલ્લેખનીય છે.

આ ભંડારમાં હસ્તપ્રતો ઉપરાંત શત્રુંજયનો તીર્થપટ (વસ્ત્રપટ) સચિત્ર છે ને તેની ચિત્રશૈલીને લીધે નોંધપાત્ર છે. આ તીર્થપટ લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં હસ્તપ્રતોનું પ્રદર્શન થયેલું ત્યારે પ્રદર્શન માટે ઉપયોગમાં લીધેલો. ઉમાકાન્ત પ્ર.શાહે તેમના સચિત્ર પુસ્તક 'ટ્રેઝર્સ ઑફ જૈન ભંડાર્સ' (પ્રકા.એલ.ડી. ઈન્સ્ટિટ્યુટ ઑફ ઇન્ડોલોજી, ૧૯૭૮) માં પ્રસિદ્ધ કર્યો છે.

<u>હસ્તપ્રતોની ગોઠવણી</u> :

આ ભંડારની પ્રત્યેક પ્રતને સફેદ કાગળના આવરણ (રેપર) માં મુકવામાં આવી છે. રેપર પર હસ્તપ્રતનો સૂચિક્રમાંક નોંધવામાં આવ્યો છે. પ્રતો તેના કદ મુજબ અલગ કરીને લાકડાના ડબ્બાઓમાં મુકવામાં આવી છે. આ ડબ્બાઓ સ્ટીલના કબાટોમાં મુકવામાં આવ્યા છે.

<u>રજિસ્ટર – સૂચિપત્રો</u> :

બધી જ પ્રતોને પાકા રજિસ્ટરમાં નોંધવામાં આવેલી છે. આ રજિસ્ટરમાંથી પ્રતની બધી જ સામાન્ય વિગતો મળી શકે છે. આ ભંડારની બધી જ પ્રતોની સ્લીપો તૈયાર થયેલી છે. જે પ્રતના નામના અકારાદિક્રમમાં ગોઠવેલી છે. આ સૂચિસ્લીપો પરથી પ્રતનો નંબર મેળવી કબાટમાંની પ્રતને તેની જગ્યાએથી મેળવી શકાય છે. સૂચિસ્લીપોમાંથી પણ પ્રત વિશેની સામાન્ય વિગતો મળી શકે છે. આ ભંડારનો વહીવટ ટ્રસ્ટ દ્વારા ચાલે છે. સંશોધકોને ટ્રસ્ટી કે સાધુ મહારાજની અનુમતિથી પ્રતો કાઢી આપવામાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આચાર્યશ્રી વિજયનીતી સૂરિશ્વરજી જૈન શ્વેતાંબર પુસ્તકાલય ટ્રસ્ટ – હસ્તપ્રતભંડાર

પતાસાની પોળના નાકે, ગાંધીરોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧.

આ હસ્તપ્રતભંડારમાં લગભગ ૩૦૦૦ પ્રતો સંગ્રહાયેલી છે. મુદ્રિત પુસ્તકોની સંખ્યા અહીં વધારે પ્રમાણમાં છે. હસ્તપ્રતોને અલગ કબાટોમાં ગોઠવવામાં આવી છે.

ભાષા :

ભંડારમાં મુખ્યત્વે સંસ્કૃત, પ્રાકૃત, અર્ધમાગધી વગેરે પ્રતો સંગ્રહાયેલી છે. પ્રતોનું સંપૂર્ણ વર્ગીકરણ થયું ન હોવાથી ભાષાવાર સંખ્યા આપી શકાય એમ નથી.

વિષય :

જૈન આગમો, પ્રકરણો, રાસો, સ્તુતિ, જ્યોતિષ વગેરે અનેક વિષયોની પ્રતો આ ભંડારમાં સચવાયેલી છે. પ્રતોનું વિષયવાર વર્ગીકરણ થયું ન હોવાથી વિષયની પ્રતસંખ્યા આપી શકાય એમ નથી.

હસ્તપ્રતોની ગોઠવણી :

પ્રત્યેક પ્રતને સફેદ કાગળના આવરણમાં મૂકી તેના પર સફેદ કપડાનું બંધન બાંધવામાં આવેલું છે. પ્રતના કાગળના આવરણ પર રજિસ્ટરમાંનો પ્રતનો સૂચિક્રમાંક, નામ, વિષય વગેરે વિગતો દર્શાવેલી છે. આ જ વિગતો કપડાના બંધન ઉપર પણ આપેલી છે. આપેલા સૂચિક્રમાંક મુજબ પ્રતોને ક્રમમાં ગોઠવેલી છે. આ ભંડારમાં વિશેષ ઉલ્લેખનિય પ્રતો મળતી નથી.

આ ભંડારમાં જે રજિસ્ટર તૈયાર થયેલું છે તે પ્રતના નામના અકારાદિક્રમમાં નોંધાયેલું નથી. તેથી જ્યારે પણ સંશોધકને કે કોઈ વિદ્વાનને પ્રતની જરૂર હોય ત્યારે રજિસ્ટર તપાસી તેમાંથી જોઈતી પ્રતનો ક્રમાંક મેળવે ત્યારબાદ જ ગોઠવાયેલી પ્રતોમાંની પ્રત મળી શકે છે.

વિદ્વાન જૈન સાધુ–સાધ્વીઓ ક્યારેક આ સંગ્રહનો ઉપયોગ કરે છે. આ ભંડારની ચાવી ટ્રસ્ટી પાસે રહે છે. સંશોધકને જરૂર પડે તે ખોલી આપવામાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જૈન ઉપાશ્રયનો ભંડાર :

ઠે. લવારની પોળ, શામળાજીની પોળ સામે, માસ્ટોડિયા,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

આ હસ્તપ્રતભંડાર લવારની પોળમાં જૈન ઉપાશ્રયમાં આવેલો છે. જેમાં લગભગ ૧૫૦૦ પ્રતો છે. જે ખાસ ઉલ્લેખનિય નથી. બધી જ પ્રતોનું વર્ગીકરણ કરવાનું બાકી છે. પ્રતોને વ્યવસ્થિત કરેલી નથી.

ભાષા :

આ ભંડારમાં સંસ્કૃત, પ્રાકૃત, અર્ધમાગધી વગેરે ભાષાની પ્રતો જોવા મળે છે. પ્રતોનું વર્ગીકરણ થયેલું ન હોવાથી ભાષાવાર પ્રતસંખ્યા મળી શકી નથી.

વિષય :

આ હસ્તપ્રતભંડારમાં જૈન આગમો, પ્રકરણો, ચરિત્રકથાઓ, બોધકથાઓ વગેરે વિષયોની જૈન સાહિત્યની રચનાઓ મળે છે.

હસ્તપ્રતોની ગોઠવણી :

હસ્તપ્રતભંડારમાંની બધી જ પ્રતોને ત્રણ-ચાર કબાટોમાં સાચવવામાં આવી છે. હજુ સુધી તેને વિષયવાર અલગ કરી વ્યવસ્થિત કરવાનું કામ થયું નથી. પ્રત્યેક પ્રતને કાગળના આવરણમાં રાખી બંધનથી બાંધવામાં આવી છે. આ પોથીઓ આ આપેલા સૂચિક્રમાંક પ્રમાણે પ્રતો કબાટમાં ગોઠવી છે. પ્રાથમિક રજિસ્ટર (લીસ્ટ) છે જેના પરથી પ્રત નંબર મેળવી જોઈતી પ્રત કાઢી શકાય છે. આ ભંડારનો ઉપયોગ ઉપાશ્રયમાં આવતા જૈન સાધુ-સાધ્વીઓ જ કરે છે. અન્ય સંશોધકોને પ્રત આપવામાં આવતી નથી. ભંડારનો વહીવટ ટ્રસ્ટ દ્વારા ચાલે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જૈન વિદ્યાશાળા ગ્રંથભંડાર :

ડહેલાના ઉપાશ્રયની સામે, દોશીવાડાની પોળ,
ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

આ હસ્તપ્રતભંડારમાં લગભગ ૨૫૦૦ હસ્તપ્રતો સંગ્રહાયેલી છે. બધી જ પ્રતો ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલી છે.

ભાષા :

સંસ્કૃત, પ્રાકૃત, અર્ધમાગધી વગેરે ભાષાની પ્રતો મળે છે. બધી પ્રતોનું વર્ગીકરણ થયેલું ન હોવાથી ભાષાવાર પ્રતસંખ્યા મળી શકી નથી.

વિષય :

જૈન આગમો, આગમિક પ્રકરણો, રાસો તેમ જ અન્ય જૈન સાહિત્ય વિષયક પ્રતો પ્રાપ્ત થાય છે.

હસ્તપ્રતોની ગોઠવણી :

આ હસ્તપ્રતભંડારમાં પ્રત્યેક પ્રતને કાગળના આવરણમાં મુકી સફેદ કપડાના બંધનમાં બાંધવામાં આવેલી છે. આ પોથીઓ ઉપર સૂચિક્રમાંકની નોંધ કરવામાં આવી છે. જેના ક્રમમાં બધી જ પ્રતો કબાટોમાં ગોઠવવામાં આવી છે.

હસ્તપ્રતોનું પ્રાથમિક રજિસ્ટર (લીસ્ટ) તૈયાર કરેલું છે. જેના પરથી પ્રતનંબર શોધી પ્રત મેળવી શકાય છે. હસ્તપ્રતભંડારનો વહીવટ ટ્રસ્ટ દ્વારા થાય છે. જરૂર પડે જૈન સાધુ-સાધ્વીઓને પ્રતો કાઢી આપવામાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી સુરેન્દ્રસૂરિ જૈન ગ્રંથભંડાર :

ઠે. પટણીની ખડકી, આણંદજી કલ્યાણજીની પેઢી સામે,
વાઘણપોળની બાજુમાં, રતનપોળ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

આ હસ્તપ્રતભંડારમાં મુનિશ્રી સુરેન્દ્રસૂરિજીએ એકત્રિત કરેલી લગભગ ૨૦૦૦ હસ્તપ્રતોનો સંગ્રહ છે.

### ભાષા :

આ ભંડારમાં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, ગુજરાતી, હિન્દી વગેરે ભાષાની પ્રતો મળે છે. પ્રતોનું વર્ગીકરણ થયેલું ન હોવાથી ભાષાવાર પ્રતસંખ્યા આપી શકાય એમ નથી.

### વિષય :

અહીં જૈનસાહિત્યની પ્રતો વિશેષ ઉપલબ્ધ થાય છે. જૈનઆગમો, આગમિક પ્રકરણો, સ્તુતિ, ચરિત્રકથાઓ વગેરે વિષયોની હસ્તપ્રતો વિશેષ પ્રાપ્ત થાય છે.

### હસ્તપ્રતોની ગોઠવણી :

આ ભંડારમાં વિશેષ ઉલ્લેખનિય પ્રતો ખાસ મળતી નથી. બધી જ હસ્તપ્રતોને સફેદ કાગળના આવરણમાં મુકી, સફેદ કપડાના બંધનમાં બાંધી સ્ટીલના કબાટોમાં મુકવામાં આવી છે. પ્રત્યેક પોથી પર સૂચિક્રમાંકની નોંધ કરવામાં આવેલી છે અને તેના ક્રમમાં જ એકની ઉપર બીજી રહે તેમ થપ્પીઓમાં ગોઠવેલી છે. પ્રતોનું પ્રાથમિક રજિસ્ટર (લીસ્ટ) તૈયાર થયેલું છે. જેના પરથી પ્રતનંબર મેળવી કબાટમાંથી જે તે પ્રત મેળવી શકાય છે.

આ ભંડારનો ઉપયોગ ઉપાશ્રયમાં આવતા જૈન સાધુ-સાધ્વીઓ જ કરે છે. તેનો વહીવટ ટ્રસ્ટ દ્વારા ચાલે છે. આ ભંડાર પણ બંધ રાખવામાં આવે છે. જરૂર પડે ત્યારે પ્રત મેળવવા માટે જ ખોલવામાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મહાવીર જૈન આરાધના કેન્દ્ર - હસ્તપ્રત વિભાગ :

કોબા, અમદાવાદ.

સાબરમતીથી ગાંધીનગરના રસ્તાની બાજુમાં કોબા ગામના સાંનિધ્યમાં 'મહાવીર જૈન આરાધના કેન્દ્ર' નામક સંસ્થાની શરૂઆત થોડા સમય પહેલાં જ કરવામાં આવી છે. જૈનધર્મ-તત્વજ્ઞાનની આરાધના-ભક્તિના હેતુસર સ્થપાયેલી આ સંસ્થામાં અનેકવિધ પ્રવૃત્તિઓ વિકસાવવાની યોજના છે. આ યોજના અમલમાં પણ મુકાઈ છે. તેના ઉપક્રમે હાલ વિશાળ જગ્યામાં જુદા જુદા બાંધકામો કરવામાં આવ્યા છે. અને ચાલુ પણ છે. દેરાસર, જૈન ઉપાશ્રય, અતિથિભવન, ગુરુમંદિર વગેરે બની ગયાં છે. આરાધના કેન્દ્ર, ધર્મશાળા તેમ જ હસ્તપ્રતભંડાર માટેના મકાન બનાવવાની તૈયારીઓ ચાલે છે. તેની ખાતમુહૂર્ત વિધિઓ પણ થઈ ગઈ છે.

હસ્તપ્રતભંડારનું મકાન હજુ તૈયાર થયું નથી. ત્યાં સુધી આ સંસ્થાની હસ્તપ્રતો આ કેન્દ્રના ઉપાશ્રયમાં તેમ જ અમદાવાદમાં બે ત્રણ સ્થળોએ રાખવામાં આવેલી છે. આ હસ્તપ્રતોની સંખ્યા કેટલી છે તે હાલ નક્કી કરવું શક્ય નથી. બન્યુ પરંતુ જે કબાટોમાં તે સંગ્રહાયેલી છે તે પરથી અંદાજે લગભગ પચાસ હજાર જેટલી હોવાનું મનાય છે.

સંસ્થાની આ હસ્તપ્રતો પૂ.મુનિશ્રી કૈલાસસાગરજીએ જુદા જુદા સ્થળોએથી ભેગી કરેલી છે. ગુજરાતના નાના-નાના ગામોના જૈનસંઘોના ભંડારોની પ્રતો ઉપરાંત વ્યક્તિગત સંગ્રહોની પ્રતો મેળવીને આ સંગ્રહ ઊભો કરેલો છે. મુનિશ્રીએ દક્ષિણ ભારતમાંથી પણ સારી એવી સંખ્યામાં પ્રતો મેળવી છે. અત્યારે મુનિશ્રી પદ્મસાગરજી પણ આ કાર્યમાં સક્રિય છે.

સંસ્થામાં જુદા જુદા સ્થળોએ રાખવામાં આવેલા લગભગ પંદરથી પણ વધારે કબાટોમાં પ્રતો મુકવામાં આવેલી છે. કાગળ પર લખાયેલી પ્રતો ઉપરાંત બેક કબાટો ભરીને દક્ષિણ ભારતમાંથી મેળવેલી તાડપત્રીય પ્રતો પણ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાષા :

અત્યારે કાગળ પરની જે પ્રતો પ્રાપ્ય છે તે મોટાભાગે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, જુની ગુજરાતી, હિંદી વગેરે ભાષાની હોવાનું મનાય છે. અને દક્ષિણ ભારતમાંથી મેળવેલી તાડપત્રીય પ્રતો તામિલ, તેલુગુ, કન્નડ વગેરે ભાષાઓમાં લખાયેલી મળે છે. વિવિધ ભાષા ઉપરાંત અસંખ્ય વિષયોની પ્રતિઓ હોવાનું પણ મનાય છે.

સચિત્ર પ્રતો :

અત્યારે બધી જ હસ્તપ્રતોને અલગ કરીને વ્યવસ્થિત કરવામાં આવી નથી. તેમ છતાં એક કબાટ ભરીને સચિત્ર હસ્તપ્રતો હોવાનું માનવામાં આવે છે.

હસ્તપ્રતોની વ્યવસ્થા :

હાલ ઉપરોક્ત બધી જ પ્રતોને વ્યવસ્થિત કરવાનું કામ ચાલી રહ્યુ છે. સંગ્રહમાંની બધી જ પ્રતોને આવરણ (રેપર) લગાવવાનું, સૂચિપત્રો બનાવવાનું, ડબ્બાઓમાં મુકવાનું કામ સંપૂર્ણ થયા પછી જ તેની વિશેષતાઓ જાણવા મળે.

સંસ્થામાં હસ્તપ્રતો ઉપરાંત હાથીદાંત અને ચંદન પરના કોતરકામવાળી અસંખ્ય વસ્તુઓ પણ સંગ્રહાયેલી છે. આ સંસ્થાનો વહીવટ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે. થોડા જ વર્ષોમાં સંસ્થાનું હસ્તપ્રતભંડારનું મકાન તૈયાર થતાં અને બધી જ પ્રતો વ્યવસ્થિત થતાં આ કેન્દ્રનું મહત્વ વધશે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સારાભાઈ ફાઉન્ડેશન સંગ્રહસ્થાન :**

'રીટ્રીટ' શાહીબાગ, અમદાવાદ

આ સંસ્થામાં પરંપરાગત હસ્તપ્રતભંડાર નથી. પરંતુ તેના સંગ્રહસ્થાનમાં કેટલીક સચિત્ર પ્રતોનું કાયમી પ્રદર્શન યોજેલું છે જેમાં કેટલીક સચિત્ર પ્રતો અથવા તો તેના કેટલાક સચિત્ર પત્રો ગોઠવવામાં આવેલા છે.

સંસ્થાની આ સચિત્ર પ્રતો અથવા તેનાં પાનાં અંબાલાલ સારાભાઈનાં સંતાનો શ્રી ગિરાબેન સારાભાઈ અને શ્રી ગૌતમભાઈ સારાભાઈએ જુદા જુદા સ્થળોએથી ખરીદીને તેનો સંગ્રહ કર્યો છે. અંગત શોખને કારણે ખરીદેલી સચિત્ર પ્રતોના આ પાનાંઓ પાછળથી ટ્રસ્ટને સોંપી દેવામાં આવ્યા છે.

અહીંની મોટાભાગની પ્રતો પ્રાકૃત ભાષામાં છે. 'ક્ષેત્ર સમાસ' ની પ્રતમાં ટીકા સંસ્કૃત ભાષામાં આપેલી છે. જૂની ગુજરાતી–ટબાની પ્રત પણ છે. સંગ્રહની જે થોડી પ્રતો છે તેમાંની એક તાડપત્રીય પ્રતને બાદ કરતાં બધી જ પ્રતો કાગળ પર લખાયેલી છે. ચૌદમી સદીની તાડપત્રીય પ્રત સચિત્ર 'કલ્પસૂત્ર'ની છે. આ પ્રત ઉપરાંત બાકીની નવ પ્રતો પણ 'કલ્પસૂત્ર'ની કાગળ પર લખાયેલી સચિત્ર પ્રતો છે. 'કલ્પસૂત્ર'ની આ દસ પ્રતો ઉપરાંત અન્ય કેટલીક પ્રતો પણ છે. જેમાં કાલિકાચાર્ય કથાનાં સચિત્ર પાનાં ઉપરાંત ખ્યોળિયાની 'સંગ્રહણીસૂત્ર' પ્રતનાં બે સચિત્ર પાનાં, 'ક્ષેત્ર સમાસ' નામની ભૂગોળની એક સચિત્ર પ્રતનાં કેટલાક પાનાં, 'ઉપદેશમાલા'ના ચૌદ સ્વપ્નચિત્રો વગેરે સંગ્રહસ્થાનમાં ગોઠવાયેલાં છે. આ ઉપરાંત 'ભૈરવપદ્માવતીકલ્પ' નામની પ્રતમાં યંત્રો આપેલા છે જે હજુ ગોઠવાઈ નથી.

આ સંગ્રહસ્થાનમાં આઠ પ્રતો સિવાય બાકીની પ્રતોના માત્ર સચિત્ર પ્રતો જ જોવા મળે છે. અહીં જે થોડી પ્રતો છે તેની ગોઠવણી ખાસ પ્રકારના કાચના ખાનામાં સદીના ક્રમમાં કરેલી છે. 'કલ્પસૂત્ર'ની પ્રતોના ચિત્રોને પ્રસંગો વર્ણવતા વાર્તાના સ્વરૂપમાં ગોઠવવામાં આવ્યા છે. હસ્તપ્રતો ઉપરાંત કાપડ (ટેક્ષટાઈલ) ને લગતા સોળમીથી અઢારમી સદી સુધીના યાંત્રિક–તાંત્રિક પટો છે જે ઘણા જ મહત્ત્વના છે. આ ઉપરાંત સૂરિમંત્રના પણ બે પટો સંગ્રહાયેલા છે જે મહત્ત્વ ધરાવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહીં સચિત્ર પત્રોનો પ્રદર્શનના હેતુસર જ સંગ્રહ કરેલો હોવાથી ભારતીય ચિત્રકળાના ઇતિહાસમાં રુચિ ધરાવતા વિદ્વાનો માટે તે વિશેષ મહત્ત્વના છે. અન્ય હસ્તપ્રતભંડારોમાંની સચિત્ર પ્રતો સામાન્યતઃ કોઈને જોવા માટે પણ મળી શકતી નથી ત્યારે આ સંગ્રહસ્થાનમાં જુદા જુદા સ્થળોએથી મેળવેલા સચિત્ર પત્રો વ્યવસ્થિત રીતે ગોઠવાયેલા છે જે કોઈપણ વ્યક્તિ જોઈ શકે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પ્રકરણ - ૬

# હસ્તપ્રતોના સંરક્ષણ અને જાળવણી માટેના આધુનિક ઉપાયો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાતના હસ્તપ્રતભંડારોમાં મુખ્યત્વે તાડપત્રીય અને કાગળ પર લખાયેલી પ્રતો જોવા મળે છે. તાડપત્રીય પ્રતો બારમા સૈકાથી પ્રાપ્ત થાય છે જ્યારે કાગળ પરની પ્રતો તેરમા સૈકાથી પ્રાપ્ત થાય છે. ખંભાતના જ્ઞાનભંડારમાંથી દસમા સૈકાની પ્રત મળ્યાની વિગતો જાહેર થઈ છે, પરંતુ તે અંગે હજુ નિશ્ચિત થઈ શકાયું નથી. ગુજરાતના જ્ઞાનભંડારોમાં સચવાયેલી હસ્તપ્રતોની કિંમત પિછાણી તેની સાચવણી, તેનું જતન જૈન સમાજે જે આત્મીયતાથી કર્યું છે તે અનન્ય છે. હસ્તપ્રતભંડારોમાંની હસ્તપ્રતો સૈકાઓ પછી પણ મોટાભાગે સારી સ્થિતિમાં સચવાયેલી મળી આવે છે. તાડપત્રીય પ્રતો જૂની હોવાથી તેની સ્થિતિ થોડી કથળેલી જોવા મળે છે. આમ છતાં વર્ષો પછી પણ હસ્તપ્રતોનું લખાણ, તેનાં ચિત્રો, તેનાં લિપ્યાસન – આ બધાંની પરિસ્થિતિમાં ખાસ ફેરફારો માલૂમ પડેલા નથી. આનું મુખ્ય કારણ તો તે સમયના હાથ બનાવટના કાગળ, ઉત્તમ શાહી અને ઉત્તમ રંગોની બનાવટ ગણાવી શકાય. તેમ છતાં હસ્તપ્રતોના આ સ્વરૂપોમાં ફેરફાર કરનારાં અનેક પરિબળો પણ છે, તેનું કામ અવિરત કર્યે જતા હોય છે.

પ્રસ્તુત પ્રકરણમાં તાડપત્રીય અને કાગળ પર લખાયેલી પ્રતોમાં વિકૃતિ ખરાબી,લાવનારાં, તેનો નાશ કરનારા મુખ્ય પરિબળો તેમ જ તેના ઉપચાર માટે ઉપયોગમાં લેવાતી કેટલીક પ્રાચીન અને આધુનિક પ્રક્રિયાઓ વર્ણવવાનો પ્રયાસ કર્યો છે.

<u>હસ્તપ્રતોને નુકસાન કરનારાં પરિબળો</u> :

સામાન્ય રીતે હસ્તપ્રતોને નુકસાન કરનારાં પરિબળોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય :

૧) <u>ભૌતિક પરિબળો</u> : તેમાં ભેજ (આર્દ્રતા), તાપમાન (ગરમી), પ્રકાશ, ધૂળ, અગ્નિ, ધરતીકંપ, રેલ વગેરેને મુકી શકાય.

૨) <u>જૈવિક પરિબળો</u> : તેમાં વિવિધ પ્રકારની ફુગ, જંતુઓ, નાનાં પ્રાણીઓ આદિને કારણભૂત ગણાવી શકાય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



3) <u>રાસાયણિક પરિબળો</u> : તેમાં વાતાવરણમાંના પ્રદૂષિત વાયુઓ તેમ જ કાગળ અને શાહીની બનાવટમાં વપરાતા પદાર્થોના ગુણધર્મોમાં પરિબળો ગણાવી શકાય.

<u>ભૌતિક પરિબળો</u> :

ભારત જેવા ઉષ્ણકટિબંધવાળા દેશોમાં તાડપત્ર અને કાગળની હસ્તપ્રતોની જાળવણીનો પ્રશ્ન ઠંડી આબોહવા ધરાવતા દેશો કરતાં વધારે ગંભીર લેખવામાં આવે છે. વારંવાર બદલાયા કરતી આબોહવા કાગળ કે તાડપત્રો ઉપર જલદી અસર કરે છે.

<u>ભેજ (આર્દ્રતા)</u> : તાડપત્ર અને કાગળ ભેજશોષક પદાર્થ છે. વાતાવરણમાં જ્યારે ભેજનું પ્રમાણ વધી જાય ત્યારે કાગળના આકાર અને માપમાં પરિવર્તન થાય છે. કાગળના રેસાઓ દુર્બળ બને છે, દ્રાવ્ય શાહી તેના પર પ્રસરે છે. જ્યારે સાપેક્ષ આર્દ્રતા ૭૦ ટકાથી વધુ ઉંચે જાય છે ત્યારે તે સૂક્ષ્મ જીવાતના ઉપદ્રવના કારણરૂપ બને છે. કાગળની પ્રતો પર ફુગની વૃદ્ધિ થવાનો સંભવ રહે છે. ભેજમાં હસ્તપ્રતોના પત્રો એકબીજા સાથે ચોંટી જતા હોય છે.

<u>ગરમી</u> : તાડપત્રનો મોટામાં મોટો દુશ્મન સૂકી અને ગરમ આબોહવા છે. સૂકી ગરમ હવા તાડપત્રોને બરડ બનાવે છે. અને તેને કારણે તાડપત્રોની સપાટીના પડોમાં, તેના રેસાનાં બંધારણ પ્રમાણે, પાતળી ફાટો પડે છે. સૂકી અને ગરમ આબોહવા કાગળને પણ બરડ બનાવી દે છે. સમય જતાં આ કાગળો પીળા રંગના બની જાય છે અને હાથ અડકાડતાં જ તે તૂટી જાય છે.

<u>પ્રકાશ</u> : કાગળની હસ્તપ્રતોને લાંબા સમય સુધી સૂર્યના પ્રકાશમાં રાખવાથી તેને નુકસાન થાય છે. સૂર્યના પ્રકાશમાં રહેલા અલ્ટ્રાવાયોલેટ કિરણો પ્રતને નુકસાનકર્તા બને છે. તેનાથી કાગળ પીળા રંગનો તેમજ બરડ બની જાય છે. તદુપરાંત લખાણની શાહી પણ ધીમેધીમે ઝાંખી થઈ જાય છે. કૃત્રિમ પ્રકાશથી પણ આ પ્રકારનું નુકસાન થતું હોય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



<u>ધૂળ</u> : તાડપત્રો અને કાગળની પ્રતો ઉપર એકઠાં થયેલાં ધૂળનાં રજકણો અમ્લતાયુક્ત વાયુઓને ગ્રહણ કરવા માટે તથા ફૂટી ઉગતી ફૂગની વૃધ્ધિ કરવા માટે તેમ જ જીવજંતુઓને આકર્ષવા માટે કેન્દ્રબિંદુ તરીકેનું કામ કરે છે. વાતાવરણમાં રજોટી અથવા ધૂળ હમેશાં રહેલાં હોય છે. હવામાં રહેતી આ ધૂળનું પ્રમાણ ઋતુએ ઋતુએ બદલાતું રહે છે. ચોમાસુ કરતાં શિયાળા-ઉનાળામાં તેનું પ્રમાણ વધુ હોય છે. હવામાંની ધૂળ ખુલ્લા કબાટોમાં હવાની અવર-જવર સાથે કબાટોમાં જામી જાય છે. જો કબાટની છાજલી સાફ ન થાય તો એકઠી થયેલી ધૂળ સાથે ભેજ ભળવાથી તેનું માટીમાં રૂપાંતર થઈ જાય છે. આ માટીના થેરા ડાઘા કાગળ પર પડી જાય છે.

<u>જૈવિક પરિબળો</u> :

હસ્તપ્રતો યોગ્ય સાચવણીના અભાવે જીવજંતુઓથી નુકસાન પામતી હોય છે. સૂક્ષ્મ જીવાતો અને ફૂગ બંને હસ્તપ્રતોને ભારે નુકસાન પહોંચાડે છે.

<u>સિલ્વર ફિશ</u> : આ જીવાત સાધારણ રીતે સફેદ અથવા ભૂખરા રંગની હોય છે. આ જીવાત પ્રકાશથી દૂર અને હસ્તપ્રતોનાં પાનાઓમાં અંદરના ભાગમાં રહે છે. કાગળની સપાટી સામાન્ય રીતે આ પ્રકારની જીવાતથી ખવાઈ જતી હોય છે. તે કાગળની સપાટી ઉપર ઉઝરડા અને અનિયમિત આકારો પાડે છે.

<u>પુસ્તક - કીડા (બુક વૉર્મ)</u> : આ પ્રકારનાં જીવડાં સામાન્ય રીતે કાગળની સપાટી ઉપર જ રહેતાં હોય છે, અને ત્યાં જ ઈંડાં મૂકે છે તથા ધીમેધીમે કાગળને કોરી ખાય છે. કાગળને કોરી ખાતી આ જીવાતથી હસ્તપ્રતોમાં કાણાં પડી જાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



<u>પુસ્તકની જૂ (બુક લાઉસ)</u> : આ પ્રકારની જીવાત પણ નાના કદમાં હોય છે, જે હસ્તપ્રતોની અંદર જ વર્ષ દરમ્યાન અસંખ્ય ઈંડાં મુકતી હોય છે. આ જીવાત કાગળને નુકસાન કરે છે.

<u>ઉંદર</u> : આ જીવાત અંધારી, ગરમ અને ભેજવાળી જગ્યામાં રહે છે. તે દિવાલોની તિરાડમાં પાણી જવાની જગ્યાઓએ રહેતી હોય છે. તે કાગળની વસ્તુસામગ્રીને તો નુકસાન પહોંચાડે છે જ પરંતુ તેમના મળ દ્વારા હસ્તપ્રતોને બગાડે છે. અને ભેજવાળી આબોહવામાં તેનાથી કાગળ પર ડાઘાઓ પણ પાડે છે.

<u>ઉધઈ</u> : આ જીવાત જમીનમાં રહેતી હોય છે. ત્યાંથી તે ઉપર આવતી હોય છે. ઉધઈની લગભગ ૪૦૦ જાતો છે, જેમાંની ફક્ત પંદર જાતો જ ભારતમાં નોંધાઈ છે. તેની રાણી ૩૦,૦૦૦ થી ૮૦,૦૦૦ ઈંડાં મુકતી હોય છે.[1] ઉધઈના રસ્તામાં આવતી સેલ્યુલોઝની બનેલી મોટાભાગની વસ્તુઓને અસર થતી હોય છે. આવી સેલ્યુલોઝ ધરાવતી લાકડા કે કાગળની તમામ વસ્તુઓને કોરી ખાય છે. તે માટીનું આવરણ બાંધીને આગળ વધતી હોવાથી માટી પણ છોડતી જાય છે. નીચેથી આગળ વધતી ઉધઈની પ્રવૃત્તિ ઘણીવાર તે જે વસ્તુને લાગી હોય છે તેને અંદરથી નુકસાન કરીને બહાર દેખાય ત્યારે જ ખબર પડે છે. ઉધઈ ખાસ કરીને ભેજવાળી જગ્યામાં જ રહે છે. ગરમી અથવા તો સીધો તડકો તેનો દુશ્મન છે. હસ્તપ્રતોને નુકસાન કરનારી અન્ય જીવાતો કરતાં આ જીવાત વધારે ભયંકર છે.

<u>ફૂગ</u> : વાતાવરણમાં ગરમી અને ભેજ ફૂગને ઉત્તેજન આપે છે. તેનાથી કાગળ ઉપર ફૂગનું પ્રમાણ વધે છે. ફૂગ અન્ય જીવજંતુઓનો ખોરાક હોવાથી તેમને આકર્ષવામાં તેનો ઘણો મોટો ફાળો હોય છે. હસ્તપ્રતોના કાગળ ઉપર

---

૧. આર.સી.ગુપ્તા, 'હાઉ ટુ ફાઈટ વ્હાઈટ એન્ટ્સ', <u>ઈન્ડિયન આર્કાઈવ્સ</u>, પુ.૮, અંક-૨, જુલાઈ-ડિસે., ૧૯૫૪, પૃ.૧૨૨.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફૂગ લાગવાથી પત્રો ઉપર કાળા, લીલા, ધાબાં પડે છે. આ જગ્યાએ કાગળ નરમ બની જાય છે અને તેને રાસાયણિક નુકસાન પણ થાય છે.

<u>રાસાયણિક પરિબળો</u> :

તાડપત્રીય અને કાગળની હસ્તપ્રતો ઉપર વાતાવરણમાં રહેલા અમ્લતાયુકત વાયુઓ દ્વારા નુકસાન થતું હોય છે તે ઉપરાંત ક્યારેક કાગળ કે શાહીની બનાવટને કારણે પણ રાસાયણિક પ્રક્રિયા ઊભી થવાથી કાગળ નુકસાન પામે છે. તદુપરાંત ફૂગ જેવા જૈવિક પદાર્થો દ્વારા પણ તેને વેગ મળતો હોય છે.

<u>પ્રદૂષણ</u> : પ્રદૂષિત ઔદ્યોગિક વાતાવરણમાં કાગળની હસ્તપ્રતો લાંબા સમય સુધી ટકી શકતી નથી. કારણ કે ઔદ્યોગિક વાતાવરણમાં અનેક વસ્તુઓ બળવાથી ઉત્પન્ન થતા અને હવામાં ફેલાતાં કાર્બન, સલ્ફર અને નાઈટ્રોજનના ઓક્સાઈડ જેવા તેજાબી વાયુઓ હવામાં રહેલા છે. કાગળના રેસાઓ આ વાયુઓને શોષી લે છે અને તેનાંથી સલ્ફ્યુરીક એસિડ ઉત્પન્ન થતાં કાગળ પીળો અને બરડ બની જાય છે. આવા વાતાવરણમાં હસ્તપ્રતો વધારે સમય રહેવાથી તાડપત્ર તેમ જ કાગળ પરની હસ્તપ્રતો પીળા અને ભૂખરા રંગની બની જાય છે, જે લાંબો સમય સુધી ટકતી નથી.

<u>પદાર્થના અમ્લીય ગુણધર્મો</u> : તાડપત્રો તેમાં રહેલા લીગ્નીન નામના પદાર્થને કારણે લાંબા સમયે પીળાશ પડતા ભૂખરા રંગના બની જાય છે. તાડપત્રોમાં રહેલા લીગ્નીનમાંથી લીગ્નીન એસિડ ઉત્પન્ન થાય છે. આ એસિડ તાપ અને પ્રકાશની હાજરીમાં હાનિકારક અસર ઉત્પન્ન કરે છે. કાગળની હસ્તપ્રતો જ્યારે જૂની થાય છે ત્યારે અમ્લીય ગુણધર્મો પ્રાપ્ત કરે છે. કાગળમાંના સેલ્યુલોઝ તંતુઓ અમ્લતાયુકત હોવાથી તે બરડ બને છે. હસ્તપ્રતોની લેખનકાર્યની શાહી અથવા ચિત્રો માટેના રંગો જો અમ્લતાયુકત ગુણધર્મો ધરાવતા હોય તો તેનાથી પણ કાગળને અને તેના લેખનને નુકસાન થાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## કુદરતી અને માનવસર્જીત ઘટનાઓ :

પ્રાચીન સમયમાં રાજકીય ઉથલપાથલો, યુધ્ધ જેવા પ્રસંગોએ અસંખ્ય હસ્તપ્રતોનો અથવા જ્ઞાનભંડારોનો નાશ થયાના ઉલ્લેખો મળી આવે છે. કુલ્લડ જેવા પ્રસંગો તેમ જ વાચકોની બેદરકારી પણ હસ્તપ્રતોના નાશ માટે કારણભૂત બનતા હોય છે. તો કયારેક આગ, પૂર, ધરતીકંપ જેવી કુદરતી આપત્તિઓમાં પણ હસ્તપ્રતોને નુકસાન થાય છે. અથવા હસ્તપ્રતભંડારો નાશ પણ પામે છે.

હસ્તપ્રતોને વધારે નુકસાન થતુ અટકાવવા માટે કેટલાક હસ્તપ્રતભંડારોમાં પ્રાચીન પધ્ધતિઓનો ઉપયોગ થતો જોવા મળે છે. 'અટકાવ એ ઉપચાર કરતાં વધુ સારો છે' એ દ્રષ્ટિએ અમુક સમયે જીવાતોનો નાશ કરવા માટે સમયસર અટકાયતી પગલાઓ ભરવામાં આવે તોહસ્તપ્રતો સારી સ્થિતિમાં જળવાઈ રહે છે. હસ્તપ્રતભંડારોમાં યોગ્ય કાળજી લેવા છતાં કયારેક નુકસાન પામેલી પ્રતો મળી આવે છે. આવી નુકસાન પામેલી પ્રતોને આધારે આ મુજબ તેને અલગ તારવી શકાય.[૨]

૧) કરચલી પડી જવાની શકયતાવાળી વિકૃત ગડીઓની રચનાથી ખરાબ થયેલાં પાનાંઓ,
૨) એક બાજુ ઉપર ચિત્ર અને બીજી બાજુ પર લખાણ ધરાવતાં બરડ અને ખંડિત પાનાંઓ,
૩) બંને બાજુ લખાણવાળા દુર્બળ પાનાંઓ,
૪) અમ્લતાથી નુકસાન પામેલાં પાનાંઓ,
૫) જીવાત લાગેલી હસ્તપ્રતો,

---

૨. સ્વરૂપિમલ ભૌમિક, <u>પ્રાચીન કલાકૃતિઓનાં જતન અને સંભાળ,</u> (મુદ્રિકા જાની કૃત અનુ.), સંગ્રહાલય ખાતુ, વડોદરા, ૧૯૮૧, પૃ.૯૬.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬) એકબીજા સાથે ચોંટી ગયેલાં પાનાવાળી અને ક્યારેક કઠણ ટુકડાઓમાં પરિણમેલી પ્રતો,

૭) ડાઘાઓથી બગડેલી સચિત્ર હસ્તપ્રતો.

<u>પ્રાચીન કાળમાં હસ્તપ્રતોના સંરક્ષણ અને જાળવણી માટે ઉપયોગમાં લેવાતી કેટલીક વિધિઓ</u> :

ભારતમાં પ્રાચીન કાળથી હસ્તપ્રતોને નુકસાન થતુ અટકાવવા માટે કેટલીક રીતો અજમાવવામાં આવે છે. પ્રાચીન કાળમાં સુવાસિત છોડવાઓ અને તેનાં પાંદડાઓનો ઉપયોગ જંતુનાશક પદાર્થ તરીકે થતો, જેમાં ગોરખોય, અરવાંધા અથવા અસના, તમાકુનાં પાંદડાં વગેરેનો સમાવેશ થતો. ગોરખોય અને અરવાંધા એ ટટ્ટાર ઉભા રહી શકે તેવા અને પાણીમાં અથવા ભીનાશવાળી જગ્યાએ મળી આવતા છોડ છે. જેનાં પાંદડાં અને નીચેના ભાગના થડ સાથેનાં મૂળિયાં મળીને એક ઘણો જ અસરકારક જંતુનાશક પદાર્થ બનાવે છે. આપણા પ્રાચીન હસ્તપ્રતભંડારોમાં હસ્તપ્રતોનું ઉપદ્રવી જીવાતોથી રક્ષણ કરવા માટે આ અરવાંધા અને ગોરખોઅને રાખવાની પ્રથા હતી. આ ઉપરાંત ગૂગળના ધૂપનો પણ સમાવેશ થતો. આજે પણ ઘણાખરા હસ્તપ્રતભંડારોમાં ઘોડાવજ, કાળીજીરી, કપૂર, ડામરની ગોળીઓ વગેરેના ઉપયોગ દ્વારા જીવાતોથી રક્ષણ કરવામાં આવે છે. આ પદાર્થોની ગંધથી હસ્તપ્રતોમાં જીવાત પડતી નથી. ઘોડાવજના ભૂકાની પોટલીઓ કે એના નાના નાના ટુકડાઓ કબાટની દરેક છાજલી પર કે દાબડા સાથે મુકવામાં આવે છે અને વર્ષમાં એક બે વાર સમયાંતરે તે બદલી નાંખવામાં આવે છે. ઘોડાવજનું સંસ્કૃત નામ 'ઉગ્રગન્ધા' છે. આમાં તેલનો ભાગ હોય છે એટલે તેની પોટલીઓ જો હસ્તપ્રતો ઉપર મુકવામાં આવે તો પ્રતો ચિકાશવાળી અને કાળાશ પડતી થઈ જાય. માટે આ પોટલીઓને કબાટમાં હસ્તપ્રતોની બાજુમાં ખાલી ભાગમાં મુકવામાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાતાવરણમાં ભેજની અસરથી ક્યારેક હસ્તપ્રતોનાં પાનાંઓ એકબીજા સાથે ચોંટી જતાં હોય છે. હસ્તપ્રતોની શાહીમાં ક્યારેક ગુંદર વધારે પ્રમાણમાં વપરાયેલો હોય તો ભેજની અસર લાગતાં જ પત્રો એકબીજા સાથે ચોંટી જાય છે. પ્રાચીન સમયમાં આના ઉપાય માટે હસ્તપ્રતોને કપડામાં મજબૂત રીતે બાંધીને રાખતા. જૈનભંડારો ચોમાસામાં ખાસ કારણ વગર ઉઘાડવામાં આવતા નહીં. હસ્તપ્રતો ચોંટી ન જાય તે માટે પત્રો ઉપર ગુલાલ ભભરાવવામાં આવતો.

ચોંટી ગયેલી પ્રતોને ઉખાડવા માટે તેને પુનઃ ભેજ આપવામાં આવતો. ભેજ આપવા માટે ચોંટી ગયેલી પ્રતોને, પાણી ભરીને ખાલી કરેલી માટલી કે ઘડામાં મૂકવામાં આવતી અથવા ચોમાસાની ઋતુમાં વધારે વરસાદ વરસતો હોય તે સમયે ચોંટેલી પ્રતોને ભેજવાળી હવા મળી રહે તે માટે બહાર રાખવામાં આવતી. ક્યારેક ચોંટી ગયેલી પ્રતોને ભેજ આપવા માટે પાણીથી ભીંજાવીને નીતારેલું કપડું તેની આસપાસ વીંટવામાં આવતું.[3] આ રીતો દ્વારા પ્રતોને ભેજ આપીને નરમ બનાવવામાં આવતી. ત્યારબાદ ઘણી જ સાવચેતીથી ચોંટેલા પાનાંઓને તે તૂટી ન જાય તેની સાવચેતી સાથે ધીમેધીમે ઉખાડવામાં આવતાં. આ ઉખાડેલાં પાનાંઓ ઉપર ગુલાલ છાંટવામાં આવતો.

મોટેભાગે જ્ઞાનભંડારો ભેજરહિત સ્થાનમાં જ રાખવામાં આવતા. હસ્તપ્રતોને પણ બંધનોમાં બાંધી અથવા લાકડાની પેટીઓનાં મૂકી તેને લોખંડના કબાટમાં મૂકવામાં આવતી. આના કારણે ભેજવાળી હવા અંદર જઈ ન શકતી. હસ્તપ્રતો મૂકવાના કબાટોમાં અવારનવાર સાફસૂફી રાખવામાં આવતી જેના લીધે સામાન્ય જીવાતો તેમજ ઉધઈ હસ્તપ્રતો સુધી પહોંચી શકતી નહીં.

---

૩. પુણ્યવિજયજી, <u>ભારતીય જૈન શ્રમણસંસ્કૃતિ અને લેખનકળા</u>, અમદાવાદ, ૧૯૫૬, પૃ.૧૧૫.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્યારેક ભેજવાળી ઋતુમાં હસ્તપ્રતોને કબાટમાંથી બહાર કાઢી ખુલ્લામાં સુકવવા માટે મુકવામાં આવતી. સૂર્યના કિરણો કાગળને નુકસાન પહોંચાડતાં હોવાથી હસ્તપ્રતોને સીધા તડકામાં ન મૂકતાં ખુલ્લામાં છાંયડામાં મુકવામાં આવતી.

**હસ્તપ્રતોના સંરક્ષણ અને જાળવણી માટેની કેટલીક આધુનિક પધ્ધતિઓ :**

તાડપત્ર કાષ્ઠની જાતિ છે જ્યારે કાગળ તેનાથી ભિન્ન પદાર્થ છે. તાડપત્રીય પ્રતો ઉપર બે પ્રકારે લેખનકાર્ય કરવામાં આવતું. પત્રો ઉપર અક્ષરો કોરી તેમાં શાહી પુરવામાં આવતી. બીજી રીત મુજબ તેના પર કલમ વડે સીધું જ લેખનકાર્ય કરવામાં આવતું. કાગળ પર પણ કલમની મદદથી સીધું જ લેખનકાર્ય થતું. હાથબનાવટના કાગળ કરતાં તાડપત્ર વધારે મજબુત અને સારી તણાઉ શક્તિ ધરાવતા. આમ છતાં તાડપત્રો તેની પ્રાચીનતાને કારણે, તેમાં રહેલા લીગ્નીન નામના અમ્લીય પદાર્થને કારણે તેમ જ કોતરીને લેખનકાર્ય કરેલા પત્રોમાં કોતરકામ થવાથી તેના તાંતણાઓનું બંધન દુર્બળ બની જવાના કારણે વિશેષ પ્રમાણમાં નુકસાન પામેલી જોવા મળે છે. તાડપત્રીય પ્રતોમાં શાહી ઝાંખી થઈ જવી, પત્રોના ટુકડા થઈ જવા વગેરે ચિહ્નો વિશેષ જોવા મળે છે.

**તાડપત્રીય હસ્તપ્રતોનું સંરક્ષણ અને જાળવણી :**

તાડપત્ર કે ભૂર્જપત્રની પ્રતો જ્યાં રાખવામાં આવેલી હોય તે ભંડારનું તાપમાન ૨૨-૨૨.૫ સે.ગ્રે.(૭૨-૭૮ ફે.) અને સાપેક્ષ આર્દ્રતા ૪૫-૫૫ % ના પ્રમાણમાં હોવી જરૂરી છે.[૪] તાડપત્રોને સામાન્ય રીતે પ્રાચીન પધ્ધતિ મુજબ

---

૪. કૃષ્ણદયાલ ભાર્ગવ, સંપા., અભિલેખો પાંડુલિપિયોં તથા દુષ્પ્રાપ્ય પુસ્તકોકા પરિરક્ષણ એવમ્ પ્રતિસંસ્કાર, ભારતીય રાષ્ટ્રીય અભિલેખાગાર, દિલ્હી, ૧૯૯૦, પૃ.૨૬.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાંધીને ન રાખતાં તેને ખુલ્લાં રાખી તેના માપની બનાવેલી લાકડાની પેટીઓમાં મુકવા જોઈએ. આ પેટીઓ તાડપત્રના કદ કરતાં થોડા મોટા કદની હોવી જરૂરી છે, જેથી પ્રતોને હાનિ પહોંચાડ્યા સિવાય બહાર કાઢી શકાય. તાડપત્રીય પ્રતોની કોઈપણ પ્રકારની ઉપચારવિધિ શરૂ કરતાં પહેલાં બ્રશ વડે તેની ઉપર ચોંટેલી ધૂળ, રજોટી વગેરે દૂર કરવી જોઈએ. તેમાં રહેલી અમ્લતા દૂર કરવા માટે અનમ્લીકરણ (ડી.એસિડી-ફિકેશન)ની પ્રક્રિયા કરવી પડે છે. તેમાં રહેલી જીવાતોનો નાશ કરવા માટે જુદી જુદી રીતે ધૂણી આપવાની (ફ્યુમિગેશન) પ્રક્રિયા પણ કરવી પડે છે.

૧) <u>તાડપત્રીય પ્રતોમાં ફરીથી શાહી પુરવાની પ્રક્રિયા</u> :

તાડપત્રો ઉપર શાહી ઝાંખી થઈ ગઈ હોય કે સંપૂર્ણપણે ભૂંસાઈ ગઈ હોય ત્યારે તેના અક્ષરો ઉપર ફરીથી શાહી પુરવામાં આવે છે. આ પ્રક્રિયા માત્ર કોતરેલા અક્ષરોવાળી તાડપત્રીય પ્રતો માટે જ ઉપયોગમાં લઈ શકાય છે. કાળા કાર્બન અથવા મેંશના ભૂકાને કપડાની નાની સરખી પોટલીમાં લઈ આ પોટલીને હળવે હાથે હસ્તપ્રતના પત્ર ઉપર ફેરવવામાં આવે છે. આના કારણે પોટલીમાંની શાહીનો ભૂકો પત્રના લખાણ ઉપર લાગી જાય છે. ત્યારબાદ એક સ્વચ્છ કાપડની નાની પોટલીથી પત્રની સપાટીને સાફ કરી દેવામાં આવે છે. આના કારણે પત્ર ઉપર અક્ષરો સિવાયના ભાગ ઉપર લાગેલી વધારાની શાહીનો ભૂકો સાફ થઈ જાય છે. તાડપત્ર ઉપર આ રીતે લગાવવામાં આવેલી કોરી શાહી પાછીથી ભૂંસાઈ ન જાય તે માટે તેના ઉપર ટોલ્વીન (૧ ટકા)માં તૈયાર કરેલા પોલીવિનાઈલ એસિટેટના દ્રાવણના થર ચઢાવવામાં આવે છે, જેનાથી શાહી ટકાઉ બની જાય છે.

For Private and Personal Use Only

૨) <u>ટુકડા થઈ ગયેલા તાડપત્રીય પત્રોની ઉપચારવિધિ</u> :

તાડપત્રના તૂટેલા ટુકડાઓનું સમારકામ કરતાં પહેલાં અતેજાબી-કરણની પ્રક્રિયા કરવામાં આવે છે. ત્યારબાદ તાડપત્રના માપ મુજબ કાપેલા પોલીમિથાઇલ મીથાક્રાઇલેટમાંથી બનાવેલા એક પાતળા શીટ ઉપર એકઠા કરી તે ટુકડાઓને વ્યવસ્થિત ગોઠવવામાં આવે છે. આ ટુકડાઓ ઉપર એ જ માપનું બીજું પોલીમિથાઇલ મિથાક્રાઇલેટનું શીટ મુકવામાં આવે છે. ત્યારબાદ બંને બાજુ રૂની મદદથી સંભાળપૂર્વક એસિટોન લગાવવામાં આવે છે. એસિટોન લગાવવાથી પોલીમિથાઇલ મિથાક્રાઇલેટ નરમ બને છે. શીટ સાથેના આ આખા પત્રને બે પાતળા ધાતુના પતરાં વચ્ચે મુકી ૮૦° સે.વાળા વિદ્યુત પસાર કરેલા સાધનમાં બે મિનિટ સુધી દબાવી રાખવાથી પારદર્શક તાડપત્ર તૈયાર થાય છે. આ વિધિ કર્યા પછી તાડપત્ર ઉપરનું લખાણ સહેલાઈથી વાંચી શકાય છે.[5] આ ઉપચારવિધિ દ્વારા બરડ, નુકસાન પામેલી અને ટુકડા થઈ ગયેલી તાડપત્રીય હસ્તપ્રતોની જાળવણી થઈ શકે છે.

૩) <u>ચોંટી ગયેલી તાડપત્રીય પ્રતોને અલગ કરવાની વિધિ</u> :

તાડપત્રીય હસ્તપ્રતોમાંની શાહીમાં જો વધારે પડતો ગુંદર વપરાયેલો હોય તો કેટલીકવાર ભેજયુક્ત વાતાવરણમાં પત્રો એકબીજા સાથે ચોંટી જતા હોય છે. આવી પ્રતોને ઉખાડવા માટે ફરીથી ભેજવાળા વાતાવરણમાં મુકવી પડે છે. ભેજવાળા વાતાવરણથી પત્ર નરમ બને છે. આધુનિક પધ્ધતિમાં લગભગ ૬૦ ટકા સાપેક્ષ આર્દ્રતા

---

૫. પાદનોંધ ૨ મુજબ, પૃ.૮૬.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીપજાવનારા પોટેશ્યમ કાર્બોનેટના સંતૃપ્ત દ્રાવણથી ભરવામાં આવેલા વેક્યુમ ડેસીકેટર (સૂકવવા માટેનું સાધન) થી આ પ્રક્રિયા કરવામાં આવે છે.[૬] આ પ્રક્રિયા ધીમી છે, પરંતુ સલામતીભરી છે. આ પ્રક્રિયા દ્વારા ઉત્પન્ન થયેલા ભેજને કારણે ચોંટી ગયેલા પત્રોને જુદા પાડી શકાય છે. તાડપત્રોને અલગ કર્યા પછી તેને સૂકવીને દરેક પત્ર ઉપર યોગ્ય સાંદ્રતાવાળું પોલીવીનાઇલ એસિટેટ દ્રાવણ લગાવવામાં આવે છે.

## કાગળની હસ્તપ્રતોની ઉપચારવિધિ :

અઢારમી સદી પહેલાંની હસ્તપ્રતોના નિર્માણ માટે હાથબનાવટના જ કાગળનો ઉપયોગ થયેલો જોવા મળે છે. આ કાગળોમાં તેમ જ તેનાં લખાણ માટે વપરાયેલી શાહીમાં રાસાયણિક દ્રવ્યોનો ઉપયોગ થયેલો હોતો નથી, છતાં ભેજ, ગરમી, જીવજંતુઓ વગેરે દ્વારા ચોક્કસ કાળજીના અભાવે તે ક્યારેક નુકસાન પામે છે. પ્રાચીન સમયમાં હસ્તપ્રતોને થતું નુકસાન અટકાવવા માટે કેટલીક વનસ્પતિઓનો ઉપયોગ કરવામાં આવતો. આજે પણ તેનો ઉપયોગ થતો જોવા મળે છે.

આમ છતાં કેટલીક આધુનિક પધ્ધતિઓ મોટાભાગે રાસાયણિક દ્રવ્યોના ઉપયોગ, દ્વારા હસ્તપ્રતોને વધારે નુકસાન થતું અટકાવી શકાય છે. તેમ જ નુકસાન પામેલી હસ્તપ્રતોનું યોગ્ય રીતે સમારકામ કરી શકાય છે. આમાંની કેટલીક પધ્ધતિઓનો ઉલ્લેખ અત્રે કર્યો છે.

### ૧) ભેજનું પ્રમાણ ઓછું કરવા માટેની પધ્ધતિ :

ભેજયુકત વાતાવરણમાં કાગળની હસ્તપ્રતોને નુકસાન પહોંચતું હોય છે. ભંડારના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઓછું કરવા માટે સિલિકા જેલનો ઉપયોગ કરી શકાય. કોઈપણ ભંડારમાં તે કેટલું વાપરવું તેનું પ્રમાણ કેટલું

---

૬. એજન, પૃ.૮૭.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભંડારનું વાતાવરણ, તેમાં હવાની અવર-જવર તથા બહારના વાતાવરણમાં ભેજનું પ્રમાણ કેટલું રહેલું છે તેના પર આધારિત છે. આમ છતાં સામાન્ય રીતે ૨૫ ઘનમીટરે ૩ કિલો સિલિકા જેલ વાપરી શકાય.[૭] ત્રણ-ચાર કલાક પછી સિલિકા જેલ બદલવું પડે છે. શરૂઆતમાં તે થોડું ખર્ચાળ લાગે છે પરંતુ વપરાયેલા સિલિકા જેલને ખુલ્લા વાસણમાં રાખી થોડું ગરમ કરી ફરીથી ઉપયોગમાં લઈ શકાય છે. સિલિકા જેલના ઉપયોગથી હસ્તપ્રતભંડારના કબાટમાં રહેલા ભેજનું પ્રમાણ ઓછું કરી શકાય છે, તેમ છતાં પુરતાં બારી-બારણાં તેમજ પંખાની સગવડ દ્વારા હવાની અવર-જવર થતી રહે તે વધારે ઈચ્છનિય મનાય છે.

૨) <u>ઉધઈના આક્રમણ સામે લેવાતા રક્ષણાત્મક પગલાં</u> :

જૈવિક પરિબળોમાં ઉધઈ સૌથી વધારે વિનાશક જીવાત છે. તેના દ્વારા થયેલું નુકસાન સુધારી શકાતું નથી. હસ્તપ્રતભંડારોમાં ઉધઈના પ્રસારને રોકવા માટે શરૂઆતથી જ શક્ય તેટલાં બધાં જ તકેદારીનાં પગલાં લેવા જરૂરી છે.

ખાસ કરીને ભંડારમાં ભેજનું પ્રમાણ વધવા દેવું જોઈએ નહીં. મકાન બાંધતાંજ્યે હોય તો જમીનમાં અમુક અંતરે ઉંડે સુધી ઉધઈનાશક દવા (કેરોસીનમાં ઓગાળેલું ક્રિયોસોટનું દ્રાવણ) ઉતારવી જોઈએ. અને કબાટો મુકયા હોય તે જગ્યાએ પણ તે છાંટવી જોઈએ. હસ્તપ્રતો મુકવા માટેનાં કબાટો લાકડાના ન વાપરતાં લોખંડનાં વાપરવાં જોઈએ અને તેને શકય હોય તો દિવાલથી દૂર ગોઠવવા જોઈએ. કબાટના નીચેના ભાગે ફરસ ઉપર ડામર લગાવવો જોઈએ. સમયાંતરે ૧૦% નું સોડિયમ આર્સેનાઈટનું

---

૭. યશપાલ કથપાલિયા, <u>કન્ઝર્વેશન એન્ડ રેસ્ટોરેશન ઑફ આર્કાઈવલ મટીરિયલ્સ</u>, યુનેસ્કો, પેરીસ, ૧૯૭૩, પૃ.૫૨.

For Private and Personal Use Only

દ્વારા, ૨૦% નું ઝીન્ક ક્લોરાઇડ, ૫% ડી.ડી.ટી. કે ગેમ્ક્ષીન અથવા પીપ નામની દવાઓનો છંટકાવ ભંડારના ખુલ્લા ભાગમાં કરતા રહેવું જોઇએ.[૮] હસ્તપ્રતભંડારની તેમજ કબાટોની છાજલીઓની સમયાંતરે સફાઇ કરતા રહેવામાં આવે તો ઉધઇ, ફૂગ કે અન્ય જીવજંતુઓથી હસ્તપ્રતોને થતુ નુકસાન નિવારી શકાય છે.

૩) <u>જીવાતોથી નુકસાન પામેલી પ્રતોને ધૂણી આપવાની પ્રક્રિયા</u> :

હસ્તપ્રતોમાં ભેજના કારણે ફૂગનું પ્રમાણ વધી ગયું હોય તો થાયમોલની ધૂણી આપવામાં આવે છે. જ્યારે અન્ય જીવાતો ઘર કરી ગઇ હોય તો પેરાડાયક્લોરો બેન્ઝીન, ફાર્માડીહાઇડ, કાર્બન ટેટ્રા ક્લોરાઇડ તથા ઇથીલીન ડાયક્લોરાઇડ તેમ જ ઇથિલીન ઓક્સાઇડ અને કાર્બન ડાયોક્સાઇડ વાયુના મિશ્રણની ધૂણી આપવાથી જીવાતોનો નાશ થાય છે. આ ઝેરી રસાયણોનો ઉપયોગ સાવધાનીથી કરવો પડે છે તેમ ન થતાં માણસને નુકસાન થવાનો સંભવ છે. ધૂણી આપવાની રીત બધી પધ્ધતિઓમાં લગભગ સરખી જ છે માત્ર તેના પદાર્થોમાં અને તેના પ્રમાણમાં ફેરફાર કરવામાં આવે છે.

<u>થાયમોલ ફ્યુમીગેશન પ્રક્રિયા</u> :[૯]

લાકડાની અથવા ધાતુની એક હવાચુસ્ત પેટીમાં કાણાંવાળી છાજલીઓ ઉપર જીવાતવાળી હસ્તપ્રતોને મુકવામાં આવે છે. ત્યારબાદ નીચેના ભાગમાં એક ટ્રેમાં દર ઘનમીટરે ૨૦ ગ્રામના પ્રમાણને ધ્યાનમાં રાખી યોગ્ય પ્રમાણમાં થાયમોલ રાખીને પેટીનું હવાચુસ્ત બારણું બંધ કરવામાં આવે છે. આ પેટીમાં નીચેના ભાગમાં ગોઠવેલા ૪૦ વોટના વીજળીના ગોળાને ચાલુ કરી અંદરનું વાતાવરણ ૩૬ સે.ગ્રે.રાખવામાં આવે છે.

---

૮. પાદનોંધ ૧ મુજબ, પૃ.૧૨૫.

૯. પાદનોંધ ૭ મુજબ, પૃ.૫૪.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીજળીના ગોળાની ગરમીથી થાયમોલ પીગળે છે અને વાયુ સ્વરૂપે હસ્તપ્રતોમાં જઈ તેના પર રહેલી ફૂગનો નાશ કરે છે. થાયમોલની આ પ્રક્રિયા ઓછામાં ઓછા ત્રણ દિવસ અને વધુમાં વધુ દસ દિવસ સુધી રોજ એક કલાક ચાલુ રાખવાથી પ્રતોમાંની ફૂગનો નાશ થાય છે. થાયમોલની ધૂણી આપવાથી હસ્તપ્રતોમાંની ફૂગનો જ નાશ થાય છે, અન્ય જીવાતોનો નાશ કરવા માટે આ પ્રકારની પ્રક્રિયા બીજા રસાયણો દ્વારા કરવામાં આવે છે.

<u>ફાર્માડીહાઈડ ફ્યુમીગેશન પ્રક્રિયા</u> :[10]

આ પ્રક્રિયામાં રસાયણ તરીકે ફાર્માડીહાઈડનું પ્રવાહી વાપરવામાં આવે છે. જેનું પ્રમાણ દર ઘનમીટરે ૨૫૦ મી.લિ. રાખવામાં આવે છે. આ પ્રક્રિયામાં સામાન્ય ઉષ્ણતામાન જરૂરી હોવાથી વીજળીના ગોળાની જરૂર પડતી નથી. પેટીમાં નીચેના ભાગમાં રાખેલી ટ્રે માં યોગ્ય પ્રમાણમાં ફાર્માડીહાઈડ પ્રવાહી રાખવામાં આવે છે, જે વાયુરૂપે પેટીમાં ફેલાતાં હસ્તપ્રતોમાંની જીવાતોનો નાશ થાય છે. આ પ્રક્રિયા બે થી ત્રણ દિવસ સુધી ચાલુ રાખવામાં આવે છે.

<u>કાર્બન ટ્રેટા ક્લોરાઈડ અને ઈથીલિન ડાયક્લોરાઈડની ફ્યુમીગેશન પ્રક્રિયા</u>:[11]

આ પ્રક્રિયામાં પેટીમાં ૨૩.૮૯ સે.ગ્રે. ઉષ્ણતામાન ઊભુ કરી તેમાં રાખેલી ટ્રે માં કાર્બન ટ્રેટા ક્લોરાઈડ અને ઈથીલીન ક્લોરાઈડ પ્રવાહીનું મિશ્રણ ૧:૩ ના પ્રમાણમાં રાખવામાં આવે છે. દર ઘનમીટરે ૨૫૦ મી.લિ. રાખવામાં આવે છે. આ રસાયણો વાયુરૂપે બંધ પેટીમાં ફેલાતાં તેમાં રહેલી હસ્તપ્રતોમાંની તમામ જીવાતો નાશ પામે છે. આ પ્રક્રિયા બે થી ત્રણ દિવસ સુધી ચાલુ રાખવામાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પેરાડાયક્લોરો બેન્ઝીન ફ્યુમીગેશનની પ્રક્રિયા :**[૧૨]

હવાચુસ્ત પેટીમાં હસ્તપ્રતોને મુકયા પછી ૩૦ સે.ગ્રે. ઉષ્ણતામાનમાં પેટીમાંની ટ્રે માં પેરાડાયક્લોરો બેન્ઝીન દર ઘનમીટરે ૧ કિ.ગ્રા.ના પ્રમાણમાં રાખવામાં આવે છે. આ રસાયણની ધૂણીથી હસ્તપ્રતોમાંની જીવાતો નાશ પામે છે. આ પ્રક્રિયા પણ બે થી ત્રણ દિવસ સુધી ચાલુ રાખવામાં આવે છે.

**વેકયુમ ફ્યુમીગેશનની પ્રક્રિયા :**[૧૩]

ખાસ પ્રકારની ભારે અને ઘટ્ટ ધાતુની બનેલી પેટીમાં જીવાતયુકત હસ્તપ્રતોને મુકયા પછી પંપ વડે પેટીમાંની હવા બહાર ખેંચી લેવામાં આવે છે. પેટીમાં ઉભા કરેલા આ શૂન્યાવકાશમાં ઇથીલીન ઓકસાઇડ અને કાર્બન ડાયોકસાઇડ વાયુનું ૧:૯ ના પ્રમાણમાં મિશ્રણ દાખલ કરવામાં આવે છે. આ મિશ્રણ દર ઘનમીટરે ૪૫૦ ગ્રામ પ્રમાણે વાપરવામાં આવે છે. આ મિશ્રણથી ઉત્પન્ન થયેલો ઝેરી વાયુ પેટીમાં દાખલ થતાં જ હસ્તપ્રતોમાંની બધા જ પ્રકારની જીવાતો અને તેના ઈંડાંઓનો પણ સંપૂર્ણપણે નાશ થઈ જાય છે. આ પ્રક્રિયા ચારથી પાંચ કલાક સુધી ચાલુ રાખવામાં આવે છે ત્યારબાદ ઝેરી વાયુને પાછો ગેસ ચેમ્બરમાં દાખલ કરી દેવામાં આવે છે. અથવા તો વપરાયેલો વાયુ પેટીના આઉટલેટ ધ્વારા બહારના વાતાવરણમાં ફેંકવામાં આવે છે. ભારતમાં આજે દિલ્હી સ્થિત 'ભારતીય અભિલેખાગાર'માં તથા ગુજરાતમાં 'રાજય દફતરભંડાર'માં આ પ્રકારની વ્યવસ્થા જોવા મળે છે.

---

૧૦–૧૩, જૈન, પૃ.૬૧–૬૨.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૪) અમ્લિય (એસિડ યુક્ત) હસ્તપ્રતોની ઉપચારવિધિ :

કાગળની પ્રતો લાંબા સમયે અમ્લિય બનતી હોય છે. કાગળની બનાવટ સમયે વાપરવામાં આવેલા દ્રવ્યોના આંતરિક ફેરફારોથી કાગળ અમ્લતા ધરાવતો બને છે. આ ઉપરાંત વાતાવરણમાં રહેલા અમ્લિય વાયુઓના સંસર્ગમાં આવવાથી હસ્તપ્રતો અમ્લતાયુક્ત બને છે. આવી હસ્તપ્રતો લાંબા સમયે બરડ થઈ તૂટી જાય છે. તેની જાળવણી માટે અતેજાબીકરણની પ્રક્રિયા કરવામાં આવે છે.

અતેજાબીકરણની અનેક પ્રક્રિયાઓ ઉપયોગમાં લેવામાં આવતી હોય છે. આમ છતાં તેની પ્રક્રિયાને ધ્યાનમાં લઈ તેને બે વિભાગમાં અલગ પાડવામાં આવે છે. (૧) સૂકી (વાયુ) પ્રક્રિયા અને (૨) પ્રવાહી પ્રક્રિયા. પ્રથમ પ્રક્રિયામાં માત્ર વાયુના ઉપયોગથી જ કાગળમાંનું અમ્લતાપણું નાશ પામે છે, જ્યારે બીજી પ્રક્રિયામાં પ્રવાહી રસાયણોનો ઉપયોગ કરવામાં આવે છે.

અતેજાબીકરણ માટેની અનેક પ્રક્રિયાઓમાંથી સામાન્યતઃ ત્રણ પ્રક્રિયાઓનો વિશેષ ઉપયોગ થાય છે, આ પ્રક્રિયાઓ વધારે સરળ છે. તેમજ લખાણની શાહીને નુકસાનકારક બનતી નથી. પ્રતોના કાગળનું પી.એચ. મૂલ્ય ઇન્ડિકેટર પેપર વડે તપાસવામાં આવે છે. જે પ્રતોનું પી.એચ. મૂલ્ય ૬.૨ કરતા ઓછું હોય તેના પર જ અતેજાબીકરણની પ્રક્રિયા કરવામાં આવે છે.

### એમોનિયા ગેસ-પ્રક્રિયા અથવા બિનપ્રવાહી પ્રક્રિયા :[૧૪]

જે હસ્તપ્રતોની શાહી કે ચિત્રોના રંગ પાણીમાં દ્રાવ્ય હોય તેવી પ્રતો માટે આ પ્રક્રિયાનો ઉપયોગ થાય છે. હવાચુસ્ત કાચ પેટીમાં હસ્તપ્રતો મૂકી ૧૦% એમોનિયાનું દ્રાવણ પેટીમાં રહેલી ડીશમાં પેટીના

---

૧૪. જૈન, પૃ.૧૧૮.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીચેના ભાગમાં મુકવામાં આવે છે. હવાચુસ્ત પેટીમાં મુકેલું આ એમોનિયા - દ્રાવણ વાયુરૂપે હસ્તપ્રતોના પત્રોમાં ફેલાય છે. અને આ વાયુ દ્વારા કાગળ પર રાસાયણિક પ્રક્રિયા થવાથી કાગળમાંની અમ્લતા દૂર થાય છે. આ પ્રક્રિયા ૨૪ થી ૩૬ કલાક સુધી કરવામાં આવે છે. યોગ્ય સમયે આ વાયુ બહાર કાઢી હસ્તપ્રતોને પેટીમાંથી બહાર લઈ લેવામાં આવે છે. આ પ્રક્રિયાથી કાગળ કે તેમાંની શાહી ઉપર કોઈપણ પ્રકારની વિકૃતિ આવતી નથી. પરંતુ કાગળનું પી.એચ. મૂલ્ય વધીને ૬.૮ અને ૭.૨ ની વચ્ચેનું થઈ જાય છે જેથી હસ્તપ્રતનું આયુષ્ય વધી જાય છે.

<u>કેલ્શિયમ હાઈડ્રોક્સાઈડ અને કેલ્શિયમ બાયકાર્બોનેટના દ્રાવણવાળી પ્રવાહી પ્રક્રિયા</u> :[૧૫]

જે હસ્તપ્રતોની શાહી પાણીમાં અદ્રાવ્ય હોય તેવી હસ્તપ્રતો માટે જ આ પ્રવાહી પ્રક્રિયા ઉપયોગમાં લેવાય છે. સૌ પ્રથમ તો હસ્તપ્રતોની શાહી અદ્રાવ્ય છે તેની ચકાસણી કરી લેવામાં આવે છે. ત્યારબાદ જ આ પ્રક્રિયા કરવામાં આવે છે.

આ પ્રક્રિયામાં ત્રણ ટ્રે લેવામાં આવે છે. પ્રથમ ટ્રેમાં અર્ધા સુધી ૦.૧૫% કેલ્શિયમ હાઈડ્રોક્સાઈડનું દ્રાવણ ભરવામાં આવે છે. બીજી ટ્રે ખાલી રાખવામાં આવે છે એના પર જાળી મુકેલી હોય છે. ત્રીજી ટ્રે માં અર્ધા સુધી ૦.૧૫% કેલ્શિયમ બાયકાર્બોનેટનું દ્રાવણ લેવામાં આવે છે. પ્રક્રિયા દરમ્યાન સૌ પ્રથમ પ્રતના કાગળને અલગ અલગ અથવા તો વધુમાં વધુ દસ પત્રોને વેક્સ પેપરને આધારે પ્રથમ ટ્રેના દ્રાવણમાં વીસ મિનિટ સુધી ડુબાડી રાખવામાં આવે છે. વચ્ચેના સમયમાં દ્રાવણને હલાવવામાં આવે છે.

---

૧૫. બેજન, પૃ.૧૦૬-૧૦૮.

For Private and Personal Use Only

વીસ મિનિટ પછી પત્રોને બહાર કાઢી જાળીવાળી ખાલી ટ્રે ઉપર નીતારવા માટે થોડીવાર મુકવામાં આવે છે. ત્યારબાદ ત્રીજી ટ્રેના દ્રાવણમાં પત્રોને ફરીથી બીજા વેક્સપેપરના આધારે વીસ મિનિટ માટે ડુબાડવામાં આવે છે. તે પછી તે બધા પત્રોને બહાર કાઢી બે નંબરની જાળીવાળી ટ્રે ઉપર મુકી નીતારવામાં આવે છે અને છેલ્લે બ્લોટીંગ પેપરની વચ્ચે મુકી તેના પર ઈસ્ત્રી ફેરવવામાં આવે છે.

આ પ્રક્રિયાથી કાગળની અમ્લતા દૂર થાય છે, કાગળ પરના ધૂળ, ડાઘા અને અન્ય અશુધ્ધિઓ દૂર થાય છે તેમ જ ગડી પડી ગયેલા પત્રોનું સપાટીકરણ પણ થઈ જતું હોવાથી પત્રોની ગડ કે સળ દૂર થાય છે.

<u>મેગ્નેશિયમ બાયકાર્બોનેટની પ્રક્રિયા</u> :[૧૬]

અનેજાબીકરણની આ પ્રક્રિયા એક જ દ્રાવણવાળી છે. ૨૭ લીટર પાણીમાં ૪૦ ગ્રામ મેગ્નેશિયમ કાર્બોનેટને ઓગાળી તે દ્રાવણ દૂધિયા રંગમાંથી પાણી જેવું ન થાય ત્યાં સુધી કાર્બન ડાયોક્સાઈડ વાયુ પસાર કરી તૈયાર કરેલું દ્રાવણ ટ્રેમાં ભરવામાં આવે છે. અમ્લતા ધરાવતી અને પાણીમાં શાહી અદ્રાવ્ય હોય તેવા પત્રોને વેક્સપેપરની મદદથી ટ્રેમાંના પ્રવાહીમાં વીસ મિનિટ સુધી રાખવામાં આવે છે. ત્યારબાદ તે પત્રોને બહાર કાઢી બ્લોટીંગ પેપરની મદદથી સુકવી તેના પર ઈસ્ત્રી ફેરવવામાં આવે છે. આ પ્રક્રિયામાંથી પસાર થયેલી પ્રતોના કાગળની અમ્લતા, પીળાશ વગેરે દૂર થાય છે, સાથે સાથે તેનું આયુષ્ય પણ વધી જાય છે.

૫) <u>જીર્ણ થયેલી પ્રતો માટે લેમીનેશન પ્રક્રિયા</u> :

સમયના વહેણની સાથે સાથે કાગળ ઉપર પણ બાહ્યાભ્યંતર કારણોસર અસર થતી હોય છે. સમય જતાં હસ્તપ્રતોના કાગળ બરડ બની જાય છે, તો ક્યારેક તૂટી પણ જાય છે. આવી હસ્તપ્રતોને ઘણી જ સાચવીને

---

૧૬. જૈન, પૃ.૧૧૦–૧૧૨.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપયોગમાં લેવાતી હોય છે. હસ્તપ્રતભંડારોમાંની આવી જીર્ણ થઈ ગયેલી પ્રતોને જો લેમીનેશન પ્રક્રિયા દ્વારા સમારકામ કરવામાં આવે તો તેનું આયુષ્ય વધી જાય છે.

લેમીનેશન પ્રક્રિયા બે પ્રકારે થાય છે : (૧) હાથથી કરવામાં આવતી પ્રક્રિયા - હેન્ડ લેમીનેશન અને (૨) મશીન લેમીનેશન પ્રક્રિયા. આ લેમીનેશન પ્રક્રિયામાં રૂ, એસીટોન, સેલ્યુલોઝ એસીટેટ ફોઇલ તેમજ ટીસ્યુ પેપરની જરૂર પડે છે. જે હસ્તપ્રતોની શાહી એસીટોનમાં અદ્રાવ્ય હોય તેની જ લેમીનેશન પ્રક્રિયા થઈ શકે છે. માટે લેમીનેશન પ્રક્રિયા કરતાં પહેલાં રૂ અને એસીટોનની મદદથી તેની ચકાસણી કરી લેવી જરૂરી હોય છે.

હેન્ડ લેમીનેશનની પ્રક્રિયામાં હસ્તપ્રતના પત્રના કદ કરતાં મોટા કદના બે સેલ્યુલોઝ એસીટેટ ફોઇલ અને બે ટીસ્યુ પેપર લેવામાં આવે છે. ટેબલ પરના કાચ ઉપર એક ટીસ્યુ પેપર મુકી તેના ઉપર સેલ્યુલોઝ એસીટેટ ફોઇલ મુકવામાં આવે છે. તેના પર જે પત્રનું લેમીનેશન કરવાનું હોય તે પત્રને અથવા તેના ટુકડાઓને ગોઠવવામાં આવે છે. ત્યારબાદ ફરી તેના પર સેલ્યુલોઝ એસીટેટ ફોઇલ મુકી તેના પર ટીસ્યુ પેપર મુકવામાં આવે છે. આ પ્રમાણેનું વેષ્ટન તૈયાર થયા પછી એક હાથ વડે આ વેષ્ટનને દબાવી બીજા હાથે તેના મધ્યમાંથી છેડા તરફ ઝડપથી એસીટોન લગાવવામાં આવે છે. ત્યારબાદ ધીમેથી આ આખી રચનાને ઉલટાવીને મુકવામાં આવે છે. તેની બીજી બાજુ પર એસીટોન લગાવવા માટે ફરીથી આ જ પ્રક્રિયા કરવામાં આવે છે.[૧૭] આ રીતે તૈયાર થયેલી હસ્તપ્રતને દબાણ આપવા માટે બે વેક્સપેપરમાં મુકી દાબ-યંત્રમાં દબાવવામાં આવે છે. આનાથી પત્ર સપાટ બને છે. આ રીતે તૈયાર થયેલી લેમીનેશન પ્રક્રિયા-વાળી પ્રતની ચારે બાજુનો વધારાનો ભાગ કાતર વડે ધીમેથી કાપી લેવામાં આવે છે.

---

૧૭. એજન, પૃ.૧૩૫-૧૩૬.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મશીન લેમીનેશન પ્રક્રિયામાં વેષ્ટન બનાવવાની પ્રક્રિયા હાથ વડે તૈયાર થતી લેમીનેશનની પ્રક્રિયા જેવી જ છે. ફેરફાર એટલો જ છે કે આ પ્રક્રિયામાં એસિટોન દ્રાવણનો ઉપયોગ કરવામાં આવતો નથી પરંતુ પત્રોને મશીનના રોલમાં વ્યવસ્થિત ગોઠવી તેને યોગ્ય દબાણ અને ગરમી આપવામાં આવે છે.[૧૮] જોકે આ પ્રક્રિયા થોડી મોંઘી પડે છે. ભારતના 'રાષ્ટ્રિય અભિલેખાગાર'માં મશીન લેમીનેશન પધ્ધતિનો ઉપયોગ થાય છે.

હસ્તપ્રતો પર પડ ચઢાવવાથી ઘણાં વર્ષો સુધી તે જાળવી શકાય છે. પ્રતો સહેલાઇથી વાંચી શકાય છે. બરડ થઇ ગયેલા કાગળ ધરાવતી પ્રતો આ પ્રક્રિયા પછી તૂટી જતી નથી, તેના પર ફૂગની તેમજ બાહ્ય વાતાવરણની અસર થતી નથી.

ગુજરાતના આજના વિદ્યમાન મોટાભાગના હસ્તપ્રતભંડારોમાં પુસ્તકોના સંરક્ષણ અને જાળવણી માટે પ્રાચીન રીતોનો જ ઉપયોગ કરવામાં આવે છે. મોટાભાગના ભંડારોમાં ભેજવાળી હવા કે બહારની જીવાતો પ્રવેશ ન કરી શકે તે માટે કબાટો તેમજ ભંડાર બંધ જ રાખતા હોય છે. જ્યારે સંશોધન સંસ્થાઓ કે વિદ્યાકીય સંસ્થાઓ સાથે સંકળાયેલા કેટલાક હસ્તપ્રતભંડારોમાં હવે આધુનિક પધ્ધતિઓ ધ્વારા સંરક્ષણ અને જાળવણી માટેના પ્રયત્નો શરૂ થયેલા જોવા મળે છે. કેટલીક સરકારી અને ખાનગી સંસ્થાઓની આધુનિક પ્રયોગશાળાઓમાં હસ્તપ્રતોની જાળવણી માટેની વિવિધ પ્રક્રિયાઓ કરી આપવામાં આવે છે.

આમ છતાં જૈન સંઘો ધ્વારા સંચાલિત હસ્તપ્રતભંડારોમાંની હસ્તપ્રતો વધારે લાંબા સમય સુધી સચવાઇ રહે તે માટે વર્ષો પહેલાં જૈનાચાર્યોએ દીર્ઘદ્રષ્ટિથી વિચારેલું. જૈનભંડારો ખાસ કરીને વર્ષાઋતુમાં ચાર માસ સુધી ખાસ કારણો વિના ખોલવામાં આવતા નથી. વાતાવરણમાંનો ભેજ હસ્તપ્રતોને નુકશાન કરતો હોય છે. ભેજની અસરથી ફૂગ ઉત્પન્ન થાય છે, હસ્તપ્રતોના પાનાં એકબીજા સાથે ચોંટી જતા હોય છે. હસ્તપ્રતભંડારો વારંવાર ખુલ્લા રાખવાથી બહારનો ભેજ

---

૧૮. એજન, પૃ.૧૨૭-૧૩૦.

For Private and Personal Use Only

તેમાં દાખલ થાય તો હસ્તપ્રતો નુકસાન પામે આ ખ્યાલથી ભંડારો બંધ રાખવામાં આવતા હોય છે. લાંબા સમય સુધી હસ્તપ્રતભંડારો બંધબારણે રહેતા હોવાથી હસ્તપ્રતભંડારોમાંની ધૂળ, કચરો વગેરે સાફ કરવાની જરૂર ઊભી થાય છે. વર્ષાઋતુ દરમ્યાન થોડીઘણી ભેજવાળી હવા પ્રવેશી હોય અને હસ્તપ્રતોને અસર થયેલી હોય તો આવી પ્રતો વધારે નુકસાન ન પામે તે માટે તેને તાપવાળા ગરમ વાતાવરણમાં રાખવી જરૂરી બને છે. તદુપરાંત પુસ્તકોમાં જીવાતો ઉત્પન્ન ન થાય તે હેતુસર કબાટોમાં ઘોડાવજ કે અન્ય વનસ્પતિઓ કે ગોળીઓ મુકેલી હોય તે બદલવાની જરૂર ઊભી થઈ હોય છે. હસ્તપ્રતભંડારોમાં હસ્તપ્રતોને વ્યવસ્થિત રાખવા માટે ઉપયોગમાં લીધેલા પાટી-પાઠાં, બંધન, દાબડા, કબાટ વગેરે નુકસાન પામ્યા હોય કે ખરાબ થયા હોય તો તેને બદલવાની જરૂર પણ ઊભી થાય છે.

આ બધુ કાર્ય કોઈ એક વ્યક્તિ માટે કરવું અશકય તેમજ અગવડતાભર્યું હોય છે. આથી જ કુશળ જૈનાચાર્યોએ વર્ષાઋતુ પછી હસ્તપ્રતોને તાપમાં રાખવા તેમજ તેને વ્યવસ્થિત કરવા માટેનો ઉત્તમ દિવસ કાર્તિક શુકલ પંચમીને ગણાવી આ તિથિને 'જ્ઞાનપંચમી' તરીકે ઓળખાવી.[19] આ દિવસને ધાર્મિક તહેવાર સાથે સાંકળી લઈ જ્ઞાનભંડારોમાંની હસ્તપ્રતોની જાળવણીનું મહત્ત્વ સમજાવી જૈન પ્રજાને જ્ઞાનભક્ત અને સાહિત્યસેવા તરફ દોરવાનું કાર્ય કર્યું છે. પ્રાચીન સમયમાં આ દિવસે જૈનો વ્રત આદિ સ્વીકારી જ્ઞાનરક્ષાના આ પુણ્યકાર્યમાં ભાગીદાર બનતા. આ દિવસે જૈનો જ્ઞાનભંડારોમાં જઈ કચરો વાળીને ભંડાર સાફ કરવાથી માંડી હસ્તપ્રતોમાંનો ભેજ દૂર કરવાના હેતુસર તેને થોડીવાર માટે ખુલ્લા છાંયડામાં મુકતા. ચોંટી ગયેલી પ્રતોને યોગ્ય માવજતથી ઉખાડતા અને કબાટોમાં રાખેલી ઘોડાવજ જેવી વનસ્પતિઓ કે તેના ભૂકાની પોટલીઓ બદલતા. કેટલાક શ્રીમંત જૈનો જ્ઞાનપૂજાના બહાને ભંડાર માટે જરૂરી સાધનો પણ આપતા.

પરંતુ સમય જતાં 'જ્ઞાનપંચમી'ના આ તહેવારનું મહત્ત્વ ઘટયું છે. તેનું સ્વરૂપ બદલાયું છે. અત્યારે તો આ તહેવાર લગભગ નામશેષ થઈ ગયો છે. આમ છતાં કેટલાક શ્રદ્ધાળુ જૈનો આ તહેવારના મૂળ ઉદ્દેશો ભૂલીને આજે હસ્તપ્રતભંડારની હસ્તપ્રત-પોથીની પૂજનવિધિ કરી ઇતિશ્રી માને છે.[20]

---

૧૯. પાદનોંધ ૩ મુજબ, પૃ.૧૧૬.
૨૦. રમણિકવિજયજી, સંપા. જ્ઞાનાંજલિ, સાગરગચ્છ જૈન ઉપાશ્રય, વડોદરા, ૧૯૬૯, પૃ.૫.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





સિલ્વર ફિશ



વાંદા



ઊધઈ

For Private and Personal Use Only



થાયમોલ ફ્યુમીગેશન ચેમ્બર



વેક્યુમ ફ્યુમીગેશન ચેમ્બર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





અ- તેજાબીકરણની પ્રક્રિયા
( ડી- એસિડીફિકેશન )

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir






મશીન લેમીનેશન પ્રક્રિયા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ – ૭

# ઉપસંહાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાતમાં હસ્તપ્રતભંડારોની જે સંખ્યા જોવા મળે છે તેમાંના મોટાભાગના ભંડારો જૈનસંઘોના વહીવટ હેઠળ સચવાયેલા જોવા મળે છે. ગુજરાતમાં હાલ ૬૭ જેટલા સ્થળોએ નાના-મોટા ગામોમાં ૧૩૩ જેટલા જ્ઞાનભંડારો સચવાયેલા છે, જેમાં એકાદ કબાટથી શરૂ કરીને હજારોથી સંખ્યામાં હસ્તપ્રતો સચવાયેલી છે. આ હસ્તપ્રતભંડારો જૈન સાધુ-સાધ્વીઓના અધ્યયનના હેતુસર સ્થપાયેલા હશે. જૈન સાધુ-સાધ્વીઓ એક ગામથી બીજે ગામ વિહાર કરતી વખતે રસ્તામાં આવતા જૈન વસતિ ધરાવતાં ગામોના જૈન ઉપાશ્રયમાં થોડો સમય વિશ્રાંતિ લેતા. તે સમય દરમિયાન તેમ જ ચાતુર્માસના સ્થાયી નિવાસ દરમિયાન જિજ્ઞાસાવૃત્તિ ધરાવતા કે સંશોધન અને લેખનપ્રવૃત્તિમાં રુચિ ધરાવતા સાધુ-સાધ્વીઓ ગ્રંથોનું અધ્યયન કરી શકે અને તેમના લેખનકાર્યને વેગ મળી શકે તે હેતુસર કેટલાક નાના ગામોમાં પણ જ્ઞાનભંડારો સ્થપાયેલા જોવા મળે છે.

કેટલાક શહેરોમાં જૈન સંઘોના ભંડારો ઉપરાંત સંશોધન સંસ્થાઓમાં અને વિદ્યાકીય સંસ્થાઓના ગ્રંથાલયોમાં સંગ્રહાયેલી હસ્તપ્રતો સારી સ્થિતિમાં સચવાઈ રહેલી જોવા મળે છે. આ ભંડારોમાં મોટાભાગની પ્રતો કાગળ પર લખાયેલી મળે છે. કેટલાક ભંડારોમાં તાડપત્રીય પ્રતો પણ સારી સંખ્યામાં જોવા મળે છે. આ બધી જ પ્રતો ભાષા અને વિષય વૈવિધ્યમાં અનેક પ્રકારે સામ્યતા ધરાવતી જોવા મળે છે. દરેક ભંડારમાં મોટાભાગે સંસ્કૃત, પ્રાકૃત, હિંદી, ગુજરાતી અને થોડી સંખ્યામાં અપભ્રંશ કે અન્ય ભાષાઓની પ્રતો જોવા મળે છે. જૈન ઉપરાંત જૈનેતર પ્રતો પણ ઘણી સંખ્યામાં પ્રાપ્ત થાય છે. વિષયની સામ્યતા લગભગ દરેક ભંડારમાં સામાન્ય જોવા મળે છે. સચિત્ર પ્રતો પણ ઘણી સંખ્યામાં પ્રાપ્ત થાય છે. ખાસ કરીને 'કલ્પસૂત્ર', 'સંગ્રહણીસૂત્ર', 'ઉત્તરાધ્યયન-સૂત્ર', 'રાસો (ચરિત્ર કથાઓ)', વગેરેની પ્રતોમાં ચિત્રો વિશેષ જોવા મળે છે. અન્ય સચિત્ર પ્રતોમાં એકાદ બે ચિત્રો મળી શકવાની સંભાવના પણ હોય છે. રોપ્યાક્ષરી પ્રતોની સરખામણીમાં સુવર્ણાક્ષરી પ્રતો વિશેષ જોવા મળે છે. કેટલીક સુવર્ણાક્ષરી પ્રતો તેની લેખનશૈલીની વિશેષતાને કારણે જાણીતી છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઉપરાંત દ્વિપાઠ, ત્રિપાઠ, પંચપાઠ વગેરે પ્રકારની લેખનની વિવિધતા ધરાવતી પ્રતોનું પ્રમાણ પણ ઘણું મોટું છે. ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદના હસ્તપ્રતભંડારોમાં વિશિષ્ટ પ્રકારની અસંખ્ય હસ્તપ્રતો સંગ્રહાયેલી પ્રાપ્ત થાય છે.

ભારતમાં જુદાંજુદાં રાજ્યોમાં ઘણા હસ્તલિખિત ભંડારો જોવા મળે છે. તેમાં પણ ગુજરાત અને રાજસ્થાન પાસે જે હસ્તપ્રતસમૃદ્ધિ છે તે કદાચ અન્ય કોઈપણ રાજ્ય પાસે નહીં હોય. દક્ષિણ ભારતમાં તાંજોર, અડ્યાર, ત્રિવેન્દ્રમ, માયસોર, મદ્રાસ-અન્નામલાઈ ઉપરાંત તિરૂપતિ સંસ્કૃત યુનિવર્સિટી વગેરે હસ્તપ્રતભંડારોમાં તામિલ, તેલુગુ, સંસ્કૃત વગેરે ભાષાની અસંખ્ય તાડપત્રીય પ્રતો પ્રાપ્ત થાય છે.

મહારાષ્ટ્રમાં પૂના ભાંડારકર ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યુટમાં ત્રીસ હજાર જેટલી પ્રતો છે, જેમાં તાડપત્રીય પ્રતો વિશેષ છે. ઉપરાંત ડેક્કન કૉલેજમાં છ થી સાત હજાર અને આનંદાશ્રમ મુદ્રણાલયમાં પણ સારી એવી સંખ્યામાં પ્રતો સંગૃહીત છે. મુંબઈમાં રોયલ એશિયાટીક સોસાયટી પાસે [illegible] હજાર જેટલી પ્રતો છે. ફાર્બસ ગુજરાતી સભા, ભારતીય વિદ્યાભવન, મુંબઈ યુનિવર્સિટી, માધવબાગ પાસે લાલબાગ જૈન પાઠશાળા તેમ જ બીજાં અસંખ્ય સ્થળોએ મરાઠી, સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી વગેરે ભાષાની હસ્તપ્રતો સારી એવી સંખ્યામાં પ્રાપ્ત થાય છે. બિહારમાં નાલંદા યુનિવર્સિટી અને મિથિલા રીસર્ચ ઈન્સ્ટિટ્યુટ-(દરભંગા)માં સારી એવી સંખ્યામાં તેમ જ પટણા યુનિવર્સિટીમાં થોડી સંખ્યામાં પ્રતો સંગ્રહાયેલી છે. બિહારના આ ભંડારોમાં મૈથિલી ભાષાની પ્રતોની સંખ્યા વધારે છે. બંગાળમાં રોયલ એશિયાટીક સોસાયટી, ગવર્મેન્ટ સંસ્કૃત કૉલેજ, કલકત્તા યુનિવર્સિટી, શાંતિનિકેતન વગેરે અનેક સંસ્થાઓમાં પણ ઘણી હસ્તપ્રતો સંગ્રહાયેલી છે. આસામમાં ગૌહતી અને અન્ય કેટલાક સ્થળોએ હસ્તપ્રતસંગ્રહો મળે છે. પંજાબમાં વૈદિક સંશોધન સંસ્થાન, હોશિયારપુર અને પંજાબ-યુનિવર્સિટી પાસે પણ હસ્તપ્રતો સંગ્રહાયેલી છે. કાશ્મીરમાં જમ્મુ અને અન્ય સ્થળોએ સારી એવી સંખ્યામાં પ્રતો પ્રાપ્ત થાય છે, જેમાં ભૂર્જપત્રીય પ્રતો પણ જોવા મળે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજસ્થાનમાં જેસલમેર, જોધપુર, બીકાનેર, જયપુર, ઉપરાંત બીજા અનેક નાનાં મોટાં સ્થળોએ હસ્તપ્રતભંડારો આવેલા છે. જેમાં અસંખ્ય પ્રતો સંગ્રહાયેલી છે. જેસલમેરના જ્ઞાનભંડારોમાં પાંચસો જેટલી તાડપત્રીય અને દસ હજારથી પણ વધારે સંખ્યામાં કાગળ પર લખાયેલી પ્રતોસંગ્રહાયેલી છે. મુનિશ્રી પુણ્યવિજયજીએ તેમના સહાયકો સાથે ઈ.સ.૧૯૫૦-૫૧ માં આ ભંડારોને વ્યવસ્થિત કર્યાં હતા. જોધપુરમાં મહારાજાના હસ્તપ્રતભંડારમાં માત્ર સંગીતને લગતી હોઢલોથી પણ વધુ સંખ્યામાં હસ્તપ્રતો છે. બીકાનેરના મહારાજાના ભંડારમાં લગભગ ચૌદ હજાર જેટલી પ્રતો છે. આ ઉપરાંત બીજા ઘણાં સ્થળોએ જ્ઞાનભંડારો આવેલા છે. કેટલાક વ્યક્તિગત સંગ્રહોમાં પણ ઘણી હસ્તપ્રતો સંગૃહીત થયેલી જોવા મળે છે. અગરચંદ નાહટા નામના એક વિદ્વાનના અંગત સંગ્રહમાં ઘણી સંખ્યામાં પ્રતો સચવાયેલી છે.

ભારતમાં એક પણ રાજ્ય એવું નહીં હોય જ્યાં સંસ્થાકીય ભંડાર કે જૈનભંડાર અસ્તિત્વમાં ન હોય. તેમાં પણ ગુજરાત અને રાજસ્થાનમાંના ભંડારો જેટલી સંખ્યા કદાચ બીજા કોઈ પણ રાજ્યમાં જોવા નહીં મળે. ગુજરાતમાં સોલંકી કાળનાં જુદાં જુદાં સ્થળોએ વિશાળ જ્ઞાનભંડારો સ્થાપવાનો સમર્થ કાળ હતો. એ સમયમાં અનેક જૈનાચાર્યોએ પાટણ ઉપરાંત ખંભાત, ધોળકા, વિજાપુર, પાલનપુર, હારીજ, થરાદ વગેરે સ્થળોએ રહીને ઘણાં ગ્રંથોની રચના કરેલી. અનેક લહિયાઓને સાથે રાખી અસંખ્ય ગ્રંથો લખાવેલા. શ્રીમંત જૈન ગૃહસ્થોએ પણ આ પ્રવૃત્તિને સારો એવો વેગ આપેલો.

રાજસ્થાનના જેસલમેર વગેરે જ્ઞાનભંડારોમાંના મોટાભાગના હસ્તલિખિત ગ્રંથો પાટણ, ખંભાત આદિ ગુજરાતનાં જુદાં જુદાં સ્થળોએ લખાયેલા, જે પાછળથી કોઈ રાજ્યવારી કારણોસર ત્યાં ખસેડાયા હોવાનું મનાય છે. આજે જેસલમેરમાં જે તાડપત્રીય સંગ્રહ છે તેમાંની એક ચતુર્થાંશ જેટલી પ્રતો ખંભાતના એક શ્રીમંત સદ્ગૃહસ્થે પોતાના ધનથી લખાવેલી. જ્ઞાનભંડારોના સાર્વત્રિક લેખન અને વૃદ્ધિ કરવામાં પાટણ, ખંભાત તેમ જ ગુજરાતના અન્ય કેટલાક સ્થળોનો ઘણો મોટો ફાળો ગણાવી શકાય. અને તેમાં પણ આપણા આ પ્રાચીન સાહિત્યના વારસાને સંગૃહીત કરી સાચવી રાખવાનો યશ જૈન સમાજને જાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાતમાં આજે જુદા-જુદાં સ્થળોએ જે હસ્તપ્રતભંડારો વિદ્યમાન છે તેમાં પાટણ, ખંભાત, અમદાવાદ, સુરત, પાલિતાણા વગેરે સ્થળોના ભંડારો વિશેષ ઉલ્લેખનીય છે. જો કે વિદ્વાનોને આ ભંડારોનું મહત્ત્વ આજે જેટલું સમજાયું છે તેટલું કદાચ ઓગણીસમી સદીમાં નહોતું. ગુજરાતના ભંડારો તે સમયે લગભગ અજ્ઞાત સ્થિતિમાં જ હતા. ભંડારોમાં કયા પ્રકારના ગ્રંથો છે તેની પણ જાણ કોઈને નહોતી. પરદેશી વિદ્વાનોએ આ ભંડારોનું સંશોધન કરવા માટે ઘણો જ પરિશ્રમ ઉઠાવેલો છે. ઈ.સ.૧૮૭૨ ના જૂનમાં કર્નલ ટૉડે પાટણની મુલાકાત લીધી તે સમયે સૌ પ્રથમ તેમને પાટણના જ્ઞાનભંડારોની અગત્ય સમજાઈ. તેમના પછી આ ભંડારોની મુલાકાત લેનાર 'રાસમાળા'ના કર્તા એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સ હતા. ગુજરાતના ઈતિહાસને લગતી કેટલીક પ્રતોના સંશોધન માટે તેમણે આ ભંડારોની મુલાકાત લીધેલી અને તેનાથી પ્રભાવિત પણ થયેલા. વડોદરા રાજય તરફથી ડૉ.બ્યુહલરે ઈ.સ.૧૮૭૩ અને૧૮૭૫ માં બે મુલાકાતો લીધેલી. તે સમયે પાટણના કેટલાક ભંડારોની દુર્લભ પ્રતિઓની યાદી પણ તેમણે તૈયાર કરેલી. તેમની આ યાદી અને ત્યાંથી મળેલા એક પત્રકને આધારે તેમણે એક અહેવાલ રજૂ કર્યો હતો. તેના આધારે મુંબઈ સરકારે ડૉ.આર.જી.ભાંડારકરને પાટણના ભંડારોની મુલાકાતે મોકલ્યા. ત્યારબાદ વડોદરા રાજયે ઈ.સ.૧૮૯૨માં પ્રો.મણિલાલ ન.દ્વિવેદીને પાટણ મોકલ્યા તેમણે લગભગ દસ હજાર પ્રતોની યાદી બનાવી. ઈ.સ.૧૮૯૩માં મુંબઈ સરકાર તરફથી પ્રો.પિટર્સનને પણ ભંડારોની પ્રતોની યાદી માટે પાટણ મોકલવામાં આવ્યા. તેમણે લગભગ ૨૦૦ જેટલા તાડપત્રીય પુસ્તકોની યાદી તૈયાર કરી. પરંતુ આ છૂટાછવાયા થયેલા પ્રયત્નો બાદ ઈ.સ.૧૯૧૫માં વડોદરા રાજય તરફથી સી.ડી.દલાલને આ ભંડારોની તપાસનું કામ સોંપાયું. તેમણે મુનિશ્રી કાંતિવિજયજી અને તેમના શિષ્યોની મદદથી ભંડારની પ્રત્યેક પ્રતને તપાસી તેની વિસ્તૃત યાદી તૈયાર કરી. તેમણે જે વર્ણનાત્મક સૂચિપત્ર તૈયાર કર્યું તે દેશ-વિદેશના અનેક વિદ્વાનોની પ્રશંસા પામ્યું. મુનિશ્રી પુણ્યવિજયજીએ પણ પાટણના ભંડારોને તેમ જ જેસલમેરના ભંડારોને વ્યવસ્થિત કરવાનું ભગીરથ કાર્ય ઉપાડેલું, તેના સૂચિપત્રો પણ તૈયાર કરેલા. આજે પાટણના ભંડારોનાં સૂચિપત્રો વ્યવસ્થિત સ્વરૂપે પ્રાપ્ત થાય છે તે આ વિદ્વાનોના પુરુષાર્થને જ આધીન છે.

For Private and Personal Use Only

આજે તો પાટણ ઉપરાંત લીંબડી, અમદાવાદ, વડોદરા, નડિયાદ વગેરે સ્થળોના કેટલાક ભંડારોના સૂચિપત્રો પ્રસિદ્ધ પણ થયા છે. કેટલીક સંસ્થાઓ આવા સૂચિપત્રો તૈયાર પણ કરાવી રહી છે. આમ છતાં આજે પણ જૈનસંઘો દ્વારા સંચાલિત ઘણા હસ્તપ્રતભંડારોની હસ્તપ્રતસામગ્રી સૂચિપત્રોના અભાવે અજ્ઞાત સ્થિતિમાં સંગ્રહાયેલી રહી છે. અગાઉ 'જિનરત્ન કોશ' નામનો સૂચિગ્રંથ પ્રસિદ્ધ થયેલો, જેમાં હસ્તપ્રતોની વિસ્તૃત સૂચિ આપવામાં આવેલી છે. પરંતુ જ્યાં સુધી દરેક હસ્તપ્રતભંડારનું વ્યવસ્થિત સૂચિપત્ર તૈયાર ન થાય ત્યાં સુધી હસ્તપ્રતોનો વિશેષ ઉપયોગ થવો શક્ય નથી. અમદાવાદના સંશોધન સંસ્થાઓના અને વિદ્યાકીય સંસ્થા સાથે સંકળાયેલા હસ્તપ્રતભંડારોના સૂચિપત્રો પ્રસિદ્ધ પણ થઈ ગયા છે કેટલાક પ્રસિદ્ધ થવાની તૈયારીમાં છે. આ સૂચિપત્રોને આધારે સંશોધકો જે તે સંસ્થામાં જઈ તેમને જોઈતી પ્રત મેળવી શકે છે.

પરંતુ આજે તો જૈન જ્ઞાનભંડારોનું ચિત્ર તેનાથી ઊલટું જ દેખાય છે. અમદાવાદના હસ્તપ્રતભંડારો વિશેના અધ્યયનના આધારે એ તારણ પર આવી શકાય છે કે ગુજરાતમાં જૈન સંઘોના સંચાલન હેઠળના તમામ જ્ઞાનભંડારો મોટેભાગે બંધ સ્થિતિમાં જ રાખવામાં આવે છે. તેના કબાટોની કે મુખ્ય દ્વારની ચાવીઓ જે તે ટ્રસ્ટના ટ્રસ્ટી પાસે જ રહેતી હોય છે. સંશોધકોને કે સાધુ-સાધ્વીઓને હસ્તપ્રતની જરૂરી ઊભી થાય ત્યારે પૂર્વમંજૂરી મેળવ્યા બાદ જ ભંડાર ખોલી આપવામાં આવે છે. સંશોધન સંસ્થાઓ કે વિદ્યાસંસ્થાઓ સાથે સંકળાયેલા હસ્તપ્રતભંડારોમાં આ સ્થિતિ નથી. ત્યાં નિયત સમય માટે કામ કરનાર કર્મચારી હાજર જ હોય છે જે હસ્તપ્રતોની વ્યવસ્થા, ગોઠવણી, સંરક્ષણ, જાળવણી તેમ જ સંશોધકોને જરૂરી પ્રતો મેળવી આપવા સુધીની અનેકવિધ કામગીરી કરતા હોય છે. આ હસ્તપ્રતભંડારોમાં પણ પ્રતોને તો બંધ કબાટમાં લાકડાના ડબ્બાઓમાં કે કપડાના બંધનમાં ચુસ્ત રીતે બાંધીને રાખવામાં આવતી હોય છે. તેનો હેતુ હસ્તપ્રતોને વધારે લાંબા સમય સુધી સાચવવાનો અને જરૂર પડે સંશોધકોને આપવાનો છે. કેટલાક જૈન જ્ઞાનભંડારોમાં હસ્તપ્રતોને વ્યવસ્થિત કરવાનું, રજિસ્ટર તૈયાર કરવાનું કે સૂચિ-સ્લીપો બનાવવાનું વગેરે કામો અન્ય વિદ્વાનો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્વારા તૈયાર કરાવેલા જોવા મળે છે. કેટલાક હસ્તપ્રતભંડારોમાં તો વર્ષોથી જે સ્થિતિમાં પ્રતો સંગ્રહાયેલી છે એ જ સ્થિતિ આજે પણ જોવા મળે છે. તેને વ્યવસ્થિત કરવાનું કામ પણ થયેલું જોવા મળતું નથી. પ્રતો મેળવવા માટે માત્ર હસ્તપ્રતોની યાદીનો જ આધાર રાખવો પડતો હોય છે.

આ કામ નહીં થવાનાં અનેક કારણો છે, જેમાં આ કામ પાછળ થતો ખર્ચ, સમય અથવા તો તેને વ્યવસ્થિત કરાવવામાં વ્યક્તિગત પ્રયત્નો કરનારી અને અંગત રસ ધરાવતી વ્યક્તિઓનો અભાવ વર્તાય છે. અમદાવાદમાં જૈન સંઘોની માલિકીના જ્ઞાનભંડારોની હસ્તપ્રતો દર્શાવતું એક સંઘ સૂચિપત્ર (યુનિયન કેટલોગ) તૈયાર થાય તો અમદાવાદમાં કોઈ એક પ્રત કયા કયા જ્ઞાનભંડારમાં છે તેની માહિતી સંશોધકો કે વિદ્વાનોને તરત જ મળી શકે. પરંતુ જ્યાં સુધી જ્ઞાનભંડારોની હસ્તપ્રતોનો ઉપયોગ જેમ બને તેમ ઓછો થાય એવું સંકુચિત માનસ સમાજ ધરાવતો રહેશે ત્યાં સુધી આ કામ શક્ય નહીં બની શકે. ભંડારોને વ્યવસ્થિત કરાવવા તેમ જ તેના સૂચિપત્રો પ્રકાશિત કરાવવા માટે થતા ખર્ચ કે વ્યવસ્થા સંઘોની વિચારણા જૈનસંઘોએ કરીને આ ભગીરથ કાર્ય ઉપાડી લેવાનો સમય પાકી ગયો છે. આજે પણ આવા હસ્તપ્રતસંગ્રહો ગામમાં કે શહેરમાં અસ્તિત્વ ધરાવે છે તેની જાણ સામાન્ય વ્યક્તિઓને હોતી નથી. સંશોધકોને પણ કોઈ પ્રત મેળવવા ઘણો જ પુરુષાર્થ કરવો પડતો હોય છે. આજે સંશોધનના ક્ષેત્રે અનેક પરિવર્તનો આવતાં ગયાં છે. સમય તેનું કામ કર્યે જ જાય છે. કાળની ગર્તામાં અસંખ્ય બહુમૂલ્ય પ્રતો માત્ર સંગ્રહાયેલી સ્થિતિમાં જ નાશ પામે તે પહેલાં સંશોધકોને તેનાથી જ્ઞાત કરી શકાય તેટલો વધારે ઉપયોગ કરાવી લેવો જરૂરી છે. શક્ય તેટલી અગત્યની પ્રતોની માઇક્રોફિલ્મ કે ઝેરોક્ષ નકલો કરાવી તેને સંશોધનાર્થે ખુલ્લી મુકવી જરૂરી છે. હસ્તપ્રતભંડારોમાં સચવાયેલી પ્રતો ઉપયોગ વિના જ નાશ પામશે તો આપણા પૂર્વજોએ આજ સુધી જે કાળજીથી આ જ્ઞાનના વારસાનું જતન કર્યું છે તેનું ઋણ અદા કરવામાં આજનો સમાજ પાછળ રહેલો જ ગણાશે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## -:: પ રિ શિ ષ્ટ ::-

## અમદાવાદના હસ્તપ્રતભંડારો અને તેની હસ્તપ્રતસંખ્યા

| અ.નં. | હસ્તપ્રતભંડાર | હસ્તપ્રત સંખ્યા |
|---|---|---|
| ૧. | લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર | ૬૫,૫૩૨ |
| ૨. | ભો.જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન | ૯,૩૫૬ |
| ૩. | ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય | ૬૯૧ |
| ૪. | હજરત પીર મોહમ્મદ શાહ દરગાહ- હસ્તપ્રતસંગ્રહ | ૨,૦૦૦ |
| ૫. | દયાવિમલસૂરિજીનો દેવશાના પાડાનો હસ્તપ્રતભંડાર | ૫,૦૩૧ |
| ૬. | પં.રૂપવિજયગણિ જ્ઞાનભંડાર (ડહેલાના ઉપાશ્રયનો જૈન જ્ઞાનભંડાર) | ૧૪,૫૦૦ |
| ૭. | જૈન પ્રાચ્ય વિદ્યાભવન હસ્તપ્રતભંડાર | ૩,૫૦૦ |
| ૮. | પં.શ્રી વીરવિજય જૈન ઉપાશ્રય ટ્રસ્ટનો હસ્તપ્રતભંડાર | ૨,૦૦૦ |
| ૯. | ભાનુચંદ્રસૂરિ જ્ઞાનભંડાર | ૧,૪૦૦ |
| ૧૦. | વિજયદાનસૂરિ જ્ઞાનભંડાર | ૫,૦૦૦ |
| ૧૧. | વિજયનેમિસૂરિ જ્ઞાનભંડાર | ૨૦,૦૦૦ |
| ૧૨. | સંવેગી જૈન ઉપાશ્રય જ્ઞાનભંડાર | ૮,૦૦૦ |
| ૧૩. | આચાર્યશ્રી વિજયનીતિસૂરિશ્વરજી જૈન શ્વેતામ્બર પુસ્તકાલય ટ્રસ્ટ, હસ્તપ્રતભંડાર | ૩,૦૦૦ |
| ૧૪. | જૈન ઉપાશ્રયનો ભંડાર | ૧,૫૦૦ |
| ૧૫. | જૈન વિદ્યાશાલા ગ્રંથભંડાર | ૨,૫૦૦ |

-: ૨ :-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



-:: ૨ ::-

| | | |
|---|---|---|
| ૧૬. | શ્રી સુરેન્દ્રસૂરિ જૈન ગ્રંથભંડાર | ૨,૦૦૦ |
| ૧૭. | મહાવીર જૈન આરાધના કેન્દ્ર - કોબા | ૫૦,૦૦૦ |
| ૧૮. | સારાભાઈ ફાઉન્ડેશન સંગ્રહસ્થાન | ૨૦ |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## -:: સંદર્ભસૂચિ ::-

### પુસ્તકો :


#### ગુજરાતી

એસ.એમ. કત્રે, — ભારતીય પાઠ સમીક્ષા, કે.એચ. ત્રિવેદી કૃત અનુ., યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૫.

કેશવરામ કાશીરામ શાસ્ત્રી, સંપા. — ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી : સને ૧૯૩૭ સુધીની, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ, ૧૯૩૯.

ચતુરવિજયજી, સંપા. — લીંબડીના જૈન જ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રતિઓનું સૂચીપત્ર, આગમોદય સમિતિ, મુંબઈ, ૧૯૨૮.

જૈન આત્માનંદ સભા, ભાવનગર — પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ – વિશેષાંક, જૈન આત્માનંદ સભા, ભાવનગર, ૧૯૭૪. (આત્માનંદ પ્રકાશ વિશેષાંક, પુ.૭૧, અંક ૩–૪, જાન્યુ.–ફેબ્રુ. ૧૯૭૪).

પુણ્યવિજયજી, — ભારતીય જૈન શ્રમણસંસ્કૃતિ અને લેખનકળા, સારાભાઈ મણિલાલ નવાબ, અમદાવાદ, ૧૯૩૬.

ભોગીલાલ સાંડેસરા, — પાટણના જૈન જ્ઞાનભંડારો અને ભારતીય સાહિત્ય, ભોગીલાલ લહેરચંદ ભારતીય સંસ્કૃતિ સંસ્થાન, પાટણ, ૧૯૮૧.

રત્નમણિરાવ ભીમરાવ જોટે, — અમદાવાદનો પરિચય, ગુજરાતી સાહિત્ય સંમેલન, અમદાવાદ, ૧૯૩૬.

રત્નમણિરાવ ભીમરાવ જોટે, — ગુજરાતનું પાટનગર અમદાવાદ, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ.

રમણીકવિજયજી, સંપા. — જ્ઞાનાંજલિ : પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજી અભિવાદન ગ્રંથ, સાગર ગચ્છ જૈન ઉપાશ્રય, વડોદરા, ૧૯૬૯.


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રસિકલાલ છોટાલાલ પરીખ, સંપા. — ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ; રસિકલાલ છો.પરીખ અને હરિપ્રસાદ ગં.શાસ્ત્રી કૃત સંપા., ભો.જે.અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, ૧૯૭૪.

રસેશ જમીનદાર, — ઈતિહાસ સંશોધન, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૭૬.

રસેશ જમીનદાર, — મધ્ય એશિયા : ભારતીય સંસ્કૃતિના પરિપ્રેક્ષ્યમાં, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૧૯૭૭.

લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી, — ઐતિહાસિક લેખસંગ્રહ, પ્રાચ્ય વિદ્યામંદિર : મ.સ.યુનિવર્સિટી, વડોદરા, ૧૯૬૩.

રવિકમલ ભૌમિક, — પ્રાચીન કલા-કૃતિઓની જતન અને સંભાળ; મુદ્રિકા જાની કૃત અનુ., સંગ્રહાલય ખાતુ, વડોદરા, ૧૯૮૧.

હીરાલાલ ત્રિભોવનદાસ પારેખ, સંપા. — કવીશ્વર દલપતરામ હસ્તલિખિત પુસ્તક-સંગ્રહની સૂચિ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ, ૧૯૩૦.

## હિન્દી

કૃષ્ણદયાલ ભાર્ગવ, સંપા. — અભિલેખો પાંડુલિપિઓ તથા દુષ્પ્રાપ્ય પુસ્તકોં કા પરિરક્ષણ એવં પ્રતિસંસ્કાર, ભારતીય રાષ્ટ્રીય અભિલેખાગાર, દિલ્હી, ૧૯૬૦.

ગૌરીશંકર હીરાચંદ ઓઝા, — ભારતીય પ્રાચીન લિપિમાલા, ૩જી આ., મુન્શીરામ મનોહરલાલ, દિલ્હી, ૧૯૫૯.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




મધુલાલ ગુપ્ત, <u>પ્રાચીન ભારતીય વિદ્યાએ એવંમ્ કલાએ</u>, નાગપુર, ૧૯૭૮.

સત્યેન્દ્ર, <u>પાણ્ડુલિપિ વિજ્ઞાન</u>, રાજસ્થાન હિન્દી ગ્રંથ અકાદમી, જયપુર, ૧૯૭૮.


<u>અંગ્રેજી</u>


-- <u>એનસાયકલોપેડિયા અમેરિકાના</u>, વૉ.૧૮, પૃ.૨૪૧-૨૪૬.

-- <u>એનસાયકલોપેડિયા બ્રિટાનિકા : મેક્રોપેડિયા</u>, વૉ.૧૩, પૃ.૯૬૬-૯૭૬.

કસ્તુરચંદ કાસલીવાલ, <u>જૈન ગ્રંથ ભંડાર્સ ઇન રાજસ્થાન</u>, શ્રી દિગંબર જૈન અતિશયક્ષેત્ર શ્રી મહાવીરજી, જયપુર, ૧૯૬૭.

ઝિયાઉદ્દીન એ.દેસાઈ, <u>સેન્ટર્સ ઓફ ઇસ્લામીક લર્નિંગ ઇન ઇન્ડિયા</u>, પબ્લિકેશન ડીવીઝન, ન્યૂ દિલ્હી, ૧૯૭૮.

યશપાલ કથપાલિયા, <u>કન્ઝર્વેશન એન્ડ રેસ્ટોરેશન ઑફ આર્કાઈવલ મેટીરિયલ્સ</u>, યુનેસ્કો, પેરીસ, ૧૯૭૩.


For Private and Personal Use Only

**લેખો :**

**ગુજરાતી**

કનુભાઈ વ્ર. શેઠ, 'ગુજરાતના હસ્તપ્રત ગ્રંથભંડારો' પથિક, પુ.૨૧, અંક-૧૦, ઓક્ટો.૧૯૮૦, પૃ.૬૬૮-૬૭૪.

કનુભાઈ વ્ર. શેઠ, 'પ્રાચીન જ્ઞાનભંડારમાં વપરાયેલી લેખન સામગ્રી અને શૈલી', રાજદફતર, પુ.૧, અંક-૧, એપ્રિલ ૧૯૮૬, પૃ.૩૪-૩૯.

કાન્તિલાલ સોમપુરા, 'બો.જે. વિદ્યાભવન પુરાતત્ત્વસંગ્રહ : એક પરિચય', બુધ્ધિપ્રકાશ, પુ.૧૧૨, અંક-૧, જાન્યુ.૧૯૬૫, પૃ.૩૦-૩૧.

કેશવરામ કા. શાસ્ત્રી, 'અમદાવાદનો સંસ્કાર - વારસો', સ્વાધ્યાય, પુ.૮, અંક-૧, ઓક્ટો.૧૯૭૦, પૃ.૧૪-૩૦.

ચંદ્રમૌલી મજમુદાર, 'સવાયો ગુજરાતી સર એલેક્ઝાન્ડર ફોર્બસ', ગુજરાત : દીપોત્સવી અંક, વિ.સં.૨૦૨૫, પૃ.૪૫-૫૦.

જટાશંકર શાસ્ત્રી, 'હસ્તલિખિત ગ્રંથસાહિત્યનું અન્વેષણ', ગુજરાત સંશોધન મંડળ-ત્રૈમાસિક, પુ.૧૯, અંક-૪, ઓક્ટો.૧૯૫૭, પૃ.૫૩-૫૪.

જિતેન્દ્ર જેટલી, 'ભારતની હસ્તપ્રત સંપત્તિ', તત્ત્વજ્ઞાન સ્મારિકા, (પાલીતાણા, વર્ધમાન જૈન પેઢી, ૧૯૭૨), વિભાગ-૨; ઉત્તરાર્ધ, પૃ.૮૫-૮૯.

દત્તાત્રેય પાં. નંદુરબારકર, 'લેખનકળા : તેનો ઉદ્ગમ અને વિકાસ', કુમાર ,પુ.૨૨, અંક-૬, સળંગઅંક-૨૫૮, જૂન ૧૯૪૫, પૃ.૧૩૨, ૧૩૫-૧૩૬.

ધીરૂભાઈ પરીખ, 'આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી', કુમાર, પુ.૪૯, અંક-૨, ફેબ્રુ.૧૯૭૨, પૃ.૪૨-૪૪, ૭૮.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




નર્મદાશંકર ત્ર્યંબકરામ ભટ્ટ, 'તાડપત્રીય હસ્તલિખિત જૈન જ્ઞાનભંડારો', <u>ખંભાતનું સાંસ્કૃતિક દર્શન</u>, (ખંભાત, ૧૯૭૬), પૃ.૧૭૫-૧૮૦.

નવિનચંદ્ર આચાર્ય, 'વાઘેલાકાલીન જૈન હસ્તપ્રતોનું સ્વરૂપ અને લેખનકળા', <u>સ્વાધ્યાય</u>, પુ.૨૧, અંક-૩, મે ૧૯૮૪, પૃ.૨૪૩-૨૪૯.

પુણ્યવિજયજી, 'આપણા જ્ઞાનભંડારો', <u>બુદ્ધિપ્રકાશ</u>, પુ.૧૦૪, અંક-૧૨, ડિસે.૧૯૫૭, પૃ.૩૫૬-૩૫૮.

પુણ્યવિજયજી, 'આપણી અદૃશ્ય થતી લેખનકળા અને તેનાં સાધનો', <u>પુરાતત્ત્વ</u>, પુ.૧, અંક-૪, આષાઢ સં.૧૯૭૯, પૃ.૪૧૯-૪૩૩.

પુણ્યવિજયજી, 'એક ઐતિહાસિક જૈન પ્રશસ્તિ', <u>પુરાતત્ત્વ</u>, પુ.૧, અંક-૧, આશ્વિન સં.૧૯૭૮, પૃ.૬૧-૭૦.

પુણ્યવિજયજી, 'પાટણના જ્ઞાનભંડારો', <u>પાટણ જૈન મંડળ સુવર્ણ જયંતિ મહોત્સવ અંક</u>, પૃ.૨૪૧-૨૪૪.

પુણ્યવિજયજી, 'હસ્તલિખિત ગ્રંથો અને પ્રાચીન જ્ઞાનભંડારો', <u>ચરોતર સર્વસંગ્રહ, ભાગ-૧</u>; પુરુષોત્તમ શાહ અને ચન્દ્રકાન્ત શાહ કૃત સંપા., (ચરોતર સર્વસંગ્રહ ટ્રસ્ટ, નડિયાદ, ૧૯૫૪), પૃ.૪૨૪-૪૩૧.

પ્રવીણ સી.પરીખ, 'ભારતની પ્રાચીન લિપિઓ', <u>સ્વાધ્યાય</u>, પુ.૯, અંક-૧, ઓક્ટો.૧૯૭૧, પૃ.૩૬-૪૪.

-- 'પ્રાચીન જૈન સાહિત્ય પ્રદર્શન', <u>પુસ્તકાલય</u>, પુ.૬, અંક-૨, ફેબ્રુ.૧૯૩૧, પૃ.૭૮-૮૧.

-- 'ફાર્બસનું જીવંત સ્મારક ગુજરાત વર્નાક્યુલર સોસાયટી', <u>બુદ્ધિપ્રકાશ</u>, પુ.૧૧૨, અંક-૧૧, નવે.૧૯૬૫, પૃ.૩૭૧-૩૭૪, ૩૮૨.


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




ભોગીલાલ જ.સાંડેસરા, 'આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી', <u>સ્વાધ્યાય</u>, પુ.૮, અંક-૪, ઑગ.૧૯૭૧, પૃ.૫૩૪-૫૩૬.

ભોગીલાલ જ.સાંડેસરા, 'ઇતિહાસ અને સાહિત્યના તાણાવાણા', <u>બુદ્ધિપ્રકાશ</u>, પુ.૧૧૧, અંક-૪, એપ્રિલ ૧૯૬૪, પૃ.૧૧૪-૧૨૦.

ભોગીલાલ જ.સાંડેસરા, 'ખંભાતના ગ્રંથભંડારો', બુદ્ધિપ્રકાશ, પુ.૧૧૦, અંક-૫, મે ૧૯૬૩, પૃ.૧૬૨-૧૬૫.

ભોગીલાલ જ.સાંડેસરા, 'ગુજરાતની હસ્તપ્રત સમૃદ્ધિ', <u>ગુજરાત : દીપોત્સવી અંક</u>, સં.૨૦૪૧, લેખવિભાગ, પૃ.૧૦-૧૧.

ભોગીલાલ જ.સાંડેસરા, 'જૈન સાહિત્યમાં સંશોધન - એક દૃષ્ટિ', <u>બુદ્ધિપ્રકાશ</u>, પુ.૧૨૬, અંક-૩, માર્ચ ૧૯૭૯, પૃ.૯૦-૯૭.

ભોગીલાલ જ.સાંડેસરા, 'પાટણના જૈન ગ્રંથભંડારો', <u>કુમાર</u>, પુ.૧૮, અંક-૪, સળંગ અંક-૨૦૮, એપ્રિલ ૧૯૪૧, પૃ.૧૩૬-૧૩૯.

ભોગીલાલ જ.સાંડેસરા, 'સોલંકી યુગની શ્રી અને સંસ્કૃતિ , <u>બુદ્ધિપ્રકાશ</u>, પુ.૧૧૧, અંક-૧૨, ડિસે. ૧૯૬૪, પૃ.૪૨૪-૪૩૨.

મગનભાઈ બા.અમીન, 'જૈન જ્ઞાનભંડારોની ઉત્પત્તિ અને વિકાસ અને હાલની સ્થિતિનું દિગ્દર્શન', <u>પુસ્તકાલય</u>, પુ.૫, અંક-૫, મે ૧૯૩૦, પુરવણી પૃ.૧-૧૮.

મગનભાઈ બા.અમીન, 'પાટણના જૈન જ્ઞાનભંડારો', <u>પુસ્તકાલય</u>, પુ.૫, અંક-૫, મે ૧૯૩૦, પુરવણી પૃ.૧૯-૨૯.

મણિભાઈ ઈ.પ્રજાપતિ, 'હસ્તપ્રતવિદ્યા અને ગુર્જર પ્રદેશની સંસ્કૃત હસ્તપ્રત સંપત્તિ', <u>ગુજરાત : દીપોત્સવી અંક</u>, સં.૨૦૪૦, લેખવિભાગ, પૃ.૨૭-૩૨.


For Private and Personal Use Only

મધુસૂદન પારેખ, 'ફાર્બસ ચરિત્ર', બુદ્ધિપ્રકાશ, પુ.૧૧૨, અંક-૧૧, નવે.૧૯૬૫, પૃ.૩૬૩-૩૭૦.

રસિકલાલ છો.પરીખ, 'સી.ડી.દલાલને અભિનંદન', બુદ્ધિપ્રકાશ, પુ.૧૦૯, અંક-૧૨, ડિસે.૧૯૬૨, પૃ.૩૫૪-૩૫૫.

લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી, 'આપણા પ્રાચીન જ્ઞાનભંડારો', ઐતિહાસિક લેખસંગ્રહ, (મ.સ.યુનિ., વડોદરા, ૧૯૬૩), પૃ.૩૪૮-૩૫૯.

લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી, 'જેસલમેર જ્ઞાનભંડારના સંસ્મરણો', ઐતિહાસિક લેખસંગ્રહ, (મ.સ.યુનિ., વડોદરા, ૧૯૬૩), પૃ.૩૬૭-૩૯૧.

વિભૂતિબહેન ભટ્ટ, 'ગુજરાતના મુખ્ય જ્ઞાનભંડારો', વિદ્યાપીઠ, પુ.૧૮, અંક-૪, જુલાઈ-ઑગ.૧૯૮૦, પૃ.૭૫-૯૩.

વિભૂતિબહેન ભટ્ટ, 'બો.જે.વિદ્યાભવનની હસ્તપ્રતોમાં વૈવિધ્ય', રાજદફતર, પુ.૧, અંક-૧, એપ્રિલ ૧૯૮૬, પૃ.૪૦-૪૫.

વ્રજલાલ કાલિદાસ શાસ્ત્રી, 'જૂના હસ્તલિખિત ગ્રંથોની જાળવણી', બુદ્ધિપ્રકાશ, પુ.૧૦૯, અંક-૯, સપ્ટે.૧૯૬૨, પૃ.૨૫૭-૨૫૯.

સુખલાલજી, 'જ્ઞાનસંસ્થા અને સંઘસંસ્થા તથા તેનો ઉપયોગ', દર્શન અને ચિંતન – ૧, (પંડિત સુખલાલજી સન્માન સમિતિ, અમદાવાદ, ૧૯૫૭), પૃ.૩૭૩-૩૭૯.

હરિપ્રસાદ શાસ્ત્રી, 'ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની સામગ્રી', બુદ્ધિપ્રકાશ, પુ.૧૧૦, અંક-૩, માર્ચ-૧૯૬૩, પૃ.૯૨-૯૪.

હરિપ્રસાદ શાસ્ત્રી, 'પૂર્વજોનો વારસો અને એની જાળવણી , બુદ્ધિપ્રકાશ, પુ.૧૧૧, અંક-૪, એપ્રિલ ૧૯૬૪, પૃ.૧૨૧-૧૨૪.

<u>હિન્દી</u>

અગરચંદ નાહટા, 'જેસલમેર કે જ્ઞાનભંડાર', અગરચંદ નાહટા ઔર ભંવરલાલ નાહટા, <u>જ્ઞાનોદય</u>, પુ.૬, ડિસે.૧૯૪૯.

અગરચંદ નાહટા, 'હસ્તલિખિત જૈન ગ્રંથભંડાર', <u>જૈન સંસ્કૃતિ ઔર રાજસ્થાન</u>; નરેન્દ્ર ભાનાવત, સંપા., (રાજસ્થાન પ્રચારક મંડલ, જયપુર, ૧૯૭૫), પૃ.૨૭૬–૨૮૪.
(જિનવાણી વિશેષાંક, વર્ષ ૨, અંક ૪–૭, એપ્રિલ–જુલાઈ ૧૯૭૫).

કસ્તૂરચંદ કાસલીવાલ, 'રાજસ્થાન કે જૈન ગ્રન્થ સંગ્રહાલય', <u>રાજસ્થાનકા જૈન સાહિત્ય</u>; અગરચંદ નાહટા ઔર અન્ય સંપા., (પ્રાકૃત ભારતી, જયપુર, ૧૯૭૭), પૃ.૩૭૭–૩૮૪.

કે.એસ. સુન્દરેશ્વરન્, 'ભારત કે પાંડુલિપિ ગ્રંથાલયોંકા સર્વેક્ષણ', <u>ગ્રન્થાલય વિજ્ઞાન</u>, પુ.૧, અંક–૧, જૂન–૧૯૭૦, પૃ.૬૭–૮૪.

ભંવરલાલ નાહટા, 'જૈન લેખનકલા', <u>રાજસ્થાન કા જૈન સાહિત્ય</u>; અગરચંદ નાહટા ઔર અન્ય સંપા., (પ્રાકૃત ભારતી, જયપુર, ૧૯૭૭), પૃ.૩૯૨–૪૨૩.

<u>અંગ્રેજી</u>

આર.સી. ગુપ્તા, 'હાઉ ટુ ફાઈટ વ્હાઈટ એન્ટ્સ', <u>ઈન્ડિયન આર્કાઈવ્સ</u>, પુ.૮, અંક–૨, જુલાઈ–ડિસે.૧૯૫૪, પૃ.૧૨૨–૧૨૫.

કસ્તૂરચંદ કાસલીવાલ, 'ઈમ્પોર્ટન્સ ઓફ ધ જૈન ગ્રંથભંડાર્સ', <u>મહાવીર જયંતી સ્મારિકા</u>; ચૈનસુખદાસ ન્યાયતીર્થ સંપા., (રાજસ્થાન જૈન સભા, જયપુર, ૧૯૬૨), પૃ.૧૩૪–૧૪૦.

બી.ભટ્ટાચાર્ય, 'વેલ્થ ઓફ ગુજરાત ઈન મેન્યુસ્ક્રીપ્ટ્સ', <u>ગુજરાત સંશોધન મંડળ – ત્રૈમાસિક</u>, પુ.૮, અંક ૨–૩, એપ્રિલ–જુલાઈ ૧૯૪૬, પૃ.૧૨૫–૧૨૬.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private and Personal Use Only